



તંત્રી
ધીરુ પરીખ
મે, ૨૦૦૩, અંક : ૫
વર્ષ : ૭૬
સળંગ અંક ૮૦૫

ચિત્રકાર : ગજેન્દ્ર શાહ



[ચિત્રકાર : જે. સ્વામીનાથન]

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૯મું　　અંક ૫

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

મે, ૨૦૦૩ ○ ૭૯મું વર્ષ ○ અંક ૫

અનુક્રમણિકા

'કુમાર' સળંગ અંક ૯૦૫

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

વાચકો લખે છે

'કુમાર' એટલે? કુમાર... કુમાર ને કુમાર જ.

'એપ્રિલ-૦૩'નો અંક ખૂબ સરસ. 'કેસુડો' પ્રથમ પાને છાપીને તેમાં કાવ્ય-પંક્તિઓ 'વનવન લાગી' સરસ છે. - હેમેન્દ્રભાઈને અભિનંદન.

કાવ્ય વિભાગમાં 'પરિવર્તન' કાવ્ય માટે સાંકળિયામાં કવિ 'દેવેન્દ્ર પંડ્યા' લખ્યું છે જ્યારે કાવ્ય ઉપર 'દેવેન્દ્ર દવે' લખ્યું છે. સાચું શું? (દેવેન્દ્ર દવે સાચું છે. - તંત્રી)

-શરદભાઈ પંચોળી (મહેસાણા)

•

'કુમાર' એપ્રિલ ૨૦૦૩નો અંક વાંચીને ઘણો જ આનંદ થયો, જેમાં શ્રીમતી સુમિત્રાબહેન તથા ડૉ. હરિપ્રસાદભાઈનો લેખ ઘણો જ સુંદર અને પ્રેરણાદાયક છે. ઘરમાં બધાંને વંચાવ્યો. ખરેખર પ્રશંસનીય છે. ડૉ. હરિપ્રસાદભાઈ અને શ્રીમતી સુમિત્રાબહેનની પ્રેરણાથી દેશસેવાનું નિઃસ્વાર્થ કાર્ય કરી જીવન ધન્ય કરી ગયાં છે. તેમને તથા તેમનાં કુટુંબીઓને ધન્ય છે. તેઓએ એક નિઃસ્વાર્થ ડૉક્ટર તરીકે જે સેવા આપી તે પણ તેમના વડીલોની આશિષ અને ઈશ્વરકૃપા જ સમજવી જોઈએ. આજના આ ભીષણ અને કારમી મોંઘવારીના દિવસોમાં આ જાતનું જીવન જીવવું ઘણું જ અઘરું છે. છતાં તેમનું જીવન એક સારી દિવાદાંડી છે. 'કુમાર'માં આવતાં જીવનચરિત્રો ખરેખર પ્રેરણાદાયી અને માર્ગદર્શક હોય છે તે માટે તંત્રીશ્રીને ધન્યવાદ.

-ધીરુભાઈ શેઠ (અમદાવાદ)

•

'કુમાર' માર્ચ-૨૦૦૩નો અંક અમોને ખાસ આકર્ષી ગયો. મુખપૃષ્ઠ પરનું મોનાલિસાનું ચિત્ર ખાસ પસંદ પડ્યું.

'કુમાર' અમો નિયમિત વાંચીએ છીએ તેમજ દરેક અંક વૈવિધ્યલક્ષી, પ્રેરણાદાયી તેમજ વિશેષ મર્મસ્પર્શી હોય છે. સ્કૂલમાં દરેક વિદ્યાર્થી-શિક્ષકને પણ ખાસ 'કુમાર' વાંચવું ગમે છે.

'શારદામણિદેવી', 'સરકસ' ગમ્યાં તથા શ્રીકૃષ્ણનાં વિવિધ ચિત્રો પણ નિહાળ્યાં. 'પસ્તીનાં પાનાં' તેમાં શિક્ષકની સંશોધન પ્રવૃત્તિનો લેખ ઘણી જાણકારી આપી ગયો.

'કુમાર હરહંમેશ પ્રગતિ કરતું રહે તેવી શુભેચ્છા. *-તારાબેન કે. મહેતા (મોટી કુંકાવાવ)*

•

'વિશ્વના મહાન ચિત્રકારો-૧૪ : લીઓનાર્દો દ વિંચી' ('કુમાર' માર્ચ-૨૦૦૩, પૃ. ૧૯૮-૨૦૧)માં શ્રી નટુ પરીખ : હરિત પંડ્યાનું કથન છે : 'મોનાલિસા ચિત્રને પ્રત્યક્ષ જોનાર કહે છે કે એક વાર એની સામે જોયું પછી ત્યાંથી ખસવાનું મન થતું નથી. તેનું અકળ હાસ્ય તો આપણને ઘેરી લે છે. આંખો આપણી સાથે સંધાન કરે છે...' કથન યથાર્થ છે.

મુખપૃષ્ઠ વૃત્તાંતમાં વિધાન છે : 'ઈ.સ. ૧૫૦૩માં તૈયાર કરાયેલું આ પ્રોર્ટ્રેટ' જ્યારે પૃ. ૧૯૯ પર વિધાન છે : '૧૫૦૩માં મોનાલિસાનો આરંભ થયો... વિંચીએ તેના પર ચાર વર્ષ કામ કર્યું છતાં એ ચિત્ર અધૂરું હતું. તેને ફાઈનલ ગ્લેઝ થયો ન હતો...' તો પછી ચિત્રનો રચનાકાળ ઈ.સ. ૧૫૦૩, ૧૫૦૭.

'કુમાર'નો માર્ચ ૦૩નો અંક 'મોનાલિસા' ચિત્ર-શો સોહામણો બન્યો છે, કાગળ-છપાઈ-ઉઠાવ દિલચસ્પ. ધન્યવાદ!

- વી.બી. ગણાત્રા (મુંબઈ)

•

'કુમાર'ના સળંગ અંક ૯૦૦ને 'નર્મ-મર્મ વિશેષાંક' તરીકે પ્રકટ કરી આપ વાચકોના અભિનંદનને પાત્ર થયા છો. આ વિશેષાંકનું સુંદર સ્વરૂપ તમારી કાર્ય કરવાની આગવી શૈલીનું પ્રતિબિંબ પાડે છે.

આજના વિશ્વ-માહોલમાં હાસ્ય-વિનોદની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. કોઈ પણ દેશની પ્રજાનું ખમીર તે કઈ જાતનું હાસ્ય માણે છે તેના પરથી મેળવી શકાય. (બ્રિટિશ જેવા દેશમાં જ બીબીસી પર 'યસ, પ્રાઈમ મિનિસ્ટર' જેવી ટીવી સીરિઅલ આવી શકે અને વડાપ્રધાનથી માંડીને સામાન્ય જન તેને પૂરા દિલથી માણે).

લેખક-કવિ લોકોના આ મનોભાવ તથા સમાજના રીત-રિવાજોનું સુંદર નિરીક્ષણ કરી સમાજ સમક્ષ રજૂ કરે છે તેની પ્રતીતિ શ્રી બકુલભાઈ ત્રિપાઠીના કાવ્ય-સગાં-માં કટાક્ષરૂપે જોવા મળી. શ્રી મધુસૂદન પારેખના હાસ્યલેખ -મારા હસ્તાક્ષર-માં 'હું સાર (ટાંકણી) કાઢી લેતો હતો અને એ સારને સ્મરણરૂપે ડબ્બીમાં સાચવી રાખ્યો છે.' આ લખાણ જ્યારે પણ વાંચું છું ત્યારે મનમાં ખડખડાટ હસી પડાય છે. ગુજરાતી સાહિત્યના નામી હાસ્યલેખકો ઉપરાંત અન્ય હાસ્યલેખકોનો પણ આ વિશેષાંક દ્વારા પરિચય મળ્યો.

'કુમાર'નો પ્રત્યેક ૫૦મો અંક એટલે કે ૯૫૦, ૧૦૦૦...ને વિશેષાંક બનાવો અને ૯૫૦મા અંકને 'લઘુકથા વિશેષાંક' તરીકે બહાર પાડો તેવું નમ્ર સૂચન કરવાની ઈચ્છા રોકી શકતો નથી. *- આઈ. એચ. શેખ (અમદાવાદ)*

•

૨૦૦૩, જાન્યુઆરીનું મુખપૃષ્ઠ અને દ્વિતીય પૃષ્ઠ સુંદર અને કલાત્મક રહ્યાં. ક્રાંતિ પછી શાન્તિ અને તેથી ઉત્ક્રાન્તિ જો માનસિક હોય તો અશાંતિ શા માટે સર્જાય છે? ખરેખર જગતમાં શાંતિ કમ અને બીજું વધારે જોવા મળે છે છતાં તમારા કાવ્યમાં છે તે 'ક્રાન્તિ-મંત્ર' યથાર્થ છે. 'ઘાયલ' પંખી માળો મૂકીને આમ તો ઊડી ન શકે છતાં... ટહુકાનો ગુંજારવ સાંભળી અસ્તિત્વના અમરત્વનો અહેસાસ શોધવાની વાત છે! 'માધુકરી', કલાવૃત્ત અને રવીન્દ્રનાથ ઠાકુરના અતીતમાં અવગાહન પ્રભાવક રહ્યાં. *-હર્ષદ મ. દવે (રાજકોટ)*

•

શ્રી રજનીકુમાર પંડ્યાની 'ફિલ્મા-કાશ' લેખમાળા ખૂબ જ રોચક બની છે. લેખોમાં સંશોધનનું તત્ત્વ હોવા છતાં ભાષાની પ્રવાહિતા અને રજૂઆત વાચકને પકડી રાખે છે.

હું નાનો હતો ત્યારે મેં જે ફિલ્મો

જોયેલી તેમાં યાદ છે કે 'અછૂત કન્યા', 'દુશ્મન', 'ધૂપછાંવ' ઉપરાંત પાછળથી 'ડૉક્ટર' વગેરે ફિલ્મો યાદ છે. 'અમર જ્યોતિ' અથવા 'દુનિયા ના માને' એ ફિલ્મો મેં જોયેલી નહોતી, મને યાદ છે ત્યાં સુધી તેનું એક ગીત મને ખૂબ જ પ્રિય હતું. તેના શબ્દો આમ હતા : 'મન સાફ તેરા હૈ યા નહિ પૂછલે જીસે/ફીર જો ભી કરના હૈ તુઝે કર લે ખુશીસે.' શ્રી રજનીકુમારની લેખમાળા ભારે ઉપયોગી કામ કરી રહી છે.

આ સંદર્ભમાં એક દુઃખદ ઘટનાની યાદ આવી છે. જે કામ આજે ભાઈ રજનીકુમાર પંડ્યા કરી રહ્યા છે, તેવું રચનાત્મક કામ ભાઈ મહેન્દ્ર મેઘાણી કરતા હતા. નામનું લવાજમ લઈ તેમણે ફિલ્મ સોસાયટી ઊભી કરી હતી. આ ફિલ્મ સોસાયટીમાં પૂનામાં આર્કાઈવમાંથી ફિલ્મો મંગાવી રવિવારે સવારે તે ફિલ્મોનો શો રાખતા. તેમાં 'દુશ્મન', 'ધૂપછાંવ' જેવી જૂની ફિલ્મો જોવાનો ફરીથી લાભ મળ્યો. ફિલ્મ સોસાયટીનાં સભ્યો તો થોડી સંખ્યામાં હતાં પણ થીએટરના બાકીના ભાગમાં ખાસ પ્રકારના વર્ગને નિમંત્રણ આપીને તેઓ આ ફિલ્મ બતાવતા. જેમ કે એક વખત ટપાલીઓ આવે, તો બીજી વખતે રેલવે સ્ટેશનના કુલી આવે એવી જ રીતે ઘરઘાટી જેવા વર્ગોને તેઓ નિમંત્રણ આપતા. આ કામ અઘરું હતું પરંતુ ઉત્સાહથી તેઓ કરતા હતા. આમાં મુશ્કેલી હતી તેના વહીવટની, ઑક્ટ્રોય વગેરેની આંટીઘૂંટીમાં તે અકળાયા અને અંતે આ પ્રવૃત્તિઓ આવા વહીવટીય પ્રશ્નોને કારણે બંધ કરવી પડી. ભારતની આઝાદી પછી સારાં કામો કરવાં કેટલાં અઘરાં છે તે આમાં જોવા મળે છે. બ્યુરોક્રશીએ ભાઈ શ્રી રજનીકુમાર પંડ્યા અને મહેન્દ્રભાઈ મેઘાણી જેવાઓની સેવાઓની નોંધ લેવી ઘટે. *- દિનુભાઈ દવે (અમદાવાદ)*

•

'કુમાર'ના સળંગ અંક ૮૯૮ ઑક્ટોબર-૨૦૦૩ના પાન ૭૦૦ ઉપર કલાકાર હિંમત શાહની કલાસૃષ્ટિ લેખમાં ગામના નામની ભૂલ રહેલી છે.

ધોળકા તાલુકાનું રેલવેસ્ટેશન લોથલ ભૂરકી છે અને ગામનું નામ ગુંદી છે. ભાઈ હિંમતલાલનો જન્મ ગુંદી ગામમાં રહેતા શાહ દેવચંદભાઈ ચતુરભાઈને ત્યાં થયો છે. તે અરસામાં લોથલ ટીંબો હતો અને છે. ત્યાં લોથલમાં કોઈ વસ્તી નથી કે કોઈ રહેણાંક હાલમાં પણ છે નહીં. એ જમાનામાં ગુંદી ગામમાં શેઠ ચતુર-ગોકળની ખૂબ જ પ્રતિષ્ઠાની સાથે ધંધા-રોજગારમાં એ પેઢીની નામના હતી. દરરોજ ટ્રેનમાંથી ઊતરેલાં ગામડાનાં માણસો અહીં જમીને પોતપોતાને ગામ જતાં હતાં. *-ન્યાલચંદભાઈ શાહ (અમદાવાદ)*

•

૩૦મી તારીખ જાન્યુઆરી ૧૯૪૮ના શુક્રવારની સંધ્યાટાણે સંભળાણી એક ચીસ : 'વિશ્વનો બાપુ ખોવાયો, હિંદનો દીપક બુઝાયો'ની યાદ તાજી કરાવતી 'મહાત્મા'ની શ્રી પરીખની તસવીરવાળો અંક પ્રાપ્ત થયો છે. 'પાંચવાડા'નાં જૂનાં રેખાંકનો અને વિગતો આનંદ કરાવી ગયાં. તેમાં વાણિયાનું રેખાંકન, ઠસ્સો મજાનાં લાગ્યાં. નવા વર્ષનાં અભિનંદનચિત્રો-રેખાંકનો છાપ્યાં તે પણ આવકાર્ય છે. આ અંકમાં મને સામેલ કર્યો તે બદલ આભારી છું. કાવ્યમાં'શાન્તિઃ ક્રાન્તિઃ શાન્તિઃ' જીવનભર કરતા રહેવાનો મંત્ર ગમ્યો. *- ગજેન્દ્ર શાહ (ચિત્રકાર, અમદાવાદ)*

•

'કુમાર'નો ફેબ્રુઆરી-૨૦૦૩નો અંક મળ્યો. આપની કાવ્ય રચના 'મુક્તોચ્ચાર'નું સૂત્રોના અતિરેકથી જન્મતી અવ્યવસ્થાને સુપેરે છતી કરી ગઈ. સૂત્ર એકસૂત્રતામાં બાંધવાને બદલે ઘણી વાર એકબીજાંને વધુ દૂર કરે છે. જતનને બદલે પતન, લાગણીને બદલે માગણી, શાંતિને બદલે હિંસા નોતરે છે. તેનો ઉચિત ઉપયોગ થવો જોઈએ એવું કહી જતી આ રચના બદલ અભિનંદન. શ્રી રજનીકુમાર પંડ્યાની લેખમાળાનો ૨૫મો મણકો 'વિદ્યાપતિ'નાં સરસ વર્ણન દ્વારા સમૃદ્ધ બન્યો છે. શ્રી હરિવંશ-રાય બચ્ચન પરના શ્રી પ્રફુલ્લભાઈ રાવલના લેખમાં કવિ અને સીધાસાદા લાગણીસભર માણસની ઉચ્ચતમ પ્રતિભાનાં દર્શન થયાં. સૌને અભિનંદન, કુમાર'ને શુભેચ્છા. *- દુર્ગેશ ઓઝા (પોરબંદર)*

•

'કુમાર' માસિકમાં વિદ્યાર્થીઓ તથા યુવકોનો ઉત્કર્ષ થાય તેવા લેખો પ્રકટ કરીને આપ ઉત્તમ સેવા કરો છો. તેમાં આવતી 'ભારતનાં રાજ્યો'ની લેખમાળા અનેક રીતે ઉપયોગી અને માહિતીપ્રદ હોવાથી શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ માટે સંદર્ભગ્રંથની ગરજ સારે છે. તેથી તેને પુસ્તકરૂપે પ્રકટ કરવા ભલામણ કરું છું. તે વિવિધ વર્ગના વાચકોની જ્ઞાનતૃષા સંતોષી શકશે. *-રમેશભાઈ ઠાકર (વડોદરા)*

•

'કુમાર' માસિકના મારા પિસ્તાલીશ વર્ષોના અંકોના વાચનના ગાળા દરમિયાન તેમજ હિન્દી માસિક 'ધર્મયુગ'ના કેટલાક જૂના અંકોના લેખો તેમજ ચિત્રોની છાપ મારા મનમાં ભારતીય ચિત્રશૈલીમાં ભગવાન શ્રીકૃષ્ણ અંગે જે જાણવા માટેની ઉત્સુકતા ઊભી થયેલી તે અત્યાર સુધી પૂરતી ન હતી. છેવટે જ્યારે ફેબ્રુ.-માર્ચ-૨૦૦૩ના 'કુમાર'ના અંકોમાં લેખક ડૉ. આર.ટી.સાવલિયાના 'ભારતીય ચિત્રકલાના પ્રાણ - શ્રીકૃષ્ણ' લેખો પ્રકાશિત થયેલા વાંચ્યા ત્યારે વર્ષોની મારી ઈચ્છા જે મનમાં રહેલી હતી તે લગભગ પૂર્ણ થઈ છે. લેખકે જુદી જુદી ભારતીય ચિત્રશૈલી તેમજ તેમાં શ્રીકૃષ્ણ-જીવનની ઘણી બાબતોને ચિત્ર દ્વારા તેમજ પોતાની આગવી પ્રભાવશાળી હૃદયગમ્ય ભાષા-શૈલી દ્વારા સમજાવી છે. તે ખૂબ જ મનમાં વસી જાય તેવી બની છે. જો કે આ લેખમાં કેટલાંક ચિત્રો રંગીન મૂકવામાં આવ્યાં હોત તો લેખ વધુ પ્રાણવાન બન્યો હોત. તંત્રી અને લેખકે 'કુમાર' માસિકમાં આ લેખની મહેનતથી વિશિષ્ટ છાપ ઊભી કરીને આ બંને અંકો યાદગાર બનાવ્યા છે.

- ભીખુભાઈ એચ. પરમાર (આણંદ)

સૂત્રસાર

પીડિતને પૂછિયે જ નહિ, પૂજિયે!

રાધેશ્યામ શર્મા

આમ જોવા જઈએ તો પીડાના ક્ષેત્રવિસ્તારમાં આખું જગત ફસાયું છે. બહુવિધ અને અતિભિન્ન પીડાઓ વ્યક્તિમાત્રમાં જાણે ક્રીડા કરી રહી છે. પીડા, યમરાજની જેમ કોઈની વ્રીડા કે લાજશરમ રાખતી નથી. તે સર્વત્ર એકસમાન રીતે સમાજના શરીરમાં પ્રસરી વળીને આંતરિક સામ્યવાદ સ્થાપતી રહી છે. કોઈ એવું નહીં નીકળે જે છાતી ઠોકીને કહી શકે કે મને કોઈ પ્રકારની પીડા પીડતી નથી.

પીડાના પ્રસિદ્ધ પ્રકારો સૌ કોઈની કલ્પનામાં નહિ, સ્વાનુભવમાં જ સિદ્ધ થઈ વસ્યા છે. સરકતા સંસારનો અર્થ જ આધિ-વ્યાધિ-ઉપાધિનો ત્રિવેણી સંગમઘાટ! આધિ એટલે માનસિક પીડા, વ્યાધિ એટલે દૈહિક પીડા-કષ્ટો, ઉપાધિ એટલે અણધારી જંજાળની ચિંતા. આમાંની કોઈ એક પીડા અથવા સમૂહ એકત્રિત પીડાનો શિકાર કોણ નહિ થયું હોય?

આર્થિક વિષમતા, સામાજિક અન્યાય, જાતિઓનું ઉચ્ચાવચપણું, રંગભેદના ભોગ બનેલાનો એક વિશાળ વર્ગ જે દલિત દમિતો છે એમની પીડાઓના પ્રશ્નો અને એનાં પરિમાણો હજુ પણ આંખ ફાડીને જવાબ માગતા સામે ખડા છે. 'યુદ્ધ અને શાંતિ' નામની મહાનવલના સર્જક તૉલસ્તૉયે પણ અતિ સંવેદનાપૂર્ણ પ્રશ્ન તાક્યો હતો : 'ત્યારે કરીશું શું?' મનુષ્ય માત્રની નાડીઓમાં સંચરી રહેલા રક્તનો રંગ તો સર્વ કોઈમાં એક લાલ રંગ જ છે; છતાં કોઈ પીડિતોને પૂછતું નથી. પૂછ્યું સર્વ ભેદોની ભીંતો ભાંગીને અભેદમાં સ્થિર થયેલી વિભૂતિઓએ. ભક્તિશિરોમણિ કવિ નરસિંહ મહેતાએ તો વૈષ્ણવની સાચી વ્યાખ્યા બાંધી આપી હતી : 'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે, પરદુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે...' મહેતાજીને અનુસરી મહાત્મા ગાંધીએ આચરણથી જ જાહેર કરેલું, પીડિતને પૂછીએ કે તમને કેમ છે? મધર ટેરેસા તો એથી આગળ પીડિતને પૂછિયે જ નહિ, પીડિતને પૂજિયે સુધી પહોંચી ગયાં!

બા-ખનો બાદશાહ સુલતાન ઈબ્રાહિમ જે ઈલ્વી-આદમ નામથી અધિક પ્રસિદ્ધ થયેલો તે પાછલી અવસ્થામાં ફકીર થઈ ગયો હતો. એક વેળા તે એક દરવેશની સાથે મુસાફરીએ નીકળેલો ત્યાં રસ્તામાં દરવેશની તબિયત લથડી ને બહુ બીમાર થઈ ગયો તો ફકીર બાદશાહે એની ખબર-અંતર પૂછીને ચાલવા નહોતું માંડ્યું, પોતાની પાસે જે કાંઈ વાટખરચી બચી હતી તે તમામ દરવેશની દવા-માવજતમાં વાપરી કાઢી, છતાં પણ ખૂટતું લાગ્યું ત્યારે બેસવાનું ટટ્ટુયે વેચી માર્યું! દરવેશ જરા સાજો-માજો થયો, બાદશાહ ફકીર સાથે ચાલવા માંડ્યો પણ ચાલતાં જ હાંફ ચઢીને બેસી પડ્યો. તો ફકીર બાદશાહે તરત પોતાનો ખભો ધરી દરવેશને ત્યાં બેસી જવા આજીજી કરી રાજી કરી લીધો!

> પરદુઃખે ઉપકાર કરે તોય
> મન અભિમાન ન આણે રે...
> - નરસિંહ મહેતા

પ્રશ્ન થાય છે કે લોકોને એમ કેમ નહિ થતું હોય કે પીડિતને ભલે પૂજિયે નહીં તો પૂછિયે તો ખરા કે તમારા ઉપર શું શું વીત્યું છે, કેવું કેવું ગુજર્યું છે? પણ કોઈ પૂછતુંયે નથી. શાથી? તો કહે અમને અમારી પીડામાંથી જ નીકળવાનો વખત નથી તો બીજાની પીડાની પૃચ્છા કરવા ક્યાં દોડીએ? વળી, પીડા વિશે પૂછીએ તો વહારે ચઢવાની પહોંચ નથી. વળી પીડિત અમારી ખબર પૂછી બેસે તો અમારી પીડાનું પારાયણ સાંભળી એનીયે પીડામાં વધારો થાય! ❐

તારી યાદના ઉઘાડમાં / *ઉશનસ્*

(ગાન)

ચીજચીજ એક ચ્હેરો ઊઘડે,
ઊઘડે ચમકી ચાંદ,
ગંધગંધમાં ઋણાનુબંધે
ફૂલચ્હેરાની યાદ!
વીજવીજમાં ખીજ કો ઊઘડે
ઊઘડે રીસ પ્રગાઢ,
એકલી મૂકી ગયો નમેરો,
અનરાધાર અષાઢ;
જમુના પારે, મથુરા આરે;
પહોંચે છે આ સાદ? -ચીજ૦

બીજબીજ અહીં કદમ્બ જેવું
ઊઘડે છે કોઈ ઝાડ,
કંકર-કંકર કાંકરીચાળો,
ને પછી મૂંગી રાડ,;
અહીં તો સૌ સુનમુન છે, મૌને
સૌને કરી ફરિયાદ? -ચીજ૦

મીરાં એટલે / *નટરાજ બ્રહ્મભટ્ટ*

(ગાન)

મીરાંની બે આંખોના ચોતાર બજે અવિરામ
મીરાં એટલે હરિભજનનું હર્યુંભર્યું એક ગામ.

બાળા વેષે શું યે દીઠું, ઘૂંઘટ તાણી બેઠી,
દરદ દવાને ઠેકાણે એ વૈદને રહી હવે વેઠી,
તનમનમાં કંઈ ટકે નહીં જ્યાં કોઠે ટક્યો એક શ્યામ,
મીરાં એટલે હરિભજનનું હર્યુંભર્યું એક ગામ.

રાણાને પાઘડિયે મંગળ કંકુમાં પડ્યો ગેરુ,
હરિ મીરાંને હાડોહાડ દેહ હવે તો દેરું,
મીરાં, મંજિરાં, એકતારો, ઠાકુરમાં ઠરી-ઠામ,
મીરાં એટલે હરિભજનનું હર્યુંભર્યું એક ગામ.

ગુન્હો / *રિષભ મહેતા*

(ગઝલ)

મેં કર્યો ખામોશ રહેવાનો ગુન્હો
દર્દને ચૂપચાપ સહેવાનો ગુન્હો.

ઝેર કોઈને તો કોઈને શૂળી-
કોણ કરશે સત્ય ક્હેવાનો ગુન્હો?

અશ્રુમાં નિર્દોષતા વહેતી હશે
રક્તમાં તો માત્ર વહેવાનો ગુન્હો.

દેવતાઓ પણ નથી બાકાત કંઈ
ક્યાં કરે છે માત્ર હેવાનો ગુન્હો?

આ જગત એનાથી પર ના રૂહી શકે
જ્યાં સુધી માણસ છે, રહેવાનો ગુન્હો.

આકારો / *ધીરુ પરીખ*

(વનવેલી)

ધનુર્ધારી, વેણુધારી, બોધિસત્ત્વ : એટલે આકાર,
ગાયત્રીમંત્રનું મૂર્તિત્વ આકાર.
હંસારૂઢ ને ગરુડારૂઢ : એય તે આકાર.

શિખર ઉપર ક્રૂસ,
ભગવી ને લીલી ધજા
હવામાં શી ફરફરે
તેને નહીં કશી હુંસાતુંસ.

આકારને નથી કશી જળોજથા,
આંખો જુએ આકારના પ્રકારોને,
અને કરે તેની તથા.

આકારની પાર જાય આંખો
ધનુર્ધારી, વેણુધારી, બોધિસત્ત્વ,
ક્રૂસજડ્યા ઈસુ :
સર્વ આકાર-પ્રકાર થાય ત્યાં વિનષ્ટ.
ભૌતિકમાં રાચતી ઇન્દ્રિયો જાણે નિજને જ ભ્રષ્ટ!

કષ્ટ જો એ આકારોની તોડફોડ કરવાનું કરે
તો તો પછી આકારની પાર જઈ
આકારોમાં ઠરેઃ
આકારોની નશ્વરતા
એની સામે આકારો થઈને પાછી ફરે!
આકારોથી આકારોની પારના એ આકારને
પામવાનો પુરુષાર્થ ખરે!

અંધારું / *રામચન્દ્ર પટેલ*

(શિખરિણી • સૉનેટ)

હતું એ અંધારું ધસમસ ધસી મોભ પરથી
પડ્યું એવું જામ્યું કળણ વસમું ચોક વચમાં.
થઈ ધૂવાં ધૂવાં ખળભળતું વ્યાપી ઘરમહીં
નડ્યું, કંપી ભીંતો ઢચુંપચું બન્યું ભોંયતળિયું.


થયા ખૂણા લૂખા, છતછત છજાં ઉંબર કુંભી
ચડ્યાં ઊધેઈએ : ઘરવખરી ઊંઘે રહી સહી.
કમાડો સૌ વાગોળ સમ દિસતાં, ખેપટ તણા
પડાવે તો ચૂલા ઉપર રણ-શી ભૂખ સળગે.

છ નાનાં ભાંડૂડાં સહ સૂરજનાં, તામ્રકળશ—
જળે મા-એ કીધાં તપ, સખત ખેંચ્યા ઢસરડા,
ઉલેચી માટી, ખેતર સીમ કરી એક, મઘમઘ
થતાં કોઠી પાછું અડ્યું કપરું અંધારું ઘડીમાં.

હજીયે અંધારું અડધુંપડધું આવી કનડે,
હટાવું છું મા-ના સ્મરણદીપના ઓજસ વડે.

તારી યાદના ઉઘાડમાં ● પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોની વિવિધ અનુભૂતિ દ્વારા અગમ્યની યાદ અને એ યાદને અંતે માનવની અટકચાળી વૃત્તિ સામે ફરિયાદનો સૂર પ્રકટ થવા પામ્યો છે. *અંધારું* ● નિરાકાર અંધારાની ઇન્દ્રિયગ્રાહ્ય અનુભૂતિનાં વિવિધ ગ્રામચિત્રો દ્વારા ગ્રામવાતાવરણનો અતીતરાગ નિરૂપાયો છે અને સૉનેટના ત્રણ શ્લોકો અને કડીમાં દશ્યચિત્રો અને ભાવચિત્ર સુપેરે આલેખાયાં છે. શૈલીની પ્રૌઢિ ધ્યાનાકર્ષક બને છે. *મીરાં એટલે* ● મીરાંની ભક્તિ એકાત્મરૂપા છે. મીરાંનો પર્યાય જ ભજન. અરે, એટલે તો 'હરિભજનનું ગામ' કહી અભિવ્યક્તિનો ચમત્કાર સજર્યો છે. સંસારનાં વિવિધ રૂપોમાંથી અને અનુભવોમાંથી પસાર થયેલી મીરાં આખરે 'ઠાકુરમાં ઠરી ઠામ' થાય છે તેનું તાજગીભર્યું ગીત. *ગુન્હો* ● માણસ એટલે જ જાણે ગુન્હાઓની પરંપરા. કેટકેટલા ગુન્હા એ કરે છે? વિવિધ શે'રમાં આની ચોટદાર અને સરળ રજૂઆત થવા પામી છે. આ જગતમાં માણસ છે ત્યાં સુધી ગુન્હા અટકવાના નથી એ નૈરાશ્યમય વાસ્તવિકતા સાથે ગઝલ પૂરી થાય છે. *આકારો* ● આંખ આકારથી બધું મનોગમ્ય કરે છે, પરંતુ એ આકારો સાથે વિવિધ મનોવૃત્તિઓ સંકળાય છે ત્યારે સંઘર્ષ જન્મે છે. આકાર એનાથી પર છે માટે જ તો ભૌતિક ચક્ષુ આ ભૌતિક આકારોની પાર જઈ અભૌતિકતાને નિહાળે તો આકારજન્ય ઝઘડાઓ શમી જાય. - ધી.પ.

આધુનિક ચિત્રકળાની અનુકરણાત્મકતાથી દૂર રહેનાર, 'રૂપંકર' સંગ્રહાલયના નિયામક, લોકકળાના પુરસ્કર્તા ઝુઝારું કળાકાર



જગદીશ સ્વામીનાથન

— પ્રફુલ્લ રાવલ —

'Group 1890' એ કળાના પ્રમાણભૂત વિકાસને રૂંધતી અશુદ્ધ અસર સામે સમાન સમજ પ્રકટાવવા ભારતના બાર ચિત્રકારોએ ઊભી કરેલી ગતિ-પ્રવૃત્તિ હતી, જે ૨૫-૨૬ ઑગસ્ટ, ૧૯૬૨માં ભાવનગરમાં જયન્ત-જ્યોતિ પંડ્યાના નિવાસસ્થાને પૂર્ણ ચર્ચા-વિચારણાને અંતે આંદોલનરૂપે આકાર પામી હતી. દેશના થોડા ચિત્રકારો ભેગા થયા હતા, જેમનું ધ્યેય પરંપરા અને સમકાલીન વચ્ચેની અર્થસૂચકતાની શોધ કરવાનું હતું. જયન્ત પંડ્યાના ઘરના નંબર પરથી 'ગ્રૂપ ૧૮૯૦' નામ અસ્તિત્વમાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ-આંદોલનનું સહિયારું આયુષ્ય લાંબું ન ચાલ્યું. ૧૯૬૩માં એ સહુ ચિત્રકારોનાં ચિત્રોનું પહેલું અને છેલ્લું પ્રદર્શન તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ ખુલ્લું મૂક્યું હતું. એ પ્રદર્શનની માહિતી આપતા કૅટલોગમાં કવિ ઓક્ટાવિયો પાઝે લખ્યું હતું, 'આ યુવાન કલાકારો મને દુર્નિવાર આવેશથી ગતિશીલ તેમના ઘરેથી દોડતા પેલા તરુણો વિષે વિચારવા પ્રેરે છે. તેઓ જાણતા નથી કે તેઓ ક્યાં જઈ રહ્યાં છે પણ તેઓ જાણે છે કે કોઈક, ક્યાંક, કશુંક તેમની પ્રતીક્ષા કરે છે. આપણે એને પ્રેમ, મૃત્યુ, કળા, સત્ય, ભાઈચારો, આત્મજ્ઞાન, સંપૂર્ણતા સાથે ઐક્ય, ક્રાન્તિ, બળવો કહીએ. તેને બધાં નામો છે અને એક પણ નથી. આ યુવાનો આશ્ચર્યજનક અવાજ સાંભળે છે. તેઓ જાગ્યા છે અને પાછળ જોયા વગર કુટુંબ, દેવ અને વતનનાં ગામનો ત્યાગ કરે છે. તેઓ મુકાબલાની શોધમાં નીકળ્યા છે.'

આ જૂથમાં મુખ્ય હતા રાજેશ મહેરા, અંબાદાસ, જેરામ પટેલ, ગુલામ મહમ્મદ શેખ, રાઘવ કનેરિયા અને જે. સ્વામીનાથન. આ સહુમાં જે. સ્વામીનાથનનું વ્યક્તિત્વ વિશિષ્ટ હતું. ચિત્રકળા પરત્વેની લગન અને ભારતીય પરંપરામાંથી કળાનું નવું રૂપ ઊભું કરવાની એમની મથામણ અને વળી કલાક્ષેત્રે અનુકરણાત્મક આધુનિકતાના પ્રભાવથી મુક્ત રહેવા-થવાની ગતિ એ એમના જીવનની ગતિ રહી હતી. ભારતીય કલાજગતનું એક ઝુઝારું વ્યક્તિત્વ એટલે જે. સ્વામીનાથન.

મધ્યપ્રદેશનું કાલિદાસ સન્માન પ્રાપ્ત કરનાર જગદીશ સ્વામીનાથનનો જન્મ તાંજોરના આયર બ્રાહ્મણને ત્યાં ૨૧ જૂન, ૧૯૨૮માં શિમલામાં થયો હતો. માતા-પિતાના એ બાર પૈકી છઠ્ઠા સંતાન હતા. એમના પિતા વાણિજ્ય સભ્ય સર હ્યૂ ડાઉના અંગત મદદનીશ હતા. માતા પુદુકોટ્ટાઈના દીવાનની પૌત્રી હતી. લગ્નસમયે એમનું વય માત્ર ચૌદ વરસનું હતું અને ઘરના નોકર સાથે લખોટા જેવી રમતો રમવાની પ્રવૃત્તિ ચાલુ હતી. સ્વામીનાથનનું વ્યક્તિત્વ નાનપણથી જ વિચિત્ર હતું. એમની છાપ ખાઉધરા બાળકની હતી અને એ હતા ભારે મનસ્વી. સ્વકેન્દ્રી અને હઠીલા. એમની માતા હસતી હસતી કહેતી હતી કે કોઈ જિપ્સી પોતાનું બાળક મૂકી ગયો તે સ્વામીનાથન. નાનપણમાં સરગવાના વૃક્ષ નીચે અંધારામાં ઊભા રહેવાની એને સજા મળી હતી, જ્યાં ભૂત થતું હતું. કુટુંબ શિમલાથી જાસૂ ગયું. ત્યાં સર હારકોર્ટ બટલર હાઈ સ્કૂલમાં સ્વામીનાથન ભણતા હતા તેની પાછળની ટેકરી પર હનુમાનની મૂર્તિ સ્વયં નીકળતાં કોઈક ધૂનમાં પાણીની ડોલથી સ્કૂલના રૂમમાં પાણી નાખ્યું હતું. આશય હતો સ્કૂલમાં રજા પડે તેનો. પરંતુ રજા ન પડી, નેતરની સોટીનો માર પડ્યો - સ્કૂલમાં શિક્ષકનો અને ઘરે પિતાનો. એમની છ વર્ષની વયે ૧૯૩૪માં એમનાં માસી પાર્વતી લીડ્સમાંથી અભ્યાસ પૂર્ણ કરીને ભારત પાછાં ફર્યાં ત્યારે એમણે સ્વામીનાથનને રીવ્સ ઑઈલ કલરનું બૉક્સ ભેટ આપ્યું. એ સાથે ચિત્ર પ્રતિની રુચિને ગતિ મળી. એમણે લખ્યું છે કે – 'The smell

of oil has stayed with all these years.' તોફાન એમના સ્વભાવમાં હતું. બિશપ કૉટન સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે લડવું, ભૂગોળ કે વિજ્ઞાનના તાસમાં બેન્ચ નીચે નવલકથા સંતાડીને વાંચવી એ એમની પ્રવૃત્તિ હતી. કુદરતી ચિત્રો બનાવતાં ન ફાવે તે બહેન પર ગરમ થાય. શાળાના આચાર્ય એમનાં તોફાનોથી નારાજ થયા. સ્વામીનાથન બીજી સ્કૂલમાં દાખલ થયા અને યુનિયન ઍકેડેમીમાંથી મૅટ્રિક પાસ થયા. સ્કૂલનું છેલ્લું વર્ષ ૧૯૪૨નું હતું. ૯ ઑગસ્ટે ટોળાંને એમણે 'આર્મિ ઍન્ડ નૅવિ સ્ટોર્સ'ને લૂંટતું જોયું હતું. ૧૯૪૨ની સાલની ચળવળનું એ સ્મરણ હતું.

મૅટ્રિક પછી કલાની સ્કૂલમાં દાખલ થવું હતું પરન્તુ દિલ્હીની પ્રિ-મૅડિકલ કૉલેજમાં જોડાયા અને ત્યાં 'પહાડી લઘુચિત્રો'ના ચોમાસુ વાદળ જેવી સુંદર અને શ્યામ છોકરી સાથે બાલિશ પ્રેમમાં પડ્યા. પ્રેમ તો ત્યાંનો ત્યાં રહ્યો અને એ ઘર છોડીને પહોંચી ગયા કલકત્તા. આ પણ તોફાન જ હતું. ત્યાં નહોતું ભણવાનું કે નહોતી કોઈ નોકરી એટલે ક્યારેક કૉલેજ સ્ટ્રીટની ફૂટપાથ પર હોઝયરીનો માલ વેચ્યો તો ક્યારેક ટાઈગર સિનેમાની બહાર ટિકિટનાં કાળાંબજાર કર્યાં. કશુંક કમાવાની આ પ્રવૃત્તિ હતી. ત્યારે એમના જીવનનું કોઈ ધ્યેય નહોતું, પરંતુ આઝાદીની લડતનો કાળ હતો. કલકત્તામાં ડાબેરી વિચાર-ધારાનો પ્રભાવ વ્યાપ્ત થતો જતો હતો તેથી ડાબેરી ક્રાન્તિકારી દેશભક્તોનો ભેટો થયો અને એમના રંગે રંગાયા. પ્રજાની સમસ્યાઓનો ઉકેલ એ વિચારધારામાં જ દેખાયો. મોડી રાત્રે લૅમ્પ-પોસ્ટના અજવાળામાં મહેનતુ વિદ્યાર્થીની જેમ ડાબેરી ક્રાન્તિકારી પુસ્તિકાઓનું વાચન કર્યું. મન પર સવાર થઈ ગઈ દેશભક્તિ. લોહીના અંતિમ બુંદ સુધી ભારતમાતાની સેવા કરવાના સોગંદ ખાધા હતા પણ કલકત્તામાં ઝાઝું રહેવાનું ન બન્યું. સ્વામી-નાથન વળી દિલ્હી પાછા ફર્યા અને કૉંગ્રેસ-સમાજવાદી પક્ષમાં જોડાયા. આર્થિક વિષમતાઓ વધતી જતી હતી. નોકરીની તાતી જરૂર હતી. કામ શોધવાનું શરૂ કર્યું અને એક લઘુ-હિન્દી વાર્તા-સામયિકમાં કામ મળ્યું. પરંતુ ઑફિસમાં આરામ ન કરવાનું તંત્રીનું ફરમાન સાંભળીને આરામ કરવા ઘેર ગયા તે નોકરી પર પાછા ન ફર્યા. નોકરીને તિલાંજલિ આપી. કશું જ કામ નહોતું એટલે કૉંગ્રેસ-સમાજવાદી પક્ષના પૂર્ણ સમયના કાર્યકર બન્યા. સાથે સાથે પક્ષના હિન્દી સાપ્તાહિક 'મઝદૂર આવાઝ'ના તંત્રીની જવાબદારી સંભાળી. એનો પહેલો અંક લઈને ગાંધીજી પાસે ગયા ત્યારે એમણે અભિપ્રાય આપ્યો કે આ સાપ્તાહિક મજૂરવર્ગ માટે હોય તો ટાઈપ મોટા હોવા જોઈએ.

દિલ્હી ક્લૉથ મિલ્સ નજીક પક્ષની ઑફિસની બાજુમાં એક નાનકડી ઓરડી લીધી હતી. એમાં રહીને રાજકીય સાહિત્ય અને રાજનીતિના તત્ત્વજ્ઞાનનું ખૂબ વાચન કર્યું. સાથે સાથે ખૂબ ગંભીરતાપૂર્વક પદ્ધતિ-સરનું માર્ક્સનું અધ્યયન કર્યું. જૂથમાં 'દાસ કૅપિટલ'નો અભ્યાસ કર્યો. અરુણા આસિફ અલી અને વિશ્વનાથન સાથે વારંવાર બેઠક યોજીને પ્રકરણ વાર અધ્યયન કર્યું. પછી મન ખાલી ન રહ્યું. સામ્યવાદી વિચારધારામાં ધીમે ધીમે ગોઠવાતા ગયા. ભારત ત્યારે સ્વતંત્રતાના દૈવી સંકેત પ્રતિ ત્વરાથી ધરી રહ્યું હતું. એ મુશ્કેલ અને આવેશયુક્ત સમય હતો. છુપાયેલાં અરુણા આસિફ અલી જ્યારે પ્રથમ વાર બહાર આવ્યાં અને રામલીલા મેદાનમાં જાહેરસભા સંબોધી ત્યારે લાગતું હતું કે આઝાદી હાથવેંતમાં છે. સ્વામીનાથન ભાવુક મને બધું આત્મસાત્ કરવા તરફ ગતિમાન હતા. ગાંધીજીની પ્રાર્થના-સભામાં અવારનવાર જતા હતા. પછી આઝાદી આવી અને વિભાજનને કારણે બન્ને બાજુ લોહીની નદીઓ વહી, ત્યારે એક અદના સ્વયંસેવક તરીકે સ્વામીનાથને અથાક સેવા બજાવી. મહોલ્લે મહોલ્લે ફરીને શરણાર્થીઓ માટે ભોજન અને કપડાં ભેગાં કરવાનું કામ કર્યું. મુસ્લિમ લત્તામાં રાત્રે ૩૦૩ રાઈફલ સાથે ચોકીપહેરો ભર્યો ત્યારે મૃત્યુનું નૃત્ય કેવું ભયાનક છે તેના સાક્ષી થવાનું આવ્યું. વિભાજનથી ખિન્ન એવા યુવાને ગાંધીજીની હત્યા કરી. કૉંગ્રેસમાં સ્વામીનાથનને ન ફાવ્યું એટલે વળી સામ્યવાદીધારા તરફ વળ્યા અને ભારતીય સામ્યવાદીપક્ષમાં વિધિસર જોડાયા. કારોલ બાગની કમિટીના સભ્ય તરીકે યુવા પાંખમાં કામ કર્યું. વાતાવરણ અનુકૂળ નહોતું. વિરોધ વચ્ચે પક્ષને ઊભો કરવાનો હતો. પરિશ્રમ કરીને પક્ષનું સંગઠન મજબૂત બનાવ્યું. દેવદત્ત 'અટલ' એમના વિસ્તારના નેતા હતા. બિલ્ડિંગ કૉન્ટ્રેક્ટર ભગતસિંહ ત્યારે પક્ષના જોરદાર વક્તા હતા. સહુ એક પ્રકારના ઉન્માદમાં કામ કરતા હતા. ઉત્સાહ હતો. દિવસે પોસ્ટ ચોંટાડતા. સવારે રાતની જાહેરસભાની જાહેરાત કરતા અને રાત્રે જ્યારે કોઈ નેતા સંબોધન માટે ન મળતાં તો સ્વામીનાથન સ્વયં સભાને સંબોધતા. આ અંગે આનંદ દેવ લખે છે કે, 'તેમના બુલંદ અવાજ, નમણું વ્યક્તિત્વ અને આંતર ઉત્સાહથી મારી પસંદની મૂર્તિ બન્યા હતા તે બીજું કોઈ નહીં, જગદીશ સ્વામીનાથન.' આ પ્રવૃત્તિ દરમિયાન જ જીવનસંગિની ભવાની સાથે મુલાકાત થઈ. સ્વામીનાથને લખ્યું છે, 'સભામાં


સ્વામીનાથને ચીતરેલું
પત્ની ભવાનીનું પોર્ટ્રેટ



ક્રિષ્ણા ખન્ના અને ગુલામ મોહમ્મદ શેખ સાથે સ્વામીનાથન

બરાબર મારી સામે મંચ પાછળ મેં એક ચહેરો જોયો, જે મારી જિંદગીનો આકાર બદલવાનો હતો અને નિયતિના સાચા માર્ગ પર ગોઠવવાનો હતો.' આ 'શાંત અને સ્વસ્થ' ચહેરો તે ભવાની. જે એમને મન 'યક્ષિણી' હતી. આ ભવાની સાથે સ્વામીનાથને ૧૯૫૫માં લગ્ન કર્યાં. પિતાની નારાજગી હતી. માતા અને એક બહેનની નિઃસહાય સહાનુભૂતિ હતી. લગ્ન કર્યું, પરંતુ ક્યાં રહેવું એ કૂટપ્રશ્ન હતો. ઘરનાં દ્વાર બંધ હતાં. સામ્યવાદીધારા સાથે સંલગ્ન હોઈ કૉમરેડ ડાંગેનું સ્મરણ થયું. ડાંગે એમનાં લગ્નથી વાકેફ હતા. કશીક મદદ મળશે એવી આશાએ ડાંગેને મળ્યા ત્યારે ડાંગેને લગ્નમાં પક્ષના સિદ્ધાંતનું ઉલ્લંઘન દેખાયું હતું. પરંતુ તરત ડાંગે હસ્યા અને એમના હાથમાં મધુરજની માટે બેતુલ જવાની બે ટિકિટ આપી અને વત્તા બસો રૂપિયા રોકડા. દંપતી પહોંચ્યું ત્યારે રાત્રિ હતી એટલે રેલવેના પ્રતીક્ષાલયમાં વિરામ કર્યો. સવારે ગાડામાં બેસીને સૅનિટોરિયમ ગયા ત્યારે આશ્ચર્ય અનુભવ્યું. ડાંગે બારણા વચ્ચે જાસ્મિનના ફૂલોનો ગુલદસ્તો લઈને ઊભા હતા દંપતીને વધાવવા માટે. બન્ને ત્યાં રહ્યાં. એ દિવસોમાં કશાય આયોજન વગર રખડવું એ જ એકમાત્ર પ્રવૃત્તિ હતી. ત્યાંના રોકાણ દરમિયાન થોડાંક રેખાચિત્રો બનાવ્યાં. વૃક્ષનાં ચિત્રો દોર્યાં અને એમના શબ્દોમાં 'આડી-અવળી રેખાઓ' દોરી. રખડતાં રખડતાં એક વાર કોરકુ નામક આદિવાસી ગામમાં પહોંચ્યાં ત્યારે એક છોકરાને સાપ કરડ્યો હતો તેને ભૂવો ઉતારતો હતો. ભૂવો બરાડા પાડતો હતો અને પાણી ભરેલ વાસણ એના તરફ ફેંકતો હતો. સાપને જમીનમાં એક વાસણમાં દાટી રાખ્યો હતો. થોડીક વાર પછી ઝેર ઊતર્યું અને દાટી રાખેલા સાપને વનરાજિમાં છૂટ્ટો મૂકી દીધો. આ દૃશ્ય સ્વામીનાથને રસપૂર્વક જોયું. આની ઘેરી અસર એમના માનસ પર પડી. પાછળથી આદિવાસીઓના અભ્યાસની જે દિશા ખૂલી તેનું મૂળ આ ઘટનામાં પડેલું હતું.

મધુરજની માણવા ગયેલા સ્વામીનાથન મહિનો રખડીને પાછા દિલ્હી ફર્યા. હવે પ્રવૃત્તિ હતી કામ શોધવાની. 'પીપલ્સ પબ્લિસિંગ હાઉસ'માં અનુવાદક અને એના મુખપત્રના તંત્રીનું કામ મળ્યું. આ કામ કરતાં કરતાં દિલ્હી પૉલિટેક્નિકના આર્ટ ડિપાર્ટમેન્ટમાં સાંજના વર્ગમાં જોડાયા, જ્યાં પ્રો. બી.સી.સન્યાલ આચાર્ય હતા અને ચિત્રકાર સૈલોઝ મુખરજી કળાના શિક્ષક હતા. નાનપણથી મુખરજીને એ ઓળખતા હતા. પરંતુ થોડા સમય બાદ સાંજના વર્ગમાં જવાનું એમણે બંધ કર્યું કારણ કે આખા દિવસના કામ પછી થાક લાગતો હતો. સૈલોઝ મુખરજી અને ધનરાજ ભગતે સ્વામીનાથનને સમજાવ્યું કે ડિપ્લોમાની તાતી જરૂરિયાત ન હોય તો આર્ટ સ્કૂલમાં જવાની જરૂર નથી. વળી, ચિત્ર દોરવા માટે કોણ રોકવાનું છે? વાત હતી પણ મુદ્દાની. આથી એ દિવસ દરમિયાન અનુવાદકનું કામ કરતા અને રાત્રે ચિત્રો બનાવતા. પુત્રો કાલિદાસ અને હર્ષના જન્મ પછી 'લિન્ક' સાપ્તાહિકમાં જોડાયા. એમાં દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયનની કળા વિશે મનનીય લેખો લખ્યા. સાપ્તાહિકનું મુખપૃષ્ઠ એ બનાવતા અને મુદ્રણનું કામ પણ સંભાળતા. એ સમયે પૉલૅન્ડની **'Academy of Fine Arts'**માં પ્રવેશ માટે અરજી કરી હતી. ત્યાં પ્રવેશ મળતાં મિત્રોની મદદથી ત્રણ વર્ષની શિષ્યવૃત્તિ પણ મળી. એમની ઇચ્છા 'ગ્રાફિક આર્ટ'નો અભ્યાસ કરવાની હતી. પૉલૅન્ડ એ માટે જાણીતું હતું. સ્વામીનાથન ત્યાં પહોંચી ગયા અને ત્યાંના વાતાવરણમાં બરાબર ગોઠવાઈ ગયા. ત્યાંના કળાશિક્ષક અને મિત્રો વચ્ચે એ અભ્યાસમાં મગ્ન બની રહ્યા. મિત્ર ચેશુની વૃદ્ધ માતા એમની દેખભાળ રાખતી હતી. એ વૃદ્ધાએ એક વાર ગાંધીજીની હત્યા ટાણે છાપામાં આવેલા સમાચારનું આલ્બમ બતાવ્યું અને જ્યારે જાણ્યું કે સ્વામીનાથન ગાંધીજીને મળ્યા છે ત્યારે વિસ્મયપૂર્વક એમની સામે તાકી રહ્યાં. એમાં ગાંધી પ્રત્યે પૂર્ણ અહોભાવ અને ગાંધીના દેશની વ્યક્તિ પ્રત્યે પ્રેમભાવ હતો. ત્યાંનો શિયાળો અતિ ઠંડો હતો. અસીમ ઠંડીમાં વિસ્વા નદી થીજી ગઈ અને સ્વામીનાથનને પત્ની તથા બાળકોની તીવ્ર ઝંખના થઈ આવી. આથી તરત જ મનોમન નક્કી કરી નાખ્યું ભારત પાછા ફરવાનું. પૉલૅન્ડથી વિમાન દ્વારા પાલમ વિમાની મથકે પહોંચ્યા ત્યારે સહુના આશ્ચર્ય વચ્ચે પોતાના બૂટ કાઢી ઉઘાડે પગે દોડવાનું શરૂ કર્યું. આ દોડમાં ઘર માટેનો ઝુરાપો હતો. જાણે એમને શાંતિનો અહેસાસ થયો!

પૉલૅન્ડથી પાછા ફર્યા બાદ વળી લિન્ક સાપ્તાહિકમાં જોડાયા અને થોડા સમય પછી ત્યાંથી છૂટા થઈને નિર્બંધ ચિત્રકારની ભૂમિકામાં આવી ગયા. આમેય બંધન એમને ગમતું નહોતું. ક્યાંય ઠરીને ઠામ થવાની જાણે એમને રુચિ જ થતી નહોતી. જિંદગીમાં ભલે ગમે તેવી સ્થિતિનું નિર્માણ થાય પણ કૅનવાસ અને પીંછીને પકડીને જ ચાલવું એવો દૃઢ નિશ્ચય કર્યો. એમને લાગ્યું કે જિંદગી અલ્પ હોય છે અને તેથી જિંદગી ધ્યેય વગરની હોય તે ન ચાલે.

સ્વામીનાથને જીવનનું ધ્યેય નક્કી કરી લીધું હતું. હવે માત્ર ચિત્રકળા એ જ એમનું પરમ કાર્ય હતું. અને ચરમ ધ્યેય હતું. ભારે મનોમંથનમાં એમણે સમય પસાર કર્યો છતાંય મુદ્રા તો યોદ્ધાની જ રાખી. સંઘર્ષમાં નિરાશ ન થયા. લડવું એમને મંજૂર હતું.

જગદીશ સ્વામીનાથને બે સાથીદારો સાથે એમના પહેલાં શો - જાહેર પ્રદર્શન - નું આયોજન ૧૯૬૦માં કર્યું હતું. એ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન આધુનિક કળાના પારંગત કહી શકાય તેવા એમ.એફ.હુસેને કર્યું હતું. એમના સાથી કલાકાર હતા પી.કે. રાઝદાન અને એન. દીક્ષિત. રાઝદાન જેને પન્ની એવા નામથી બોલાવતા હતા, તે હારકોર્ટ બટલર હાઈ સ્કૂલમાં એમના સહાધ્યાયી હતા. એમનાં ચિત્રોમાં મૂળભૂત શક્તિનાં દર્શન થતાં હતાં. પૉલેન્ડમાં કરેલા ગ્રાફિક પૉઈન્ટ આ પ્રદર્શનમાં હતાં. પ્રદર્શન ખૂબ સફળ થયું એટલે પછી વનમૅન શો - એકલ પ્રદર્શનનું આયોજન કર્યું જેમાં તૈલચિત્રો, રેખાચિત્રો અને જલરંગોથી બનાવેલાં ચિત્રો હતાં. 'ગાર્ડિઅન'ના સમાલોચક જ્યોર્જ બુચે કૉમનવેલ્થ આર્ટ્સ ફેસ્ટિવલ માટે ભારતીય ચિત્રો એકઠાં કરવા આવ્યા હતા, તેમણે સ્વામીનાથનનું એક ચિત્ર ખરીદ્યું હતું જે આધુનિક ભારતીય ચિત્રમાં neo-trantric નવ્ય-તાંત્રિકનો પ્રવાહ ઊભો થયો તેનો નિર્દેશ કરતું હતું. ઍકેડેમી શોમાં એ ચિત્ર બિરેન ડે દ્વારા ઍવૉર્ડ-વિજેતા બન્યું હતું. **'The Dying Ogre'** એ ચિત્ર અમૂર્ત અભિવ્યક્તિવાદી શૈલીમાં બનાવાયું હતું. બિરેન ડેની માન્યતા હતી કે ચિત્રકળામાં અમૂર્ત અભિવ્યક્તિવાદ એ અંતિમ શબ્દ છે. આ વલણ બળકટ બનતું જતું હતું ત્યારે કલાકાર તરીકે સ્વામીનાથન આ વાહિયાત વાતથી થોડાક થાકી ગયા હતા. એના પરિણામે 'ગ્રૂપ ૧૮૯૦'નું નિર્માણ થયું હતું. 'ગ્રૂપ ૧૮૯૦'ના પ્રદર્શનથી રાજદૂત અને કવિ ઑક્ટાવિઓ પાઝનો પરિચય થયો એ સ્વામીનાથન માટે મોટી ઉપલબ્ધિ હતી. એમણે પાઝ વિષે લખ્યું છે કે **'Talking with him and listening to him is as experience in self-discovery. The calibre of his mind is of such power and beauty that in his presence one sheds all pettiness and aspires to that nobility which is embedded in each human soul.'**


ઑક્ટાવિઓ પાઝની મદદથી સ્વામીનાથને ૧૯૬૬માં **'Contra'** નામક સામયિક શરૂ કર્યું જે અત્યંત વિવાદાસ્પદ બન્યું હતું અને એનું આયુષ્ય અલ્પ રહ્યું હતું. લવાજમ ભરનારને સામયિકમાં પ્રસિદ્ધ ટીકાત્મક લખાણોમાં રસ નહોતો. પરિણામે 'Contra' બંધ કરવું પડ્યું. ૧૯૬૮માં સ્વામીનાથને જવાહરલાલ નેહરુ ફેલોશિપ મળી જે કલાજગતમાં પ્રથમ વાર જ અપાઈ હતી. એ વર્ષોમાં જ આંતરરાષ્ટ્રિય જૂરીના સભ્ય તરીકે ગયા. ત્યાં ઍરપોર્ટ પર કોઈક શંકાથી એમની ઊંડી તપાસ કરવામાં આવેલી. લાંબા વાળ અને લાંબા ઝભ્ભાના કારણે હિપ્પી જેવા દેખાતા હોઈ એ તપાસ થઈ હતી. એમને થોડો ગુસ્સો આવ્યો પણ પછી એ ગળી પીને ઑસ્ટિન માટે રવાના થયા. સાઠના દસકામાં સ્વામીનાથનની ચિત્રકલાનું વહેણ અલગ દિશાએ વહ્યું. પહાડી લઘુચિત્રોના ગહન અધ્યયન પછી અવકાશ સાથે રંગનું સાયુજ્ય કરવાનો એમણે પ્રયત્ન કર્યો અને **'Colour Geometry of Space'**ની હારમાળા ઊભી કરી. પછી એમનાં ચિત્રોમાં પક્ષી, પહાડ, વૃક્ષ, પ્રતિબિંબના પડછાયા પ્રવેશ્યાં. આ ચિત્રોથી શાંતિની પ્રતીતિ થતી અને કુદરતનાં રૂપને પામી શકાતું. આથી એ સમયના હિન્દી કવિઓએ એમનાં ચિત્રોને અનુલક્ષીને કે કેન્દ્રમાં રાખીને કે તેનો આધાર લઈને કવિતાઓ રચી હતી, જેમાં મુખ્ય હતા સર્વેશ્વર દયાળ સક્સેના, સીતાકાન્ત વર્મા, વિષ્ણુ ખરે, અશોક વાજપાઈ, ઇત્યાદિ. ક્રિષ્ણા અન્નાએ તો અંગ્રેજીમાં કવિતા રચી હતી. અગાઉ ૧૯૬૫માં પાઝ પણ એમનાં ચિત્રોને અનુલક્ષીને કવિતા લખી ચૂક્યા હતા.



હિન્દી કવિ નાગાર્જુન સાથે સ્વામીનાથન

કળા એમના જીવનનું લક્ષ્ય બની ચૂકી હોઈ સતત ચિત્ર-નિર્માણ અંગે માનસિક રીતે ક્રિયાશીલ રહેતા. એમને કેટલાક વિશિષ્ટ અનુભવો પણ થયા હતા. ૧૯૭૧માં એ વાસ્તવિક તીડને ચિત્રમાં આકારિત કરવા ઇચ્છતા હતા, પરંતુ તીડની કોઈ તસવીર કે ચિત્ર લભ્ય નહોતું. આરામ માટે થોડું સૂતા અને જાગ્યા ત્યારે એમની ઘાસની પથારી પર જીવતું તીડ બેઠું હતું. આવા અનુભવો એમને એક કરતાં વધુ થયા હતા. ચિત્રકળા સાથેનું આ તાદાત્મ્ય એમનો કળા પ્રત્યેનો આત્મીય અનુબંધ છતો કરે છે.

સ્વામીનાથનની ચિત્રકળા યાત્રામાં પત્ની ભવાનીનો સહયોગ સતત મળતો રહ્યો હતો. ભવાની સગર્ભા થતાં માતા-પિતાએ એમનો સ્વીકાર કર્યો હતો. ભવાની સંસ્કારી હોઈ પિતાને પુત્રવધૂ પ્રિય થઈ ગઈ હતી. સ્વામીનાથનનું જીવન રંગીભંગી હતું. કપરા કાળમાં સમસ્યાથી દૂર ભાગવા મદ્યપાન પણ કરતા. આર્થિક વિષમતા હતી. એમણે પોતે જ લખ્યું છે કે 'ઘૃણાસ્પદ પતિ (**a lousy husband**)' અને 'વિચિત્ર પિતા (**an different father**)' હતા. પરંતુ ભવાની ધીર સ્વભાવની હતી. આવનાર અતિથિનો સત્કાર અચૂક કરતી. ક્યારેક એમની માસી પાર્વતીની આર્થિક સહાય મળતી હતી. અંબાદાસે પોતાનો સ્ટૂડિઓ વાપરવા આપ્યો હતો. આ પરિસ્થિતિ વચ્ચે લલિતકલા અકાદમીને નવું



દિલ્હીમાં સ્વામીનાથનનો સ્ટૂડિઓ

સુવ્યવસ્થિત રૂપ આપવા માટે સ્વામીનાથને અન્ય કલાકારો સાથે ચળવળ ઊભી કરી અને જે દરખાસ્ત સરકાર સમક્ષ રજૂ કરાઈ તે માન્ય રહી. લલિતકલા અકાદમીને સ્વાયત્ત સંસ્થાનું રૂપ મળ્યું, જેની સામાન્ય પરિષદના સભ્યપદે સ્વામીનાથન ચૂંટાઈ આવેલા અને કાર્યકારી બોર્ડના સભ્ય પણ બન્યા હતા. એમની ટર્મ પૂરી થતાં અકાદમીનું સૂત્ર સામાન્ય ગુણવત્તાવાળા પાસે ગયું, જે પરંપરા હજુ ય દેખાય છે. સ્વામીનાથન જ્યારે અકાદમીમાં સક્રિય હતા ત્યારે આંતરરાષ્ટ્રિય કક્ષાનું ત્રિવાર્ષિક સંમેલન થતું હતું. ક્રમશઃ કલાકાર તરીકે સ્વામીનાથનનું નામ અને કામ પ્રચલિત થતું ગયું. એમની કલાસાધનાને અનુલક્ષીને સરકારે એમને મધ્યપ્રદેશના ભોપાલમાં આવેલા ભારત ભવનના 'રૂપંકર' લલિતકલા સંગ્રહાલયના નિયામક નીમ્યા. સમગ્ર સંગ્રહાલયને નવું રૂપ મળ્યું. એમાં સ્વામીનાથનની કલાદૃષ્ટિનાં દર્શન થાય છે. મધ્યપ્રદેશના લોકજીવન અને લોકકળાનો વિદ્યાર્થીઓ પાસે અભ્યાસ કરાવ્યો અને સંગ્રહાલયને અનુરૂપ લોકકલાનું વ્યવસ્થિત આયોજન કર્યું. સતત કાર્યરત રહીને 'રૂપંકર'ને ભારતના શ્રેષ્ઠ સંગ્રહાલય રૂપે પ્રતિષ્ઠિત કર્યું. પરંતુ મધ્યપ્રદેશમાં રાજકીય પરિવર્તન આવ્યું અને સ્વામીનાથનની સ્વતંત્રતા પર નિયંત્રણ આવ્યું. નવી સરકારને લોકકળા કરતાં રામાયણ અંગેનું સંગ્રહાલય ઊભું કરવામાં વિશેષ રસ હતો, કારણ કે કળા સાથે મતની કળા સમાસ પામતી હતી. સરકાર સાથે મતભેદ વધે તે પૂર્વે જ સ્વામીનાથને 'રૂપંકર' સાથેનો નાતો ટૂંકાવી નાખ્યો. સ્વમાની કલાકારનું આ સ્તુત્ય પગલું હતું.

ભોપાલના 'રૂપંકર' સંગ્રહાલયના નિયામક હતા ત્યારે જ ૧૯૮૫-૮૬માં કલાકાર રૉબિન ડૅવિડની સાથે મહાન શાયર ઈકબાલની સ્મૃતિમાં ભોપાલમાં એમનું સ્મારક બનાવ્યું. અનેક સંસ્થાઓમાં એમણે સક્રિય યોગદાન આપ્યું. રાષ્ટ્રિય ફીચર ફિલ્મ પુરસ્કારના નિર્ણાયક મંડળના એ સભ્ય હતા. જપાનમાં થયેલ ભારત મહોત્સવના આદિવાસી કળાના નિયંતા હતા. ભારત સરકારની સંગ્રાહક સમિતિ અને ઉત્તર-મધ્ય ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્રની કાર્યક્રમ સમિતિના પણ સભ્ય હતા.

સ્વામીનાથનનું સર્જક પાસું પણ ઉલ્લેખનીય છે. ચિત્રમાં એમની સર્જકતા તો સ્વીકૃત થઈ હતી. પરંતુ એમણે લખેલી કવિતાનું પાસું પણ એમની સર્જકતાને છતી કરે છે. એમણે કલા વિષયક લેખો લખીને સમકાલીન કલા સાથેની પોતાની નિસબત છતી કરી છે. **'The New Promise', 'The Cube And The Rectangle', 'Birth of a Movement', 'Trends in Modern Indian Art, 1959'** અને **'Pre-naturalistic Art and Post-naturalistic Vision : An Approach to the Appreciation of Tribal Art'** એમના મહત્ત્વના કલાલેખો છે. 'હસ્ત કૌશલકો સમજતે હુએ' એ મધ્યપ્રદેશની આદિવાસી કલા પરનું એમનું પુસ્તક પ્રસિદ્ધ થયું છે. લગભગ ત્રીસ જેટલા વન મૅન શો - એકલ પ્રદર્શન એમણે આયોજિત કર્યા હતા. આંતરરાષ્ટ્રિય કક્ષાના પ્રદર્શનમાં એમનાં ચિત્રો સ્થાન પામ્યાં હતાં. ૧૯૯૪માં એમનું અવસાન થયું ત્યાર બાદ મધ્યપ્રદેશનું 'કાલિદાસ સન્માન' એમને આપાયું. એ એમની કલાનું મરણોત્તર સન્માન હતું. ૧૯૯૫માં ભારત ભવનમાં એમનાં ચિત્રોનું મોટું પ્રદર્શન યોજાયું ત્યારે લલિત કલા અકાદમીએ હિન્દીમાં 'સ્વામીનાથન એક અવલોકન' નામક સુંદર કૅટલોગ પ્રકાશિત કર્યું હતું.

ચિત્રકાર, કવિ-લેખક, સામાજિક કાર્યકર્તા તરીકે એમની શક્તિનો જેટલો વિનિયોગ થવો જોઈએ તેટલો ન થયો. મોટા ભાગનું જીવન વિષમ પરિસ્થિતિમાં પસાર કરવું પડ્યું. આર્થિક સ્થિરતા ન રહી અને કલા વિષેની ભીતરી વિભાવનાને પૂર્ણ સુચારુ રૂપ આપવામાં એમની મનોમંથનયુક્ત અવસ્થા કારણભૂત બની રહી. 'રૂપંકર'ના આયોજનમાં રત રહ્યા ત્યારે ઘરેલુ જીવનને અસર પહોંચી. ભારતીય ચિત્રકલાના ઈતિહાસમાં જગદીશ સ્વામીનાથનનું નામ એમની આગવી વિશિષ્ટ ચિત્રશૈલીના કારણે ચિરસ્મરણીય બની રહેશે, કારણ કે એમની કળાનાં મૂળિયાં ભારતીય પરંપરામાં પડેલાં છે. ચિત્રમાં પ્રતીકનું નિર્માણ અને પ્રતીકાત્મક ચિત્રકૃતિ એમનું આગવું પ્રદાન રહ્યું છે. એમની કળામાં ભૌમિતિક રૂપો પ્રતીકાત્મક રૂપે આવેલાં છે. જેને એ **'A Magical Significance'** માનતા હતા. વળી એમણે કહ્યું છે કે **'In painting the visual formulation is itself the message'** – 'ચિત્રકળામાં દૃશ્યાત્મક સૂત્રાત્મકતા સ્વયં એક સંદેશ છે.'

ઝુઝારું વ્યક્તિત્વ ધરાવનાર જગદીશ સ્વામીનાથન આત્મનિર્ભર કલાકાર હતા અને આધુનિક ચિત્રકૃતિઓ અસાર ભૌતિક જગતની ચિંતાથી દૂર છે એવું માનતા અને એ જ એમની કલાકાર તરીકેની ચિંતા હતી. ❐

ખોફ

જય ગજ્જર

'કોઈ મારી નરગીસને બહાર કાઢો... એ જીવે છે... એના ધબકાર મને સંભળાય છે...'

એક વૃદ્ધ ડોસાનો એ ચિત્કાર હતો. કોઈ પાગલના એ શબ્દો છે એમ માની એની ઉપેક્ષા કરી કોઈ એની તરફ ધ્યાન નહોતું આપતું. અનેક લોકોના આક્રંદ વચ્ચે એ શબ્દો પણ હવામાં ભળી જતા હતા. કોણ કોની વાત સાંભળે? કોઈનાં મા-બાપ, કોઈનો પતિ, કોઈની પત્ની, કોઈનાં કુમળાં બાળકો, કોઈના જુવાનજોધ લાડકાઓ - કુદરતનાં ખોફનો ભોગ બન્યાં હતાં. સૌના ચિત્કાર ભલભલાનું હૈયું પીગળાવી નાખે એવા હતા. કોઈને એના શબ્દો પીગળાવે એ આશાએ ડોસો મોટેથી બબડવા લાગ્યો. મોટા ટોળામાં એના શબ્દો કોઈ પર અસર કરતા નહોતા. ટોળામાંથી માર્ગ કાઢી છેક કાટમાળ પાસે આવી ફરી આક્રંદ કરવા લાગ્યો.

'છે કોઈ દયાળુ કે મારી નરગીસને બચાવી લે? અલ્લાહને ખાતર આ ડોસાની એકની એક લાકડીને ઉગારી લો.'

શબ્દોમાં આજીજી હતી, કરુણા હતી, આર્દ્ર હતા, આરઝુ હતી – એક હતભાગી વૃદ્ધના હૈયાના વિલાપ અને વિષાદનો ચિત્કાર હતો. ડોસાના એ કાકલૂદીભર્યા શબ્દો સાંભળી અમરીશના પગ થંભી ગયા.

અમરીશે એ ડોસા પર એક ઊડતી નજર નાખી. વેશ પરથી અને અલ્લાહને યાદ કરતો હતો એ પરથી એ મુસલમાન લાગ્યો. હિંદુને કાફર કહી ધુત્કારનાર મુસલમાન હતો. નરગીસ નામ પણ એની ખાતરી કરાવતું હતું.

અમરીશ પૂરો હિંદુ હતો - પાછું ખોળિયું બ્રાહ્મણનું હતું. છતાં ડોસાના શબ્દોએ એને પીગળાવી દીધો. આજે હિંદુ કે મુસલમાનના કોઈ જ ભેદભાવ વિચારવાના નહોતા! માનવતાનો પડકાર સાંભળી એ અહીં આવ્યો હતો. આ કાળો કેર કોઈ માનવ-માનવ વચ્ચેની લડાઈને પરિણામે નહોતો. કુદરતે સર્જેલી હોનારત હતી. કુદરતનો ખોફ હતો. થોડીક પળોમાં ભયંકર હોનારત સર્જાઈ હતી. આંખના પલકારામાં એક આંચકાએ ઘણુંબધું ભુલાવી દીધું હતું - ઘણુંબધું ભૂલી જવાની જરૂર ઊભી થઈ હતી. ગરીબ-તવંગર, ઊંચ-નીચ, હિંદુ-મુસલમાન, નોકર-માલિક, બધું ભૂલી માનવતાનો વિચાર કરવાનો હતો. માનવીએ માનવીને બચાવી લેવાનો હતો... બીજો કોઈ વિચાર કરવાનો આ સમય જ નહોતો.

ઊંડા વિચારોમાં ગરકાવ થઈ જાય એ પહેલાં કોઈએ એના પગ પકડી આજીજી કરી : 'ભઈલા, હમણાં જ મેં પેલા ખૂણામાંથી મારી નરગીસનો સાદ સાંભળ્યો હતો... હું એનો અવાજ બરાબર ઓળખું છું... મારી નરગીસ મરી નથી... પેલા કાટમાળ નીચે એ જીવે છે... આ નિરાધાર ડોસા પર જરા દયા કરો... આ ઘરડાની એ એકની એક લાકડી છે... એના વિના મને કોણ દોરશે? મને મારી નાખો, પણ મારી વહાલી દીકરીને બચાવી લો... ફટ રે કુદરત... આવો કેર વર્તાવવાનું તને કેમ સૂઝ્યું?'

ફરી એ જ આક્રંદ... એ જ વલોપાત... એ જ કારુણ્ય...

અમરીશે એ બુઢ્ઢાનો હાથ પકડી ઊભો કર્યો.

'તમે પેલી છાવણીમાં બેસો... તમારી નરગીસની અમે તપાસ કરીએ છીએ...'

'પણ ક્યારે?' અને સહેજ અટકીને ઊકળ્યો, 'તમે કશું નથી કરવાના... મને ખબર છે... તમે મારા પર વેર વાળવાના છો... હું મુસલમાન છું ને... મેં પણ એક દિવસ તમને કાફર કહી વેર વાળ્યું હતું... ઝનૂન બધું ભુલાવી દે છે... માનવતા કે દયા બરફની જેમ ઓગાળી દે છે...'

'આ કુદરતી કોપ છે... એનો ભોગ ઘણાં લોકો બન્યાં છે... કુદરત કોઈનાં નાત-જાત કશું જોતી નથી... અલ્લાહ પર વિશ્વાસ રાખી શાંત થાઓ...'

અને એક ઝાટકે પગ છોડાવી અમરીશ ચાલવા લાગ્યો - પોતાની ફરજ બજાવવા. એની પાસે સમય નહોતો. એકેએક પળ કીમતી હતી. માનવતાનો સાદ સાંભળી કડીથી સ્વયંસેવકોની એક ટુકડીમાં એ આવ્યો હતો. કૉલેજના છેલ્લા વર્ષમાં હતો. સોસિયોલોજી સાથે એમ.એ. કરી રહ્યો હતો. ધરતીકંપને કારણે દશ દિવસ કૉલેજો બંધ રહેવાની જાહેરાત થઈ હતી. અમદાવાદના વિનાશ કરતાં કચ્છ-ભૂજની સ્થિતિ વધારે ભયંકર હતી. માનવ સહકારની એ પ્રદેશને વધુ જરૂર હતી. એ સાદ સાંભળતાં જ એનું મન ભૂજ જવા તલપી ઊઠ્યું.

માના આશીર્વાદ લઈ એ હોમગાર્ડની ઑફિસે દોડી ગયો. ઊંચો, પડછંદ અને શરીરે ખડતલ હતો એટલે ઑફિસરે તરત જ એને પહેલી ટુકડીમાં ભૂજ મોકલી દીધો હતો. એક પછી એક જીવતા અને મરેલાઓને એ બહાર ખેંચી રહ્યો હતો. ચારે બાજુ 'બચાવો', 'બચાવો' શબ્દોના પડઘા પડી રહ્યા હતા. ક્યાં જવું અને પહેલાં કોને બચાવવા એ કળવું મુશ્કેલ હતું. એ જાણતો હતો કે જીવતાને ઉગારી લેવાનો પહેલો ધર્મ હતો. જીવતાની ગંધ આવે ત્યાં પહેલાં દોડી જતો.

એના પગ પકડી આજીજી કરતા ડોસાના શબ્દોએ એને પીગળાવ્યો. ડોસાની આર્તવાણીમાં સચ્ચાઈનો રણકો હોવાની એને પ્રતીતિ થઈ. એણે એક નજર પાછળ કરી. એના શબ્દો કાને પડ્યા :

'કાફર... કોઈ કાફર આ ડોસાની વાત નહિ સાંભળે... રે અલ્લાહ...' તિરસ્કારના શબ્દો સાથે ડોસો પોક મૂકીને રડવા લાગ્યો.

'કાફર' શબ્દે અમરીશને એક આંચકો આપ્યો - ધરતીકંપના આંચકાથી પણ મોટો એ આંચકો હતો... એનું એક-એક અંગ કંપી ઊઠ્યું. એક યાદ તાજી થઈ...

અમરીશ મા-બાપનો એકનો એક લાડકો દીકરો હતો. એના જન્મ પછી સોમેશ્વર પંડિતની શ્રદ્ધા ભગવાનમાં અનેક ગણી વધી ગઈ હતી. ઘણાં વર્ષની ઝંખના ઈશ્વરે મોડે-મોડે પૂરી પાડી હતી. અમરીશનો જન્મ થયો ત્યારે કમળાકાકી અડતાલીસ વર્ષનાં હતાં. મોટી ઉંમરે દીકરો આવતાં પંડિતે જીવનકર્મ બદલી નાખ્યું. પૂજાપાઠ અને કથાકીર્તન કરી જરૂર પૂરતું કમાઈ લેવામાં સંતોષ માન્યો. 'ઈશ્વરની કૃપાએ જ બધું ચાલે છે,' એ શ્રદ્ધામાં દિવસો ગુજારવા લાગ્યા. રોજ સવારે અને સાંજે ગામની ભાગોળે મહાદેવના મંદિરે મહાદેવની પૂજા કરવા જાય. એક પણ દિવસ પડવા દેતા નહિ. અમરીશ પાંચ વર્ષનો થયો ત્યારથી એને પણ કોક વાર સાથે લઈ જતા અને પ્રભુને પ્રાર્થતા : 'તું હરતોફરતો રાખીશ ત્યાં સુધી તારો આ ભક્ત તારી પૂજા કરતો રહેશે. હું નહિ હોઉં ત્યારે તારો અમરીશ છે ને!'

કુદરતની મહેર હતી કે સોમેશ્વરને નખમાંય રોગ નહોતો. ઉંમરના કોઈ ઓછાયા હજુ દેખાતા નહોતા. શ્રદ્ધાળુ અને સંસ્કારી સોમેશ્વરનું દામ્પત્ય જીવન બહુ સુખી હતું. એમની છાયાનો પૂરો રંગ કમળાકાકીને લાગ્યો હતો. પતિને એમણે સાચા અર્થમાં ઓળખ્યા હતા. આદર્શ પતિ-પત્નીનું એ જીવન ઈર્ષા ઉપજાવે એવું હતું. પડોશના કોઈએ એકબીજા સામે ઊંચા સાદે બોલતાં કદી સાંભળ્યાં નહોતાં.

'હેં કમળાકાકી, તમે કોઈ દિવસ પંડિતજી ઉપર ગુસ્સે થાઓ છો ખરાં?'

'એવો અવસર એ ઊભો થવા દેતા જ નથી. ખૂબ જ કોમળ કાળજાના છે. મને હંમેશાં હથેળી પર રાખે છે!'

'રાખે જ ને! તમે એમની કેટલી બધી કાળજી અને આમન્યા રાખો છો!'

કમળાકાકી હસતાં હસતાં કહે, 'પતિ એ જ પરમેશ્વર છે એ ન ભૂલવું જોઈએ. એમના સુખે સુખી, એમના દુઃખે દુઃખી.'

સાંભળનાર એ પતિવ્રતા નારીની મજાક કરી કહે, 'રિસામણાં-મનામણાં સાચા પ્રેમનાં પારખાં હોય છે!'

'ઝેરનાં તે કંઈ પારખાં હોતાં હશે.' કહી એ બોલનારની જીભ સીવી લેતાં.

સુખ અને આનંદને હીંડોળે હીંચતાં માબાપની છાયામાં અમરીશનો કલરવ મહેક પ્રસરાવતો રહ્યો. એ મહેક લાંબો સમય માણવાનું સોમેશ્વરના નસીબમાં નહોતું લખાયું. અમરીશ સાત વર્ષનો હતો ત્યારે સુખી જીવનના મંગલ ત્રિકોણ પર કાળનો પંજો પડ્યો.

હિંદુ-મુસલમાન વચ્ચે વેરની જ્વાળા ભભૂકી ઊઠી. કોમી હુલ્લડોએ કાળો કેર વર્તાવ્યો. 'દેખો ત્યાંથી મારો'ના સૂત્રે બન્ને પક્ષે લોહીની નદીઓ વહાવી. સરકારે પરિસ્થિતિને કાબૂમાં લેવા કર્ફ્યૂ નાખ્યો. સાત સાત દિવસ સુધી કોઈ ફરી શક્યું નહીં. સાત દિવસ પછી વાતાવરણમાં શાંતિ સ્થપાઈ છે એમ વિચારી આઠમા દિવસે બે કલાક માટે કર્ફ્યૂ ઉપાડી લેવામાં આવ્યો.

સાત સાત દિવસ સુધી મહાદેવની પૂજાથી વંચિત સોમેશ્વર પંડિત આવી તક જવા દે ખરા? અમરીશને લઈ એ દોડી ગયા એમના મહાદેવની પૂજા કરવા. સાત દિવસના અવાવર મંદિરની સાફસૂફીમાં સમય ક્યાં વીતી ગયો એની ખબર ન પડી.

પૂજા કરી 'હર હર મહાદેવ...' બબડતા એ બહાર નીકળ્યા. મંદિરનું છેલ્લું પગથિયું ઊતરી રસ્તા પર આવ્યા. એકાએક કોઈ સામેથી ધસી આવ્યું.

'કાફર...' કહી ધારદાર છરો સોમેશ્વરના પેટમાં હુલાવી નાસી ગયો. 'હર હર મહાદેવ...' કહેતાં જમીન પર એ ઢળી પડ્યા. અમરીશ તો ડઘાઈ ગયો. એકદમ કંઈ સૂઝતાં 'બચાવો... બચાવો...' કહી બૂમો પાડી.

જેને કાને આ શબ્દો અથડાયા તે લોકો કર્ફ્યૂની પરવા કર્યા વિના દોડી આવ્યાં. ચારે બાજુ હાહાકાર મચી ગયો. પોલીસની વાન આવી પહોંચી. ઑફિસરે સોમેશ્વરને ઢંઢોળ્યા. અફસોસ વ્યક્ત કરી એમના દેહને સરકારી હૉસ્પિટલમાં લઈ ગયા. અમરીશ સાથે એક પોલીસ એના ઘેર ગયો. આ ગોઝારી હત્યાના સમાચાર કમળાકાકીને આપ્યા.

અમરીશ અને એની મમ્મી હૉસ્પિટલમાં દોડી ગયાં પણ સોમેશ્વર સાથે કંઈ વાત ન કરી શક્યાં. એમનું પ્રાણ પંખેરું ઊડી ગયું હતું. અમરીશ તો પિતાના મૃતદેહને જોઈ હેબતાઈ જ ગયો. માનું આક્રંદ અસહ્ય બની રહ્યું. હજુ પૂરી સમજ નહોતી પણ 'કાફર' કહીને એક મુસલમાને પિતાની હત્યા કરી હતી એ સમજતાં એને વાર ન લાગી. વેરની ભાવના એના અંગમાં ભભૂકી ઊઠી. એની આંખો લાલઘૂમ થઈ ગઈ. એને રડવું હતું પણ રડી ન શક્યો.

મા અને સ્વજનો એના મનને પામી ગયાં. દવાખાને આવેલાં સ્વજનોએ બન્નેને સાંત્વન આપી હૂંફ આપી. દિવાળીમા ઊભાં થયાં. એમણે જીવનની બહુ તડકી-છાંયડી જોઈ હતી. કમળાકાકીની નજીક જઈ કહ્યું, 'તમે તો બહુ સમજુ છો. જે ઘડીએ જે થવાનું લખાયું હોય તેને કોઈ રોકી શકતું નથી. હવે આ દીકરાને સંભાળી લો. તમારે એની મા અને એના બાપ બન્ને થવાનું છે.'

આ શબ્દો એમના હૈયે ઊતરી ગયા. અંતરના આઘાતને છુપાવી અમરીશને બાથમાં લઈ કહ્યું, 'બેટા, ભગવાનની ભક્તિ કરતાં કરતાં તારા બાપુ ભગવાનને ઘેર ગયા છે. વહેલું-મોડું સૌએ એક દિ એના ધામમાં જવાનું છે. ભગવાનને ઘેરથી આપણી

સંભાળ એ લેતા રહેશે. તારે તારા બાપની ખોટ પૂરવાની છે!'

અમરીશ માના શબ્દો સમજ્યો કે નહિ એની તો કોઈને ખબર ન પડી.

'દુ:ખને સહી લેવાની કેવી અમોઘ શક્તિ આ નારીમાં છે.' એમ કહી કેટલાક સ્વજનો એક અબળાની હિંમત પર વારી ગયા.

કોઈ પ્રબળ શક્તિ સાથે કમળાકાકીએ નવા જીવનની શરૂઆત કરી. બે-ચાર ઘેર રસોઈનું કામ સ્વીકારી લીધું અને દીકરાને મોટો કરવામાં આનંદ અનુભવતાં જિંદગી જીવવા લાગ્યાં.

ક્યારેક બાપને યાદ કરી દીકરાનું લોહી ઊકળી ઊઠતું ત્યારે કમળાકાકી એક જ વાત કરે, 'અવેરે જ શમે વેર, ન શમે વેર વેરથી. દીકરા ખૂનનો બદલો ખૂન એ શબ્દો બ્રાહ્મણના મોંમાં ન શોભે... અને સોમેશ્વર પંડિતના વારસદારને તો એ વિચાર માત્ર લજાવે... અપકારનો બદલો ઉપકારથી આપજે. વસુધૈવ કુટુંબકમ્ જેમ સૌ પ્રત્યે પ્રેમની દૃષ્ટિ રાખીશ તો જ સોમેશ્વરના આત્માને શાંતિ મળશે!'

અમરીશને આ પાઠ ભણાવતાં ભણાવતાં પતિ વિનાનાં પંદર વર્ષ ક્યાં વીતી ગયાં એની ખબરે ન પડી.

અમરીશને એમ.એ. કરી સોસિયોલૉજીના પ્રોફેસર થવું હતું. સાથેસાથે સમાજસેવા કરી એક આદર્શ સમાજ ઊભો કરવાનાં એ સપનાં સેવતો હતો. નાત-જાત કે કોમવાદને ભૂલવા એ તક મળે ત્યાં દોડી જતો અને ઈશ્વરી બક્ષિસ સમા મહામૂલા જીવનનો મર્મ સમજાવતો. કોઈ એને સમજતું, કોઈ એને સમજવા પ્રયત્ન કરતું, કોઈ એને એક આદર્શવાદી યુવકનો ઊભરો કે દિવાસ્વપ્નો સેવતો એક ધૂની કહી હસી કાઢતા.

'હજુ છોકરમત છે. નક્કર ધરતી પર પગ મૂકશે ત્યારે એને સાચું રહસ્ય સમજાશે. જિંદગી એ ગુલાબનાં પુષ્પોની શય્યા નથી, એની આસપાસ ઘણા કાંટા હોય છે.'

માના કપરા જીવન પરથી એ જાણતો હતો કે જીવનના પથ પર પુષ્પોને બદલે કાંટા વધુ છે. મા એ નિરાશાવાદી વિચાર એના મનમાંથી ફગાવી દેવા પ્રયત્ન કરતી : 'કાલ સારા દિવસો આવશે. ઈશ્વર પર શ્રદ્ધા રાખનાર કદી નિરાશ થતો નથી. એને ઘેર દેર છે, પણ અંધેર નથી.' એમ કહી આશાનો સૂર એના જીવનમાં ઉતારી અજવાળું પાથરતી.

અમરીશ માના એકએક શબ્દને દેવવાક્ય ગણી જીવનમાં ઉતારતો રહ્યો અને તક મળે ત્યાં એનું આચરણ કરતો રહ્યો. ધરતીકંપ અને એની હોનારતના સમાચાર સાંભળતાં એનો માંયલો જાગી ઊઠ્યો. ધરતીકંપનો ભોગ બનેલાં લોકોને સહાયની જરૂર છે એ વાત માને કહી. માએ હસતે વદને પ્રોત્સાહન આપ્યું, 'જા દીકરા, જા. માનવી માનવીને મદદ નહિ કરે તો બીજું કોણ કરવાનું છે?'

અને એ દોડી આવ્યો હતો. 'કાફર' શબ્દે બાપુની યાદ તાજી કરાવી. અમરીશના અંતરના કોક ખૂણે છુપાઈને બેઠેલો વેરનો અગ્નિ ભભૂકી ઊઠ્યો. બદલાની તીવ્ર ભાવના જાગી ઊઠી. મનોભૂમિ પર તાંડવ જાગ્યું.

'એક મુસલમાને તારા બાપનો જાન લીધો હતો. બદલો લેવાની આ અમૂલ્ય તક છે.'

'પણ કોઈ મુસલમાનનો રોષ એક નિરાધાર ડોસા પર કે એક નિર્દોષ બાલિકા પર ઉતારવાનો શો અર્થ?'

'એ બધા જ સરખા છે. ઝનૂન એમના લોહીમાં છે.'

'માનવતા પણ એમના લોહીમાં છે. કેટલાય મુસલમાનોએ કેટલાય હિન્દુઓને બચાવ્યા છે. એમને ભાઈ ગણી સહારો આપ્યો છે.'

'એ બધી વાત તું માને છે?'

'હા હા. એમ તો હિંદુઓ ક્યાં ઓછા ઝનૂની છે... સવાલ હિંદુ-મુસલમાનનો નથી. માનવીના હૈયે ભડકે બળતી વેરની જ્વાળાનો છે... વેરની ભાવના માનવતા ભુલાવી દે છે. સદ્‌બુદ્ધિ પર કુમતિનો વિજય થાય છે... સારુંય વિશ્વ કુરુક્ષેત્રનું મોટું મેદાન બની રહ્યું છે... સત્ય અને અસત્ય, દેવો અને દાનવો વચ્ચેની લડાઈ યુગોથી ચાલતી આવી છે. સારી બુદ્ધિવાળા દેવો છે, કુબુદ્ધિવાળા દાનવો છે... સોમેશ્વર પંડિતના દીકરાને એ સત્ય સમજાવવાનું ન હોય!'

અને પિતાની છાયા જાણે સામે આવીને ઊભી રહી ગઈ. ભોળા શંભુ જેમ ભોળાભાવે પૂછી રહ્યા હતા, 'તારી માએ તને શા પાઠ ભણાવ્યા છે?'

'અવેરે જ શમે વેર.' અંતરના ઊંડાણમાંથી જવાબ આવ્યો.

'અહીં તું શા માટે આવ્યો છે? તારી ફરજ શી છે?'

અને વધુ વિચાર્યા વિના એણે એ વૃદ્ધનો હાથ પકડી કહ્યું, 'તમે અહીં બેસો... હું તમારી દીકરીને લઈને આવું છું.'

'ખમ્મા મારા દીકરા... મને માફ કરજે મેં તને કાફર કહ્યો...'

પણ એ શબ્દો સાંભળવા અમરીશ ન ઊભો રહ્યો. ડોસો જે દિશામાં હાથ લંબાવી વલોપાત કરતો હતો એ દિશામાં દોડી ગયો.

કાન સાબદા કર્યા તો એક મોટા લોખંડના ગડર નીચેથી એક બાલિકાના રુદનનો અવાજ સંભળાયો. અંદર કોઈ જીવતું હોવાની એને ખાતરી થઈ. એ જોઈ શક્યો કે બહાર નીકળવાનો એકે માર્ગ નહોતો. કાટમાળના ઢગ પર કેટલાક થાંભલા એક-બીજાને ટેકે ઊભા હતા. એની પર લોખંડનો એક ગડર પડેલો હતો. બાલિકા અંદર જીવતી હોવાની ડોસાની વાત માનવા જેવી લાગી.

એને બહાર કેવી રીતે કાઢવી એ એક મોટો કોયડો હતો. ખૂબ જ કાળજીથી અને સિફતથી કામ લેવાનું હતું. પેલો ગડર જો જરાક ખસે અને એ બાલિકા પર પડે તો બાલિકા જીવી શકે એમ નહોતી. પરિસ્થિતિ વિકટ હતી. કાટમાળનો ઢગ ખૂબ ઊંચો હતો. કોઈ ફોર્કલિફ્ટ પણ ત્યાં સુધી પહોંચી શકે તેમ નહોતી. કુશળ

માનવીની ટીમ જ કંઈક કરી શકે તેમ હતું.

અમરીશે બે-ચાર સ્વયંસેવકોને બોલાવ્યા. અંદરોઅંદર ચર્ચા કરી. કોઈ સરળ માર્ગ ન દેખાતાં છેવટે અમરીશે માર્ગ કાઢ્યો, 'લોખંડના ગડરને બીજી દિશામાં ગબડાવી દેવામાં આવે તો એને બચાવી શકાય.'

'ઈટ ઈઝ ઈમ્પૉસિબલ! એ સહેલું નથી.' કોઈએ કહ્યું.

'બે મોટાં દોરડાં લાવી, ગડરને બાંધી એક જ આંચકે ખેંચવામાં આવે તો...'

'અને દોરડું તૂટી જાય તો...'

'હું ગડરની બીજી બાજુ ઊભો રહી દોરડાની દિશામાં પૂશ કરીશ.'

'એ રીતે તો તમે તમારી જિંદગી હોડમાં મૂકી રહ્યા છો.'

'એક બાલિકાની જિંદગી બચી જતી હોય તો મારી જિંદગી હોડમાં મૂકવા હું તૈયાર છું. ચાલો.. વધુ વિચારવાનો અત્યારે સમય નથી...' કહેતાં અમરીશ કાટમાળ પર ધીરેધીરે ચઢી ગડરની બીજી બાજુએ પહોંચી ગયો.

એણે બે થાંભલા વચ્ચેની થોડી જગ્યામાંથી નીચે નજર કરી. એક બાલિકાને સ્પષ્ટ જોઈ શક્યો. કુદરતે એની ચારે બાજુ થાંભલાઓ પર ગડર ગોઠવી આબાદ રીતે એનું રક્ષણ કર્યું હતું. ભૂખી-તરસી બાલિકાને જીવતી જોઈ એની હિંમત પર અમરીશ અવાક્ થઈ ગયો.

'નરગીસ, આ બાજુ જો તો. તું મને જોઈ શકે છે?'

નરગીસ ઊંચું જોઈ રડતાં રડતાં બોલી, 'હા અંકલ. મને બહાર કાઢો.'

'ધીરજ રાખ. હું તારી મદદે આવી ગયો છું. સૌ સારાં વાનાં થશે.'

એની સાથે વાતો કરી એને હિંમત આપતો રહ્યો.

અમરીશે બૂમ પાડી, 'રાજારામ, એક દોરડું અહીં ફેંકો.'

દોરડું આવતાં એણે નીચે સરકાવ્યું.

'નરગીસ, બરાબર આ દોરડું પકડી રાખજે. હું ધીરેધીરે ઉપર ખેંચું છું.' ધીરેધીરે એ દોરડું ખેંચવા લાગ્યો. નરગીસ સાથે વાતો કરતો રહ્યો.

'દાદાજાન તારી રાહ જુએ છે. દોરડું બરાબર પકડી રાખજે...'

અમરીશ જાણતો હતો કે બહુ ધીરજથી કામ લેવાનું હતું. ઉતાવળ કરવા જતાં આસપાસના પિલર કે ગડર ખસે તો છોકરીનો જાન અને એનો જાન જોખમમાં મુકાવાનો પૂરો ભય હતો.

ટોળાનાં લોકો દૂરથી એકશ્વાસે આ બધું જોઈ રહ્યાં હતાં. સૌના શ્વાસ તાળવે ચોંટી ગયા હતા. એકેએક ક્ષણ જાણે એક એક યુગ જેટલી લાંબી લાગતી હતી. સૌ મનોમન પ્રભુને પ્રાર્થના કરી જીવનની ભિક્ષા માગી રહ્યાં હતાં.

'યુરેક્કા... યુરેક્કા...' અમરીશે બૂમ પાડી.

સૌના આશ્ચર્ય વચ્ચે બાલિકાને બે હાથમાં ઝીલી ઊંચી કરી.

'મારા ગળા આસપાસ બન્ને હાથ વીંટાળી મારી પીઠ પર આવી જા, નરગીસ...'

નરગીસ એની પીઠ પર આવી જતાં ધીરે ધીરે એ કાટમાળ વચ્ચેથી માર્ગ કાઢી નીચે ઊતર્યો.

'હીરો... હીરો... વેલ ડન...' કહી લોકોએ એને વધાવી લીધો.

'અંકલ, મારા દાદાજાન ક્યાં છે?' નરગીસે પીઠ પરથી નીચે ઊતરતાં પહેલો સવાલ કર્યો.

'અહીં છું, બેટી,' કહેતાં ડોસો એની પાસે દોડી આવ્યો.

એના માથે હાથ ફેરવી ડોસાએ ચુંબનોનો વરસાદ વર્ષાવ્યો. ડોસાના હરખની કોઈ સીમા નહોતી.

'દાદાજાન,' કહેતી દાદાને વળગી પડી અને ધીમેથી કાનમાં કહ્યું, 'ખૂબ ભૂખ લાગી છે!' 'બેટા, પહેલાં અંકલની દુઆ લે.' નરગીસનો હાથ પકડી અમરીશની પાસે જઈ એનો બરડો થાબડ્યો.

'બેટા, ભગવાન તને લાંબું આયુષ્ય આપે... હું તારો ખૂબ ઋણી છું... આજે સમજાય છે કે જેને રામ રાખે તેને કોણ ચાખે?' કહેતાં ડોસાની આંખો ભીની થઈ ગઈ.

અમરીશ અને લોકો વિસ્મયપૂર્વક એ ડોસા સામે જોઈ રહ્યાં - નવાઈની વાત એ હતી કે આજે એના અલ્લાહને યાદ કરવાને બદલે રામને યાદ કરતો હતો. ❒

એજન્ટોને

'કુમાર'નું લવાજમ સ્વીકારતા એજન્ટોએ 'કુમાર'નું ફક્ત એક જ વર્ષનું લવાજમ રૂ.૧૫૦ સ્વીકારવાનું હોય છે. બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષનું લવાજમ ગ્રાહકોએ અમોને - 'કુમાર ટ્રસ્ટ'ને સીધું મોકલવાનું હોય છે અને બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષના લવાજમ ઉપર એજન્ટોને કોઈ જ કમિશન આપવામાં આવતું નથી. લવાજમની પૂરી રકમ અમોને મોકલવાની હોય છે તેની સૌ એજન્ટોએ ખાસ નોંધ લેવી.

'કુમાર ટ્રસ્ટ' ૧૪૫૪, રાયપુર ચકલા,
અમદાવાદ-૩૮૦ ૦૦૧

ઈઝરાયેલ

હેમન્ત બૂચ

હું જે કંપનીમાં કામ કરું છું તેની સ્થાપના કરનારા ઈઝરાયેલના યહૂદીઓ છે. અમારી કંપનીની વિશેષ 'પ્રોડક્ટ'ની ડિઝાઈન ઈઝરાયલમાં તૈયાર થાય છે. જ્યારે ઈઝરાયલ-પૅલેસ્ટાઈનનો સંઘર્ષ ખૂબ લોહિયાળ બન્યો હતો, તે ઑગસ્ટ-૨૦૦૨માં સ્યુસાઈડ બૉમ્બમારોએ સર્જેલા ભયના ઓથાર નીચે મારે મારી કંપનીના ડિઝાઈન કેન્દ્રની મુલાકાતે જવાનું થયું. ત્યાં મારે એક અઠવાડિયા પર્યન્ત રહેવાનું થયું. સ્વાભાવિક રીતે જ ત્યારે મારાં કુટુંબીજનો અને મિત્રોએ ચેતવણીના સૂર કાઢ્યા પણ હું તો ઈઝરાયલનાં લોકો, એમની સંસ્કૃતિ, હરિયાળી ક્રાન્તિ, લશ્કરી હિલચાલો અને ઈઝરાયેલને એક સુરક્ષિત રાજ્ય તરીકે જાળવવા, જાતમાહિતી મેળવવા માટે ક્યારનો ઝંખતો હતો. તેથી જોખમો છતાં આ તકનો ઉપયોગ કરવાનું મેં મુનાસિબ માન્યું. ઈઝરાયેલમાં મારી કંપનીનાં કામ આટોપ્યાં પછી જે સમય મળ્યો, તેની એકે એક પળ તેને વિશે મેં બને એટલું જાણવામાં ગાળી.

મારા યહૂદી અમેરિકન કાર્યસાથી સાથે હું તેલ અવીવ ઍરપોર્ટ પહોંચ્યો. લંડનની રાત્રિ ઉડાનવાળી તે ફ્લાઈટ ત્યાં 'લૅન્ડ' થઈ ત્યારે આવી ફ્લાઈટ જ્યારે દિલ્હી કે મુંબઈ ઍરપોર્ટ પર ઊતરે છે ત્યારે ઉતારુઓના જેવા આનંદના સામૂહિક સૂર સંભળાય છે, તેવા સૂર સંભળાયા. મારી નજીક ઊભેલાં બે યહૂદી બાળકો ખૂબ કૌતુકભર્યાં અને રૂપાળાં હતાં. તેઓ મારી સાથે ભાંગેલી અંગ્રેજી ભાષામાં વાત કરતાં હતાં. બંનેએ પોતાની યહૂદી ટોપીઓ અને લાંબા શૂટ પહેરેલા હતા. અરે, રાત્રે પણ તેમણે પોતાનું પરંપરાગત પરિધાન છોડ્યું નહોતું. પ્લેનમાં ઈઝરાયલી સ્ત્રીઓ સીવવામાં કે જેમનું તેમના ધર્માનુસાર થયેલ રૂપાંતર થયેલું છે તે બાઈબલ વાંચવામાં પડી હતી. હું ઈમિગ્રેશન માટે ઍરપોર્ટ બસમાં બેસું તે પહેલાં મારી તપાસ કરવા માટે મને એક બાજુ ખેંચી લેવામાં આવ્યો. જો કે મારા અમેરિકન સાથીને આ વિધિથી મુક્ત રખાયો હતો. પણ મારી વ્યક્તિગત જાંચતપાસ તદ્દન સામાન્ય રીતની અને દેખીતી હતી. અને, અલબત્ત, અમેરિકામાં અમેરિકન સિવિલ લિબર્ટીઝ યૂનિયન જેવો નાગરિક હકો જેવો મુદ્દો ઉઠાવનાર અહીં કોઈ નાગરિક હક સંઘ નથી.

હું જો આ સ્થિતિની ભારતમાં પ્રવર્તતી સ્થિતિ સાથે સરખામણી કરું તો ત્યાં ભારતીયો સાથે ઍરપોર્ટ પર સરખા શંકા-ભાવથી વર્તાવ કરવામાં આવે છે. ત્યાં તો કોઈ વિદેશી મુલાકાતીને જે હરકતો ભોગવવી પડે છે તેવા જ સ્તરની હરકતોનો અનુભવ થાય છે. કદાચ, તેથી પણ વધુ. મારે ત્યાં સંખ્યાબંધ સ્થળોની મુલાકાત લેવાની થઈ હતી, પણ અમારી ઑફિસના યહૂદી સાથે જે તે સલામતી અધિકારીને માત્ર કહેતા અને પેલા અધિકારી મને વિના તપાસ જવા દે.

હું હવે મારી હોટેલ વિશે વાત કરું. તે તેલ અવીવથી વીસેક માઈલ આવેલા હર્ઝલિયા નગરમાં આવેલી છે. બધી જ વિદેશી એલચી કચેરીઓ અહીં આવેલી છે. તેલ અવીવની જેમ આ નગર પણ દરિયા કિનારે છે. અમારી હોટેલ પણ દરિયાકિનારે આવેલી છે. આ કિનારા પર પોતાની ખાનગી કિનારાપટ્ટી હોય એવી હારબંધ હોટેલો આવેલી છે. અમારે માટે ભૂમધ્ય સમુદ્રમાં તરવાનું એ રોજની પ્રવૃત્તિ બની ગઈ હતી. કેલિફોર્નીઆના ઠંડા દરિયા કિનારાને છોડ્યા પછી, અમારે માટે આવો અનુભવ તો સ્વર્ગીય બની રહ્યો. જો કે આબોહવામાં ગરમી અને ભેજ હતાં. દરેક હોટેલની કિનારા-પટ્ટી લોકોથી ઉભરાતી હતી. ત્યાં કૉન્સર્ટ, રંગબેરંગી સોફા અને ખુરશીઓ, દીવાબત્તીઓ, જાઝ સંગીત અને મધુશાળાઓનું મનોરંજન છલકતું હતું. સારું વાતાવરણ ઉત્સવભર્યું હતું. મધુશાળાઓ યુવાન લોકોથી ઉભરાતી હતી. કમનસીબે, યુરોપના દેશોની જેમ અહીં પણ તેઓ સિગારેટ ફૂંકીને ફેફસાંને ભરી દેતા હતા. એમના વેશપરિધાનમાં, પાર્ટી માણવામાં, ડ્રિંક્સ લેવામાં અને સિગારેટ ફૂંકવામાં યુરોપિયન રીતભાત તરી આવતાં હતાં. ઈઝરાયલમાં માંડ ૧૦ થી ૧૨ ટકા યહૂદીઓ જ 'સબથ'ને અનુસરે છે, એવું પણ મેં સાંભળ્યું. ('સબથ' એમનો ધાર્મિક રજાનો દિવસ છે. તે દિવસે તેઓ તેમનો સમય માત્ર કુટુંબ સાથે ગાળે છે. તે દિવસ તેઓ લાઈટ ઑન પણ કરતા નથી, પણ મીણબત્તી વાપરે છે અને પ્રાર્થના કરતા રહે છે.) એમની વસ્તીના પાંચથી સાત ટકા ધર્માચારી એવા યહૂદીઓ (આપણા સાધુ કે ફકીરોની જેમ) છે, અને તેઓ કામ કરતા નથી. તેઓ માત્ર બાઈબલ વાંચે છે અને પ્રાર્થના કરે છે. ઈઝરાયલની સોશ્યલ સિક્યોરિટી સિસ્ટમ એમનો ભાર ઉપાડી લે છે. દેખીતી રીતે જ, વિવિધ કારણોસર ત્યાં કર ભરનારાઓ ખાસા ખિજવાયેલા હોય છે. બાકીનાં લોકો ખૂબ સાવધ જણાયાં. તેઓ રાજકીય વાસ્તવિકતા બાબત સભાન લાગ્યાં અને ઈઝરાયલનાં રાજકીય પગલાંઓ બાબત ઓછીવત્તી માત્રામાં સમાન ભાષા-વિચારથી વાતચીત કરતાં હતાં. જેમની પણ સાથે મારે વાત થઈ તે બધાં લોકો ઈઝરાયલીઓ ઈઝરાયલી લોકશાહી, પ્રેસનું સ્વાતંત્ર્ય, મૂડીવાદી અને ટેક્નોલૉજી અર્થકારણ અને તેથી મળતી તકો વિશે સંમતિસૂચક વાત કરતાં હતાં. આ બાબત તેમનામાં જાતિ કે ધર્મને ધોરણે કોઈ જોર વર્તાય નહિ.

ઈઝરાયેલી આરબો વિશે મેં પૂછપરછ કરી તો આ મુદ્દે તેમને છેટે રાખવામાં આવે છે, તેવું લાગ્યું. ઈઝરાયેલી યહૂદીઓએ બે વર્ષ માટે લશ્કરમાં સેવા આપવી, એ ફરજિયાત છે પણ

ઈઝરાયલી આરબ માટે તે ફરજિયાત નથી. મેં મારા સાથી અને અમારા ટૂર ડ્રાઈવરને આવા શરતભેદનું કારણ પૂછ્યું તો બંનેએ એક જ સરખું કારણ બતાવ્યું, 'તેઓ યહૂદીઓ પરના હુમલામાં સામેલ હોય છે, તેથી અમે તેમનામાં વિશ્વાસ ધરાવતા નથી.' જો કે ઈઝરાયેલના લશ્કરમાં કેટલાક ઈઝરાયેલી આરબો પણ છે,તેવું એમણે મને જણાવ્યું. પછી મેં એમને પૂછ્યું, 'અહીં ટેક્નોલૉજી પાર્કમાં આવેલી કંપનીઓમાં સારાં સ્થાન પર કામ કરતા હોય છે તેવા કેટલા ઈઝરાયેલી આરબો હશે?' ઉત્તર ટૂંકો પણ અર્થપૂર્ણ હતો. 'ભાગ્યે જ.' અમારા યહૂદી ટૂર ગાઈડે અમને એવી સલાહ આપી કે ઈઝરાયેલી આરબ પાસેથી કશી ખરીદી કરવી નહીં. કારણ તેઓ જે ચીજવસ્તુઓ વેચે છે તે ઇઝરાયલની ટ્રાવેલ સત્તાતંત્રે જેની ગેરન્ટી આપી હોય તેવી હોતી નથી. આથી એમની પાસે કેટલીક કોતરકામવાળા લાકડાની ચીજો હતી, તે મેં વેચાતી લીધી નહીં.

મેં કોઈક વાર ઈઝરાયલીઓને એ પૂછ્યું કે, હું ત્યાંથી વેચાતી લઈ જઈ શકું એવી કોઈ પરંપરાગત શૈલીની ચીજવસ્તુઓ કઈ છે?' તેમનો ઉત્તર હતો, 'કશું જ નહીં.' પણ મેં મારી પૃચ્છા ચાલુ રાખી. જેમ ચાઈનીઝો એમની કેટલીક ચીજવસ્તુઓ બનાવવા બાબત ખાસ કૌશલ ધરાવે છે, ભારતીયો એમના હૅન્ડિક્રાફ્ટ બાબત અને ઈટાલિયનો ચામડાની ચીજવસ્તુઓ બાબત, તેવી કોઈ ઈઝરાયલી ચીજ સામગ્રી? પણ ઉત્તર તો નકારમાં જ રહ્યો. શાયદ આ દેશમાં વર્ષો-પર્યન્તની અસ્થિરતાની પરિસ્થિતિએ એમને માટે જીવતા ટકી રહેવા સિવાયની બીજી કોઈ સાધનસામગ્રી જ રહેવા દીધી નથી. વળી, આ દેશ અમેરિકાથી પણ યુવાન (નવો) છે અને તેથી અમેરિકાની જેમ તેની પાસે પણ 'આ અમારી પરંપરાગત વિશેષ ચીજ છે' એવું કહેવા પૂરતું કશું જ નહીં, તો કેટલાંય આરબ દેશોની વચ્ચે ટકી રહેવાની એમની જે શક્તિ છે એ જ એમની એકમાત્ર પહેચાન-ઓળખ છે.

અને હા, ઈઝરાયેલ ખાસો ખર્ચાળ દેશ છે. ખરેખર ખોરાક અને કપડાં અમેરિકા કરતાં અહીં વધુ મોંઘાં છે. અહીં ઘણી હાઈ-ટેક કંપનીઓએ એમનાં ડિઝાઈન સેન્ટર ખોલ્યાં છે અને તેનો વિકાસ થતો રહ્યો છે. ઇન્ટેલ, મોટોરોલા જેવી કંપનીઓ માટેનાં ડિઝાઈન સેન્ટર જોયાં, અહીં લોકો યુદ્ધથી અને સતત અનુભવાતી અનિશ્ચિતતાથી કંટાળી ગયેલાં લાગ્યાં. તેઓ જાણે લાચાર બનીને પૂછતાં હતાં, આ ભૂમિમાં શાન્તિ કેમ સ્થાપી શકાતી નથી? અમારે સતત પરિશ્રમ કરવો છે, ખૂબ વિકાસની તકો ઊભી કરવી છે અને વિશ્વમાં આર્થિક મોરચે હરીફાઈ કરવી છે, એમણે અરાફતની એની પ્રજાને ખોરાક, તકો, શાન્તિ અને મકાનથી વંચિત રાખનાર નેતા તરીકે ઓળખ આપી. એમનામાંના એક સાથીએ તો એવું કબૂલ કર્યું કે એમના પડોશી વિસ્તારમાં યહૂદી હોય તેવું કોઈ પસંદ કરતું નથી, પણ અમારે ટકી રહેવું પડશે અને અમે એમ કરવા બાબત સક્ષમ છીએ. ઇરાક સ્યુસાઈડ બૉમ્બરોના કુટુંબને એમના જાન બદલ ૨૫,૦૦૦ ડૉલર આપે છે તેથી સ્યુસાઈડ બૉમ્બિંગ અટકી જશે એમ તેઓ માનતા નથી. આવી હરકતો એમના જીવન ગુમાવવા માટે પણ આવા બૉમ્બરોને ખૂબ મોટી લાગે છે. હવે મહિલા બૉમ્બરો આવું કરે તેવા બનાવો વધુ ને વધુ પ્રમાણમાં બનશે કારણ તેઓ વધુ આક્રમક હોય છે અને પોતે જેને ઉચ્ચ ધ્યેય (કૉઝ) માને છે તે માટે જાન-ફેસાની કરતાં અચકાતી નથી. તેવું પણ ઈઝરાયલીઓ માને છે.

અહીં વાણી-સ્વાતંત્ર્ય સુલભ છે. અહીં છાપાંમાં વિરોધ પક્ષોની વાતોને આવરી લેવાય છે તેમજ વડાપ્રધાન શેરોનની નીતિઓથી વિરુદ્ધ હોય તેવા અભિપ્રાયો વિશેના હેવાલો છપાય છે તે આ મુદ્દાની સાબિતી છે. જો કે શેરોન તો ખૂબ જ આદરપાત્ર અને પ્રસંશાપાત્ર એવા આ દશકાના વડાપ્રધાન તરીકે ઊભરી આવ્યા છે. જેની જેની સાથે મેં વાત કરી, તેઓ એમ માને છે કે શેરોન એવા લશ્કરી સાર્જન્ટ છે જેમણે ૧૯૬૭ના આરબ-ઈઝરાયલ યુદ્ધ દરમિયાન ઈઝરાયલને જેરુસાલેમ પાછું મેળવી આપ્યું હતું.

ઈઝરાયલની રાજકીય સંસ્કૃતિનું એક પ્રભાવક લક્ષણ ત્યાં બધે જ પ્રકટ થતું હતું. આ દેશ ત્રણ બાજુ શત્રુવટ ધરાવતા આરબ દેશોથી ઘેરાયેલો છે. 'એ નૅશન અન્ડર પરમેનન્ટ સીજ!' વળી પેલેસ્ટાઈની સ્યુસાઈડ બૉમ્બરોનો માહોલ તો સતત મૂંઝવતો હતો. પણ ઈઝરાયેલી પ્રજા અને સરકારે આતંકવાદના ભય સામે અતિ કડક પગલાં ભરતાં રહીને પણ રોજિંદા જીવન કે તેના કામકાજને તેની અસર નહીં પહોંચે અને એ ભય સામે અભિપ્રત્યાઘાત નહીં આપતાં તેઓએ વિવેકપૂર્વકનો અભિગમ અપનાવ્યો છે. ત્યાં બસો નિયમિત મળતી હતી. મધુશાળા અને ક્લબોમાં લોકો મોજ માણતા હતા. દરિયાકિનારે લોકો દરિયાની મજા માણતા હતા. નિશાળોમાં બાળકોની હાજરી યથાવત્ રહેતી હતી! કટોકટીની સ્થિતિની માનસિકતા નહોતી વર્તાતી.

છેલ્લે, મારા કુટુંબ અને મિત્રોએ ચેતવણી આપવા છતાં, હું જેરુસાલેમની મુલાકાત લીધા વિના રહી શક્યો નહીં. મારો ટૂર ગાઈડ એક યહૂદી યુવાન હતો અને તે અંગ્રેજી કડકડાટ બોલતો હતો. તેણે કહ્યું, 'સામાન્યતઃ હું રોજ છસોએક મુલાકાતીઓને અહીં લાવું છું, પણ હાલની (અસલામતીની) પરિસ્થિતિમાં મને માંડ ચાર થી છ પ્રવાસીઓ અહીં આવવા મળે છે. ખરેખર ૩૫ માણસોની બેઠકવાળી બસમાં અમે માત્ર છ જ જણ હતા.

ત્રિધર્મની ત્રિવેણી કે ત્રિભેટો? : જેરુસલામ સફેદ ચૂનાના પથ્થરોનું બનેલું છે. અહીંના દેખાવમાં એકરૂપતા જળવાઈ રહે તે માટે આવા પથ્થરો જ વાપરવાનું અહીં ફરજિયાત બનાવાયું છે. આ શહેર ડુંગર પર છે તેથી અહીંની આબોહવામાં ઠંડક વર્તાય છે. શિયાળામાં તો થોડો બરફ પણ પડે છે. જૂના અને નવા દિલ્હીની જેમ અહીં પણ જૂનું અને નવું જેરુસલામ છે. ઈસુ ખ્રિસ્તના જતાં પહેલાં રાજા ડેવિડે બાંધેલું જૂનું જેરુસલામ માંડ

એક કિ.મી જેટલું ડાયામીટર ધરાવે છે. રાજા ડૅવિડ સૌથી તટસ્થ આધ્યાત્મિક નેતા તરીકે આદર ધરાવે છે. જેઓ સુધારેલા બાઈબલમાં આસ્થા રાખે છે તેવા યહૂદીઓના પોતાના ફિરસ્તા (મોઝેસ) આપ્યા તે પહેલાં એમના આધ્યાત્મિક નેતા તરીકે માને છે. જેઓ જુનવાણી યહૂદીઓ છે તેઓ એમ માને છે કે એમના નિજના ફિરસ્તાના આગમન પછી જ તેઓ એમની માતૃભૂમિ પાછી મેળવશે. તેથી તેઓ ઈઝરાયલને પોતાની માતૃભૂમિ ગણતા નથી! રૂઢિચુસ્ત અને બાકીના યહૂદીઓ વચ્ચે આ એક મતભેદનો મુદ્દો છે.

અમે પહેલાં પર્વતની ટોચ પર આવેલી હિબ્રૂ યુનિવર્સિટી જોવા ગયા. તે જોર્ડનની સીમાની ઘણી નજીક આવેલી છે. અહીંથી તમે જોર્ડન જોઈ શકો, જ્યાં સ્યુસાઈડ બૉમ્બરે પોતાની જાતને ઉડાવવા સાથે બે અમેરિકનો સહિત કેટલાક વિદ્યાર્થીઓની હિંસા કરી હતી તે સ્થળ ત્યાંથી જોયું. આ સ્થળ એટલું બધું શાંત લાગે છે કે અમે એક સૌથી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીના કૅમ્પસ પર છીએ, એનો અમને ખયાલ પણ નહીં આવ્યો. અમે જ્યાં ઈઝરાયલના પર્યટનમંત્રીની હત્યા કરાઈ હતી તે હિલ્ટન હોટેલ પણ જોઈ. તે ઈઝરાયલનાં સુરક્ષાદળોથી ઘેરાયેલી હતી. આ દળના સભ્યો શંકાસ્પદ કારની જાંચ-તપાસ કરતા હતા અને એના ડ્રાઈવરો તેમજ ત્યાં ફરતા રાહદારીઓની ઊલટ-તપાસ પણ કરતા હતા. અમે હિબ્રૂ યુનિવર્સિટીથી રાજા ડૅવિડની કબર, ચર્ચ ઑફ જ્હૉન ધ બેપ્ટિસ્ટ પાસે ગયા. જ્હૉને જીસરની 'બેપ્ટાઈઝ' વિધિ કરી હતી ત્યાંથી અમે ખ્રિસ્તીઓ, મુસ્લિમો અને યહૂદીઓએ ત્રણેય ધર્મીઓના 'મક્કા' એવા જૂના જેરુસાલેમના પવિત્ર ધામ ગયા.

યહૂદીઓ 'વ્હેલિંગ વૉલ' (પશ્ચિમ તરફની દીવાલ), મુસ્લિમોની રોક મસ્જિદનો સુવર્ણ ઘૂમટ અને જ્યાં જીસસને ક્રૉસ પર ચઢાવાયા હતા તે દેવળ જોયું. બધા એક જ દીવાલને અડીને ઊભા છે અને તે આ ત્રણેય મોટા ધર્મોના અનુયાયી મુલાકાતીઓ માટે એક અદ્ભુત વાયુમંડળ રચે છે. નોખી પ્રજા-નોખા ધર્મપ્રેમીઓ ત્યાં ભાવાત્મક સ્પંદનો અને ઊંડી ધાર્મિક અનુભૂતિઓ પોતપોતાની રીતે કરતા હોય ત્યારે એમાંથી સહિષ્ણુતા કે સંઘર્ષનાં કેવાં વિચારકંપનો અદૃશ્ય રીતે પણ ઉદ્ભવતાં રહેતાં હશે!

આખો વિસ્તાર ત્રણ સ્થાનીય વસાહતોમાં વહેંચાયેલો છે, ને તે યહૂદી ક્વાર્ટર્સ, મુસ્લિમ ક્વાર્ટર્સ અને આર્મેનીઅન ક્વાર્ટર્સ તરીકે ઓળખાય છે. અમે જ્યારે યહૂદી ક્વાર્ટર્સમાંથી પસાર થયા ત્યારે અમે ત્યાં દુકાનોની ઉપર કે નાના અપાર્ટમેન્ટમાં રહેતા રૂઢિચુસ્ત યહૂદીઓને જોયા. તેઓ શુક્રવારની સબથ માટે તૈયાર થતા દેખાયા. આ લોકો એમનો મોટા ભાગનો સમય પ્રાર્થનામાં ને બાઈબલ વાંચવામાં વીતાવે છે. અહીંથી અમે 'વ્હેલિંગ વૉલ' પાસે ગયા. અહીં દરેક યહૂદી પોતાની ઇચ્છા પૂરી કરવા માટે જીવનમાં એક વાર આવી જાય તેવી અપેક્ષા રખાય છે. અહીં આ માટે ગૃહસ્થો અને સન્નારીઓ અલગ અલગ રહીને પ્રાર્થના કરે છે.

આ પ્રદેશના સંવેદનશીલ પરિવેશને ખયાલમાં રાખીને ઈઝરાયલી સરકારે એવો નિયમ બનાવ્યો છે કે પાસે જ રહેલા મુસ્લિમોના સુવર્ણ ગુંબજ (ગોલ્ડન ડોમ ઑફ ધ રૉક) પાસે બિન-મુસ્લિમો જઈ શકતા નથી, પણ જ્યાં જીસસને ક્રૉસ પર ચઢાવવામાં આવ્યા હતા તે ક્રાઈસ્ટ ચર્ચ પાસે તો માત્ર મુસ્લિમ ક્વાર્ટર્સમાં થઈને જ જવું પડે તેવી સ્થિતિ છે! તેથી અમારે કેવી રીતે ચાલવું અને બોલવું તે અંગે અમારા ગાઈડે અમને કડક સૂચના આપેલી. તે પ્રમાણે અમે સાવચેતીપૂર્વક ત્યાં ચાલતા પહોંચ્યા.

આ દેવળમાં આપણને ખરેખર હલાવી મૂકે તેવું વાયુમંડળ પ્રસરેલું વર્તાય છે. અરે, આ દેવળની માલિકી બાબત પણ ખ્રિસ્તી-ઓના જુદા જુદા ફિરકાઓ વચ્ચે એવો તો તીવ્ર સંવેદનભાવ પ્રવર્તે છે, કે આ સ્થળની ચાવી ત્યાં નજીકમાં પેઢીઓ પર્યન્ત રહેતા એક મુસ્લિમ કુટુંબની હસ્તક રાખવામાં આવી છે! આ કુટુંબ જ આ ઐતિહાસિક દેવળને ઉઘાડવાની અને બંધ કરવાની ફરજ બજાવે છે.

આ દેવળની જ્યારે મહાન પોપે મુલાકાત લીધી હતી ત્યારે દેવળની મુલાકાતે આવનારા ભાવિકોની ૧૮ કલાક ચાલે તેવી લાંબી લાઈન લાગી હતી. રોજ પણ બે થી ત્રણ કલાક રાહ જોયા પછી જ દેવળમાં જઈ શકો. જો કે જેરુસલામમાં તંત્ર હોય તેવું વર્તાતું હતું, પણ ત્યાં પવિત્રતાની ભાવના વહેતી હતી. યહૂદી ક્વાર્ટર્સમાં પ્રવેશવાના ત્યાંના સ્થાનિક રહેવાસીઓ તેમજ મુલાકાતીઓ માટે બે હાર છે. ત્યાં સખત સલામતી માટેનો ચોકીપહેરો રખાયો હતો.

વિશ્વના ત્રણ મોટા ધર્મોની આ સૌથી સન્માનિત અને સમત્વના પાત્ર જેવી અસ્ક્યામતો છે ને તેથી દેખીતી રીતે જ તે ઈઝરાયલ અને તેનાં પડોશી આરબ રાજ્યો (પૅલૅસ્ટાઈન, જૉર્ડન ને સિરીઆ) વચ્ચેના મોટા સંઘર્ષનું કેન્દ્રીય કંપનબિંદુ બની રહે છે. ખુદ ઇરાક અને બીજા કેટલાક મુસ્લિમ દેશોએ પણ જેરુસાલમ એ મુસ્લિમ મુલકનો ભાગ બને તેવી ઇચ્છા પ્રકટ કરી છે.

મુસ્લિમોની મસ્જિદ 'ડૉમ ઑફ ધ રૉક' પણ ઘણું સંવેદન-શીલ સ્થળ છે. તેથી ઈસ્લામિક દેશો સાથે સંઘર્ષ થતો અટકાવવા માટે ઈઝરાયલ તેની મુલાકાત લેવા માટે કોઈ બિન-મુસ્લિમને પરવાનગી આપતું નથી. આ ઘૂમટ પરથી કેટલીક વાર મુસ્લિમો નીચે વ્હિલિંગ વૉલ પર પ્રાર્થના કરતા યહૂદીઓ પર પથરા ફેંકે છે કે એવી હરકતો ઊભી કરે છે. આવું કશું બને ત્યારે તરત ઈઝરાયલ દળના સૈનિકો ઊભી કરેલી અવરોધ દીવાલને તોડીને ત્યાં પરિસ્થિતિને શાંત કરવા માટે ઘૂમટમાં પ્રવેશ કરે છે. આ ડૉમ ઑફ ધ રૉકમાં ઈઝરાયલે કરેલી પ્રવેશબંધીનો વિવિધ સેક્યુલર જૂથો વિરોધ કરે છે, છાપાંઓ, એમના વિરોધ-પ્રદર્શનોના હેવાલો પણ આપતાં હોય છે.

બેથલેહેમ જે જેરુસાલમથી ૧૦ મિનિટને અંતરે આવેલું

(અનુસંધાન પૃ. ૩૧૭ પર)

આત્ર લુપ્તા સરસ્વતી...

ગિરીશભાઈ પંડ્યા

(ગતાંકથી પૂરું)





હરિયાણાની શિવાલિક ટેકરીઓમાં આવેલા આદિ બદ્રી ખાતેથી નીકળતી હોવાની માન્યતા ધરાવતી અને કચ્છના રણ નજીક ક્યાંક પૂરી થતી સરસ્વતી નદીનો પ્રાચીન પ્રવાહપથ દર્શાવતો ઉપગ્રહીય માહિતી આધારિત નકશો. (સૌજન્ય : ડૉ. બલદેવ સહાય, ભૂતપૂર્વ ડેપ્યુટી ડિરેક્ટર, અવકાશ સંશોધન ટ્રસ્ટ, ઈસરો, અમદાવાદ.)

વાકનકરના મિત્ર મોરોપંત પિંગલની વિનંતિ મુજબ ૧૯૮૪માં જોધપુર ખાતે સરસ્વતી શોધ પ્રતિષ્ઠાનની સ્થાપના કરવામાં આવેલી છે. ઈસરો તરફથી નદીના પ્રાચીન પ્રવાહપથની ઉપગ્રહ દ્વારા તસવીરો લેવામાં આવેલી છે. સરસ્વતી પરિ-યોજનાનું કાર્ય આ રીતે શરૂ થયું છે. ૧૯૯૮માં અવકાશી તથા આણ્વિક વૈજ્ઞાનિકોના સહયોગથી મધ્યસ્થ ભૂગર્ભજળ પંચ તેના બહુવિષયઅભ્યાસ માટે કાર્યરત બન્યું છે. લુપ્ત બનેલી સરસ્વતીને ફરીથી વહેતી કરવાનો પ્રયાસ આદરવા તેમજ હિમાલયની અને દ્વીપકલ્પની નદીઓને સાંકળવા ભારત સરકારે આયોજન શરૂ કર્યું છે. આ માટેનાં પ્રાદેશિક એકમો હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતમાં શરૂ કરાયાં છે. પંચના ઇજનેરોની રાહબરી હેઠળ નદીના શુષ્ક પટમાં ૨૪ કૂવા ખોદાયા છે, ઈસરોએ તેનું નિરીક્ષણ કર્યું છે અને ૨૩ કૂવાઓમાં પીવાલાયક પાણી મળ્યું છે! એ જ સમયગાળામાં ભૂપૃષ્ઠ પર સરસ્વતી નદી વહેતી હતી એ હકીકતને પ્રસ્થાપિત કરવા અણુવૈજ્ઞાનિકોએ ટ્રિટિયમ (હાઈડ્રોજનનો સમસ્થાનિક)નું પૃથક્કરણ કર્યું છે. ૧૯૯૮ના મેની ૧૧મી તારીખે રાજસ્થાનના પોખરણ ખાતે જે અણુઅખતરો કરવામાં આવેલો તેના સંબંધમાં ભાભા અણુ સંશોધન કેન્દ્ર (BARC)ના સમસ્થાનિક વિભાગની પ્રયોગશાળામાં, તે વિસ્તારના ઊંડા કૂવાઓંમાંથી મેળવેલા ૮૦૦ જેટલા જળ-નમૂનાઓની તપાસ કરવામાં આવેલી. તેના નિયામક ડૉ. એસ. એમ.રાવે અને ડૉ. કુલકર્ણીએ ભૂગર્ભજળસંચય સ્થાનોમાં એકત્રિત થયેલા જળનમૂનાઓમાં કિરણોત્સારી દ્રવ્ય પ્રવેશ્યું છે કે કેમ તેની પણ ખાત્રી કરી જોયેલી. પ્રદૂષણ તો જણાયું નહિ, પરંતુ અજાયબીભરી બાબત એ જાણવા મળી કે આ જળનમૂના હિમાલયની ઉપરવાસની હિમનદીઓમાંથી બનેલા પાણીના હતા અને તેમનું વય વર્તમાન પૂર્વે ૮૦૦૦ થી ૧૪૦૦૦ વર્ષનું હતું! સરસ્વતી પરિયોજના હેઠળ રાજસ્થાનની સેન્ટ્રલ ગ્રાઉન્ડ વૉટર ઑથોરિટીએ ઈસરો, બી.એ.આર.સી. તથા સિંચાઈ વિભાગના સહયોગથી ૧૯૯૮-૨૦૦૦નાં વર્ષો દરમિયાન સંશોધનનું જે કામ કર્યું છે તેનાં પરિણામો પ્રોત્સાહજનક રહ્યાં છે. નદી વિસ્તારના ભૂગર્ભમાંથી માત્ર ૩૬ થી ૬૦ મીટરની ઊંડાઈએથી વહેતા પ્રાચીન પ્રવાહમાંથી પીવાલાયક પાણી મળ્યાં છે.

દૂરસંવેદન અને પુરાતત્ત્વીય અભ્યાસનાં તારણો દર્શાવે છે કે સરસ્વતી નદી, સતલજના મૂળ નજીકથી નીકળતી હતી અને તે સિંધુ-સતલજના અગ્નિભાગમાં થઈને ભાવલપુર (પાકિ.), ઉત્તર રાજસ્થાન અને સિંધમાં થઈને આગળ જતી હતી. રાજસ્થાનના કિશનગઢ-તાનોટ-ટોંઝોવાલા વિસ્તારોના પ્રાચીન પટમાં કરાયેલાં ભૂભૌતિક સર્વેક્ષણો પૈકી ૧૭માંથી ૫ સ્થળોમાં પાણી રહેલું હોવાનું જાણવા મળેલું. અહીં ૧૩૬ મીટર ઊંડાઈના જે શારકૂવા તૈયાર કરાવેલા, તેમાં જુદા જુદા કૂવાઓમાંથી દર મિનિટે ૬૦ થી ૧૦૦૦ લિટર પાણી મળતું હતું. સેન્ટ્રલ ગ્રાઉન્ડ વૉટર બોર્ડના ભૂતપૂર્વ નિયામક ડૉ. કે.આર.શ્રીનિવાસને આ ભૂગર્ભજળ સંચયસ્થાનો (જેને તેઓ ભૂગર્ભજળ અભયારણ્ય કહે છે)નો ઉપયોગ કરીને રાજસ્થાન હેઠળના સરસ્વતી જળસંચયમાંથી ૧૦ લાખ ટ્યૂબવેલ-નળકૂપ નિર્માણ કરવાની

શક્યતા બતાવી છે.

જે જે નિષ્ણાતો એમ માને છે કે સરસ્વતી નદી ખરેખર ભારતમાં થઈને વહેતી હતી, તેઓ એમ પણ કહે છે કે તેના પ્રવાહમાં ક્રમશઃ મંદતા આવતી ગયેલી. શરૂઆતમાં જ્યારે પણ તે શુષ્ક બની તે અગાઉ તે વર્ષાજળ આધારિત થયેલી. તેના ઉદ્‌ગમસ્થાન માટે મતમતાંતર ચાલે છે, કેટલાક આદિ બદ્રિને તો કેટલા હિમાલયના હિમક્ષેત્રને તેનું ઉદ્‌ગમસ્થાન ગણે છે.

ભારતના પુરાતત્ત્વ સર્વેક્ષણના ઉત્ખનન નિયામક ડૉ. બિશ્ત જણાવે છે કે સરસ્વતી નદી ભૂકંપ જેવી ભૂસંચલનજન્ય ઘટનાની અસર હેઠળ આવીને નામશેષ થઈ નથી, જ્યારે પણ તે વહેતી હતી ત્યારે તેનો પ્રવાહ સપાટીજળથી ભરાતો રહેતો હતો. ઈ.સ. પૂર્વે ૨૦૦૦ થી ૧૮૦૦ના સમયગાળા દરમિયાન પૃથ્વીના મોટા ભાગના વિસ્તારોમાં શુષ્કતા પ્રવર્તી રહેલી, તેથી જે જે નદીઓ ઓછા જળપ્રવાહવાળી રહેતી હતી તે શુષ્ક બની ગયેલી. (સંભવતઃ) આ સમયગાળો વેદોના વિકાસનો હતો. ત્યારે ૧૨ વર્ષીય મહા-દુકાળ પ્રવર્તેલો. વાણી અને પાણી બંનેની સરસ્વતી દેવીઓ રૂઠી હતી. ઋષિઓ તેમના જીવન ટકાવવાના સંઘર્ષમાં પડ્યા હતા. ડૉ. બિશ્ત પોતે સ્પષ્ટપણે એમ માને છે કે ત્યારે સરસ્વતીનદી છૂટાં સરોવરોની નદી બની રહેલી. વરસાદ પડવાનો શરૂ થયો ત્યાર પછી પણ નદીના વળાંકોમાં તૈયાર થયેલાં નળાકાર સરોવરો (**Oxbow Lakes**) જ ભરાતાં. વધુ ભરાય તો છૂટાં જળાશયો એક બની તેમાંથી વહેતા જળનું નદી સ્વરૂપ બનતું. ત્યારે આવાં સરોવરોને કાંઠે પવિત્ર તીર્થો ઊભાં થયેલાં.

ધાર્મિક સ્વરૂપ પામેલી લોકવાયકા કાંઈક જુદું જ કહે છે : આકર્ષક બનેલી નવયૌવના સરસ્વતીને જોઈને ખુદ બ્રહ્મા મોહિત થયેલા. બ્રહ્મમાંથી છૂટવા તે અદૃશ્ય થઈ જતી, વચ્ચે વચ્ચે દરેક એકસો મીટરને અંતરે તે શ્વાસ લેવા રોકાતી ત્યારે ફરીથી ત્યાં દેખાતી હતી. સરસ્વતી નદીમાંથી છૂટાં છૂટાં સરોવરો આ રીતે ઉદ્‌ભવેલાં એવી વાયકાઓ લોકમાનસમાં જળવાયેલી સાંભળવા મળે છે.

સરસ્વતી નદીનાં ગુણગાન ગાતી ઋગ્વેદ ઋચાઓ કહે છે કે તે સિંધુ-ગંગાની જેમ એક વિશાળ નદી હતી. ભારતીય ભૂસ્તર ખાતાના ભૂતપૂર્વ નિયામક શ્રી વી.એમ.કે.પુરી જણાવે છે કે ગઢવાલ હિમાલયના નેતવાર વિસ્તારમાંની બંદરપૂંચ હિમનદીમાંથી સરસ્વતીને જળ મળી રહેતાં હતાં; તેઓ ઉમેરે છે કે 'હિમાચલ-પ્રદેશમાંના પોંતા (પાવન્તા) સાહિબ સુધીની ટોન્સ (તમસા) નદીનું આજનું થાળું ત્યારે સરસ્વતીનું નદીથાળું હતું. તે ત્યારે યમુના નદીમાંથી તેના પૂર્વીય કાંઠા પર જળ મેળવતી હતી, ત્યાંથી પશ્ચિમ તરફ તે પંજાબમાં ફંટાતી હતી.' શ્રી પુરી



હરિયાણાની શિવાલિક ગિરિમાળામાંનું 'આદિબદ્રી'નું સ્થાન

તેમજ અન્ય સમર્થકો કહે છે કે આજનો ઘગ્ગર નદીનો મેદાની પ્રદેશ સરસ્વતી નદીનું જ થાળું હતું. ૧૪૦૦૦ વર્ષ જૂનો, હિમાલયનાં નદીનાળાં દ્વારા એકઠો થતો ગયેલો, ઘગ્ગરનાં મેદાનોનો નદીજન્ય કાંપ, સરસ્વતી નદી હિમાલયમાંથી નીકળીને આવતી હોવાનો પુરાવો પૂરો પાડે છે. તેઓ કહે છે કે ઈ.સ. પૂર્વે ૨૪૫૦ના અરસામાં અહીં થયેલા ભૂકંપથી ભૂપૃષ્ઠમાં ફેરફાર આવેલો. કેટલીક નદીઓએ નવા માર્ગો કોરી કાઢેલા.

મહાભારત અને પુરાણોમાં સતલજ નદીને શતદ્રુ તરીકે જ્યારે ઋગ્વેદમાં તેને શતુદ્રિ તરીકે ઓળખાવેલી છે. શતદ્રુ ત્યારે સરસ્વતીની સહાયક નદી હતી, તે સરસ્વતીને પંજાબના શત્રાણ નામના સ્થળે મળતી હતી. ઉપગ્રહીય તસવીરોમાં શત્રાણ પાસે સરસ્વતીનો શુષ્ક પટ અંદાજે ૨૦ કિ.મી. જેટલો પહોળો હોવાનું જણાય છે. ત્યારે આ જ સ્થળે યમુના નદી પણ તેને મળતી હતી. ભૂસ્તરશાસ્ત્રીઓએ પ્રસ્થાપિત કર્યું છે કે હિમાચલ પ્રદેશના પોંતા સાહિબ નામના સ્થળે યમુના નદીએ નાટ્યાત્મક રીતે વળાંક બદલેલો; તેમાં તેની સહાયક નદીઓ ગિરિ અને તમસા (અત્યારની ટોન્સ)નું યમુનાએ સરિતા-હરણ (**river capture**) કરેલું, પરિણામે થયેલા પુષ્કળ જળભરાવથી યમુના વ્યસ્ત બનતી ગયેલી અને ક્રમશઃ ગંગામાં ભળી ગઈ, અર્થાત્ ગંગા દ્વારા યમુનાનું સરિતાહરણ થયેલું. શક્ય છે આ રીતે સરસ્વતીને જળ ન મળવાથી શુષ્ક બની હોય! સરસ્વતી યમુના બની ગઈ એમ કહેવાય. પ્રયાગ ખાતે ગંગા-જમના-સરસ્વતીનો જે ત્રિવેણી સંગમ હોવાનું કહેવાય છે તેમાં સરસ્વતી જળનો ફાળો ગુપ્ત સ્વરૂપે મળતો ગણાય. આ ઘટના સંભવતઃ મહાભારતના સમય અગાઉની હોવી જોઈએ. આ પુરાવો ભૂસ્તરીય અને હિમનદીશાસ્ત્ર આધારિત હોવાથી તે સબળ છે, જે સરસ્વતીના અસ્તિત્વ તરફ દોરી જાય છે.

ઈસરોના ભૂતપૂર્વ મદદનીશ નિયામક ડૉ. બલદેવ સહાય (તેઓ કેન્દ્ર સરકારના સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રીએ નીમેલી

કમિટીના સભ્ય છે) જણાવે છે કે આદિ બદ્રિનો ભાગ શિવાલિકમાં છે. (જુઓ નદીનું ચિત્ર) તેની આજુબાજુના વિશાળ વિસ્તારમાં હિમાલયના ઉપરવાસના ખડકટુકડાઓ, સીડીદાર પ્રદેશો તથા ગુરુગોળાશ્મો (મોટા કદના ગોળ કાંકરા) પથરાયેલા નજરે પડે છે. આ બાબત શ્રી પુરીનાં કથનોને સમર્થન આપે છે, કે સરસ્વતી નદી એક બારમાસી-જળભરપૂર નદી હતી અને હિમાલયમાંની બંદરપૂંચ હિમનદી સાથે સંકળાયેલી હતી. ડૉ. સહાયના મંતવ્ય મુજબ, સરસ્વતી નદી ઈ.સ.પૂર્વે ૨૫૦૦ થી ૧૯૦૦ના વચગાળે, ક્યારેક, તેના થાળામાં, ભૂપૃષ્ઠમાં થયેલા ફેરફારોને કારણે શુષ્કતામાં પરિણમેલી. તે જરૂર હિમનદી સાથે સંકળાયેલી હતી. તેના હેઠવાસના થાળાને કાંઠે હરપ્પન સંસ્કૃતિ પાંગરી અને વિકસી હતી.

આ જ કમિટીના બીજા એક સભ્ય ડૉ. કલ્યાણરામન પણ આ હકીકતમાં સૂર પુરાવે છે. તેઓ ઉમેરે છે કે બાનવાલી, કાલીબંગન, રુપર, રાખીગઢી અને ધોળાવીરા જેવાં આજપર્યંત શોધાયેલાં, નહિ નહિ તો ૨૦૦૦ થી ૨૬૦૦ જેટલાં હરપ્પન સ્થળો તેના શુષ્ક નદીપટને કાંઠે વિકસ્યાં હતાં. આ મંતવ્યોને કારણે હવે ઘણા ઈતિહાસવિદો અને પુરાતત્ત્વવિદો 'સિંધુ-ખીણ સંસ્કૃતિ' નામની જગાએ 'સિંધુ-સરસ્વતી ખીણ સંસ્કૃતિ' નામ સૂચવતા થયા છે.

આ અંગેના અમેરિકી પ્રોત્સાહક ડેવિડ ફ્રૉલી એક એવી દલીલ કરતા રહ્યા છે કે હરપ્પન લોકો જ આર્યો હતા. તેમણે સિંધુ અને સરસ્વતીને કાંઠે વસીને ઋગ્વેદની ઋચાઓ રચેલી; કારણ કે તે ઋચાઓમાં બંને નદીઓનાં પ્રશસ્તિગાનો જોવા મળે છે. આ બાબતમાં ફ્રૉલીનો મૂળ મુદ્દો તદ્દન સરળ છે : આ વૈદિક આર્યો આટલી બધી સુધરેલી સંસ્કૃતિના ધારકો કેવી રીતે બન્યા? તેમણે મોટાં નગરોનું નિર્માણ કેમ ન કર્યું? હરપ્પ લોકો જો જુદા હતા તો તેઓ ક્યાંથી આવ્યા? તેમણે ઈંટો બનાવવાની ચોકસાઈવાળી પદ્ધતિ કેવી રીતે વિકસાવી? ટૂંકમાં ફ્રૉલીનું કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે આર્યો અને હરપ્પનો જુદા ન હતા, એક જ હતા, અર્થાત્, મોહેં-જો-દડોના નિર્માતાઓ અને ઋગ્વેદના રચયિતાઓ એક જ હતા - એક જ સંસ્કૃતિના ધારકો હતા.

દિલ્હી યુનિવર્સિટીના પ્રો. કે.એમ.શ્રીમાળી પ્રશ્નો ઉઠાવે છે કે ઉપગ્રહીય ફોટાઓ દ્વારા આ નદીનો જૂનો પ્રવાહ-પથ જો ઓળખી શકાયો, તો પછી તેનું વય કેમ નર્ધારિત ન કર્યું? શા માટે બાકી રાખ્યું? હરપ્પન સંસ્કૃતિને સરસ્વતી સંસ્કૃતિ જેવું નામ કેમ અપાતું નથી? શું તેને હિન્દુ સંસ્કૃતિ, બ્રાહ્મણ સંસ્કૃતિ કે આર્ય સંસ્કૃતિમાં ઘટાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે?

હરિયાણામાં આવેલા બંધનાં નાનાં નાનાં સ્થળોને સરસ્વતી નદીનાં છૂટાં જળાશયો સાથે સાંકળીને - તેના કાંઠા પરનાં થાણેશ્વર, વશિષ્ઠ આશ્રમ, પેહુઆ, કપાલ મોચન અને કુરુક્ષેત્ર નજીકના બ્રહ્મસરોવર જેવાં આજનાં ધાર્મિક સ્થળોનું મહત્ત્વ પ્રવાસન ક્ષેત્રે વધારી શકાય. ડૉ. બિશ્ત આ પ્રાયોજના સાથે સંકળાયેલા છે. તેમણે ધોળાવીરા ખાતે ઉત્ખનનનું ઘણું કામ કર્યું છે. તેઓ કહે છે કે આજે અસ્તિત્વ ધરાવતાં સરસ્વતી-જળાશયો ધારો કે કંપપૂરણીથી ભરાઈ જાય કે તદ્દન છીછરાં બની જાય તો પણ ત્યાંનાં અધોભૂમિજળ પંપ દ્વારા બહાર કાઢી શકાય તેમ છે, આ અધોભૂમિજળથી સપાટી પરનાં જળાશયોને ભરી શકાશે.

ડૉ. કલ્યાણરામન કહે છે કે જેસલમેર હેઠળની ભૂમિમાં રહેલાં સરસ્વતીજળ સપાટી પર વહી જતાં વર્ષાજળથી પોષાતાં રહ્યાં છે. આ સાથે હવે એક નવી જળવ્યવસ્થા નીતિ ઘડી કાઢવાની જરૂર છે. શક્ય છે કે હરિયાણામાંથી સરસ્વતીનાં જળ લઈને રાજસ્થાનની ઇન્દિરા ગાંધી નહેરને પૂરાં પડાય. આ નહેર આજે તો રાજસ્થાનના મોટા ભાગના વિસ્તારને સિંચાઈની સુવિધા પૂરી પાડે છે, પરંતુ પછીથી તેને જેસલમેરના મોહનગઢથી બાડમેરના રાજડા રોડ સુધી અને શક્ય બને તો ગુજરાત સુધી પણ લઈ જઈ શકાય. આશા મોટી ચીજ છે! ડૉ. કલ્યાણરામન તો એટલે સુધી કહે છે કે નર્મદા નહેરને વિસ્તારી શકાઈ છે, એ જ રીતે ઇન્દિરા ગાંધી નહેરને સાબરમતી સુધી પણ લઈ જઈ શકાશે. તે માટે શારદા નહેરનાં જળને આ નહેરમાં પહોંચાડવાં પડે. એ જ રીતે ગંગા-જળમાં બ્રહ્મપુત્ર નદીનાં જળ નાખી શકાય. ટૂંકમાં પૂર્વની નદી-રચનાને પશ્ચિમની નદી-રચના સાથે સાંકળવાની યોજના વિચારી શકાય. આથી પણ આગળ વધીને ડૉ. કલ્યાણરામન કહે છે કે હિમસ્રોતવિહીન આદિ બદ્રિના સ્થળને હિમાલયની હિમનદીઓનાં જળ સાથે સાંકળી લેવામાં આવે તો શું સરસ્વતીને બારમાસી નદી ન બનાવી શકાય! પરંતુ આ માટે હિમનદીઓનો અભ્યાસ કરવો પડે. ઉત્તર અમેરિકા અને યુરોપની કેટલીક યુનિવર્સિટીઓમાં છેલ્લા દસકા દરમિયાન હિમનદીશાસ્ત્ર (**Glaciology**) શાખાના અભ્યાસક્રમો શીખવતાં અનુસ્નાતક કેન્દ્રો શરૂ કરાયાં છે. દુનિયાભરમાં રહેલા સ્વચ્છજળ જથ્થાઓ પૈકીનું ૬૫ થી ૭૦ ટકા જળ હિમનદીઓમાં રહેલું છે. તેનો યથોચિત ઉપયોગ માનવસમાજ માટે થાય તે ઇચ્છનીય છે. એકલા હિમાલયમાં જ ૧૫૦૦ થી વધુ હિમનદીઓ આવેલી છે. ગંગા નદી ગંગોત્રી હિમનદીમાંથી તથા સિંધુ, સતલજ, ગોમતી અને બ્રહ્મપુત્ર જેવી નદીઓ વિરાટકાય માનસરોવર


કલ્યાણ રામન


ડૉ. બિશ્ત

હિમનદીમાંથી નીકળે છે. આ હેતુ અંગે વિચારી જોવા તેમણે હિમાચલ પ્રદેશ યુનિવર્સિટીને સિમલા ખાતે 'હિમનદીશાસ્ત્ર વિભાગ' ઊભો કરવા સૂચવ્યું છે.

ભારત સરકારે ઇન્દિરા નહેર યોજના (રાજસ્થાન નહેર યોજના)નો પ્રોજેક્ટ હાથ પર લીધેલો છે, તેમાં સતલજ નદી પરના ભાકરા-નાંગલ બંધમાંથી ૬૫૦ કિ.મી. લંબાઈની નહેરનું કામ પૂરું કર્યું છે. આ નહેર દ્વારા સતલજ મારફતે આવતું હિમાલયની હિમનદીઓનું તાજું સ્વચ્છ પાણી જેસલમેર સુધી પહોંચાડી શકાશે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ડૉ. મેઢ અને ડૉ. પટેલ જેવા નિષ્ણાત ભૂસ્તરશાસ્ત્રીઓએ જેસલમેર પછીની નદી-રચનામાં પ્રાચીન શુષ્ક પટ ઓળખી બતાવ્યા છે; તેથી ઇન્દિરા ગાંધી નહેરને બીજા ૨૫૦ કિ.મી. જેટલા અંતર માટે વિસ્તારી શકાશે; પરિણામે સતલજનાં પાણી કચ્છના રણમાં થઈને ગુજરાતમાં લઈ જઈ શકાશે!

પાકિસ્તાનમાં વહી જતું સતલજનું વધારાનું પાણી (૩૦ ટકા જેટલું) જો આ શુષ્ક પ્રવાહપથમાં વહેવડાવાય તો સરસ્વતી નદી જરૂર પુનર્જિવિત થાય! આ માટે કેન્દ્ર સરકાર લડાખમાં સિંધુ દર્શનનો ઉત્સવ યોજે, ઊજવે, સિંધુનાં જળનું જો વ્યવસ્થિત વિભાજન થાય તો મોહેં-જો-દડો તેમજ હરપ્પાનાં સ્થળોને પણ પાણી પૂરું પાડી શકાય! આ રીતે પુણ્યસલિલા પ્રાચીન સરસ્વતી નદી પુનર્જન્મ પામી શકે!

રાજસ્થાનના સરસ્વતી શોધ પરિયોજનાના એકમ ખાતેનાં સંશોધનોમાંથી એક લાભપ્રદ તેમજ આવકાર્ય બાબત એ ઊભરી આવી છે કે જ્યાં જ્યાં પ્રાચીન પટ મળે, જ્યાં જ્યાં ભૂસંચલનજન્ય સ્તરભંગ રેખા જણાય તથા જ્યાં જ્યાં સરસ્વતી સંસ્કૃતિનું પુરાતત્ત્વીય સ્થળ મળે ત્યાં ત્યાં ભૂગર્ભજળ જથ્થાની ઉપલબ્ધિ હોવાનું સમજવું. ભારતના વૈજ્ઞાનિકો અને ઇજનેરોએ મેળવેલી આ એક સિદ્ધિ ગણાય! ગુજરાતમાં સરસ્વતી સંસ્કૃતિનાં ૫૦૦ જેટલાં પુરાતત્ત્વીનાં સ્થળોના નકશા બનાવાયા છે, તેમાં પ્રાચીન નદીપટ અને સ્તરભંગ રેખાઓ પારખી શકાઈ છે. આ નકશાઓ પરથી કચ્છના રણમાં તેમજ અન્યત્ર અનુકૂળ વિસ્તારોમાં નળકૂપ (Tubewells) બનાવવાની યોજના ઊભી કરી શકાશે.

બારમી સદીમાં જૈન મુનિ દ્વારા સરસ્વતી પુરાણ લખાયેલું. ભાંડારકર એરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટમાં તેની હસ્તપ્રત પણ છે. પૂણેના શ્રી રાવે પ્રકાશન માટે થોડા ફેરફારો સાથે તે તૈયાર કરી છે. આ નદી પર ૫૨ જેટલાં તીર્થસ્થળો હોવાનો તેમાં ઉલ્લેખ કરવામાં આવેલો છે.

ભૂજથી પૂર્વ તરફ તેમજ ધોળાવીરા વિસ્તારમાં કચ્છના રણમાં સરસ્વતી નદીના ત્રણ ત્રિકોણપ્રદેશો મળ્યા હોવાનું મ.સ.યુનિવર્સિટીના નિષ્ણાતો ડૉ. મેઢ, ડૉ. પટેલ અને ડૉ. શ્રીધરે પ્રસ્થાપિત કરી આપ્યું છે. સરસ્વતી નદી લૂણી તેમજ સિદ્ધપુરની ગુર્જર સરસ્વતીથી દૂર ઉત્તરી વાયવ્ય તરફ ખસતી ગયેલી છે. આ કારણે જ કદાચ સિદ્ધપુર માતૃશ્રાદ્ધ તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામ્યું હશે! ❐

અંક ૯૦૪માં સુધારો : પૃ. ૨૫૩ : પહેલા કૉલમની ઉપરની નવમી લીટીમાં જ્યાં ૨૬૦ છપાયું છે ત્યાં ૨૬૦૦ વાંચવું.

અનુસંધાન] ઇઝરાયેલ [પૃ. ૩૧૩ થી

છે તે ખ્રિસ્તીઓ અને યહૂદીઓ માટે બીજું એક મહત્ત્વનું સ્થળ છે. જો કે યુદ્ધને કારણે ત્યાં ઇઝરાયેલના વિસ્તાર તરફથી જઈ શકાતું નથી.

અમે 'ઍલોમેસ્ટ મ્યૂઝીઅમ' પણ જોયું. તે બાળકો માટેનું મ્યૂઝીઅમ અને સામાન્ય મ્યૂઝીઅમ એમ બે વિભાગોમાં વહેંચાયેલું છે. ત્યાં દીવાલો પાસે અનેક કરુણાન્તિકાનાં ચિત્રોવાળી દીવાલો સમક્ષ અનેક લોકો આક્રંદ કરતાં હતાં. હિટલરના ફાસીવાદી શાસનનાં નૃશંસ કારનામાંના ઇતિહાસનું આ કદરૂપું, પણ કમનસીબે વાસ્તવિક સ્વરૂપ આ મ્યૂઝીઅમમાં રજૂ થયું છે. યહૂદીઓ જે પ્રશ્ન પૂછે છે તે છે : 'પણ અમે જ કેમ આવા શિકાર બન્યા?'

જ્યારે ઍરપોર્ટ પર આવ્યો ત્યારે સલામતીની વ્યવસ્થા એવી જ ચુસ્ત હતી. પણ તો ય મુંબઈની સરખામણીમાં અહીં જરાય હરકતો ઊભી કરાઈ નહોતી. મારે મારાં જોડાં કાઢવાં પડ્યાં નહીં, કે ન તો કોઈ બૅગ ખોલવી પડી! એવું લાગે છે કે તેઓએ આતંકવાદ સાથે સ્વસ્થતાથી કામ પાડવા અનુકુલન સાધવાનું શીખી લીધું છે

ભારતે પણ જલસ્રોત જાળવણી, સૂકી ખેતી, પર્યાવરણ-સુરક્ષા, નાગરિક શિસ્ત વગેરેની જેમ આ મહત્ત્વના ક્ષેત્રમાં પણ આ નાના છતાં મોટા ટાપુ માટે ઘણું શીખવાનું નથી શું? ❐

એક્સ રે - ખગોળવિદ્યા

પ્રહ્‌લાદ છ. પટેલ

આજથી સો વર્ષ પહેલાં બેવેરિયાની વુઝબર્ગ યુનિવર્સિટીની પ્રયોગશાળામાં ક્ષ-કિરણોની શોધ થઈ. તેના શોધક હતા રૂન્ટજેન વિલહેલ્મ કૉન્રાડ. ક્ષ-કિરણોની શોધ કરવા બદલ ભૌતિક-વિજ્ઞાનક્ષેત્રે નોબેલ પુરસ્કાર એનાયત કરવાના શ્રીગણેશ રૂન્ટજેનથી થયા. તે રીતે ૧૯૦૧માં સૌપ્રથમ નોબેલ પુરસ્કાર રૂન્ટજેનને ફાળે ગયો.

પૃથ્વીસ્થિત પ્રયોગશાળામાં ક્ષ-કિરણોની શોધ થતાંની સાથે જ ભૌતિક વિજ્ઞાનીઓ પ્રયોગશાળામાં સંશોધનાર્થે અને તબીબોએ દવાખાનામાં નિદાનાર્થે ક્ષ-કિરણોનો ઉપયોગ શરૂ કરી દીધો.

ક્ષ-કિરણો મૂળભૂત રીતે વિદ્યુતચુંબકીય તરંગો (વિકિરણ) છે. સૂર્ય અને તારાઓ જુદી જુદી તરંગલંબાઈના વિદ્યુતચુંબકીય તરંગો ઉત્સર્જિત કરે છે. આ વિકિરણમાં ટૂંકી તરંગલંબાઈનાં ક્ષ-કિરણોનો પણ સમાવેશ થાય છે. આ રીતે સમગ્ર વૈશ્વિક અવકાશ વિદ્યુતચુંબકીય તરંગોથી તરબતર છે. તેમાં ક્ષ-કિરણોનો નાનો સરખો અંશ પણ ખરો. અવકાશમાંથી આવતાં કિરણોને જાણતાં આટલો બધો વિલંબ કેમ થયો?

ખગોળવિદોને બાહ્ય ક્ષ-કિરણોનો અભ્યાસ કરતાં તેની શોધ બાદ પચાસ વર્ષ લાગ્યાં. તેનું કારણ સ્પષ્ટ છે કે આ કિરણો માનવ-શરીર કે ઘનપદાર્થમાંથી સરળતાથી પસાર થઈ શકે છે. તો પૃથ્વી ઉપર કેમ આવી શકતાં નહીં હોય? માઈલો સુધી પથરાયેલા પૃથ્વીના વાતાવરણમાં થઈને પસાર થતાં તે લગભગ અધવચ્ચે જ સંપૂર્ણપણે શોષાઈ જાય છે. આથી બાહ્ય ક્ષ-કિરણો ભાગ્યે જ પૃથ્વીની સપાટી સુધી આવી શકે છે આથી તેની પરખ ઘણી મુશ્કેલ છે. પરિણામે ક્ષ-કિરણોની પરખ કરવા માટે વાતાવરણની બહાર જવું પડે. ૧૯૪૦ સુધી વાતાવરણની બહાર જવા માટે રૉકેટની વ્યવસ્થા ઉપલબ્ધ ન હતી. આથી જરૂરી ઊંચાઈએ ઉપકિરણો મોકલી ક્ષ-કિરણોની જાણકારી મેળવી શકાઈ નહીં.

પૃથ્વીની બહાર જઈને ક્ષ-કિરણોની શોધ સૌપ્રથમ સ્વ. હર્બર્ટ ફ્રીડમાને ૧૯૪૯માં કરી હતી. વધુ અભ્યાસને અંતે જાણી શકાયું કે આ કિરણો સૂર્યની સપાટી ઉપરથી સૂર્યકલંકો સક્રિય હોય ત્યારે, લાખો ડિગ્રી સે. તાપમાન ધરાવતા કિરીટાવરણ અને વિસ્ફોટ દરમ્યાન મળી આવે છે. સૂર્ય પૃથ્વીથી ઘણો નજીક હોઈ આ ક્ષ-કિરણો જાણી શકાયાં.

૧૯૫૯માં ૨૮ વર્ષની વયના રિકાર્ડો જાકૉનીએ ક્ષ-કિરણ ટેલિસ્કોપ તૈયાર કર્યો. આ ટેલિસ્કોપમાં તેણે શંકુઆકારના વક્ર અરીસાઓનો ઉપયોગ કર્યો. આવા અરીસાઓ ઉપર ક્ષ-કિરણો ત્રાંસાં આપાત થાય છે. તેથી તેમનું પૂર્ણ આંતરિક પરાવર્તન થાય છે અને તે રીતે ક્ષ-કિરણોને એકત્રિત કરવામાં આવે છે. ઉનાળામાં આસ્ફાલ્ટના સીધા સપાટ રોડ ઉપર મળતી 'મૃગજળની' ઘટના જેવું જ આ પરિદૃશ્ય હોય છે.

જાકૉની અને તેના જૂથે વૈશ્વિક ક્ષ-કિરણોના અભ્યાસ માટે રૉકેટ-પ્રયોગનું આયોજન કર્યું. આ પ્રયોગનો હેતુ હતો કે સૂર્યના પ્રભાવને કારણે ચંદ્રમાંથી ક્ષ-કિરણો આવતાં હોય તે નોંધવાં. આ પ્રયોગ દ્વારા રૉકેટને છ મિનિટ સુધી ઊંચે ઊડતું રાખવામાં આવ્યું પણ ચંદ્રમાંથી ક્ષ-કિરણોની નોંધ કરી શકાઈ નહીં. આ રૉકેટ ભ્રમણ કરતાં કરતાં ઊંચે જતું હતું તે દરમિયાન દૂર દૂરથી આવતાં ક્ષ-કિરણોની આ રૉકેટ વડે નોંધ થઈ શકી. આ સાથે ક્ષ-કિરણોની પાર્શ્વભૂમિકાનો પણ પત્તો લાગ્યો અને એ પણ જાણી શકાયું કે આકાશમાં ક્ષ-કિરણોનું એકધારું વિતરણ થયેલું છે.

આ રીતે અણધારી રીતે થયેલી બાહ્ય ક્ષ-કિરણોની શોધથી ક્ષ-કિરણ-ખગોળવિદ્યાના વિકાસે જોર પકડ્યું. પ્રથમ સફળ પ્રયોગમાં દૂર દૂરના સ્રોત વૃશ્ચિક (**Scorpio**) નક્ષત્ર (તારાનું ઝૂમખું) શોધાયું. તેને **Scorpins X-1** વડે ઓળખવામાં આવ્યું. ક્ષ એ ક્ષ-કિરણો માટે અને 1 (એક) પ્રથમ માટે છે. બીજું ક્ષ-કિરણોનું સ્રોત હંસ (**Swan**) નક્ષત્રમાં સિગ્નસ **X-1, X-2** અને **X-3** મળી આવ્યાં. આ રીતે મળી આવેલ ક્ષ-કિરણોના સ્રોત દ્વિતારક છે. તેમાં એક તારાની આસપાસ બીજો તારો કે પદાર્થ સાંકડી કક્ષામાં ભ્રમણ કરતો હોય છે. આ બીજો તારો (કે પદાર્થ) નાનો ન્યૂટ્રોન તારો અથવા શ્યામલ છિદ્ર હોઈ શકે છે.

જાકૉનીએ અવકાશી ક્ષ-વિકિરણના સર્વેક્ષણ માટે ઉપગ્રહની રચના કરી. આ ઉપગ્રહને કેન્યા (આફ્રિકા)ના મથકેથી ૧૯૭૦માં છોડવામાં આવ્યો હતો. તેનું નામ ઉહુરૂ હતું. સ્વાહિલી ભાષામાં ઉહુરૂ એટલે 'મુક્તિ' અર્થ થાય છે. રૉકેટના પ્રયોગ કરતાં આ ઉપગ્રહ દસગણો વધારે સંવેદનશીલ રહ્યો. અગાઉના બધા પ્રયોગોથી મેળવેલાં કુલ પરિણામો કરતાં ઘણાં વધારે પરિણામો તેના વડે મેળવવામાં આવ્યાં.

અત્યાર સુધી એવો કોઈ શક્તિશાળી ક્ષ-રે ટેલિસ્કોપ અવકાશમાં મુકાયો નથી, જેના વડે અવકાશી પદાર્થનાં સ્પષ્ટ (તીક્ષ્ણ) પ્રતિબિંબો મળી શકે. જાકૉનીએ તેવો શક્તિશાળી ઉપગ્રહ તૈયાર કર્યો જે ૧૯૭૮માં ઉપયોગમાં લેવાયો. તેને આઈનસ્ટાઈન ક્ષ-રે ખગોળશાળા જેવું નામ આપવામાં આવ્યું. ક્ષ-કિરણોની તરંગલંબાઈએ વિશ્વના સ્પષ્ટ (તીક્ષ્ણ) પ્રતિબિંબ મેળવવા તે સક્ષમ છે. ઉલ્લેખનીય છે કે તેના વડે **Scorpins X-1** કરતાં લાખો ગણા નબળા પદાર્થો (પિંડો)ની નોંધ કરવાનું શક્ય બન્યું છે.

આ ટેલિસ્કોપ વડે કેટલીય શોધખોળો શક્ય બની. ઘણા ક્ષ-કિરણ દ્વિતારાઓનો વિગતવાર અભ્યાસ કરી શકાયો છે. સુપરનોવા (વિસ્ફોટ)ના અવશેષોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આકાશગંગાની બહાર આવેલ તારાવિશ્વ (ગેલેક્ષી)માં ક્ષ-કિરણ તારાઓ શોધી કઢાયા છે. દૂરની સક્રિય ગૅલેક્ષીમાંથી આવતા ક્ષ-વિકિરણનું નજીકથી નિરીક્ષણ કરી શકાયું છે. ગૅલેક્ષી-સમૂહમાં આવેલી કેટલીક ગૅલેક્ષી અને તેમની વચ્ચેના વાયુમાંથી આવતા ક્ષ-વિકિરણની મદદથી વિશ્વમાં રહેલ અદૃશ્ય દ્રવ્ય પણ છે તેવા તારણ ઉપર આવી શકાયું.

૧૯૭૬માં મોટી અને સુધારેલી ક્ષ-કિરણ વેધશાળાની રચના કરી. ૧૯૯૯ સુધી તેનું પ્રમોશન કરવામાં આવ્યું ન હતું. આ વેધશાળાનું નામ 'ચંદ્રા' રાખવામાં આવ્યું. જન્મે ભારતીય પણ અમેરિકાના નાગરિક સુબ્રહ્મણ્યન્ ચંદ્રશેખરના નામ ઉપરથી આ વેધશાળાને 'ચંદ્રા' તરીકે ઓળખવામાં આવી છે. હબ્બલ ટેલિસ્કોપ અને પૃથ્વીસ્થિત ટેલિસ્કોપ કરતાં 'ચંદ્રા' વડે ખગોલીય પદાર્થોના ક્ષ-વિકિરણ વિસ્તારમાં લીધેલાં પ્રતિબિંબો (ચિત્રો) ઉત્તમ પ્રકારની માહિતી પૂરી પાડે છે.

ક્ષ-કિરણ ખગોળવિદ્યા અને તેના પ્રણેતાઓએ વિશ્વનું ચિત્ર, જે આજલગી ઓછેવત્તે અંશે કાલ્પનિક હતું તેને નિર્ણાયક રીતે બદલી નાખ્યું છે. તેમાં ખાસ કરીને જાકૉની. આ પછી વૈશ્વિક ક્ષ-વિકિરણનો માર્ગ ખુલ્લો થયો. આ રીતે ખગોળ ભૌતિક-વિજ્ઞાનના ક્ષેત્રે જાકૉનીએ આપેલા ફાળા બદલ તેને ૨૦૦૨નો ભૌતિકવિજ્ઞાનનો નોબેલ પુરસ્કાર, અન્ય બે વિજ્ઞાનીઓની ભાગીદારીમાં આપવામાં આવ્યો.

પચાસ વર્ષ પહેલાં વિશ્વનું ચિત્ર એટલે તારાઓ અને તારા-સમૂહો વચ્ચેનું સમતોલન. સમતુલિત સ્થિતિને કારણે કશાયનો પણ વિકાસ દર ધીમો હતો. અત્યારે વિશ્વનું ચિત્ર એવું છે જેમાં વિકાસ ઝડપી છે તથા માત્ર એક સેકન્ડ ચાલતી પ્રક્રિયામાંથી વિપુલ ઊર્જા પેદા થતી હોય છે. આવી ઘટનાઓ સંક્ષિપ્ત પદાર્થોમાં થતી જોવા મળે છે. વિસ્ફોટ જેવી ઘટનાઓમાં ક્ષ-કિરણો પણ પેદા થતાં હોય છે. આ બધી ઘટનાઓનો અભ્યાસ ક્ષ-કિરણ ખગોળવિદ્યાને આધારે થઈ રહ્યો છે. આ ખગોળવિદ્યાને કારણે ખગોલીય પિંડોના ઝુંડેઝુંડ શોધાય છે. તેમનો અભ્યાસ થતો જાય છે. આ રીતે પચાસ વર્ષ પહેલાંના વિશ્વ અને આજના વિશ્વની જાણકારીમાં અનન્ય વધારો થયો છે. જેમ જેમ ક્ષ-કિરણ ખગોળવિદ્યા વડે વિશ્વની વધુ ને વધુ માહિતી મળતી જાય છે, તેમ તેમ વિશ્વનું ચિત્ર સ્પષ્ટ થતું જાય છે.

યુ.એસ.ના રિકાર્ડો જાકૉની સાથે પેન્સીલવેનિયા યુનિવર્સિટીના રેમન્ડ ડૅવિસ (જુ) અને જપાનની ટોકિયો યુનિવર્સિટીના માસાતોષી કોસીબાને વૈશ્વિક ન્યૂટ્રિનો (અતિ સૂક્ષ્મ કણો)ની પરખ માટે ૨૦૦૨નો નોબેલ પુરસ્કાર ભાગીદારીમાં આપવામાં આવ્યો. ન્યૂટ્રિનો જેવા વૈશ્વિક સૂક્ષ્મકણો અને ક્ષ-કિરણો જેવા વૈશ્વિક વિકિરણની શોધ માટે ૨૦૦૨ની સાલ સીમાચિહ્ન છે. તેમાંથી ન્યૂટ્રિનો-ખગોળવિદ્યા અને ક્ષ-કિરણ ખગોળવિદ્યાનો ઉદ્ભવ થયો. વૈશ્વિક કણો અને વિકિરણોના નિરંતર પ્રવાહની આડે પૃથ્વી આવે છે.

આ વર્ષના ભૌતિકવિજ્ઞાનના નોબેલ પુરસ્કારની એક ખૂબી છે અને તે એ કે વિરાટ વિશ્વને લગતી વ્યાપક અને ગહન સમજ અતિસૂક્ષ્મ કણો અને વિકિરણ વડે મળી રહે છે. ન્યૂટ્રિનો જેવા સૂક્ષ્મકણો અને ક્ષ-વિકિરણથી સૂર્ય, તારા, તારાવિશ્વો અને સુપરનોવાની સમજ વધુ ને વધુ સ્પષ્ટ થતી જાય છે. આ રીતે ન્યૂટ્રિનો અને ક્ષ-કિરણ ખગોળવિદ્યાઓ એક એવી બારીનું કામ કરે છે જેની મારફતે સમગ્ર વિશ્વનું દર્શન સંભવિત છે.

ઓગણીસ અને વીસમી સદીના સંધિકાળે અતિ ઝડપે ગતિ કરતા ઇલેક્ટ્રોનને ટંગસ્ટન જેવી ધ તુના કૅથોડ સાથે અથડાવતાં પ્રયોગશાળામાં ક્ષ-કિરણો પેદા કરવામાં આવ્યાં. તે વાતને સો વર્ષ થયાં.

વિશ્વના અત્યંત ગરમ વાયુઓ અને તારાઓમાંથી નીકળતા ક્ષ-કિરણોની આજે ભાળ મળી છે. આ થઈ આજની વાત.

નોબેલ સમિતિએ ૧૯૦૧નો નોબેલ પુરસ્કાર પ્રયોગ-શાળામાં ક્ષ-કિરણોની શોધ માટે અને ૨૦૦૨નો નોબેલ પુરસ્કાર વૈશ્વિક ક્ષ-કિરણોની શોધ તથા ક્ષ-કિરણ ખગોળવિદ્યા જેવી નવી વિદ્યાશાખાના પ્રભવ માટે જાહેર કરીને અનોખો ચીલો ચાતર્યો છે. ક્ષ-કિરણોનાં વિવિધ પ્રયોજનો અને ઐતિહાસિક સફર માટે, આ રીતે નોબેલ સમિતિએ સમુચિત સ્મૃતિચિત્ર તૈયાર કર્યું છે. ❒

તા. ૧૧-૪-૨૦૦૩ થી તા. ૩-૫-૨૦૦૩ દરમિયાન

'કુમાર ટ્રસ્ટ'ને મળેલાં દાન

૧. નિરમા ઈન્ડસ્ટ્રીઝ લિ. (અમદાવાદ)	રૂ. ૫૧,૦૦૦
૨. સદ્ગત ધનુભાઈ મહેતાની સ્મૃતિમાં હ. ડૉ. નિકુંજ મહેતા	રૂ. ૧૧,૦૦૦
૩. શ્રી બાબુભાઈ ઝીણાભાઈ સોની (અમદાવાદ)	રૂ. ૨,૦૦૦
૪. એક કુમારપ્રેમી તરફથી (વીરમગામ)	રૂ. ૨,૦૦૦
૫. શ્રી ગુણવંતરાય ન. જોશી (ભાવનગર)	રૂ. ૧,૦૦૦
૬. શ્રી બહાદુરભાઈ વાંક (જૂનાગઢ)	રૂ. ,૫૫૧
૭. એક કુમારચાહક તરફથી (અમદાવાદ)	રૂ. ૫૦૦
૮. શ્રી વેદવતી એ પારધી (મુંબઈ)	રૂ. ૨૫૧
	કુલ રૂ. ૬૮,૩૦૨

ફિલ્માકાશ-૨૮

'દુનિયા ના માને'ની તાજગીભરી પ્રયોગશીલતા...

રજનીકુમાર પંડ્યા

ગયા હપ્તામાં આપણે જોયું તેમ શાંતારામની ગફલતને પણ લોકો પ્રયોગ તરીકે ગરીમા પ્રદાન કરતા હોય (જેમ કે બાળ-કલાકારનું નીચેનું વસ્ત્ર સરી પડવું) તે પછી ખરેખરા પ્રયોગો માટે એમને યશ કેમ ના મળે? 'દુનિયા ના માને'માં અનેક નવા નવા પ્રયોગો કરીને શાંતારામે એ સાબિત કરી દીધું કે સાહિત્યકૃતિ ઉપરથી ફિલ્મ બનાવવાનો ઈજારો એકલા ન્યૂ થીએટર્સનો જ નથી, તેમ જ સંગીતક્ષેત્રે પાર્શ્વસંગીતનો પ્રયોગ કે પ્લૅબૅકની શોધ જેવા નવા આવિષ્કારો પણ માત્ર બંગાળી બાબુઓનો જ શાસનપ્રદેશ નથી.

મૂળ નવલકથામાં પોતાના મનમાં પડેલા કન્સેપ્ટને અનુરૂપ ફેરફાર તો તેમણે કર્યા જ પણ ચિત્રીકરણમાં પણ એમણે ભાત-ભાતના કલાત્મક નુસખાનો આશરો લીધો. સૌથી પહેલાં તો તેમણે નક્કી કર્યું કે આ ફિલ્મમાં રાબેતા મુજબના રૂઢ પાર્શ્વ-સંગીતનો ઉપયોગ કરવો જ નથી. હકીકતમાં દૃશ્યને અનુરૂપ, પાત્રોના મનોભાવો, સંજોગોની સમતા કે વિષમતા, વક્રતા, આઘાત, પ્રત્યાઘાત, કોમળ ભાવોના મનોગત ટકરાવો જેવાં તત્ત્વોની અભિવ્યક્તિને ધારદાર બનાવવા માટે પાર્શ્વસંગીત ભારે ઉપકારક ચીજ છે - હવે તો સીરિઅલો તો ઠીક પણ ફિલ્મોમાં પણ માત્ર વાદ્યસંગીતને બદલે મનુષ્યના ગળાના અશબ્દ એકલ કે સમૂહ આલાપ, સરગમ કે શાસ્ત્રીય સૂરાવલીનો ભરચક્ક પ્રયોગ થઇ રહ્યો છે, પણ તે તો આજની વાત થઈ. પણ એ જમાનામાં એટલે કે ૧૯૩૨ની ન્યૂ થીએટર્સની ફિલ્મ 'ચંડીદાસ'થી પાર્શ્વ-સંગીત એટલે કે બૅકગ્રાઉન્ડ મ્યૂઝિકનો ઉપયોગ શરૂ થયેલો જે સમગ્ર ચિત્રની ફિલ્મોમાં એનો અનિવાર્ય-પણે ઉપયોગ થવા માંડ્યો. એ વખતે પરંપરાભંજક એવા શાંતારામે પાર્શ્વસંગીતની રૂઢ પદ્ધતિને ત્યજવાનું નક્કી કર્યું અને એને બદલે, એના વિકલ્પે વધુ પ્રભાવક તરીકાઓની કલ્પના એમના મનમાં રમવા માંડી. એમણે નાયિકા નિર્મલા, (મરાઠીમાં નીરા, અભિનેત્રી શાંતા આપ્ટે)ને ગાયનનો શોખ ધરાવતી દર્શાવી અને ઘરમાં ગ્રામોફોન બજાવતી અને એના ઉપર ગીત ગાતી દર્શાવી. વળી, પતિની નાનકડી ભાણી જ્યારે શાળામાં શિખવવામાં આવેલું ઋતુ-ચક્રનું ગીત તેણી ગાઈ સંભળાવે છે ત્યારે નાયિકા એને પાણીના લોટા અને પ્યાલા ઉપર નાનકડી લાકડી વડે સંગીત ઉત્પન્ન કરીને સાથ આપતી બતાવી, એવી રીતે એક ભિખારીને લોખંડની નાનકડી ડાબુલીઓ પર તાલ દઈ દઈને ગીત ગાતો બતાવ્યો. આ ઉપરાંત દૃશ્યના પાર્શ્વસંગીત વેળા પશુ-પક્ષીઓના અવાજ, કલરવ વગેરેનો એમણે ઉપયોગ કર્યો. આમ, આ ફિલ્મ બૅકગ્રાઉન્ડ મ્યૂઝિક વગર બનાવી.

એ સિવાય રજૂઆતમાં પણ તેમણે અવનવા પ્રયોગ કર્યા. ફિલ્મની શ્રેયનામાવલી (ક્રેડિટ ટાઈટલ્સ) પણ આરંભમાં વિશિષ્ટ રીતે રજૂ કરી સેન્સરના સર્ટિફિકેટ પછી પ્રભાતનું પ્રતીક ચિહ્ન અને પછી તરત જ પદોની પૂરી ફ્રેમમાં નાયિકાનો બંગડીવાળો હાથ એક ગ્રામોફોન પર રેકર્ડ ચાલુ કરતો દેખાય છે અને એમાંથી વાદ્ય-સંગીત ફૂટે (જે સ્વાભાવિક જ લાગે) - રેકર્ડ ઝડપથી ફરવા લાગે છે અને એનું વચ્ચેનું લેબલ એકદમ ફોક્સમાં આવે અને પછી એકા-એક અટકી જાય. એ લેબલ ઉપર ક્રેડિટ ટાઈટલનું એક નામ ઊપસી આવે, ને ફરી રેકર્ડ ફરવા માંડે. વાદ્યસંગીત ચાલુ થાય અને પછી બીજું નામ ઊપસે. આમ, છ-સાત મિનિટના વાદ્યસંગીત દરમિયાન રેકર્ડના કેન્દ્રમાં રહેલા લેબલ ઉપર આખી શ્રેયનામાવલી પૂરી થાય.

બહુ પ્રામાણિકપણે કહીએ તો અત્યારના અતિવિકસિત ટેક્નિક અને કલ્પનાશીલતાના યુગમાં આ કદાચ ગતકડાં લાગે. બેશક, એક તટસ્થ સમીક્ષક તરીકે હું પણ માનું છું કે એમાં કારીગરી છે, પણ ખાસ કલાત્મકતા નથી. એને ગિમિક્સ કહી શકાય.

પણ એથી આગળ વધીને શાંતારામે આ ફિલ્મમાં જે કર્યું તે પણ અત્યારના 'હાઈપર એક્સપ્રેસીવિટી' (સૂક્ષ્મ અને તીવ્ર અભિવ્યક્તિ)ના યુગમાં ભલે જરા બોલકું-મુખર-લાઉડ લાગે, પણ બેશક એ દિવસોમાં એ મૌલિક હતું. જ્યાં કશું પ્રકટપણે અને સ્પષ્ટ શબ્દોમાં કે ઉઘાડાં દૃશ્યો વડે ના કહી શકાય તે પ્રતીક દ્વારા વ્યક્ત કરવું અને તે પણ કલાકીય ધોરણે. તે પરંપરા પાછળથી તો બિમલ રૉય જેવા અતિ સંવેદનશીલ સર્જકે પણ સ્વીકારી, પણ તેની શરૂઆત કરવાનું શ્રેય નિઃશંકપણે શાંતારામને જ જાય છે. અલબત્ત, કોઈ અભ્યાસી બીજા કોઈ યશોભાગીને સંશોધન દ્વારા શોધી કાઢશે, મારો મત બદલવામાં મને વાંધો નથી.



૧૯૩૪-૩૫ની એક દુર્લભ તસવીર : છેક ડાબે કેશવરાવ ભોલે (સંગીતકાર), વચ્ચે રેકોર્ડિંગ કરાવતાં શાંતા આપ્ટે, એચ.એમ.વી.ના શ્રી રૂપજી (ટાઈમાં) અને છેક જમણે વાજિંત્ર ઉપર વસંત દેસાઈ (તસવીર : નલિન શાહ, મુંબઈ)

'દુનિયા ના માને' ફિલ્મના આવા બે-ચાર ચમકારા જોઈ લઈએ.

વૃદ્ધ વિધુર (કેશવરાવ દાતે) પોતાના માટે નવી ઘર-વાળીનું નક્કી કરવા કન્યા (શાંતા આપ્ટે)ના મામાને ત્યાં લઈ જાય છે ત્યારે પોતાની ઉંમર હજી લગ્નને લાયક છે તેમ જાતને અને જગતને ઠસાવવા માટે સફેદ મૂછો પર કાળો કલપ લગાવીને મૂછોને તાવ દઈ રહ્યો છે. એ રીતે એ દર્પણ પાસે હજુ તો ઊભો જ છે ત્યાં શેરીમાંથી વાસણને કલાઈ કરાવવાવાળાની બૂમ પડે છે : 'ક...લા...ઈ...' આ સાંભળતાં વેંત વૃદ્ધ એવી રીતે ચોંકે છે જાણે કે વીજળીનો ઝટકો લાગ્યો હોય. કલાઈ અને કલપની વ્યર્થતા અને એના ઉપયોગ પાછળનું દયામણાપણું એના ચિત્તમાં તો ઠીક પણ દર્શકોના ચિત્તમાં પણ બરાબર ઠસી જાય છે.

બીજા એક પ્રસંગે કોંકણ જઈને નવું લગ્ન કરીને વૃદ્ધ જ્યારે એક દિવસ કોર્ટમાંથી ઘર ભૂલી પાછો વળતો હોય છે ત્યારે ઘણા પરિચિત લોકો ઉપહાસભાવથી તેને એ વિષે (જાણવા છતાં) પૃચ્છા કરે છે ત્યારે વૃદ્ધ છત્રી ખોલીને મોં છુપાવવા કોશિશ કરે છે - એના ખુદના મન પર આ સંક્ષોભની એટલી બધી પ્રગાઢ અસર થાય છે કે પોતાના ઘરમાં પણ એ ખુલ્લી છત્રી સાથે જ પ્રવેશ કરે છે - નોકર પણ નવાઈ પામી જાય છે. પણ વડીલને એની ગમ નથી. એ વખતે દીવાલ પરથી ઘડિયાળ અર્ધો કલાક (કે અર્ધી જિંદગી?) વીતી ગયાના ટકોરા મારે છે... વૃદ્ધની તંદ્રા તૂટે છે. એ છત્રી બંધ કરે છે ને ઘડિયાળ ભણી એકીટશે જોયા કરે છે. ઘડિયાળ એ દેખીતી રીતે જ સમયનું પ્રતીક છે, જેણે વૃદ્ધના ચહેરા ઉપર વયના ચાસ પાડી દીધેલા હોય છે.

જૂનીપુરાણી ઘડિયાળ એ આખી ફિલ્મમાં આ વિધુરની વૃદ્ધતા અને એને કારણે પેદા થતી શારીરિક શિથિલતાનું પ્રતીક છે. બહુ સાંકિતેક રીતે શાંતારામે એક દશ્યમાં ઘડિયાળના બંધ પડેલા લોલકને, વૃદ્ધ છત્રીના દાંડા વડે આગળ ધકેલવાનો પ્રયત્ન કરે છે તેમ બતાવીને એની નપુંસકતા ભણી પણ સંકેત કર્યો છે. ઘડિયાળના નમેલા કાંટા પણ એ વખતે પ્રત્યેક પ્રેક્ષકના મનમાં બોલકા બની જાય છે. શાંતારામે એક જગ્યાએ ફિલ્મફેરમાં પ્રગટ થયેલા પોતાના લેખમાં બહુ સંયમ જાળવીને લખ્યું છે કે, 'લગ્ન ભલે નર્યા સેક્સ માટે નથી પણ જાતીય વિફળતા લગ્ન-જીવનના પાયામાં સુરંગ ચાંપી શકે - એટલે 'દુનિયા ના માને'માં મારે એના પ્રતીકરૂપે ઘડિયાળાના નમેલા કાંટાનો ઉપયોગ કરવો પડ્યો, મારા માટે એટલું પૂરતું હતું. મારે બેડરૂમનાં દશ્યો દ્વારા એ ટ્રેજડિ બતાવવાની જરૂર નહોતી.'

આમ છતાં બેડરૂમનાં દશ્યોમાં પણ શાંતારામે જબરો આતશ પૂર્યો હતો. વૃદ્ધની કાકી છળ-કપટથી નિર્મળાને એના બેડરૂમમાં વૃદ્ધ પતિ સાથે પૂરી દઈને, વૃદ્ધને શય્યા-સુખ મેળવવાની સગવડ કરી આપે છે. આ દશ્યમાં થોડીક બળજબરી કે છીના-ઝપટી દ્વારા પણ સેક્સ્યુઅલ દશ્યો લઈ શકાયાં હોત. પણ શાંતા-રામે તેવું ન કર્યું. વૃદ્ધ પતિ ઓરડાનો આગળીઓ ખોલી-ને અંદર આવવા કહે છે કે તરત જ નિર્મલા પોતાની આગળીઓ જોરથી ભીડી દઈને ચેતવણી ઉચ્ચારે છે : 'જો તમે અહીંથી પાછા નહીં વળી જાઓ તો આ ફાનસનું કેરોસીન આખા ઓરડામાં ઢોળીને આખું ઘર સળગાવી દઈશ.'

લાચાર પતિ પાછો વળીને ડ્રૉઈંગરૂમમાં એક આરામ ખુરશીમાં બેસી પડે છે. એ હાંફી રહ્યો છે, એ જ વખતે દીવાલ પરની ઘડિયાળની કમાન છટકવાનો 'ઘરરર...' અવાજ આવે છે. વકીલ ફરી ચોંકે છે, એને લાગે છે કે એના હૃદયનું ઘડિયાળ બંધ પડી ગયું! સહસા જ એનો હાથ પોતાની છાતીના ડાબા ભાગ ઉપર જાય છે.



'દુનિયા ના માને'ના એક પ્રતીકાત્મક દશ્યમાં કેશવરાવ દાતે

આ દશ્યની એવી તો પ્રચંડ અસર પ્રેક્ષકો ઉપર થતી કે હર વખતે ઘડિયાળની કમાન છટકવાનો કર્કશ અવાજ થતો ત્યારે ઘણાં પ્રેક્ષકો ચોંકી ઊઠતાં અને નાયકની જેમ જ એમનો હાથ પણ પોતાની છાતી ભણી જતો. શાંતારામના દિગ્દર્શનની આ ચરમ સફળતા ગણી શકાય. એક નિર્જીવ ઘડિયાળને એમણે એક જીવતા પાત્રનો દરજ્જો આપી દીધો અને નાયકની જીભે એક પણ શબ્દ બોલાવ્યા વગર એનો આંતરસંઘર્ષ, પ્રતીકની મદદથી એક્સ-રેની જેમ ખુલ્લો પાડી દીધો. આ રીતે જ આખી ફિલ્મમાં અરીસાનો પણ સચોટ વિનિયોગ કરવામાં આવ્યો હતો.

એ પણ કબૂલવું જોઈએ કે આ શરૂઆતમાં નૅગેટિવ અને પાછળથી પોઝિટિવ બનતાં પાત્રમાં કેશવરાવ દાતેના અભિનયે પ્રાણ પૂર્યા.

કેશવરાવ દાતે શાંતારામ કરતાં બાર વર્ષે મોટા હતા. રત્નાગીરી જિલ્લાના અડીવર ગામમાં જન્મેલા એ મરાઠી રંગભૂમિના નામાંકિત કલાકાર હતા. મરાઠી રંગભૂમિને કાવ્યાભાસી તુકબંધી સંવાદોથી મુક્ત કરીને વાસ્તવલક્ષી બનાવનારા જે કેટલાક કલાકારો પાક્યા તેમાં તેઓ અગ્રણી હતા. ૧૯૭૧માં તેમનું અવસાન થયું ત્યાં લગી એમણે



પ્રભાતના પાયાના પથ્થર - ફતેલાલ અને શાંતારામ

શાંતારામનો સાથ નિભાવ્યો. શાંતારામની વિખ્યાત ફિલ્મ 'દહેજ' (૧૯૫૦)થી માંડીને છેક ૧૯૬૫ની તેમની ફિલ્મ 'લડકી સહ્યાદ્રિકી'માં એમણે કામ કર્યું.

શાંતારામની આ પ્રયોગાત્મક તાજગીભરી ફિલ્મ 'દુનિયા ના માને'માં ગીતક્ષેત્રે પણ એક નવો પ્રયોગ હતો. નાયિકા નિર્મળા (શાંતા આપ્ટે) પાસે તેમણે અંગ્રેજ કવિ લૉંગફેલોની એક અંગ્રેજી કવિતા સૉંગ ઑફ લાઈફને પણ ગીતરૂપે ગવડાવી હતી. તેના શબ્દો પણ વિદ્રોહી હતા : 'ધ વર્લ્ડ્ઝ બ્રૉડ ફીલ્ડ ઑફ બેટલ, બી નૉટ લાઈક ડમ્બ ડ્રીવન કૅટલ' મતબલ થાય છે : 'દુનિયાના આ વિશાળ સમરાંગણમાં મૂગા ઢોરોની જેમ દોરવાઈને ના ચાલશો.'

આ ગીત સહિત ફિલ્મમાં કુલ બાર ગીતો હતાં, જે મોટા ભાગે શાંતા આપ્ટેનાં ગાયેલાં હતાં. ઉપરાંત વાસંતી તથા પરશુરામનાં પણ ગીતો હતાં. સંગીત હતું કેશવરામ ભોલેનું અને ગીતકાર હતા મુનશી અજીઝ. કેશવરાવ ભોલેના સંગીતમાં સ્વાભાવિક રીતે જ મરાઠી લોકસંગીતની ખુશબૂ રહેતી પણ 'મન સાફ તેરા હૈ યા નહીં, પૂછ લે જી સે' જેવા ગીતમાં પંજાબી, મુસ્લિમ, ભક્તિસંગીતની છાંટ હતી. એ કેવી રીતે બની શકે? શાંતારામ પોતાની આત્મકથામાં એ બાબતનો ખુલાસો સરસ રીતે કરે છે. તેઓ કહે છે કે, 'ભિખારી પતરાની ડાબલી ઉપર થાપ દઈને ગાતો હતો અને એનો જોડીદાર ગળામાં ભાંગ્યુંતૂટ્યું હાર્મોનિયમ ભેરવીને એની સંગત કરતો હોય ત્યારે ગીતની ધૂન અધરી ના હોઈ શકે. કેશવરાવ પોતે જે તર્જ બનાવી લાવ્યા હતા તે મને પસંદ નહોતી આવતી. હું ચિંતામાં હતો કે શું કરવું, પણ એટલામાં જ અમૃતસરના મારા એક ચાહકે મને કેટલીક ગ્રામોફોન રેકર્ડ ભેટ મોકલી. એમાં 'આએ મદીના' (મદીના એટલે મુસ્લિમોનું તીર્થધામ) શીર્ષકના ગીતની ધૂન મને બેહદ પસંદ પડી. કેશવરાવ ભોલેને પણ ગમી ગઈ. એમણે એને બરાબર સજાવી અને એ ધૂન પર મુનશી અજીઝે તરત જ આ સરસ ગીત લખી આપ્યું. (મરાઠીમાં શાંતારામ આઠવલે નામના કવિએ લખી આપ્યું.) આ ગીતગાયક પરશુરામ દ્વારા ગવડાવવામાં આવ્યું.

આ ફિલ્મની બીજી એક નવીનતા એ હતી કે એમાં શકુંતલા પરાંજપે નામની યુવતી, બુઢ્ઢા વિધુરની સમાજસુધારક પુત્રીનું પાત્ર ભજવતી હતી, જે વાસ્તવમાં પણ એ દિવસોમાં મહારાષ્ટ્રની મહિલા ચળવળની અગ્રણી કાર્યકર હતી - ફિલ્મમાં પણ એણે આ જ કાર્ય કરવાનું હોવાથી તેણે મહેનતાણાની એક પાઈ પણ લીધી નહોતી!

આ જ વર્ષે, ૧૯૩૭માં પ્રભાત ફિલ્મ કંપનીની શાંતારામ દ્વારા નહીં પણ કે. નારાયણ કાલે દ્વારા દિગ્દર્શિત બીજી નોંધપાત્ર ફિલ્મ 'વહાં' આવી. આગળ ઉપર સંગીતકાર તરીકે ઝળકી ઊઠનારા વસંત દેસાઈનું નામ પણ આ ફિલ્મ સાથે જોડાયેલું હતું. તેની વાત આવતા હપ્તામાં. (ક્રમશઃ)

લઘુકથા

કૂતરાં

મનસુખ સલ્લા

પત્રકારત્વમાં મનીષને આવો થાક ક્યારેય લાગ્યો નહોતો. ધરતીકંપનું પ્રલયકારી રૂપ જોઈને તેનું મગજ બહેરું બની ગયું હતું. થાકીને તે એક ઘર પાસે ઊભો રહી ગયો. ઘર વળી શાનું? તૂટી પડેલા કાટમાળ વચ્ચે વાદળી રંગના પ્લાસ્ટિકની આડશ કરી હતી. નીચે એક ડોશીમા બેઠાં હતાં. વગર માગ્યે જ ડોશીમાએ ઊભાં થઈને પાણીનો લોટો ભરીને આપ્યો. એકી શ્વાસે મનીષે લોટો ખાલી કર્યો. પાણી પીને તે બેસી રહ્યો. કોઈ પ્રશ્ન સૂઝતો ન હતો. ત્યાં ડોશીમાએ પૂછ્યું, 'હેં દીકરા, તું અમદાવાદથી આવ્યો?'

'હા માજી. પરંતુ અમદાવાદ અને કચ્છ વચ્ચે બહુ ફરક છે.'

'મેં સાંભળ્યું છે કે તમારા અમદાવાદમાં સરકાર કૂતરાં લાવી હતી?'

'હા માજી. એ તાલીમવાળાં કૂતરાં હતાં. દટાયેલો માણસ દેખાતો ન હોય તો એ કૂતરાં એને શોધી કાઢે.'

'હશે દીકરા. પણ તમારી સરકાર આંયાં કૂતરાં નો લાવે?'

'લાવી શકે. પરંતુ અહીં ક્યાં માણસો દટાયેલાં છે?'

'માણસો તો નથી દટાયાં, પણ તંબુ દટાઈ ગ્યા સે.'

'તંબૂ દટાઈ ગયા છે? ક્યાં?'

'અમને બધાયને કીધુ'તું કે બધાયને તંબુ આપશે. હજી હુધી એકેય તંબુ અમારા ગામને મળ્યો નથી. તંબૂ તો ઝાઝા બધા આવ્યા'તા. તો વચમાં ક્યાંક દટાઈ ગ્યા હશે ને? કૂતરાં આવે તો ગોતી કાઢે.'

મનીષની આંખ ફાટી રહી. 'કૂતરાં....!' તે વાક્ય પૂરું ન કરી શક્યો.

દિલ્હી - રાષ્ટ્રિય પાટનગર

ડૉ. જયકુમાર ર. શુક્લ



ભારતનું પાટનગર દિલ્હી દેશની ઉત્તરે આવેલું છે. તેની પૂર્વ દિશામાં ઉત્તરપ્રદેશ રાજ્યના મેરઠ તથા બુલંદ શહેર જિલ્લા અને દક્ષિણ દિશામાં હરિયાણા રાજ્યનો ગુરગાંવ જિલ્લો, પશ્ચિમે તથા ઉત્તરે રોહતક જિલ્લો આવેલા છે. તેની પશ્ચિમે તથા વાયવ્યે રાજસ્થાનનો રણપ્રદેશ અને ઉત્તરે હિમાલયની ગિરિમાળાનો એક વિભાગ પથરાયેલો છે. દિલ્હી રાજ્યનો વિસ્તાર ૧૪૮૩ ચોરસ કિ.મી. તથા તેની વસતી ૯૪,૨૦,૬૪૪ - ૧૯૯૧ની ગણતરી મુજબ છે. તેમાંથી ૬૧ ટકા કરતાં વધારે લોકો શહેરના પ્રદેશોમાં અને લગભગ ૩૯ ટકા જેટલાં લોકો ગ્રામ પ્રદેશોમાં વસે છે. રાજ્યની કુલ વસતીના ૮૩.૬૭ ટકા લોકો હિંદુ ધર્મ, ૯.૪૪ ટકા લોકો ઈસ્લામ ધર્મ, ૦.૮૮ ટકા ખ્રિસ્તી ધર્મ, ૪.૮૪ ટકા શીખ અને ૧.૧૭ ટકા લોકો જૈન ધર્મ પાળે છે.

રાજ્યની સરકારી ભાષા હિંદી છે. તે ઉપરાંત અંગ્રેજી, ઉર્દૂ અને પંજાબી પણ ત્યાંની માન્ય ભાષાઓ છે. રાજ્યના ૭૫.૭૩ ટકા લોકો હિંદી, ૧૩ ટકા પંજાબી તથા ૬ ટકા લોકો ઉર્દૂ ભાષા બોલે છે.

દિલ્હી શહેરમાં વસ્તીગીચતા ઘણી વધારે હોવાથી એક ચોરસ કિ.મી. વિસ્તારમાં ૬૩૧૯ લોકો રહે છે. રાજ્યના ૭૬ ટકા લોકો શિક્ષિત છે તેમાંથી ૮૩ ટકા પુરુષો અને ૬૮ ટકા મહિલાઓ ભણેલી છે.

ત્યાંનાં લોકોની વ્યક્તિદીઠ સરાસરી વાર્ષિક આવક રૂ. ૫૫૪૭ છે. ખેતીના મજૂરોનું લઘુતમ વેતન દૈનિક રૂ. ૬૫ જેટલું છે. ગરીબીની રેખા નીચે ૭.૭ ટકા લોકો જીવે છે.

ઈતિહાસ : ઈસવી સનની અગિયારમી સદીમાં તોમાર જાતિના રાજપૂત રાજાએ દિલ્હી નગરની સ્થાપના કરી. તેમની પાસેથી ચૌહાણોએ દિલ્હી કબજે કર્યું. અજમેર તથા દિલ્હીના ચૌહાણ રાજા પૃથ્વીરાજે તેના વીરતાભર્યા વિજયો દ્વારા દિલ્હીની પ્રતિષ્ઠા વધારી હતી. તે સમયે પૃથ્વીરાજની સત્તા હેઠળ દિલ્હી તથા જયચંદ રાઠોડની સત્તા હેઠળ કનોજ ઉત્તર ભારતનાં મહત્ત્વનાં રાજ્યો હતાં. શાહબુદ્દીન મહંમદ ઘોરીએ ઈ.સ. ૧૧૯૩માં દિલ્હી જીતી લીધું અને તેના સિપાહસાલાર કુત્બુદ્દીન અયબેકે ઈ.સ. ૧૨૦૬માં તેને દિલ્હી સલ્તનતનું પાટનગર બનાવ્યું. દિલ્હી સલ્તનતમાં ગુલામ કે મામલૂક, ખલજી, તુગલુક, સૈયદ તથા લોદી વંશના સુલતાનો રાજ્ય કરી ગયા. તેઓમાં ઈલ્તુત્મિશ, બલ્બન, અલાઉદ્દીન ખલજી, ફિરોજશાહ તુગલુક વગેરે પ્રતાપી સુલતાનો થઈ ગયા.


બાબરથી જહાંગીર સુધીના મુઘલ શહેનશાહોનું પાટનગર ઘણોખરો સમય આગ્રા હતું. શાહજહાંએ શાહજહાંનાબાદ વસાવી તેને પાટનગર બનાવ્યું, તે હાલનું દિલ્હી ગણાય છે. મુઘલ સામ્રાજ્ય નબળું પડ્યા બાદ તે આક્રમણોનું ભોગ બન્યું. ઈરાનના નાદિરશાહે ૧૭૩૯માં દિલ્હી પર આક્રમણ કરી, ત્યાં ભયંકર નરસંહાર કર્યો. આ ઉપરાંત મરાઠાઓએ પણ ૧૮મી સદીમાં દિલ્હી પર આક્રમણ કર્યું હતું. ત્યાર બાદ ૧૯મી સદીમાં દિલ્હી બ્રિટિશ સત્તા હેઠળ આવ્યું.

૧૮૫૭ના વિપ્લવના આરંભના પાંચ મહિના દિલ્હી બળવાખોરોના હાથમાં રહ્યા બાદ, અંગ્રેજોએ છેલ્લા મુઘલ બાદશાહ બહાદુરશાહ ઝફરને પદભ્રષ્ટ કરીને દિલ્હી ખાલસા કર્યું. ૧૯૧૨માં બ્રિટિશ હિન્દનું પાટનગર કોલકાતાથી બદલીને દિલ્હી લાવવામાં આવ્યું. ૧૯૩૧માં દિલ્હીની બાજુમાં, નવું પાટનગર ન્યૂ દિલ્હી નામથી બાંધવામાં આવ્યું. લ્યુન્ટિસ અને બૅકર નામના સ્થપતિઓએ તેની ડીઝાઈન બનાવી હતી. ઑગસ્ટ ૧૯૪૭થી તે સ્વતંત્ર ભારતનું પાટનગર બન્યું. ૧ નવેમ્બર, ૧૯૫૬ના રોજ તેને યુનિયન ટેરિટરી બનાવવામાં આવ્યું. ત્યાર પછી, ૧૯૯૧ના બંધારણીય કાયદા (૬૯મો સુધારો) દ્વારા તેને ખાસ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો. તદનુસાર તેને અલગ વિધાનસભા આપવામાં આવી છે. દિલ્હી પ્રદેશમાં દિલ્હી, ન્યૂ દિલ્હી તથા દિલ્હી કેન્ટોનમેન્ટ સહિત ૨૧૪ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશન, ન્યૂ દિલ્હી મ્યુનિસિપલ કમિટી તથા કેન્ટોનમેન્ટ બોર્ડ તેની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ છે.


સ્વાતંત્ર્યપ્રાપ્તિ અગાઉ દિલ્હીના લોકોની રીતભાત, પહેરવેશ, ખોરાકની ટેવો તથા સ્થાપત્ય ઉપર મુખ્યત્વે ઈસ્લામી સંસ્કૃતિનો પ્રભાવ પડ્યો હતો. સ્વતંત્રતા બાદ, ત્યાંનો સમાજ બહુભાષી તથા પચરંગી બન્યો છે. ત્યાં ભારતનાં વિવિધ રાજ્યોનાં તથા વિદેશોનાં લોકો પણ વસતાં હોવાથી વિવિધ સંસ્કૃતિઓનો સુભગ સમન્વય થયેલો જણાય છે.

સરકાર : ભારતનું પાટનગર દિલ્હી ૧૯૫૬માં કેન્દ્રશાસિત પ્રદેશ બન્યું અને ૧૯૯૧માં નૅશનલ ટેરિટરી ઍક્ટ હેઠળ તેને રાજ્યનો વિશિષ્ટ દરજ્જો પ્રાપ્ત થયો તથા અલગ વિધાનસભા આપવામાં આવી. ત્યારથી તે દિલ્હી રાજ્યનું પાટનગર પણ બન્યું. તેની વિધાનસભાની સભ્યસંખ્યા ૭૦ છે. રાજ્યમાંથી સાત સભ્યો લોકસભામાં તથા ત્રણ સભ્યો રાજ્યસભામાં બેસે છે.

શિક્ષણ : દિલ્હી શિક્ષણનું મહત્ત્વનું કેન્દ્ર બન્યું છે. ત્યાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલૉજી, ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅડિકલ સાયન્સિઝ, સ્કૂલ ઑફ પ્લૅનિંગ ઍન્ડ આર્કિટેક્ચર, જામિયા મિલિયા ઈસ્લામિયા, જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી, દિલ્હી યુનિવર્સિટી, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઍગ્રિકલ્ચરલ રિસર્ચ જેવી રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવતી ઉચ્ચ



લાલ કિલ્લો



રાજઘાટ

શિક્ષણની સંસ્થાઓ આવેલી છે. તદુપરાંત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નૅશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ, ઇન્દિરા ગાંધી નૅશનલ ઓપન યુનિવર્સિટી જેવી પ્રસિદ્ધ સંસ્થાઓનાં મુખ્યમથકો અહીં આવેલાં છે.

પાક : દિલ્હીનું શહેરીકરણ ઝડપથી થતું હોવાથી, ખેતી હેઠળની જમીનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. કૃષિ હેઠળની જમીન પૈકી ૩/૪ ભાગની જમીનને નેહરો, ટ્યૂબવેલ અને ઔદ્યોગિક એકમોનાં શુદ્ધ કરેલાં પાણીથી સિંચાઈ કરવામાં આવે છે. આ રાજ્યના મુખ્ય પાકમાં ઘઉં, બાજરી, જુવાર તથા મકાઈનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શેરડી, તેલીબિયાં, તમાકુ તથા ડાંગરનું પણ વાવેતર કરવામાં આવે છે. ત્યાં શાકભાજી તથા ફળોનું વાવેતર પણ કેટલાંક વર્ષોથી વધ્યું છે.

દિલ્હી રાજ્યમાં જંગલ હેઠળનો વિસ્તાર ૧૦૦૦ હૅક્ટર જેટલો ઓછો છે. તેમાં હરણ, શિયાળ, વરુ તથા ભૂંડ જેવાં પ્રાણીઓની વસતી છે; પરંતુ શહેરીકરણને કારણે તેમાં ઘટાડો થાય છે.

સિંચાઈ : દિલ્હીના ગ્રામવિસ્તારોમાં ઝડપી શહેરીકરણને લીધે સિંચાઈ દ્વારા ખેતી કરી શકાય તેવી જમીન દિવસે દિવસે ઘટતી જાય છે. રાજ્યના બાવન ટ્યૂબવેલમાંથી ૩૫૦ હૅક્ટર જમીનમાં તથા ગ્રામપ્રદેશમાં કેશોપુર એફ્લ્યુઅન્ટ સ્કીમથી ૧૩૭૬ હૅક્ટર જમીનમાં સિંચાઈથી ખેતી થાય છે. આ ઉપરાંત હરિયાણા સરકારની યમુના કૅનાલ નેટવર્ક હેઠળ ૪,૯૦૦ હૅક્ટર જમીનમાં પણ સિંચાઈ થાય છે.

ઊર્જા : દિલ્હીમાં ઊર્જાની માગ ૨૫૦૯ મૅગાવૉટ થઈ છે. દિલ્હી વિદ્યુત બોર્ડ હેઠળ રાજઘાટ પાવર હાઉસ, આઈ.પી. સ્ટેશન અને ગૅસ ટરબાઈન્સ તથા બદરપુર થર્મલ પાવર સ્ટેશનનાં યુનિટો છે. તેમાંથી ૯૦૦ મૅગાવૉટ ઊર્જા મળે છે. બાકીની ઊર્જા નોર્ધર્ન રિજિયોનલ ગ્રીડમાંથી મેળવવામાં આવે છે. ઇન્દ્રપ્રસ્થ વસાહતમાં ઊર્જા પેદા કરવાની બીજી યોજનાઓ કરવામાં આવી છે.

વાહનવ્યવહાર : ભારતના સર્વ પ્રદેશો સાથે દિલ્હી રેલવે, રસ્તા તથા હવાઈમાર્ગોથી જોડાયેલું છે. ત્યાં ત્રણ ઍરપોર્ટ આવેલાં છે. વિદેશોના ઉડ્ડયન માટે ઇન્દિરા ગાંધી ઇન્ટરનૅશનલ ઍરપોર્ટ, રાષ્ટ્રિય હવાઈ સેવા વાસ્તે પાલમ ઍરપોર્ટ તથા તાલીમ આપવા વાસ્તે સફદરજંગ ઍરપોર્ટ. દિલ્હીમાં ત્રણ રેલવે સ્ટેશન છે. દિલ્હી જંકશન, ન્યૂ દિલ્હી અને નિઝામુદ્દીન રેલવે સ્ટેશન. ત્યાં ત્રણ આંતરરાજ્ય બસ ટર્મિનલ છે - કાશ્મીરી ગેટ, સરાઈ કાલેખાન અને આનંદવિહારમાં.

ઔદ્યોગિક વિકાસ : યમુના નદીને કિનારે વસેલું દિલ્હી શહેર ઉત્તર ભારતનું સૌથી મોટું વ્યાપારી મથક અને નાના ઉદ્યોગોનું સૌથી મોટું કેન્દ્ર છે. છેલ્લા ત્રણ દાયકામાં તેના ઔદ્યોગિક વિકાસમાં કૂદકે ને ભૂસકે વધારો થયો છે અને મધ્યમ તથા લઘુ ઉદ્યોગો વધ્યા છે. મોટરના સ્પેરપાર્ટ્સ, સાઈકલો, ટેપ રેકોર્ડ્સ, ટેલિવિઝન, ટ્રાન્ઝિસ્ટર્સ, દવાઓ, ખાતર, કાપડ, હોઝિયરી, હળવાં પીણાં, જોડાં વગેરે ઉદ્યોગો અહીં વિકસ્યા છે. આ ઉપરાંત ભરતકામવાળાં લઘુચિત્રો, હાથવણાટનું કાપડ, સોનાચાંદીનાં મીનાવાળાં આભૂષણો, હાથીદાંત ઉપર કોતરકામ વગેરે પરંપરાગત કારીગરીના ગૃહઉદ્યોગોનો પણ અહીં સદીઓથી વિકાસ થયો છે.

ઉત્સવો : ૧૩મી સદીના સૂફી સંત હઝરત નિઝામુદ્દીન ઑલિયાનો ઉર્સ દિલ્હીમાં ડિસેમ્બર માસમાં ઉજવાય છે. તેમાં સર્વે કોમોનાં લોકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે. આ ઉત્સવ દરમિયાન મુશાયરા તથા કવ્વાલીઓ યોજવામાં આવે છે. ઑગસ્ટ-સપ્ટેમ્બરમાં ઊજવવામાં આવતો સાયરે ગુલફરોશન - ફૂલોનો ઉત્સવ કોમી એકતા માટેનો અદ્વિતીય તહેવાર છે. તે પ્રસંગે દરગાહ ખ્વાજા સાહિબ તથા જોગમાયાના મંદિરે ફૂલોના પંખા લઈને હિંદુઓ તથા મુસ્લિમો જાય છે. રામલીલાનો તહેવાર પણ અહીં ધામધૂમથી ઉજવાય છે.

જોવાલાયક સ્થળો : દિલ્હીમાં પ્રાચીનકાળનો એક લોહસ્તંભ, સલ્તનત તથા મુઘલ સમયના સ્થાપત્યમાં કુતુબમિનાર, હુમાયૂનો મકબરો, સફદરજંગનો રોજો, ગુરુદ્વારા, રકાબગંજ, જંતરમંતર વગેરેનો સમાવેશ થાય છે. અર્વાચીન કાળનાં સ્થાપત્યોમાં સંસદભવન, રાષ્ટ્રપતિભવન, ઇન્ડિયા ગેટ, બિરલા મંદિર, લક્ષ્મીનારાયણ મંદિર, રાષ્ટ્રિય સંગ્રહસ્થાન, નેહરુ સ્મારક ભવન વગેરે મુખ્ય છે. આ ઉપરાંત રાજઘાટ, શાંતિવન, વિજયઘાટ વગેરે દેશનેતાઓની સમાધિઓ છે. ❒

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

બુધવાર, ૮મી માર્ચ, ૧૯૪૪

હું અને માર્ગટ એકબીજાંને આજકાલ ચીઠ્ઠી લખીએ છીએ, ગમ્મત ખાતરસ્તો.

ઍન : આશ્ચર્ય થાય એવી વાત છે. પણ ગઈ રાતે શું બન્યું એ મને બીજા દિવસે બરાબર યાદ આવે છે. દા.ત. મને અચાનક અત્યારે યાદ આવ્યું કે ડસેલભાઈ કાલે જોર જોરથી ઘોરતા હતા. (અત્યારે બુધવારના બપોરના પોણાત્રણ વાગ્યા છે અને ફરી એક વાર શ્રી ડસેલ ઘોરવા માંડ્યા છે. અને એટલે જ મને આ વાત યાદ આવી.) હું બાથરૂમ જવા ઊઠી ત્યારે જાણી જોઈને જરા વધુ પડતો જ અવાજ કર્યો જેથી ઘોરવાનું બંધ થાય.

માર્ગટ : શું વધારે સારું, ઘોરવું કે હાંફવું?

ઍન : ઘોરવું વધુ સારું કારણ કે ઘોરતી વ્યક્તિની ઊંઘમાં ખલેલ પહોંચાડ્યા સિવાય અવાજ કરીને ઘોરવાનું બંધ કરી શકાય છે.

પણ જે વાત મેં માર્ગટને ન કરી અને પ્રિય કિટી જે હું તારી પાસે કબૂલવા માગું છું તે એ કે મને પીટરનાં ઘણાં સ્વપ્નાં આવે છે. પરમદિવસે રાતે મને સપનું આવ્યું કે જાણે આ બેઠકમાં જ એપોલો સ્કેટિંગ રીંકના પેલા છોકરા સાથે સ્કેટિંગ કરી રહી છું. એ એની પાતળા પગવાળી ભૂરો ડ્રેસ પહેરેલી બહેન સાથે આવ્યો હતો. મેં એને મારી જરા વધારે પડતી જ ઓળખાણ આપી ને પછી મેં એનું નામ પૂછ્યું. નીકળ્યું પીટર અને સપનામાં જ મને વિચાર આવ્યો કે હું ય કેટલા પીટરોને ઓળખું છું!

પછી મેં જોયું કે સીડી પાસે પીટરના રૂમમાં અમે એક-બીજાંની સામે જોઈને ઊભાં છીએ. મેં એને કાંક કહ્યું અને એણે મને ચૂમી લીધી. પણ કહ્યું કે એ મને પ્રેમ કરતો નથી. અને મારે આવી રીતે વેવલા થવું ન જોઈએ. મેં અધીરાઈ ભર્યા આજીજીના સૂરમાં કહ્યું કે, 'પીટર, હું કાંઈ વેવલાઈ નથી કરતી!'

હું જાગી ગઈ ત્યારે મને આનંદ થયો કે પીટર એવું કાંઈ બોલ્યો જ નહોતો.

ગઈ કાલે સપનામાં મેં જોયું કે અમે એકબીજાંને ચુંબન કરી રહ્યાં છીએ. પણ પીટરના ગાલે મને નિરાશ કરી નાખી. દેખાતા હતા એટલા સુંવાળા નહોતા. એ તો પપ્પા જેવા દાઢી કરનારના હોય એવા હતા.

શુક્રવાર, ૧૦મી માર્ચ, ૧૯૪૪

મારી પ્રિયતમ કિટી,

'મુશ્કેલીઓ આવે ત્યારે એક સામટી આવે.' આ વાત આજના દિવસને એકદમ લાગુ પડે છે. પીટરે પણ હમણાં એવા જ ઉદ્‌ગાર કાઢ્યા. અમે જેમાંથી પસાર થયાં અને હજીય એની અસર અનુભવીએ છીએ એની તને જરા માંડીને વાત કહું :

પહેલી વાત એ કે મીપ માંદી પડી ગઈ છે. હેન્ક અને ઍજીનાં લગ્નમાં ગઈ કાલે ગઈ હતી. ત્યાં વેસ્ટર ક્રેકમાં એને શરદી લાગી ગઈ. બીજી વાત એ કે પેટમાંથી લોહી પડ્યા પછી ક્લાઈમન સાહેબ હજી કામે ચડી શક્યા નથી. એટલે એકલી બેપને માથે બધી જવાબદારી આવી પડી છે. ત્રીજી વાત કે પોલીસ એક વ્યક્તિને (જેનું નામ હું જાહેર કરવા માગતી નથી) પકડી ગઈ છે. આને લઈને ફક્ત એ વ્યક્તિ જ નહિ પણ અમે પણ મુશ્કેલીમાં મુકાઈ ગયાં છીએ. કારણ કે એ ભાઈ અમને બટાકા, માખણ અને જૅમ પહોંચાડતા હતા. હવેથી હું એમને શ્રી મ.ને નામે સંબોધીશ. શ્રી મ.ને તેર વર્ષથી નીચેનાં પાંચ બાળકો છે અને છઠ્ઠું આવવાનું છે.

કાલે રાતે અમને ડરાવનારી બીજી ઘટના બની. અમે જમતાં હતાં ત્યારે પડોશની દીવાલ પર કોઈએ ટકોરા માર્યા. બાકીની રાત ચિંતા અને ભયમાં કાઢી.

થોડો વખત થયાં અહીં જે કાંઈ બની રહ્યું છે એ વિશે લખવાનો મૂડ જ જામતો નથી. મારી જ વાતોમાં અટવાઈ ગઈ છું. ખોટું ન સમજતી. બિચારા શ્રી મ. ઉપર જે ગુજરી છે એ માટે મને પણ દુ:ખ થાય છે. પણ મારી આ ડાયરીમાં એમને માટે જગ્યા નથી.

મંગળ, બુધ, ગુરુ હું સાંજના ચારથી સવાપાંચ સુધી પીટર સાથે એનાં રૂમમાં હતી. અમે થોડો ફ્રેંચનો અભ્યાસ કર્યો અને પછી થોડી આડી-અવળી વાતો કરી. સાંજના એ કલાકથી રોજ હું સાચે જ રાહ જોઉં છું પણ આનંદની વાત તો એ છે કે મને ત્યાં જોઈને પીટરને પણ એટલો જ આનંદ થાય છે.

લિ. ઍન. મે. ફ્રેન્ક

શનિવાર, ૧૧મી માર્ચ, ૧૯૪૪

પ્રિયતમ કિટી,

થોડા દિવસ થયા મારી અસ્વસ્થતા વધતી ચાલી છે. થોડી

વાર ઉપર જાઉં છું ને ફરી નીચે આવું છું. મને પીટર સાથે વાતો કરવી ગમે છે પણ મનમાં એક ડર રહે છે કે રખેને હું એને માટે માથાનો દુઃખાવો બની જાઉં. જેણે મને પોતાને વિશે ને એનાં મા-બાપ વિશે થોડી વાત કરી છે પણ કોણ જાણે કેમ મારે માટે એ પૂરતું નથી. પળે પળે મને વધુ ને વધુ વાત જાણવાની ઈચ્છા થયા કરે છે. પહેલાં તો હું એને માટે માથાનો દુઃખાવો જ હતી અને મને પણ એ એવો જ લાગતો હતો. પણ હવે મારો અભિપ્રાય બદલાયો છે. એનો પણ બદલાયો છે કે નહિ એની શી રીતે ખબર પડે? મને લાગે છે ત્યાં સુધી તો એનો અભિપ્રાય બદલાયો છે પણ એથી કાંઈ અમે ખાસ મિત્રો બની જતાં નથી. સાચું પૂછો તો જ્યાં સુધી મારી વાત છે એ મૈત્રી અહીંયાંનું જીવન વધુ સુસહ્ય બનાવી દેશે. પણ આ વાતને હું એ હદે નહિ પહોંચવા દઉં કે હું ઘેલી બની જાઉં. એના વિચાર કરવામાં હું ઘણો સમય ગાળું છું અને મારી આ અસ્વસ્થતાથી તને પણ એમાં ખેંચી જવું જરૂરી નથી.

રવિવાર, ૧૨મી માર્ચ ૧૯૪૪

પ્રિયતમ કિટી,

દિવસો જતા જાય છે એમ હાલત વણસતી જાય છે. ગઈ કાલથી પીટરે મારી સામે જોયું પણ નથી. એનું વર્તન પણ એવું છે જાણે મારી સાથે એને મનદુઃખ થયું હોય. એની પાછળ ન પડવાનો ને એની સાથે વાતો ન કરવાનો શક્ય એટલો પ્રયત્ન હું કરું છું પણ એમ કરવું જરાય સહેલું નથી! આ ઘઈ શું રહ્યું છે, એક ક્ષણે એ મને પોતાનાથી હાથભર અંતરે દૂર રાખે છે તો બીજી ક્ષણે મારી પડખે ઊભો રહે છે? કદાચ હાલત છે એથી વધુ ખરાબ છે એવું હું જ વિચારું છું. કદાચ એ પણ મારા જેવો મનસ્વી હશે અને આવતી કાલે બધું ઠીક થઈ જશે.

મારે માટે સહુથી અઘરું કામ છે જાણે કાંઈ બન્યું જ નથી એવું વર્તન રાખવાનું, જ્યારે અંદરથી હું બેહાલ છું. બધાની સાથે વાતો કરવી, ઘરકામમાં મદદ કરવી અને ઉપરથી ચહેરો હસતો રાખવો. મને સહુથી વધુ એ વાતનું લાગી આવે છે કે મારાથી બહાર જવાતું નથી. મારી પોતાની કહેવાય એવી એક જગ્યા નથી જ્યાં હું મને ફાવે ત્યાં સુધી એકલી રહી શકું!

કિટી, મને લાગે છે કે હું ઘણી વાતો ભેગી કરી રહી છું. પણ એમ તો મારા મનમાંય એક મોટો ગૂંચવાડો ઊભો થયો છે. એક બાજુ એની ખેવનાએ મને અડધી ગાંડી કરી મૂકી છે. એક રૂમમાં બેઠાં હોઈએ તો એની સામે જોયા વિના હું રહી શકતી નથી તો બીજી તરફ થાય છે કે મારે એની પાછળ ગાંડા શીદને થાવું? પહેલાંની જેમ હું શાંત કેમ રહી શકતી નથી!

દિવસરાત, મારી જાગૃત અવસ્થાની હરેક પળે હું મારી જાતને પૂછ્યા કરું છું, 'તેં એકલા પડવાનો મોકો આપ્યો છે? જરા વધારે પડતો સમય તો તેં ઉપર નથી ગાળ્યો ને? શું તું જરા વધારે પડતા ગંભીર વિષયો પર બોલે છે જેને માટે હજી એ તૈયાર નથી? કદાચ તું એને પસંદ ન પણ હોય? એ બધી તારી કલ્પના તો નથીને? પણ તો પછી એણે આટલી બધી પોતાની વાતો તને શા માટે કરી હશે? શું હવે એનો એને પસ્તાવો થતો હશે?' અને આવા કંઈ પ્રશ્નો મનમાં ઊઠે છે.

ગઈ કાલની એ વાતથી હું બપોર પડ્યે એટલી તો ભાંગી ગઈ હતી કે હું મારા દીવાન પર જઈને સૂઈ ગઈ. મારે ફક્ત સૂવું હતું જેથી મનમાં વિચારો આવતા બંધ થાય. સાંજના ચાર વાગ્યા સુધી સૂતી પણ પછી મારે બાજુના રૂમમાં જવું જ પડ્યું. ત્યાં મમ્મીના પ્રશ્નોના જવાબ આપવા અને બપોરે સૂઈ જવા માટે પપ્પાને કારણો શોધીને કહેવાં એ કામ જરાય સહેલું તો નહોતું, મેં માથું દુઃખવાનું બહાનુ કાઢ્યું, જે તદ્દન ખોટું પણ નહોતું કારણ કે મને દુઃખતું હતું... બહારથી નહિ તો અંતરમાં!

સામાન્ય લોકોને, સામાન્ય છોકરીઓને, મારા જેવી કિશોરીઓને મારા આ વિચારો જરા ગાંડપણભર્યા જ લાગે. પણ એટલે જ, મારું હૈયું તારી પાસે ઠાલવીને બાકીનો સમય હું બને તેટલી બેફિકર, આનંદી અને આત્મવિશ્વાસ સભર વર્તન રાખું છું. જેથી લોકોને પ્રશ્નો પૂછીને મારો જીવ ખાતાં હું રોકી શકું.

માર્ગટ ખૂબ ભલી છે. એની ઈચ્છા છે કે હું એને મારી બધી વાતો કહું, પણ મારે માટે એ શક્ય નથી. કારણ કે મારી બધી વાત એ બહુ ગંભીરતાથી લે છે. જરા વધારે જ ગંભીર બની જાય છે અને એની આ ઘેલી બહેનની ચિંતા કરવા માંડે છે. જ્યારે પણ હું કાંક બોલવા મોઢું ખોલું કે ધ્યાનથી જોવા માંડે કે હું સાચે બોલું છું કે નાટક કરું છું.

એક કારણ એ પણ છે કે અમે હંમેશાં સાથે હોઈએ છીએ. અને હંમેશાં મારી આસપાસ રહેલી વ્યક્તિ પાસે મારે મન ઠાલવવું નથી.

આ ગૂંચવાડામાંથી હું ક્યારે બહાર પડીશ? અને ફરી પહેલાં જેવી અંદરથી શાંત થઈ જઈશ?

લિ. ઍન.

(ક્રમશઃ)

સ્વ. શ્રીમતી નિર્મળાબહેન કવિતાસ્પર્ધા

'કુમાર'ના અમૃતપર્વ નિમિત્તે સદ્ગત નિર્મળાબહેન કાવ્યસ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં ગઝલ અને ગઝલેતર કાવ્ય એમ બે પારિતોષિકો અનુક્રમે રૂ. ૩૦૧ અને રૂ. ૫૦૧ જાહેર કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં અમને ગઝલેતર ૧૯ અને ગઝલની ૧૦ મળી કુલ ૨૯ કાવ્યરચનાઓ મળી હતી. તેમાંથી નીચે પ્રમાણે પારિતોષિકો એનાયત થાય છે : (૧) ગઝલેતર લાલજી કાનપરિયાને તેમની 'હરિની હાટડીએ' ગીતરચના માટે રૂ. ૫૦૧, (૨) ગઝલ માટે વિષ્ણુ પટેલની તેમની ગઝલ 'મથતો રહું' માટે રૂ. ૩૦૧.

નિર્ણાયકો : શ્રી ચંદ્રકાન્ત શેઠ • શ્રી ધીરુ પરીખ

આથમતાં અજવાળાં-૧૯

વતનનો વૈભવ

ભગીરથ બ્રહ્મભટ્ટ

પ્રત્યેક વ્યક્તિ કેન્દ્રોત્સારી હોય છે, જ્યારે એ કેન્દ્રગામી બને છે ત્યારે એના વતનમાં પહોંચી જતી હોય છે. પ્રત્યેક જણ પોતાના વતનને ધાવીને ધરાતો હોય છે છતાં એના ધાવણનો ધરવ એને થતો નથી, અને એનો અસલ સ્વાદ ક્યારેય એ વિસરી શકતો નથી, પછી એ ચૌદ-ચૌદ વર્ષ વતનમાં ભટકેલા રામ-લક્ષ્મણ હોય કે જંગલમાં ચાલ્યા ગયેલા પાંડવો હોય!

મનેય મારું ગામ એવું ને એવું સાંભરે છે. મારા વતને મારા પિંડનું જાદૂઈ ઘડતર કર્યું છે, શૈશવમાં મને હિંચોળ્યો છે. હાલરડાં સંભળાવ્યાં છે, સહેજ મોટો થયો ને ભણાવ્યો છે. એથી મોટો થયો. રમતાં-લડતાં-ઝઘડતાં-કિલ્લોલ કરતાં, કલરવ કરતાં, ગાતાં, ખાતાં - વાત કરતાં કેટકેટલું શિખવ્યું છે! મારા અસ્તિત્વનો બધો યશ કંઈ મારાં મા-બાપને ફાળે જતો નથી, કારણ કે અસ્તિત્વનાં મૂળિયાંમાં તો વતનની સજીવ-નિર્જીવ સૃષ્ટિનાં કંઈ કેટલાંય સંસ્કારઝરણ વહી રહ્યાં છે. ગામનાં નેળિયાં ને નવેરીઓ, માતાઓ અને ભૂવાઓ, વૃક્ષો અને વેલીઓ, ભેંસો અને પાડાઓ, ગાયો અને બકરીઓ, મિત્રો અને મહેમાનો, વડીલો અને બુઝુર્ગો, સ્ત્રીઓ અને પુરુષો, ગામના મુખીઓ અને ભાંજગડિયાઓ, બ્રાહ્મણો અને વાઘરીઓ, મજૂરો અને ખેડૂતો, ટપાલી અને દરજી, વહુઓ અને વિધવાઓ, વાડાઓ અને મહોલ્લાઓ, રમતો અને વાતો એવું તો કેટકેટલુંય મારા ભાવપિંડમાં બંધાયું છે, સચવાયું છે. હું એ વતનના વૈભવથી સમૃદ્ધ છું.

મારું ગામ નાદરી. એણે પણ મારી જેમ ઓળખાણો બદલી છે. ગઈ સદીમાં એ મહેસાણા જિલ્લાનું કહેવાતું, હવે એ ગાંધીનગર જિલ્લાનું બન્યું છે. ગઈ સદીમાં એ કલોલ તાલુકાનું ગણાતું, હવે એ માણસા તાલુકામાં ચાલ્યું ગયું છે. એની એક ઓળખ સ્થિર થાય ન થાય ત્યાં નવી ઓળખ! એ ક્યાં આવ્યું? પહેલાં એમ કહેવાતું કે ઉનાવા-વાસન રેલવેથી નજીક, વડેચીવાળા રૂપાલની જોડે, તો કોઈ એમ કહેતું કે કલોલ અને માણસાની વચ્ચે. હવે એ ઓળખ નથી અપાતી. હવે એમ કહેવાય છે - ગોઝારિયા રોડ ઉપર. ગાંધીનગરની પાસે. ગામ એનું એ, એની ઓળખાણો બદલાય છે. મારા ગામને અડીને એક બીજું ગામ. એનું નામ આમજા, અને વેંત જ છેટે ત્રીજું ગામ ચાંદીસણા. ત્રણેય ગામની વચ્ચે એક નળી-નેળિયું જ, છતાં નામ જુદાં. અમારું ગામ ગાયકવાડ સરકારનું. આમજા ગામ પેથાપુરના દરબારનું અને ચાંદીસણા વિશે ખયાલ નથી. ત્રણેયના માલિક જુદા એટલે નામો જુદાં. પંચાયતો અલગ પણ માણસો પરસ્પર ગૂંથાયેલાં. અમારા ગામમાં બ્રહ્મભટ્ટો, આમજા ગામમાં ચૌધરી, પટેલ અને ઠાકોર અને ચાંદીસણામાં ઠાકોર, દરબારની વસતી ઝાઝી.

વતનના નામનોય કેવો મહિમા? 'નાદરી' નામકરણ અંગે એવી કિંવદંતિ છે કે, કોઈ એક સમયે લડાઈ થયેલી, આ ગામની ડોસી કોઈથી ડરેલી નહિ. 'ના-ડર' ઉપરથી 'નાદરી' થયું. એમ વાયકા તો છે. બ્રાહ્મણ, નાયી, સુથાર, કુંભારનાં ગણનાપાત્ર મકાન. દરેક માણસ સાથે પરિચય. બધા એકમેકને ઓળખે. ઉછીનું-ઉધારું મળે. કામ સચવાય. વટ્ટ-વ્યવહાર રાખવામાં મને-કમને સૌ ઊભાં રહે, સહાય કરે. ખેતી હોય કે મજૂરી પરસ્પર એવા તો ઉપયોગમાં આવે કે ક્રમશઃ સૌનાં કામો ટપોટપ ઊકલતાં જાય, સારે-માઠે પ્રસંગે સૌ દોડ્યાં આવે.

ઘણા વખતે ગામ જવાનું થયું. પ્રવેશતાંની સાથે જ વતનના લીમડા, પીપળા, વડ, વડવાયું જાણે ઓળખીતાં!!... મંદિર, મહાલય, પૂજારી, ચોકિયાત ઘરડાં થઈ ગયાં પણ એમ ભૂલી થોડાં જવાય? ઝૂંપડાં, નદી-નાળાં, આરા, નેળિયાં-નવેરીઓ, ચૌટા-ઓડા, ચોરો, ખબર-અંતર પૂછવા માંડ્યા હોય એમ લાગ્યું. મનને ફણગવાની માટી જ વતન. નિરાંત ત્યાં મળે, વળે. કળ ત્યાં લેવાય. ગામ તો એનું એ જ, 'ઉત્તર ફરો, દક્ષિણ ફરો, એનાં એ ગામડાં' ઉશનસે અમથું લખ્યું હશે? બદલાઈ તો આપણે બહાર જનારાઓ ગયા હોઈએ, બદલાઈ જવાનો આપણને ક્ષોભ થાય પણ વતન તો માફ કરે છે. વતન કોને કહ્યું? તમારા પૉલિસવાળા બૂટ અને ઈસ્ત્રીટાઈટ કપડાં વતનને વરવાં લાગે છે. વતન વાસ્તવને ચાહે છે. તમારામાં ફરક પડે પણ વતનની વૃત્તિ તો એની એ. બાળપણ, મિત્રો, રમતો અને એ ક્ષણો હૃદયની દાબડીમાંથી ટપોટપ બહાર આવે.

'વેચાઈ ગયેલું ઢોર તલખે કોઢાર, છૂટ્યું ધણ' જયંત પાઠકની પંક્તિની જેમ હુંય વતનમાં આવી ચઢ્યો છું ઘણાં વર્ષે. વતનની પરિચિતતા મને હાથે-પગે, માથે હાથ ફેરવી ફેરવીને ખબર-અંતર પૂછે છે. શરીર ઉપરથી વસ્ત્રો અને વાણીમાંથી ઔપચારિકતા સરી પડે છે. હું વિવસ્ત્ર થઈ જાઉં છું. ગામની ધૂળનો પાઉડર અંતરને વધારે ઊજળું બનાવે છે. વતનમાં પ્રવેશતાં ઘર-આંગણું-બા યાદ આવે છે. બાળપણ યાદ આવે છે, નાનો થઈ જાઉં છું. વરસતા વરસાદમાં ન્હાવા દોડતો... બા બૂમો પાડે. માટીની ગંધ લઈને દોડતો... ફળિયાના લીમડા નીચે સંતાઈ જતો, લીમડોય સાથ આપે... બા બૂમો મારે. ઘરે જાઉં ત્યારે વરસાદે મારા છાપરાનાં નળિયાં સોનાનાં બનાવી દીધાં હોય! બાએ ઘરમાં ચૂવા મૂક્યા હોય, નેવે પાણીની ડોલો મૂકી હોય!! મોરલા ટહુકતા હોય, અને આકાશ ડોલતું હોય. વાદળો પણ મોરલાના ટહુકારના ચાળે ચઢ્યાં હોય, મોરપીંછના રંગો જેવાં મેઘધનુ રચાયાં હોય!! જોયાં કરીએ... બસ જોયાં જ કરીએ.

મહોલ્લામાં પ્રવેશું ને પેલા મગનબાપાના આંગણામાં

ગાડું જોઉં ને મને ખેતરમાંથી મોલ ભરી ગાડે બેસી આવવાના દિવસો યાદ આવે! ઝીણી આંખો કરી જીજીબા પૂછે : 'કુણ ભઈ?' હું મારું નામ આપું ત્યાં તો 'અરેરે ભૈ, ઓળસી ન હકી, ચ્યમ ભૈ બૌ દારે? મજામાંને?' એથી સહેજ આગળ આવું ને એ વરવા-બાપા હુક્કો પીતા દેખાય!! એ કેટલી બધી મીઠી વાતો કહેતા હતા!! મારા ઘરના આંગણે ઊભેલો પેલો લીમડો ટહુકો જ પાડે!... બાએ લીંપેલા આંગણામાં તડકાની હતી તળાવડી... એમાં પગ ઝબોળી જેવો ઉમ્બરે પહોંચું ત્યાં બાનું વાત્સલ્ય-વ્હેણ મને બાથમાં લઈ લે... બાની આંખોમાં એનું એ હેત ટપકતું જોઉં... એના એ કાળા-કાળા ગોખલા અને ચીકણા ચપટ ટોડલા... એની એ કુંભી, એની એ વળીઓ... બા પાણી આપે ને હું બાને પીતો હોઉં ઘટ ઘટા ઘટ, જાણે તાજા વલોણાની છાશ!!

નોકરીએ જવા નીકળેલો ત્યારે બાએ ગૉળ ખવડાવેલો. પતરાની પેટીમાં ગોદડી ને કપડાં નાખી આપેલાં. બા બિચારાં થઈ ગયેલાં...!! આવક હતી નહિ ને ખાનારાં અમે છ ભાઈભાંડુ. બાપા તો વલોપાત કરતા બધી જવાબદારી બા પર છોડીને વિદાય થઈ ગયેલા. હું થોડું થોડું કમાઈ લાવતો, ને બાને ખીચડીમાં મદદ કરતો. ટેકો કરતો. બા ભેંસ રાખે. હું દુકાન ચલાવું. ખેતરે જાઉં, ચાર લાવું. બાને સાચવું ને ભણું. માને નાની ઉંમરમાં સહાયરૂપ થતો એટલે મને વળાવતાં એની આંખોમાં આંસુ હતાં. બહેને ધ્રૂજતા હાથે કપાળમાં ચાંલ્લો કરેલો. માએ માથે હાથ ફેરવ્યો હતો. ઓસરી છોડી આંગણામાં આવતાં તો જાણે હજારો માઈલની યાત્રા કરી નાખેલી! જિંદગીનો પહેલો જ અનુભવ હતો ઘરથી જુદા પડવાનો - ગામથી દૂર જવાનો, બાથી વિખૂટા પડવાનો હતો. સૂર્યનું પહેલું કિરણ આંગણે આવીને ઊભેલું. છાપરાની નીચે બેઠેલું કબૂતર ઊડીને બહાર જતું હતું. મહોલ્લાનાં જીજીબા, વરવાબાપા, મગનબાપા, મંગુમા, મિત્રો અને બહેનો સૌએ મીઠાં આશિષ આપેલા, પાદરની ધૂળમાં પગલીઓ પાડતો હું ખેંચાયેલો... ખેંચાયેલો... હાથ આંખો લૂછવામાં રોકાયા હતા. એ બધું જ સ્મૃતિના પટારામાંથી એક પછી એક બહાર આવતું જ જાય છે. એ વાડાની વાડ, આંગણાનો લીમડો, આંગણે ઊભેલી ભેંસ અને બા બધાંય જવાની 'ના' પાડતાં હતાં. વળીવળીને એમને જોવાની લાલચ રોકી રોકાતી નહોતી. મહોલ્લો આખોય, ગામ આખુંય વળાવવા આવેલું. સૌનો ભાવ હજીય સાંભરે છે... એ વતનને વેગળું કેવી રીતે કરું? પેલાં ખોડિયારમા દૂર બેઠાં બેઠાં હજીય મને બોલાવે છે... ખેતરો, શેઢા, બાવળિયા અને ભીખો... પેલી મંગુ વાઘરણ પણ ખરી... ઉદોજી ઠાકોર, એમનો દીકરો મનુ મારી આંખોમાં એવા તો ભરાયા છે કે કોઈ કાળે એ નીકળી શકે એમ નથી. કીકીમાં કેદ થયું છે મારું અકબંધ વતન! ગામના તળાવમાં નાહ્યો છું - એટલે તો આજેય ભીનો છું.

વતને મને શું નથી આપ્યું? મારા લોહીમાં ડોલોવાળા કૂવાનું એ પાણી છે ને મારા શ્વાસમાં વતનની ધૂળની મ્હેંક છે. પ્રાથમિક શાળાના ઝવેરભાઈ સાહેબે નિબંધ લખતો કર્યો ને નાથુભાઈએ સોટીઓ ફટકારીને ગણિતમાં પાક્કો કર્યો એમને આજે ક્યાંથી શોધું? ક્યાં જઈને હું એમનો આભાર માની આવું? ફળિયાએ મને સમૃદ્ધ કર્યો છે અને દાતણ આપનારી સવલીએ મને પ્રેમનો પાઠ ભણાવ્યો છે. રાવજી ભગતે નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં સુધી જવાની કેડી બતાવી છે. દિવાળીના ગરબાએ મને ગાતાં શિખવાડ્યું છે એ ક્યાંથી વિસરી શકું? વરસતા વરસાદે, વતનની ટાઢે અને વતનના તાપે મને જીવતાં અને જીરવતાં શીખવ્યું છે - એ બધાં મારાં સ્વજનો છે. એમનો કયા શબ્દોમાં આભાર માનું?

હવે તો ગામ-વતન બદલાવા બેઠું છે. પણ મારાથી એ તદ્દન છેડો ફાડી શક્યું નથી. બેસતાવર્ષનો દિવસ વળીવળીને યાદ આવે છે : વહેલી સવારથી આખા ગામનાં આશિષ લઈ આવતો અને પછી મંદિરે જતો... હોળીના દિવસોમાં કાદવથી ખરડાઈ જતો છતાંય એ કાદવનો ગુલાલ શરીર ઉપરથી ક્યાં દૂર કરી શક્યો છું? ગામમાં આવતી ભવાઈ, રામલીલા, બહુરૂપી, મદારી, બત્રીસ પૂતળીઓ એવી ને એવી યાદ છે. ગોમતી ગોરાણી રાત્રે રામાયણ વાંચે, ખૂણામાં બેઠો બેઠો હું સાંભળું એ સંસ્કારે તો મને રામાયણનો અભ્યાસી બનાવ્યો છે. મારે એ ત્રણ નાકાની બોરડીઓનાં બોરનો સ્વાદ ફરી ચાખવો છે - પણ વો દિન કહાં? એટલે જ તો મને સુંદરજી બેટાઈ યાદ આવે છે. એમનું વતનપ્રેમનું પેલું કાવ્ય જાણે મારી જ વાત કરે છે —

પાંજે વતનજી વાલ્યુ, અનેરી પાંજે વતનજી વાલ્યુ,
દુંદાળા દાદાજી જેવા એ ડુંગરા,
ઉજ્જડ છે દેખાવે ભૂંડા ને ભૂખરા.

*


છોટી નિશાળેથી મોટીમાં ચાલ્યા,
પ...ટ પ...ટ અંગરેજી બોલ બેક ઝાલ્યા
ભાઈ ભાઈ કહેવાતા અકડાતા હાલ્યા
મોટપણું મ્હોરન્તુ મ્હાલ્યું,
અનેરી પાંજે વતનજી ઝાલ્યું.

મારે તો મોટા સૂબા થવું છે, પણ વતન મને મોટા થવા દેતું જ નથી. મારે સાહેબ થવું છે પણ વતન મને સાહેબ થવા દેતું જ નથી... બાળપણના-વતનના ઉજાસે તો હું ઊજળો છું. મારું વતન અને એનાં સ્મરણો મારે મન હોલવાઈ ગયેલા દીવાનો પ્રકાશ છે અને એના અજવાળે મારા જીવતરને બાંધું છું પણ એ ક્યાં બંધાય છે?

હું બાએ બનાવેલી ચા પીધા પછી 'હાશ' કહું છું. ત્યાં બા હળવેથી મને કહે છે : 'ધરતીનો છેડો ઘર, નહીં ભૈ?' ને હું મારાં બાના બોખા મોં પર વ્યાપેલી પ્રસન્નતામાં વતનનો વૈભવ નિહાળી ધન્ય થાઉં છું. ❐

ચેસ-કૉર્નર : કોયડો-૨૭

કાળું



સફેદ

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. (White to play and mate in two)

મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : Ke5, Rd4, Rb8, Bc5, Nd2, P-a2, C3

કાળાં : Ka4, Bb4, P-a3, a5

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ એપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઈટ રોડ, અમદાવાદ ૩૮૦૦૧૫ (e-mail - shaharpi@ hotmail.com) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ જુલાઈ ૨૦૦૩ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

•

'કુમાર'ના માર્ચ ૨૦૦૩ના અંકમાં આવેલા કોયડા નં. ૨૫નો ઉકેલ :

(૧) Key move R X Pe3 છે.

જો...	1... N X N	(2) Rd3 #
જો...	1... Nd5, Nc2, Nf7, Ng6	(2) Nb8, Nc5 #
જો...	1... Nd3	(2) Nb8, R X N #
જો...	1... Na2	(2) Nb8, Nc5, Rd3 #
જો...	1... Pc5	(2) Nb8, N X P #
જો...	1... Pe5	(2) Bh3 #

(આ કોયડામાં 'કાળું' અને 'સફેદ' ઊલટ-સૂલટ છપાઈ ગયા હતા પણ વાચકોએ તે ભૂલ સુધારીને ઉકેલ મોકલેલ છે.)

•

ઉપરોક્ત કોયડાનો સાચો ઉકેલ મોકલનાર વાચકમિત્રોનાં નામ : (૧) પ્રો. એ. આર. રાવ, (૨) ઝેડ. એલ. ઝાલાવાડિયા, (૩) નૌતમભાઈ વખારિયા, (૪) ડૉ. દિલીપ અહલપરા, (૫) ઉદયન પ્રજાપતિ (અમદાવાદ), (૬) હર્ષદ દવે (રાજકોટ), (૭) ડૉ. છત્રસિંહ બારડ (ધોળકા), (૮) અજિત યાજ્ઞિક (ગામનું નામ જણાવેલ નથી).

-અર્પી શાહ

સ્પૉર્ટ્સ ક્વીઝ - ૯

ડૉ. પી. ડી. શર્મા

(૧) જુલાઈ ૨૦૦૨માં મહિલાઓમાં વિમ્બલ્ડનની સિંગલ્સમાં એક બહેને બીજી બહેનને હરાવી ટાઈટલ જીત્યું હોય તેવું વિમ્બલ્ડનના ઈતિહાસમાં કેટલાં વર્ષ પછી બન્યું હતું?
(અ) ૧૧૬ (બ) ૧૧૭ (ક) ૧૧૮ (ડ) ૧૧૯

(૨) જુલાઈ ૨૦૦૨ની વિમ્બલ્ડનની મિક્સ્ડ ડબલ્સની ટાઈટલ સાથે ભારતના મહેશ ભૂપતિએ કુલ કેટલી ગ્રાન્ડ સ્લેન ટેનિસ ટાઈટલ જીતી છે? (અ) ૫ (બ) ૬ (ક) ૭ (ડ) ૮

(૩) ટેસ્ટ ક્રિકેટમાં ૧૦૦ વિકેટ લેનાર હરભજનસિંઘ ભારતનો કેટલામો બોલર છે? (અ) ૧૧મો (બ) ૧૨મો (ક) ૧૩મો (ડ) ૧૪મો

(૪) ૨૦૦૨ સિડની ઑલિમ્પિક્સમાં મહિલાઓમાં સુવર્ણચંદ્રક ક્યા દેશે મેળવ્યું હતુ?
(અ) હંગેરી (બ) યુગોસ્લાવિયા (ક) ઓસ્ટ્રેલિયા (ઈ) રશિયા

(૫) ૧૯૯૪ ફૂટબૉલ વિશ્વકપમાં બ્રાઝીલને જીતાડવામાં તેમજ બ્રાઝીલને ફૂટબૉલ વિશ્વકપ માટે ક્વાલીફૉય કરાવવામાં જે ખેલાડીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી તેવા ક્યા ખેલાડીની પસંદગી બ્રાઝીલની ૨૦૦૦ માટેની ફૂટબૉલ વિશ્વકપની ટીમની અંદર કરવામાં આવી હતી?
(અ) રોમારિયો (બ) રોનાલ્ડો (ક) રિવાલ્ડો (ડ) આમાંથી કોઈ નહિ

(૬) ૨૦૦૨ના ફૂટબૉલ વિશ્વકપ માટે ભારતમાંથી એકમાત્ર સહાયક રેફરી તરીકે કોની પસંદગી થઈ હતી? (અ) કે. શંકર (બ) ગુલાબસિંહ ચૌહાણ (ક) મુન્ની ગોસ્વામી (ડ) પી.કે. બેનરજી

(૭) વનડેમાં સો કેચ ઝડપનાર સૌ પ્રથમ ખેલાડી કોણ હતો?
(અ) કાર્લહુપર (બ) સ્ટીવ વૉ (ક) ઍલન બોર્ડર (ડ) રોશન મહાનામા

(૮) ૨૦૦૨માં યુરોટેલ વિશ્વ નૉકઆઉટ ચેસ સ્પર્ધા ક્યા ખેલાડીએ જીતી હતી? (અ) અનાતોલી કારપોવ (બ) વિશ્વનાથન આનંદ (ક) ગેરી કાસ્પરોવ (ડ) એન્ટોની માઈલ્સ

(૯) ૨૦૦૨ ફૂટબૉલ વિશ્વકપમાં 'ગોલ્ડન બૂટ' ઍવૉર્ડ કોને મળ્યો હતો?
(અ) જર્મનીના ઓલિવર કેદને (બ) તૂર્કીના હકન સુકુરને
(ક) સાઉથ કોરિયાના લી પુલ-યંગને (ડ) બ્રાઝીલના રોનાલ્ડોને

(૧૦) એશિયન રમતોત્સવનું સંચાલન કઈ સંસ્થા કરે છે?
(અ)આંતરરાષ્ટ્રિય ઑલિમ્પિક સમિતિ. (બ) ઈન્ટરનૅશનલ એમેચ્યોર એથલેટિક ફેડરેશન (ક) ઑલિમ્પિક કાઉન્સિલ ઑફ એશિયા (ડ) સંયુક્ત રાષ્ટ્રસંઘ

(આના સાચા ઉત્તરો આ કૉલમને છેડે આપેલ છે.)

સ્પૉર્ટ્સ ક્વીઝ - ૮ના સાચા ઉત્તરો

૧. ઑલ ઈંગ્લન્ડ લોન ટેનિસ ક્લબ, ૨. પંજાબમાં પતિયાલા મુકામે, ૩. પ્રવીણકુમાર, ૪. સ્ટેફી ડી'સૂઝ, ૫. શિરીન ખુશરો, ૬. રોન ક્લાર્ક, ૭. કેનેડા, ૮. શટલની ગતિ, ૯. દસમો, ૧૦. એક પણ નહિ.

સ્પૉર્ટ્સ ક્વીઝ - ૯ના સાચા ઉત્તરો

૧. ૧૧૮, ૨. ૬, ૩. ૧૪મો, ૪. ઓસ્ટ્રેલિયા, ૫. રોમારિયો, ૬. કે. શંકર, ૭. એલન બોર્ડર, ૮. વિશ્વનાથ આનંદ, ૯. બ્રાઝીલના રોનાલ્ડોને, ૧૦. ઑલિમ્પિક કાઉન્સિલ ઑફ એશિયા

'કવિપદવાંછુની કીર્તિગાથા ઊર્ફે લગ્નભંગાષ્ટક'

મુનિકુમાર પંડ્યા

હું 'કવિપદવાંછુ'. કવિતા લખવાનો અને એનો ફેલાવો કરવાનો મારો ધર્મ છે. કવિતા દ્વારા મને 'શ્રી'ની પ્રાપ્તિ નથી થતી પણ કીર્તિની પ્રાપ્તિ ક્વચિત્ થાય છે, થઈ જાય છે - એમ કહેવું વધારે યોગ્ય ગણાય. શ્રી અને સરસ્વતીને બનતું નથી. મને શ્રીની પ્રાપ્તિ નથી થતી એટલે મારી પાસે સરસ્વતી છે. હું વિદ્વાન છું એ આપોઆપ સાબિત થઈ જાય છે. હવે રહી કીર્તિની વાત.

ગાંધીજીના પોરબંદરથી ઊપડતી એક ટ્રેનને કીર્તિમેલ કહેવામાં આવે છે. કીર્તિ અપ અને કીર્તિ ડાઉન. કેટલાય રાજકારણીઓ આ ગાડીમાં ચડી જઈને કીર્તિ પ્રાપ્ત કરે છે. કોઈ તો ચાલતી ગાડીએ ચઢ્યા છે. ટ્રેનમાં ચઢ્યા એટલે અપકીર્તિ થવાની જ. પણ 'અપકીર્તિ'ના પેટમાંય કીર્તિ તો સમાયેલી છે જ. અહિંસાના પેટમાં જેમ હિંસા સમાયેલી છે. અહિંસાખોરો (મારો બનાવેલો શબ્દ છે તેથી કોઈ જોડણીકોશમાં આ શબ્દ જોવા નહીં મળે. ઈર્ષા. બીજું શું?) અહિંસાનો મહિમા ગાય ત્યાં સુધી તો વાત બરાબર છે પણ એ બીજાનેય અહિંસક બનવા માટે દબાણ કરે છે. આ સૂક્ષ્મ હિંસા જ થઈને! અહિંસાનું પાલન ક્યાં સુધી શક્ય થઈ શકે? કઈ હદ લગી એનું પાલન કરવાથી સત્યનું દર્શન લાધે એ મુદ્દાને અહિંસક વિદ્વાનો ચર્ચાના ઊંડળમાં - કુંડાળામાં નહીં, બરાબર સમજો - લીધો.

ચર્ચા લાંબી ચાલી. કોઈ નિર્ણય પર આવી શકાયું નહીં એટલે શબ્દયુદ્ધ આરંભાયું. શબ્દતીર ખૂટતાં યુદ્ધનો વારો આવ્યો. સમાચારપત્રો સુધી વાત પહોંચી. નામઠામ સાથે સર્વત્ર વાત ફેલાઈ ચૂકી. અહિંસાખોરોને કીર્તિ મળી. આ અપકીર્તિ. ચાલતી ગાડીએ ચડી જવાનું ફળ.

કીર્તિ ધીમે ધીમે મળે છે. અપકીર્તિ પ્રકાશની ગતિએ મળે છે. જે કીર્તિ પ્રાપ્ત કરતાં ગાંધીજીએ આખી જિંદગી ખર્ચી એ કીર્તિ ગોડસેને રાતોરાત મળી. ગાંધીજી સાથે એના હત્યારાની યાદ આવશે.

વાત આડાપાટે ચડી ગઈ. ટ્રેનની વાત કરતા હતા એટલે વાત આડા પાટે ચડે પણ ખરી. મૂળ વાત તો શ્રી-સરસ્વતી અને કીર્તિ અંગેની છે. એની સાથેના મારા સંબંધની છે. શ્રીને અને સરસ્વતીને પતાવ્યાં, હવે કીર્તિનો વારો.

અઘરી અને સમજવી કઠિન કવિતાના સર્જક શ્રી બળવંતરાય ઠાકોરે એક સૉનેટમાં બધાને સમજાય એવા સરળ અર્થમાં ખુલ્લંખુલ્લા કીર્તિને ધુત્કારી કાઢતાં એવી મતલબનું લખ્યું છે કે, 'જાઓ ઉઘાડાં છે દ્વાર, જ્યાં જવું હોય ત્યાં જાઓ.'

મેં પણ મારા ઘરનાં દ્વાર ખુલ્લાં રાખ્યાં છે. ઠાકોરના દ્વારેથી પાછી વળેલી કીર્તિના સ્વાગત માટે.

દૂધને ઉકાળવાથી દૂધપાક બને અને એમાં જાયફળ તથા એલચી ઉમેરીએ તો સ્વાદ અને સુગંધ વધે છે એમ મેં મારા કાવ્યરૂપી દુગ્ધપાકમાં વિવેચન અને સંશોધન પણ ભેળવ્યાં છે. કાવ્યને ચાર ચાંદ લાગે.

તેત્રીસ હાસ્યલેખકોનું એક સંપાદન બે હાસ્યલેખકોએ હમણાં બહાર પાડ્યું. એક વાર મારે એ પુસ્તકના પ્રકાશકને મળવાનું બન્યું. મેં પુસ્તક જોયું. હાથમાં લઈને આમતેમ ફેરવ્યું. નિયમ મુજબ પ્રસંશા કરી : 'પુસ્તક સુંદર બન્યું છે. એના ગેટઅપ, ટાઈપ સેટિંગ, ટાઈટલ ચિત્ર બધું મનોહર છે.'

પ્રકાશકે પ્રસન્નચિત્તે પુસ્તક મને ભેટ આપ્યું.

જાત ઉપર મને ચીડ ચઢી. મેં પ્રકાશકના સ્કૂટરની પ્રસંશા ન કરી. શા માટે મેં એના ટેબલ પર પડેલી ચેકબુકની પ્રસંશા ન કરી. શા માટે? ધૂંધવાતા હૈયે ઘેર જઈને મેં 'હાસ્ય તેત્રીસી'નું વિવેચન ઘસડ્યું. 'હાસ્ય તેત્રીસી' એ બે સંપાદકોનું સહિયારું સંપાદકત્વ છે. નવલરામ પંડ્યાથી માંડીને અધુનાતમ હાસ્યલેખકોના એક એક લેખને એમાં મૂકેલ છે. શું એક સંપાદક આ કાર્ય ન કરી શકે? એક હાથે તાલી ન પડી શકે. પણ એક હાથે લખી તો શકાય, સંપાદન તો થઈ શકે. છટ્ ઉફ્.

બીજી ક્ષણે મને ચમકારો થયો. વર્ષો અગાઉ ગુજરાતી સાહિત્યમાંથી અશ્લીલ વાર્તાઓ અલગ તારવીને એનું સંપાદન એક જ સંપાદક શ્રી વિનોદ ભટ્ટે કરીને યુવાવાચકોને એવી વાર્તાઓ સુલભ કરી આપેલી. અશ્લીલ વાર્તાઓ એકલા-એકાંતમાં વાંચવાની હોય છે માટે એક જ સંપાદક અને હસવાનું સહુની સાથે હોય છે માટે હાસ્યરસના પુસ્તકના એકાધિક સંપાદક હોઈ શકે.

શામળે 'સિંહાસન બત્રીશી' પદ્યવાર્તા લખી છે. આ પુસ્તકના નામકરણમાં શામળનું ચોખ્ખું અનુકરણ છે. પણ અનુકરણ લાગે નહીં એવો ભ્રમ ઊભો કરવા તેત્રીસ લેખો આ સંગ્રહમાં મૂક્યા છે. કદાચ એવું પણ બન્યું હોય કે કોઈ એકાદ લેખ કોઈ લેખક પાસે સામેથી જઈને લખાવ્યો હોય.. તો પછી ચોત્રીશ લેખો શીદને ન સમાવ્યા? 'હાસ્યચોત્રીસી' નામથી શામળનું અનુકરણ બે ડગલાં આઘું જાત અને એવો લેખ લખવા લેખકોથી હર્યાભર્યા ગુજરાતમાં 'કવિપદવાંછુ'ની પણ ક્યાં ખોટ છે?

આ સંગ્રહના કેટલાક લેખો વાર્તાભાસી નિબંધ છે કે પછી નિબંધાભાસી વાર્તા છે. કનૈયાલાલ મુનશીની વાર્તા 'ગુજરાતનો શ્રેષ્ઠ કવિવર' આ પ્રકારની કૃતિ છે. એને આ સંગ્રહમાં લીધી નથી.

મુનશીને કાપવાનું કાંઈ કારણ ખરું? આ તો વાસીદામાં સાંબેલું ગયું.

ઉમાશંકર જોશીનો એક હળવો નિબંધ 'ધી મંગલાષ્ટક લિમિટેડ' આ પુસ્તકમાં મૂક્યો છે. નિબંધની નીચે છેલ્લે કૌંસમાં 'ગોષ્ઠી' શબ્દ છે. કોઈ કહે છે એ પુસ્તકનું નામ છે, હું કહું છું 'ના'. ઉમાશંકરને વાતોનો શૉખ હતો. એ વાતરસિયા હતા. એમના મિત્રો સાથેના વાર્તાલાપમાંથી સંપાદકોએ નોંધ ટપકાવીને અહીં નિબંધરૂપે મૂકી છે. કદાચ એક જ સંપાદકનું એ કર્તૃત્વ હોય કે પછી બંનેનું સહિયારું હોય, કદાચ એકે લખ્યું, બીજાએ સુધાર્યું હોય. આમ હોવાની શક્યતાને નકારી ન શકાવાનો વહેમ કદાચ આવે એવું હોવું અસંભવિત લાગવાનાં કારણો શોધવાં અશક્ય નથી. (આ છેલ્લું વાક્ય સમજાય છે? અટપટું છે ને? એનું નામ જ સંશોધન)

પ્રસ્તુત લેખમાં ઉમાશંકરે જુદા જુદા કવિઓને જુદા જુદા વિશેષણોથી નવાજ્યા છે. કોઈને 'કાવ્યકેસરી', કોઈને 'કવિ-દિગ્ગજ', કોઈને 'કવિશાર્દૂલ' કહ્યા છે. ઉમાશંકરે પોતાના માટે 'કવિજનપદરજ' વિશેષણ મૂક્યું છે. આ નમ્રતા જુઓ. 'મારી કવિપદવાંછુ'ની નમ્રતા જોડે ઊભી રહે એવી છે ને(!)

'ધિ મંગલાષ્ટક લિમિટેડ' લેખ વાંચતાં બે તારણો ઉપર આવી શકાય : (૧) ઉમાશંકરે પોતાના અવસાન અગાઉ આ ગોષ્ઠી કરી હોવી જોઈએ. (૨) ગોષ્ઠી સમયે 'કવિપદવાંછુ'નું અસ્તિત્વ નહીં હોય નહીંતર ઉમાશંકર એનો ઉલ્લેખ કરે જ કરે. કારણ કે 'કવિપદવાંછુ'એ મંગલાષ્ટક તો નથી રચ્યું પણ લગ્ન ભંગાષ્ટકની રચના કરી છે. અસ્તુ.'

આટલું 'હાસ્યતેત્રીશી'-ના વિવેચન અને સંશોધન વિષે. હવે 'લગ્નભંગાષ્ટક' ઉપર આપણે આવીએ.

માનવજીવનનો મોટો ભાગ લગ્નરૂપી ગ્રહણથી ઘેરાયેલો છે. મોક્ષનો સમય નિશ્ચિત નથી. લગ્નજીવનમાં પ્રવેશ કરતાં દંપતીને મંગલાષ્ટકથી વધાવવામાં આવે છે. કેવું સુંદર! કેવો કાવ્યમય આરંભ!

પણ આવા કાવ્યમય શૃંગારરસથી આરંભાતા લગ્નજીવનને કરુણરસમાં છટકી જતાં વાર નથી લાગતી. શૃંગાર અને કરુણ રસની વચ્ચે રૌદ્રરસ છુપાયેલો છે. જે લગ્નભંગ માટેનું નૈમિત્તિક કારણ બને છે. તો આરંભ કાવ્યમય હોય તો અંત પણ કાવ્યમય હોવો જોઈએ. લગ્નવિચ્છેદ - છૂટાછેડા પણ કાવ્યના રંગે રંગાઈ જાય એવી શુભ ભાવનાથી આ 'લગ્નભંગાષ્ટક' રચવામાં આવેલું છે.

આજ સુધી કોઈ કવિએ આ વિષય ઉપર કાવ્યરચના કરી નથી. શું અનુભવ ટૂંકો પડ્યો હશે? વાત ગળે ઊતરતી નથી. ભલે લગ્નવિચ્છેદ ન કર્યો હોય, કવિએ લગ્ન તો કર્યાં જ હોય. અને એય ન હોય તો પણ જાનમાં તો ગયા જ હોય અને અનુભવથી જ લખવું જોઈએ એવો નિયમ તો છે જ નહીં. અનુભવથી લખાયેલ તો કેવળ હકીકત બનીને અટકી જાય. કલાકૃતિ ન બને અને કલ્પનાનું શું? કલ્પના ચલાવવી એ જ ખરું કાર્ય છે. અનુભવને શબ્દરૂપ આપવું એમાં સિદ્ધિ નથી. અનુભવ વિણ લખવું એમાં સિદ્ધિ છે. વિનાપંખ ઊડવું હો જી.

હવે આપણે લગ્નજીવનનો ત્યાગ કરતાં દંપતીને શુભેચ્છા પાઠવીએ.

લગ્નભંગાષ્ટક

વીત્યો દાયકો એક લગ્નજીવને સંતાન બે સાંપડ્યાં,
'બાળક બે બસ' સૂત્રને સુખી થવા આશાધરી સેવિયું.
વિખુટાં પતિ-પત્ની આજ પડતાં એક્કેક બંને લિયે,
સદ્‌બુદ્ધિ ન સંબંધીની દીધી, ખરે કીધી પ્રભુએ કૃપા.

લાવી પિયરથી દહેજ સઘળો આણું વળાવ્યા સમે,
બાંધ્યું દાંત ભીંસી ફરી ફરી બધું મા-માટલું સાથમાં,
ઝીણી મોટી તમામ વસ્તુ લઈને ચાલી જતી પ્રેમદા,
વૈરાગી વરને કર્યો ક્ષણમહીં કીધી પ્રભુએ કૃપા.

કીધાં કોરટ-કેસનાં, વકીલનાં ખિસ્સાં ભરાયાં નહીં,
ઘરમેળે ઝગડ્યાં-લડ્યાં, ઘરમહીં છૂટાં થવાનું ઠર્યું,
અગ્નિની હતી સાક્ષી લગ્ન સમયે, ક્રોધાગ્નિ જુદા કરે.
છૂટ્યાં 'અગ્નિથી' આજ દંપતી ખરે કીધી પ્રભુએ કૃપા.

કૈકેયી હઠીલી ઘણી પતિ કને ધાર્યું કરાવ્યે રહી,
રાવણ રાજ્ય ગયું સલાહ સતીની કર્ણે ન કો'દિ ધરી,
એવું જોડલું એક આજ વિખૂટું પાડી વિધાતા રહી,
સીતા-રામતણી જુદાઈ મળી એ કીધી પ્રભુએ કૃપા. ❐

અંતર્યામીને એક પ્રશ્ન

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવાના શિષ્ય આપાજીનો નિત્યનો એક કાર્યક્રમ હતો. વહેલી સવારના પોતાના આગમથી છ-સાત કિલોમીટરના અંતરે આવેલ એક અત્યંત નયનરમ્ય સ્થળે ફરવા જવાનો. પહાડો અને ઘેઘૂર વનરાજી વચ્ચે આવેલા આ સ્થળે તેઓ પ્રકૃતિ સાથેના મૌન સંવાદ-સત્સંગમાં ઊંડા ઊતરી જતા. કહોને કે પ્રકૃતિદેવીની બે-ત્રણ કલાક માટે આરતી ઉતારવામાં ધ્યાનમગ્ન થઈ જતા. તેમની એક શ્રદ્ધા હતી - પ્રકૃતિને જો આપણે અંતરથી ચાહી શકીએ તો જીવનના પ્રત્યેક રહસ્યને પ્રકૃતિ ખુલ્લા તડકાની જેમ આપણી આંખો સામે જ ઉઘાડું કરી દે છે! તેનની દૃષ્ટિએ ઈશ્વરને-પ્રકૃતિને પામવા માટેનો ટૂંકામાં ટૂંકો અને સરળમાં સરળ કોઈ રસ્તો હોય તો તે છે તીવ્રતમ સૌંદર્યબોધ!

આજે પ્રકૃતિની બે-એક કલાક સૌંદર્ય-પૂજા કર્યા બાદ આસપાસના વિસ્તારમાં જરા દૂર પથરાયેલી ખેતીવાડી ખાતાના ફાર્મમાં કામ કરતાં માણસોને મળવાનો આપાજીને અનાયાસે જ વિચાર આવી ગયો. થોડી વારમાં તેઓ એ વિસ્તારમાં આવી પહોંચ્યા. દૂરથી તેમણે જોયું તો કેટલાક માણસો પોતાના ક્વાર્ટરની બહારના ભાગમાં ખાટલા ઢાળીને બેઠા હતા, ને પોતાનાં બાળકોને રમાડવામાં વ્યસ્ત થઈ ગયા હતા. તેમની પાસે આવી આપાજીએ દરેકને રામ રામ કર્યા. પ્રત્યુત્તરમાં બધાએ પણ તેમને રામ રામ કરી ખાટલા પર બેસવા વિવેક કર્યો.

આપાજી ખાટલા ઉપર બેસતાં બોલ્યા : 'તમે લોકો કેટલા બધા નસીબદાર છો કે તમને આવી સુંદર જગ્યાની વચ્ચે રહેવા મકાનો મળ્યાં છે!'

એક ભાઈ બોલ્યા : 'અમે નસીબદાર કેવા છીએ એ તો અમારું મન જાણે છે.' ને જરા રહી ભાઈએ આપાજીને પૂછ્યું, 'તમે અહીં રોજ રોજ શું માત્ર ફરવા જ આવો છો?'

'હા, ફરવાની સાથે સાથે અહીં પથરાયેલી પ્રકૃતિનાં દર્શન કરવા આવું છું. સાચું કહું તો આ વિસ્તાર મારા માટે પ્રકૃતિમાતાનું મંદિર જ બની ગયો છે!'

ત્યાં બેઠેલા બીજા કેટલાક ભાઈઓ આશ્ચર્ય વ્યક્ત કરતાં બોલ્યા, 'તમે દર્શન કરવા અહીં આવો છો, જ્યારે અમે મંદિરમાં દર્શન કરવા શહેરમાં જઈએ છીએ! અમને અહીં કશું જ દર્શન કરવા જેવું લાગતું નથી.'

'ભલે તમને અહીં કશું દર્શન કરવા જેવું લાગતું ન હોય, પણ તમે અહીં પ્રકૃતિની વચ્ચે રહો છો એ જ તો તમારા માટે સૌભાગ્યની વાત છે.'

બધા એકીસાથે બોલી ઊઠ્યા, 'અરે ભાઈ, અહીં રહેવામાં તો જેવી કહો તેવી અમારી કઠણાઈ જ બેસી ગઈ છે! બધું જ દૂર દૂર... શહેરમાં આવવા-જવા માટે અમારે કેટલી બધી દોડધામ કરવી પડે છે!'

'પણ તમારા ખાતાએ અહીં તમારાં બાળકો માટે શાળા બનાવી છે, ડિસ્પેન્સરી અને પ્રોવિઝન સ્ટોરની પણ અહીં વ્યવસ્થા છે. પછી શહેરમાં રોજ રોજ જવાની તમારે શી જરૂર?' આપાજીએ પૂછ્યું.

'હા, એ સાચું. પણ શહેરમાં ન જઈએ તો અમે ગાંડા જ થઈ જઈએ! અહીંનો એકાંતવાસ તો અમારા માટે જેલની સજા જેવો જ બની ગયો છે!' કેટલાકે હૈયાવરાળ કાઢી.

'જેલની સાચી સજા તો પ્રકૃતિથી દૂર રહેવામાં છે. અહીં તમને કેવો ચોખ્ખો પ્રકાશ, કેવો ચોખ્ખો વાયુ, ને પીવા માટે કેવું ચોખ્ખું પાણી મળે છે, એનો તમે લોકોએ ક્યારેય વિચાર કર્યો છે ખરો?'

'એમાં વળી વિચાર શું કરવાનો હોય? ચોખ્ખાં હવાપાણીને થોડાં બટકાં ભરાય?' ખાટલા ઉપરથી ઊભા થતાં બે ભાઈઓ બોલી ઊઠ્યા.

ખાટલા ઉપરથી ઝડપથી ઊભા થઈ જતાં આપાજીને થયું, જાણે ડાઘિયા કૂતરાઓએ તેમના આખા શરીરમાં બટકાં કેમ ન ભરી લીધાં હોય!

આશ્રમ તરફ આગળ વધતાં આપાજીના ચિત્તમાં અત્યારે એક પ્રશ્ન સતત ઘૂંટાઈ રહ્યો હતો - હે પ્રભુ! માણસના અંતરમાં અંતર્યામી બનીને તું જ બેઠો છે, છતાં માણસ આટલો બધો વેદનજડ, લાગણીશૂન્ય અને વામણો કેમ બની ગયો હશે?

જાણીતા માણસની અજાણી વાતો

કરસનદાસ લુહાર

આ એ સમયનો પ્રસંગ છે, જ્યારે દેશબંધુ ચિત્તરંજનદાસ બંગાળી ભાષામાં 'નારાયણ' નામનું માસિક ચલાવતા હતા. પોતે જ તંત્રી, સંપાદક અને માલિક. 'નારાયણ'માં પ્રકટ થતું સાહિત્ય આમસમાજનાં રસ, રુચિને સંવર્ધિત કરે તેવું હતું. તેથી ટૂંક સમયમાં જ એ ઠીક ઠીક લોકપ્રિય થઈ ચૂક્યું હતું. છતાં વેચાણ કે ગ્રાહકસંખ્યા જોઈએ તેટલા પ્રમાણમાં ન હતાં. પરિણામે આર્થિક રીતે 'નારાયણ' બહુ નબળું હતું. પરંતુ દેશબંધુનું એ તરફ ખાસ ધ્યાન ન હતું. ઉત્તમ સાહિત્ય પ્રકટ કરવું, લોકો સામે મૂકવું એ જ એમનું ધ્યેય.

ત્યારે શરદબાબુની કોઈ વાર્તા 'નારાયણ'માં પ્રકટ થઈ ન હતી. ચિત્તરંજનદાસ માનતા હતા કે આવા મહાન લેખકને યોગ્ય પુરસ્કાર આપી શકાય તો જ તેમની કૃતિ પ્રકટ કરવી.

એક દિવસ ટપાલમાં શરદબાબુની 'સ્વામી' નામે વાર્તા મળી. વગર મંગાવ્યે આવી હતી. ચિત્તરંજનદાસે વાર્તા સ્વીકૃતિનો તુરત જ પત્ર લખ્યો, સાથે પોતાની સહીવાળો કોરો ચેક જોડ્યો. પત્રમાં લખ્યું હતું, 'એક મહાન સર્જકની કૃતિ હૈયે ધારણ કરવાનું લાંબા સમયે 'નારાયણ'નું સદ્ભાગ્ય સાંપડ્યું છે. 'નારાયણ' અને મારા માટે આ ગૌરવની ઘટના જ કહી શકાય. આ કૃતિનું મૂલ્ય આંકવાની મારી શક્તિ નથી. પુરસ્કારમાં કોરો ચેક મોકલું છું. આપ ઈચ્છો તેટલી રકમ તેમાં લખી શકો છો..' શરદબાબુએ કોરા ચેકમાં માત્ર એકસો રૂપિયાની રકમ લખી હતી.

ઇન્ડિયા લૉજ

પ્રવીણ પંડ્યા

[*પાત્રો :* ૧. મોહનબાપા, ૨. નાનાભાઈ, ૩. સરસ્વતી (સરુ), ૪. આર્ય, ૫. સાહિલ, ૬. જૉય, ૭. ચેતના, ૮. ભીખુકાકા]

(મંચ પર કાટખૂણે લૉજની બહારના હૉલનો સેટ ગોઠવ્યો છે. જેમાં સોફા અને રિસેપ્શન કાઉન્ટર જેવી જગ્યા છે. એક તરફની ખુલ્લી જગ્યા ફળિયા માટે છે, જ્યાં જરૂર પડ્યે તુલસીક્યારો મૂકી ફળિયું બનાવી શકાય અને જરૂર ન હોય ત્યારે એ સ્થળે લૉજના હૉલનો ભાગ બની શકે. પ્રકાશ થાય છે. આર્ય સોફા પર બેસીને સિગારેટ પી રહ્યો છે અને જૉય પ્રવેશે છે.)

આર્ય : કેમ જૉય? તું તો આખી બપોર સૂવાનો હતો ને?

જૉય : આર્ય, આ ઇન્ડિયા લૉજમાં અને ખડુસ સરુબહેનના રાજમાં કોઈ બપોરે ઊંઘી શકે ખરું? ચકલાં અને કબૂતર ક્યાં ઊંઘવા દે છે?

આર્ય : ગઈ દિવાળી પર મને એમ હતું કે સાફ-સૂફીમાં સરુબહેનને ખબર ન પડે એમ બધા રૂમમાંથી ચકલાં અને કબૂતરના માળા હટાવી દઈશું.

જૉય : પણ એમણે તો રંગનારાઓને કડક સૂચના આપી, માળા છે એટલી જગ્યા છોડી દેજો. એક પણ માળો હટ્યો કે ઈંડું ફૂટ્યું તો મજૂરીના પૈસા નહીં દઉં.

(સરસ્વતી અને ભીખુ, સાહિલ નામના મુસ્લિમ યુવાન સાથે પ્રવેશે છે. આ યુવાનની વેશભૂષા બાકીનાથી થોડી અલગ છે.)

સરુ : ભીખુભાઈ, આ સાહિલને આર્યની બાજુવાળો પલંગ આપો.

આર્ય : તમે મને તો પૂછો, સરુબહેન.

સરુ : શું પૂછું?

આર્ય : કે મને એની સાથે ફાવશે કે નહીં?

સરુ : માણસને માણસ સાથે ન ફાવે તે કેવી વાત કહેવાય!

આર્ય : એ રૂમમાં જૉય તો છે જ, ગિટાર વગાડીને મારું માથું પકવે છે. હવે આ બિરાદર આવ્યા, મારી શાંતિનું શું?

સરુ : બીજાની સંગીત જેવી પ્રવૃત્તિથી જો તમારી શાંતિનો ભંગ થતો હોય તો એને શાંતિ ન કહેવાય. ભીખુભાઈ આ નવા છોકરાને ઇન્ડિયા લૉજના નિયમો સમજાવી દેજો.

(સરસ્વતી જાય છે.)

ભીખુ : (સાહિલને) જુઓ ભાઈ, લૉજિંગ-બોર્ડિંગ ચાર્જની તો તમને ખબર હશે?

સાહિલ : માલૂમ છે.

ભીખુ : પણ એ આપવાના હોય છે.

સાહિલ : અહીં સવલત કેવી છે?

ભીખુ : કૉમન.

સાહિલ : ખાવા-પીવાનું?

ભીખુ : મોટે ભાગે તો મળશે જ.

આર્ય : ક્યારેક ઉપવાસ, એકટાણાં પણ થાય.

સાહિલ : હું મુસલમાન છું.

ભીખુ : તો એવું થાય ત્યારે રોજા માની લેજો!

સાહિલ : પણ લૉજમાં એવું કેવી રીતે થાય?

ભીખુ : મોદીનું બિલ લાંબું થઈ ગયું હોય ત્યારે ક્યારેક એ અનાજ કરિયાણું આપવાની ના પણ પાડે.

જૉય : હવે એ ન પૂછતા કે મોદીનું બિલ કેમ લાંબું થાય છે.

ભીખુ : એનું કારણ અહીંનાં રહીશો છે.

જૉય : ભીખુકાકા, શરમાવ છો શું કામ? કહી દો ને કે જૉય અને આર્ય ત્રણ વર્ષથી રહે છે પણ હજુ સુધી ત્રણ મહિનાનાય પૈસા નથી આપ્યા અને આવા તો ઘણાય છે.

સાહિલ : પેલાં બહેન બહુ કડક લાગે છે.

જૉય : સુરુબહેન! નાળિયેર છે નાળિયેર!

ભીખુ : જૉયભાઈ, એને શું કામ વટલાવો છો?

જૉય : ઇન્ડિયા લૉજમાં રહેવાની ટ્રેનિંગ આપું છું.

ભીખુ : આપો ત્યારે (ભીખુ જાય છે.)

આર્ય : જો ભાઈ, આપણે હળીમળીને ભક્તિ ચલાવવાની છે.

સાહિલ : એટલે?

જૉય : શરૂશરૂમાં તું રહેવા-જમવાના પૈસા નહીં આપેને એટલે સરુબહેન ખખડાવશે.

આર્ય : બહાર કાઢી મૂકશે.

જૉય : ભીખુકાકાને રાત્રે પણ તારા માટે બારણું નહીં ખોલવાનો હુકમ આપશે.

સાહિલ : પછી ભીખુકાકા બારણું ખોલશે?

આર્ય : સરુબહેનના હુકમનો ભંગ માત્ર એક જ વ્યક્તિ કરી શકે છે, ખુદ સરુબહેન.

જૉય : રાતે તને બહાર કાઢી મૂક્યા પછી એમને ઊંઘ નહીં આવે, અમે બધા ઊંઘી ગયા છીએ એની ખાતરી કર્યા પછી એ પોતે જ બારણું ખોલી તને અંદર લેશે, જમાડશે, વઢશે, પૈસા આપવા તાકીદ કરશે.

સાહિલ : ઘણી નેકદિલ ઔરત છે, આર્યભાઈ. અહીં નમાજ તો પઢી શકાશે ને?

આર્ય : લૉજના એન્ટ્રન્સમાં એક બોર્ડ છે એ તેં નથી વાંચ્યું? એમાં લખ્યું છે, 'આ મનોરંજન સ્થળમાં કોઈ પણ પ્રકારના ધર્મ કે જાતિના ભેદભાવ નથી રાખવામાં આવતા.' પણ એક વાતનું ધ્યાન રાખજે.

સાહિલ : શેનું?

જૉય : ચકલાંનું!

(પ્રકાશ લૉજના સેટ પરથી લુપ્ત થાય છે, ફળિયાના સેટ પર પ્રકાશ, સરુ ચણ નાખી રહી છે, પંખી ચણી રહ્યાં છે. ધ્વનિ તથા પ્લાસ્ટિક-કપડાનાં પંખી મૂકી દૃશ્ય સર્જી શકાય.)

ભીખુ : (જરા મોટા સ્વરે) સરુબહેન, હવે તો...

સરુ : શીઅઅશ... શાંતિ રાખો, ધીમે બોલો, પંખી ડરી જશે.

ભીખુ : તમારા માટે આ પંખી જ સર્વસ્વ છે?

સરુ : હા, શાંતિથી વધીને કાંઈ જ નથી, શાંતિ વિનાનું તો સ્વર્ગ પણ વ્યર્થ છે, આ પંખીના કલરવમાં મુક્ત-નિર્ભય શાંતિ છે.

ભીખુ : પણ ઇન્ડિયા લૉજની હાલત તો જુઓ!

સરુ : કેમ? ઇન્ડિયા લૉજને શું થયું છે?

ભીખુ : ઇન્ડિયા લૉજની આખી ઇમારત જર્જરિત થઈ ગઈ છે, લૉજની ઈંટેઈંટ અને તમારું રોમે-રોમ દેવામાં ડૂબ્યું છે. એમાં વર્ષોથી પાછો નાનાભાઈ સાથે કોર્ટમાં કજિયો ચાલે છે, એમણે જુદા થયા પછી પણ ભાઈનું નહીં દુશ્મનનું જ કામ કર્યું છે.

સરુ : બાજુમાં રહેતો સગો ભાઈ જ આપણો દુશ્મન હોય એથી રૂડું શું?

ભીખુ : વાતને હસવામાં હળવાશથી ટાળો નહીં, મોહનબાપાએ એમને અડધો ભાગ આપીને ભારે ભૂલ કરી છે!

સરુ : ભૂલ બાપુજીએ નથી કરી, એમને સમજવામાં આપણે કરી છે.

ભીખુ : મને મજિયારો વહેંચાયો એ દિવસ બરાબર યાદ છે.

(પ્રકાશ લુપ્ત થઈ લૉજના સેટ પર હોહાનો ધ્વનિ, સુટમાં નાનાભાઈ આંટા મારી રહ્યા છે. મોહનબાપા શાંતિથી બેઠા છે. એક વકીલ અને ભીખુ પણ ત્યાં છે.)

મોહનબાપા : નાનાલાલ, મારા ભાઈ, ફરી વિચાર કર.

નાનાભાઈ : મેં વિચાર કરી લીધો છે. મોટાભાઈ. વી ડોન્ટ વૉન્ટ ટૂ લીવ વિથ યુ!

મોહનબાપા : જુદા થયા પછી પણ તું અમારાથી જુદો થઈ શકીશ? નાનાલાલ, મારાભાઈ, એવું હોય તો આ ઇન્ડિયા લૉજનો વહીવટ તારા હાથમાં મૂકી દઉં! તું ચલાવ આનો વહીવટ. પણ જુદા થવાનું માંડી વાળ, અરે દુનિયા આખીને ઈર્ષા થાય એટલી સમૃદ્ધિ અને પ્રતિષ્ઠા છે આપણી પાસે, અને ભાગ તો સમૃદ્ધિના પડશે, લાગણીના થોડા પડવાના છે?

નાનાભાઈ : આપણી વચ્ચે લાગણી છે એવા ભ્રમમાં હું અને મારાં સંતાનો નથી રહેવા માગતાં. તમે રોજ રોજના ઝઘડા નથી જોતા? તમારા દીકરાઓ મારી ઔલાદને ધિક્કારે છે, એમને હીન ગણે છે, એમની હાંસી ઉડાવે છે, એમને મારે છે અને તમે લાગણીની વાત કરો છો? સુક્કી નદીની રેતમાં દોડતાં ઝાંઝવાં જેવી છે આ લાગણી!

મોહનબાપા : આ નદીની રેતમાં દોડતાં ઝાંઝવાં ફરી પાણીનો પ્રવાહ બની શકે છે.

નાનાભાઈ : એ નદીનાં તળ મરી ગયાં છે, પ્રવાહની દિશા પલટાઈ ગઈ છે.

ભીખુ : આ બોલતાં તમને શરમેય નથી આવતી?

નાનાભાઈ : ભાગ માગવામાં કે હક માગવામાં શેની શરમ?

ભીખુ : ક્યા ભાગ ને હકની વાત કરો છો, નાનાભાઈ? અને તમે ક્યાં અમારા સગા ભાઈ હતા કે...

મોહનબાપા : ચૂપ થઈ જા, ભીખુ...

નાનાભાઈ : જે તમારામાં અને તમારાં સંતાનોમાં ધરબાયેલું છે તે ભીખુની જીભ પર આવી ગયું. અમે ક્યાં તમારા સગા ભાઈ હતા, ઓરમાન છીએ ઓરમાન, અને તમે આખા કુટુંબમાં ફક્ત અમને જ ઓરમાન ગણ્યા, બાકી બધાંને દૂધમાં સાકરની જેમ ભેળવ્યા પણ અમને? અમને કાંકરા ગણી હંમેશાં દૂર રાખ્યા.

ભીખુ : તમે કાંકરા જ હતા, એટલે જ તો ભાગ માગીને જુદા થવાની વાત કરો છો.

નાનાભાઈ : આ ભાગ મફતમાં કે ખેરાતમાં નથી માગતા, આ ઇન્ડિયા લૉજમાં અમે અમારો ખૂન-પસીનો વહાવ્યો છે, અમારે અમારી રીતે જીવવું છે, મુક્ત થવું છે. કામય માટેના ટંટાફિસાદનો અંત આણવો છે.

ભીખુ : ટંટાફિસાદનો અંત તો યુદ્ધના મેદાનમાં જ આવે.

નાનાભાઈ : અમે એ માટે ય તૈયાર છીએ!

મોહનબાપા : પણ હું તૈયાર નથી. કુરુક્ષેત્ર ફરી શા માટે કરવું? એમાં શું પામ્યા હતા? બન્ને પક્ષે માત્ર ખુવારી જ થઈ હતી, ને જે આપણે બેય જણાએ ખૂનપસીનો વહાવી ઊભું કર્યું છે એને એકમેકનાં લોહીથી શું કામ ખરડાવા દેવું, નાનાભાઈ, હું તને ભાગ આપી જુદો કરવા રાજી છું.

ભીખુ : પણ અમે રાજી નથી મોહનબાપા, તમારે કે મારા દીકરાને આ ફેંસલો મંજૂર નહીં હોય.

મોહનબાપા : મંજૂર તો મનેય નથી ભીખુ, પણ શું કરીશું? મારે લોહી વહેતું નથી જોવું અને કોઈને પરાણે ભેગા ન રાખી શકાય, નાનાલાલ. મજિયારો વહેંચવા હું તૈયાર છું, પણ મજિયારો તો પૈસાટકાનો વહેંચાશે, મજિયારાં હૈયાં, મજિયારી લાગણી, મજિયારાં સ્મરણ અને મજિયારાં સુખ-દુઃખ કેવી રીતે વહેંચીશું?

ભીખુ : બાપુજી, આપણા છોકરાઓ આ નહીં સ્વીકારે!

મોહનબાપા : મને કે કમને, આ સહુએ સ્વીકારવાનું છે, ન્યાય માટે, શાંતિ માટે. વકીલસાહેબ લાવો, હું સહી કરવા તૈયાર છું. (મોહનબાપા સહી કરી કાગળો નાનાભાઈના હાથમાં આપે છે.) ભાઈ નાનાલાલ, જુદા થવાથી તમને શાંતિ વળવાની હોય તો એમ, પ્રેમભાવ રાખજો. મારી શુભેચ્છા તમારી સાથે છે. ભીખુ ચાલ ભાઈ, પંખીને ચણ નાખવાનો સમય થઈ ગયો.

(મોહનબાપા બહારની તરફ જાય છે. નાનાભાઈના ચહેરા પર વિજયની ખુમારી છે. બહારથી બંદૂકના ત્રણ ધડાકા સંભળાય છે. વૃક્ષ પરથી ડરીને ઊડી જતાં પંખીનો ધ્વનિ. પ્રકાશ લુપ્ત થાય છે, ફળિયામાં સરસ્વતી અને ભીખુ ઊભા છે.)

સરુ : એક દીકરાને હાથે જ બાપની હત્યા થઈ.

ભીખુ : હું ય ક્યાં ઇતિહાસ ઉખેળી બેઠો.

સરુ : કેટલાક ઇતિહાસ કાગળ પર નહીં, આપણા મન પર જ લોહી અને આંસુથી લખાતા હોય છે, પણ એમાંથી શીખવાનું હોય છે, અને તે એ કે ઇતિહાસનું ક્યારેય પુનરાવર્તન ન થાય. (ભાવ બદલતાં) ભીખુભાઈ, દિવાળી આવે છે, આખી ઇન્ડિયા લૉજને શણગારજો, રંગરોગાન કરાવજો, હાર્ડવેરવાળા ઠક્કરને કહેજો કે રંગારાઓની મજૂરી રોકડમાં ચૂકવીશું. રંગના પૈસા દિવાળી પછી આપીશું અને રસોઇયાને કહેજો કે હમણાં થોડા દિવસ મિષ્ટાન્ન અચૂક બનાવે, અને હા જ્યારે રંગારા રંગ કરવા આવે ને ત્યારે તમે સાથે રહેજો, જો જો રૂમમાં કબૂતર કે ચકલાંના માળા છે ત્યાંથી ભૂલથી પણ હટાવે નહીં, જો એકેય માળો હટશે કે ઈંડું ફૂટશેને તો એમને મજૂરીના પૈસા નહીં આપું.

ભીખુ : સરુબહેન, આ બધું કોના માટે?

સરુ : ઇન્ડિયા લૉજ માટે, અહીં રહેતા લોકો માટે.

ભીખુ : પણ અહીં રહેતા લોકોને ક્યાં પરવાહ છે આ લૉજની? અરે રસ્તે જતાં માણસો (ખોટા મહે) વાટમાં આવતાં મંદિર-મસ્જિદ કે ચર્ચની સામે માથું નમાવે ને એટલીય દરકાર આ લોકોને ઇન્ડિયા લૉજ માટે નથી.

(પ્રકાશ લુપ્ત થાય છે. લૉજના સેટ પર પ્રકાશ. મંચની વચ્ચે બે મૂંઢા અને ટેબલ પર આર્ય અને સાહિલ ચેસ રમે છે. જૉય જોઈ રહ્યો છે.)

આર્ય : મને એક વિચાર આવે છે.

જૉય : શું વિચાર આવે છે?

આર્ય : આ સરુબહેને લગ્ન કેમ નહીં કર્યાં હોય?

જૉય : (ખડખડાટ હસતાં) આ ખડુસ હિટલર બાઈ સાથે કોણ પરણે?

સાહિલ : એવું નથી યાર, અત્યારે પણ કેટલાં રૂપાળાં લાગે છે? યુવાનીમાં તો ખરેખર સુંદર લાગતાં હશે, પણ વાત સાચી છે, એ કુંવારાં કેમ રહ્યાં હશે?

જૉય : વેરી સિમ્પલ, ચકલાંને કારણે!

સાહિલ : ચકલાં?

જૉય : તો શું, એમને માણસ કરતાંય ચકલાં વહાલાં છે? એમના માટે દાણા તો ઘણાંય લોકોએ નાખ્યાં હશે, પણ સરુબહેને એ દાણાય ચકલાંને નાખી દીધા હશે!

(ચેતના નામની સુંદર યુવતી બૅગ સાથે પ્રવેશે છે.)

ચેતના : એક્સક્યૂઝ મી!

જૉય : યસ.

ચેતના : ઇન્ડિયા લૉજ આ જ કે?

આર્ય : બહાર બોર્ડ ન જોયું?

ચેતના : એ તો રબ થઈ ગયેલું છે ને.

જૉય : એ જ તો નિશાની છે ઇન્ડિયા લૉજની. એક ભૂંસાયેલું પાટિયું, ક્યારેય બંધ ન થઈ શકે એવો ખખડધજ મેનગેટ, ગેટની બહાર ઉકરડો, ત્યાં ઊભેલું ગાયનું ધણ.

ચેતના : અહીં અંદરની વ્યવસ્થા કેવી છે? એટલે કે રહેવા-જમવાની?

આર્ય : અફલાતુન.

જૉય : અને હવે તો એમાંય ચાર ચાંદ લાગી જશે.

ચેતના : રેન્ટ વગેરે...

જૉય : તમારું નામ?

ચેતના : ચેતના વસાવા.

જૉય : મારું નામ જૉય, જૉય ડિકોસ્ટ્રા.

આર્ય : હું આર્ય જોશી છું.

સાહિલ : સાહિલ પઠાણ.

ચેતના : હું પૂછતી હતી કે રેન્ટ...

જૉય : ચેતના, મને મિત્ર જ ગણજો, ખાનગીમાં એક વાત કહું તો અહીં જો તમને આવડેને તો મફત પણ રહી શકાય છે.

ચેતના : મારે એવી જરૂર નહીં પડે.

આર્ય : કેમ? કોઈ ઉદ્યોગપતિ કે રાજકારણીનાં દીકરી છો કે પછી એન.આર.આઈ.?

ચેતના : ના, પણ મને ખાતરી છે કે મને નોકરી મળી જશે, કમ્પ્યૂટર એન્જિનીઅરિંગમાં ફર્સ્ટ ક્લાસ છે.

આર્ય : તો શું થયું, હું કેમિકલ એન્જિનીઅર છું, આ જૉય ઈન્ફર્મેશન ટેક્નોલૉજીમાં ફર્સ્ટ ક્લાસ છે, સાહિલે ઓટો-મોબાઈલ્સમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

ચેતના : ઈટ મીન્સ અહીં બધા લિટ્રેટ લોકો રહે છે.

આર્ય : અને બેકાર પણ.

સાહિલ : બધા સ્ટ્રગલર્સ અહીં એકઠા થયા છે.

જૉય : બધા સ્ટ્રગલર્સ આરામથી રહી શકે એવી એક જ જગ્યા...

આર્ય : ઇન્ડિયા લૉજ, આજે જ પધારો.

સાહિલ : કશું ચૂકવવાની ચિંતા ન કરશો, ઇન્ડિયા લૉજ.

જૉય : તમને ક્યારેય એવું નહીં પુછાય કે તમે ઇન્ડિયા લૉજને શું આપો છો?

આર્ય : કંઈ આપ્યા વિના ઘણું બધું પામી શકાય એવું વિશ્વનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ, ઇન્ડિયા લૉજ, ડિંગ ડોંગ!

ચેતના : જાહેરાત ગમી!

જૉય : જાહેરાતમાં સત્ય કશું નથી હોતું, પણ આમાં છે. બાઇ ધ વે તમને સફેદ કપડાંનો શોખ છે?

ચેતના : હા, મને સફેદ કપડાં ગમે છે, કેમ?
આર્ય : ગમે તેટલું ધ્યાન રાખો તો પણ અહીં ડાઘ પડી જાય છે.
જૉય : અને અમે એ ડાઘને પછી ડિઝાઈન ગણવા લાગીએ છીએ, એમાં પરાણે બીજા ડાઘ ઉમેરીને નવી ભાત બનાવી લઈએ છીએ, ઈટ ઈઝ જસ્ટ અ વે ઑફ લીવિંગ!
ચેતના : પણ એ ડાઘ શેનાથી પડે છે?
આર્ય : એ પૂછો કે શેનાથી નથી પડતા?
જૉય : ખાસ તો ચકલાં અને કબૂતરથી સંભાળવા જેવું છે! ઇન્ડિયા લૉજની એ ખતરનાક બાબત છે.
ચેતના : પંખી ખતરનાક કેવી રીતે હોઈ શકે? એમાંય ચકલાં, અને કબૂતર! એ તો શાંતિનાં દૂત કહેવાય!
આર્ય : (ભાર દઈને) અહીં શાંતિનાય ડાઘ પડે છે!
જૉય : તમને સફેદ કપડાંનો શૉખ છે ને?
ચેતના : શ્યોર.
જૉય : ક્રમશઃ એ પીળાં થઈ જશે.
ચેતના : એ કેવી રીતે?
સાહિલ : ચકલાં-કબૂતરની ચરકથી.
ચેતના : માઇ ગૉડ!
આર્ય : અહીં ઇન્ડિયા લૉજમાં ગૉડ-ભગવાન-ખૂદા જે કાંઈ ગણો તે ચકલાં અને કબૂતર છે, ઇન્ડિયા લૉજનાં માલિકણ સરુબહેન માટે એ જ સર્વસ્વ છે.
ભીખુ : (પ્રવેશ) તો તમે આવી ગયાં? આ બધાંનો પરિચય...
ચેતના : કરી લીધો, સારા માણસો છે.
જૉય : ચેતના, તમે ક્યાંનાં?
ચેતના : હું પંચમહાલની છું. અમે ભીલ છીએ.
ભીખુ : ચાલો તમારો રૂમ બતાવી દઉં.
ચેતના : બાઇ, બાઇ.
(જાય છે.)
જૉય : બાઇ, બાઇ, બાઇ, બાઇ, કેટલું સરસ નામ છે, ચેતના વસાવા.
આર્ય : ભાઈ જૉયશંકર!
જૉય : મારા નામ સાથે શંકર શું કામ લગાડે છે?
આર્ય : આ ભીલકન્યાને જોઈને તું શંકર જેવો થયો છું ને એટલે!
જૉય : તને એવું કાંઈ નથી થતું?
આર્ય : મારી સગાઈ ત્રણ વરસથી થઈ ગઈ છે. નોકરી મળે એટલે લગ્ન. પણ તું આ ભીલકન્યા જોઈ ખરેખર શંકર થયો છું, જૉયશંકર.
(જૉય મારવા દોડે છે. આર્ય અને જૉય દોડાદોડી કરે છે, સરુબહેન આવે છે.)
સરુ : કેમ દોડાદોડી કરો છો?
જૉય : એમ જ, મારે જરા શરીર ઘટાડવું છે ને એટલે!
સરુ : એમ! તો રસોઇયાને કહી દઉં કે આજથી તારા માટે એક જ વખતનું જમવાનું બનાવે.
જૉય : એવું ન કરશો બહેન, મને ભૂખ્યા રહેવાથી ચક્કર આવે છે.
સરુ : કામ મળ્યું?
સાહિલ : લાયક કામ ક્યાં મળે છે?
સરુ : કામ ક્યારેય નાલાયક નથી હોતું. આપણે કામને લાયક બનાવવાનું હોય છે. તમે લોકો આમ ક્યાં સુધી ફર્યા કરશો? અને હું પણ ક્યાં સુધી તમને રાખી શકીશ? જે કામ મળે તે કરો. મહેનત-મજૂરી કરો, પરસેવો પાડો, તમને ત્રણે-ત્રણ જણને કહું છું. આ મહિનામાં કામ શોધી લેજો, નહિતર અહીંથી ચાલ્યા જજો.
આર્ય : તમે જાણો છો સરુબહેન, આ સડેલી સિસ્ટમમાં...
સરુ : સડેલી સિસ્ટમ! ક્યાં નથી કહોને? તો શું કરશો તમે? હાથ પર હાથ રાખીને બેઠા રહેશો તો તમે પણ સડી જશો, હતાશ થવાથી કામ નથી ચાલવાનું! અઘરા દાખલા ગણતાં શીખો, જ્યાં પ્રયત્ન કરીને કીડી કણ મેળવી લે છે અને હાથી મણ, અરે પંખી પણ પોતાનાં દાણા-પાણી શોધી કાઢે છે જ્યારે તમે તો માણસ છો માણસ!
(સરુ જાય છે. ત્રણ જણ ઊભા છે. પ્રકાશ લુપ્ત થાય છે. પ્રકાશ ફળિયા પર, ખુરશી પર. આર્ય સ્થિર બેઠો છે. જૉય એની પાસે ઊભો છે.)
જૉય : આર્ય, શું થયું એ તો બોલ, યાર, આમ આટલો સ્થિર ન બેસ, ક્યાંક ચકલાં તારા પર માળો બાંધવાનું શરૂ કરી દેશે.
ચેતના : (હાથમાં સાડી સાથે પ્રવેશે છે.) તો તમે અહીં છો?
જૉય : તમે શોધતાં હતાં?
ચેતના : ઍક્ચ્યુલી એવું છે કે મારે સાડી ડ્રાય ક્લીનિંગમાં આપવાની છે.
જૉય : કેમ? હું ધોબી જેવો લાગું છું?
ચેતના : સૉરી. મારો કહેવાનો મતલબ...
જૉય : મતલબ ગમે તે હોય તમે વાત કરોને.
ચેતના : ઍક્ચ્યુલી આજે એવું થયું કે આ સફેદ સાડી પલંગ પર હતી.
જૉય : પલંગનાં પણ નસીબ છે ને!
ચેતના : યુ નો કે દરેકે દરેક રૂમમાં ચકલીના માળા છે!
જૉય : સમજી ગયો, એટલે કે ચકલાંઓએ આ મહાન સાડીને અપવિત્ર કરી. બદમતીઝ ચકલાં.
ચેતના : ચકલાંને બદમતીઝ ન કહો, સરુબહેન સાંભળી જશે તો...
જૉય : તમારી અને મારી વાતમાં સરુબહેનને શું કામ લાવો છો, તો આ સાડીને ડ્રાઇ ક્લીનિંગ કરાવવાની એમ જ ને,
ચેતના : હા, ડે આફ્ટર ટુમૉરો મારે એક ઈન્ટર્વ્યૂ છે અને આ સફેદ સાડી મારે એ દિવસે પહેરવાની છે.

જૉય : આ વખતે જરૂર તમને નોકરી મળી જશે.

ચેતના : તો તો તમારા મોઢામાં ઘી-સાકર.

જૉય : એ તો તમને જોતાં જ આવી જાય છે.

ચેતના : એમ!

(બન્ને એકબીજાંને જોતાં ઊભાં છે. કબૂતરના ઘૂટરઘૂનો ધ્વનિ. સાહિલ દોડતો આવે છે. જૉય અને આર્યના નામની બૂમો પાડતો. હાથમાં એક પાર્સલ પણ છે.)

સાહિલ : જૉય, આર્ય. (આર્ય સ્થિર બેઠો છે.)

જૉય : શું વાત છે?

સાહિલ : એક ખુશખબર છે દોસ્ત, મારા નિકાહ તય થયા છે, આજે અમ્મીનો ગામથી કાગળ આવ્યો છે, અને જો આ પાર્સલ.

જૉય : પાર્સલમાં તારી થનારી બેગમ મોકલી છે?

સાહિલ : ના, બેગમે પાર્સલ મોકલ્યું છે, એ હમણાં એની ફુફી સાથે હજ કરવા ગયેલી, ત્યાંથી મારા માટે મક્કાની ઘડિયાળ મોકલાવી છે.

જૉય : એટલે તું આ મક્કાની ઘડિયાળ આપણા રૂમમાં લગાડીશ.

ચેતના : શું ફરક પડે છે, ઘડિયાળ મક્કાની, વેટિકનની કે કાશીની હોય, ટાઈમ તો ઇન્ડિયાનો જ બતાવશેને.

સાહિલ : આર્ય ચૂપચાપ કેમ બેઠો છે? એ ય તે સાંભળ્યું નહીં, મારા નિકાહ તય થયા છે, જો તારે પણ આવવું પડશે હોં, આર્ય. જૉય, તું જ પૂછ કે શું થયું છે?

જૉય : આર્ય શું વાત છે? ક્યારનો ગુમસુમ કેમ છે?

આર્ય : બપોરે ગામથી બાનો ફોન હતો.

જૉય : એમની તબિયત તો સારી છે ને!

આર્ય : હા.

ચેતના : આર્યભાઈ, શું વાત છે?

આર્ય : બાએ ફોન પર કહ્યું, મારી સગાઈ સામેવાળાએ તોડી નાખી છે. ક્યાં સુધી રાહ જુએ? ત્રણ વર્ષથી સગાઈ થઈ હતી, નોકરીની વાટ જોવામાં ને જોવામાં, ઠીક થયું. ચાલ્યા કરે. સાહિલ, કૉન્ગ્રેચ્યુલેશન્સ, હું તારી શાદીમાં જરૂર આવીશ. બૅન્ડવાજાં સાથે નાચીશ, તમારામાં નાચવાનો રિવાજ ખરોને?

જૉય : અરે યાર, લગ્નપ્રસંગે ગાવા-વગાડવાનો અને નાચવાનો રિવાજ દરેક ધર્મમાં હોય જ છે.

આર્ય : અને શોકના પ્રસંગે રડવાનો. કેવી ગજબની સમાનતા નહીં!

(સરુ અને ભીખુનો પ્રવેશ)

સરુ : તો બધા અહીં ભેગા થયા છો?

જૉય : હા સરુબહેન, બે સમાચાર છે, એક આનંદના અને એક દુઃખના. આ સાહિલના નિકાહ તય થયા છે.

સરુ : સરસ.

ચેતના : અને આર્યની સગાઈ તૂટી છે.

સરુ : દુઃખની વાત છે, એટલે અહીં સુખ અને દુઃખ બેઉ સાથે છે, આર્ય, સાહિલ, જીવનની આ જ વાસ્તવિકતા છે. આપણે સૌએ એને સ્વીકારવાની હોય છે. આપણે ક્યારેક એકબીજાંનાં દુઃખમાં હિસ્સેદારી કરવાની હોય છે તો ક્યારેક એકબીજાંનાં સુખમાં સામેલ થવાનું હોય છે. સાહિલ અભિનંદન, બોલ આજે શું ખાઈશ?

સાહિલ : આર્ય કહે તે.

સરુ : સાહિલે ફીસ્ટ તારા પર છોડી છે, બોલ શું ખાઈશ?

આર્ય : સેવૈયા અને બિરયાની.

સાહિલ : (આર્યને) થૅંક્યુ, દોસ્ત.

આર્ય : પણ એ વેજ હોવાં જોઈએ.

સરુ : જાવ રસોઇયાને કહો, અને એને જે જરૂર હોય તે લાવી આપજો. જાવ છોકરાઓ મજા કરો.

(સરુ અને ભીખુ રહે છે, અને બાકી બધાં જાય છે.)

ભીખુ : આજે કોર્ટમાં શું થયું?

સરુ : મુદત પડી.

ભીખુ : નાનાકાકા પોતાનો ભાગ લઈ જુદા થયા, પણ હવે એમની નજર ઇન્ડિયા લૉજ પર છે. એ ઇન્ડિયા લૉજ છીનવવા માગે છે.

સરુ : એમની પાસે છે એ સાચવે તો ય ઘણું છે.

ભીખુ : ભ્રમમાં ન રહેશો, સરુબહેન. એ પીઠ પાછળ ઘા કરશે.

સરુ : પીઠ પાછળ ઘા ખાઈને મરવાની પરંપરા તો નાનાકાકાને ત્યાં છે, આપણે ત્યાં તો સામી છાતીના ઘા ઝીલીને વીરગતિ પામી અમર થવાની પ્રણાલી છે.

ભીખુ : આ કેસ આપણે હારી તો નહીં જઈએ ને?

સરુ : ભીખુભાઈ, સત્યની ક્યારેક પીછેહઠ જરૂર થાય છે, પણ એનો પરાજય નથી થતો. બહારની કોઈ તાકાતથી હું ડરવાની નથી, હારવાની નથી કે મરવાની નથી.

(દૃઢ નિર્ધારભર્યા સરુબહેનના ચહેરા સાથે પ્રકાશ લુપ્ત થાય છે અને પ્રકાશ લૉજના સેટ પર આર્ય બેઠો છે, બહારથી ચેતના અને જૉય આવે છે. ચેતના અંદર જાય છે, જૉય આર્ય પાસે બેસે છે.)

આર્ય : શું જૉયશંકર!

જૉય : પ્લીઝ, મજાક નહીં કર યાર, મૂડ ખરાબ છે.

આર્ય : કેમ, ચેતનાને નોકરી ના મળી?

જૉય : થાય છે કે આખી સિસ્ટમને તોડીફોડીને ફેંકી દઉં. આ છોકરી, પંચમહાલના જંગલમાંથી આવી છે, ફર્સ્ટ ક્લાસ છે, તેને પણ નોકરી-ન મળી!

આર્ય : સંસ્થાવાળાના ભાઈ-ભાણેજ માટે રીઝર્વ સીટ હશે!

જૉય : હા, ઈન્ટર્વ્યૂ કમિટીમાં બેઠેલો એક જણ એવું બોલ્યો કે તમને તો એસ.સી.ના રીઝર્વ કોટામાં મળી જશે!

સાહિલ : (ગુસ્સામાં અંદરથી આવે છે.) હવે તો હદ થાય છે યાર, આ ચકલાંઓને હું મારી નાખીશ.

જૉય : શું થયું સાહિલ?

સાહિલ : (ઘડિયાળના કટકા સાથે આવે છે.) સાલાઓએ મક્કાની પવિત્ર ઘડિયાળ પર માળો બાંધેલો, તો ય હું ચૂપ રહ્યો. સવારે ચકલાંઓ લડ્યાં અને ઘડિયાળ જમીન પર ધડામ દઈને પાડી, ટુકડે ટુકડા કરી નાખ્યા. જુઓ, મારા માટે એ ઘડિયાળ મારો

પ્રેમ પણ હતો અને એતબાર પણ.

ચેતના : વૉટ હૅપન્ડ, ગાયસ! માઈ ગૉડ, તમારી પવિત્ર ઘડિયાળ.

જૉય : ચકલાંઓએ તોડી કાઢી.

આર્ય : ત્રાસ છે ઇંન્ડિયા લૉજમાં ચકલાંઓનો.

જૉય : પેલી ખડુસ પાછી કહે છે કે પંખીનો શાંતિભર્યો કલરવ ઇંન્ડિયા લૉજનો પ્રાણ છે.

આર્ય : શકોરું પ્રાણ છે!

ચેતના : આ ચકલાંઓનું કંઈક કરવું જોઈએ.

જૉય : કાયમની ઝંઝટ કાઢવી જ પડશે.

સાહિલ : બધા રૂમમાંથી માળા હટાવી દેવા જોઈએ.

આર્ય : પણ સરુબહેન.

જૉય : એ કોર્ટમાં ગયાં છે.

સાહિલ : તો આજે આપણે ચકલાંઓનો ફેંસલો કરી દઈએ.

ચેતના : યસ.

સાહિલ : જાવ, એક તગારામાં બધા માળા કાઢીને લઈ આવો. (બધા જાય છે.) આટલો વખત સહન કર્યું, સાલાં સફેદ કપડાં ચકલાંઓની ચરકથી પીળાં થઈ ગયાં અને આજે પાછી ઘડિયાળ (હાથમાં બાક્સ રમાડે છે, જૉય, ચેતના અને આર્ય તગારામાં માળા લઈ આવે છે.) આર્ય કિચનમાંથી ઘાસલેટ લઈ આવ.

જૉય : માળા તો એમ ને એમ બળે.

સાહિલ : પણ ઘાસલેટથી સાવ બળીને ભસ્મ થઈ જાય. જા આર્ય, ઘાસલેટ લઈ આવ. (આર્ય જાય છે.)

ચેતના : વૉટ આર યુ ગોઈંગ ટુ ડૂ?

સાહિલ : ભડકો!

આર્ય : (ઘાસલેટનો ડબ્બો તગારામાં રેડતાં) સવાર બપોર સાંજે ચીં ચીં કરીને ઊંઘ હરામ કરી નાખી છે.

સાહિલ : (દિવાસળી મૂકતાં) આજે ફેંસલો થઈ જશે!

(ચારે તરફથી પંખીના ભયંકર કલરવ. તગારામાં માળા ભડભડ બળે છે, એના પ્રકાશમાં ચારે જણાં ઊભાં છે, સરુ અને ભીખુ આવે છે.)

સરુ : આ આ, તમે શું કર્યું?

સાહિલ : દરેકે દરેક રૂમમાંથી ચકલાંના માળા કાઢીને બાળી નાખ્યા.

સરુ : તમે ચલકાના માળા બાળ્યા! મણમાંથી કણ ખાતા હતા એ ચકલાંના માળા બાળ્યા! (સાહિલને થપ્પડ મારે છે) આટલા માટે મેં તને અહીં રાખ્યો હતો? (જૉયને મારે છે) તારી દરેકે દરેક બદમાશી મેં હસવામાં કાઢી એનો બદલો તેં મને આ આપ્યો? (આર્યને મારે છે) અને તું આર્ય! મૂંગાં પંખેરુંના માળા બાળતાં તારો જીવ કેમ ચાલ્યો? (ચેતનાને પકડે છે) અને તું ચેતના, પંચમહાલના વનમાં ઊછરેલી વનકન્યા ભૂલી ગઈ કે માળામાં ચકલાંનાં બચ્ચાં ય હોય. તમને રોષ શેનો છે? નોકરી નથી એનો? અંધકારમય ભવિષ્ય છે એનો? પેટમાં ભૂખ છે એનો? તમારાં સપનાંને ભાંગીને ભુક્કો કરી નાખે એવી આ સિસ્ટમનો? તો એની સામે લડોને! એમાં વીરતા છે. ભૂલી ગયાં તમે વીરતા અને ક્રૂરતાનો ભેદ!

ભીખુ : સરુબહેન!

સરુ : તમને યાદ છે ભીખુભાઈ, યાદ છે તમને, મેં તમને શું કહ્યું હતું. બહારની કોઈ તાકાતથી હું ડરવાની નથી, હારવાની નથી, મરવાની નથી, પણ આ લોકોએ મને જીવતેજીવ મારી નાખી.

(પ્રકાશ લૉજના સેટ પરથી દૂર થાય છે. ફળિયામાં સેટ પર પ્રકાશ. એક આરામખુરશી ત્યાં પડી છે. સરુબહેન ચણ નાખી રહ્યાં છે. કરુણ સંગીત, પંખી નથી આવતાં, ભીખુકાકા પાછળ આવીને ઊભા છે.)

ભીખુ : ક્યાં સુધી આમ ચણ નાખ્યાં કરશો?

સરુ : પંખી પાછાં ન આવે ત્યાં સુધી, અને એ પણ કેટલાં જીદ્દી છે. જુઓ, ત્યાં દૂર દૂર ઊડી રહ્યાં છે, જાણે એમણે પાછાં આવવાનો નિર્ધાર ન કર્યો હોય! ઇંન્ડિયા લૉજની દિશામાં ફરકતાં પણ નથી, જોતાં પણ નથી, એમના ન હોવાથી કેટલી અશાંતિ છે, કેટલો ઉકળાટ છે! સન્નાટો જાણે મનને દઝાડે છે.

ભીખુ : કોર્ટમાં મુદત છે, જવું નથી?

સરુ : કેવી રીતે જાઉં, ભીખુભાઈ? શું મોઢું લઈને જાઉં? આજ સુધી હું ન્યાય માટે કોર્ટમાં નાનાભાઈ સામે લડતી હતી, થાક નહોતો લાગતો. મનમાં નિરાશા ફરકતીય નહોતી, પણ આજે જાણે પચાસ-સાઠ વર્ષનો થાક એકસામટો મારા પગની પિંડીઓમાં ભરાઈ આવ્યો છે. મનમાં ઝળહળતા સૂર્યને જાણે ગ્રહણ લાગ્યું છે. ન્યાય માટે લડતી હતી પણ આજે જાણે જાત સામે જ અપરાધી બનીને ઊભી છું.

ભીખુ : જો તમે આમ હિંમત હારી જશો તો આ ઇંન્ડિયા લૉજનું શું થશે? અને તમને આમ હારેલાં જોઈ નાનાભાઈનું ઝનૂન બમણું થઈ જશે. તમે આ ઇંન્ડિયા લૉજને મોહનબાપાની જેમ જ ચલાવવાની જવાબાદારી માથે લીધી છે. તમારો આત્મવિશ્વાસ આમ તૂટી જશે તો ....

સરુ : ભીખુભાઈ, આત્મવિશ્વાસ તૂટે તો ફરી જોડી શકાય, પણ શ્રદ્ધા તૂટે તો? એ પાછી નથી જોડી શકાતી, ઇંન્ડિયા લૉજની સીડી કે પ્રવેશમાંનો લાઈટનો ગોળો ઊડી ગયો હોય તો બદલી શકાય, પણ મનમાં જ અંધારું થયું હોય તો શું કરવું? ભીખુભાઈ, મેં વકીલ સાથે વાત કરી છે. તમે કોર્ટમાં જાવ.

ભીખુ : સારું! પણ તમે...

સરુ : હું અહીં જ બેઠી છું, થાક લાગ્યો છે ને, આરામ કરીશ.

(ભીખુકાકા જાય છે, સરુ ફરી ચણ નાખે છે. જૉય, સાહિલ, આર્ય અને ચેતના આવે છે. પાછળ ઊભાં રહે છે. સરુ એમની સામે એમ જુએ જાણે જોતી જ ન હોય. 'હે રામ' ઉચ્ચાર સાથે આરામખુરશીમાં બેસે છે, સ્થિર થાય છે.)

આર્ય : સરુબહેન, સરુબહેન, અમને વઢો, મારો, કાઢી મૂકો અહીંથી.

જૉય : પણ અમારી સાથે વાત કરો.

સાહિલ : બચપનમાં અમ્મી એકાદ-બે કલાક મારી સાથે ન બોલે ને તો પણ મારું દિલ તૂટી જતું, અને તમે તો, તમે તો જ્યારથી અમારા હાથે પંખીના માળા બળ્યા છે ત્યારથી ચૂપ છો. તમારી ચૂપકીદી મારાથી સહન નથી થતી. સરુબહેન, હું તમારો

ગુનેગાર છું જ. તમે મને ઈન્ડિયા લૉજના સાયામાં રાખ્યો, મને રોટી આપી, આ બધાની સાથે મળીને જીવવાની તહેઝીબ શીખવી. એક નવો સબક શીખવવા કોશિશ કરી, જે મને બહેતર ઈન્સાન બનાવે, ગલતી મારાથી જ થઈ છે. ભલેને એ ઘડિયાળ મક્કાના પવિત્ર આરસ પથ્થરની હતી, ભલેને એની સાથે મારા વતન, પ્યાર અને મજહબની યાદો જોડાઈ હતી, પણ એના તૂટવાના બદલામાં પંખીના માળા બાળવા એ તો હેવાનિયત જ કહેવાય. પથ્થર તૂટવાની અવેજીમાં પંખી મારવાનાં! મને માફ કરો સરુબહેન, મારી સાથે વાત કરો, મારી અમ્મી રુઠી હોય એમ ન રુઠો.

આર્ય : મારી હતાશા જ મારા ગુસ્સામાં પરિણમી હતી. સરુબહેન, હું તો એ જ સંસ્કૃતિમાં જન્મ્યો છું જ્યાં દરેક ઘરમાં ફળિયું હોય છે. ફળિયામાં પંખીને પાણી પીવા માટેની ઠીબ બંધાતી હોય છે. ચારે તરફ ચણ નંખાતાં હોય છે. સવાર પડતાં જ ફળિયામાં પંખી દાણા ચણવા આવે અને એમના પગનાં એવાં નિશાન ફળિયાની ભીની માટીમાં પડે જાણે આકાશના તારા! દરેકે દરેક ગામમાં બીજું કાંઈ હોય કે ન હોય પણ ચબૂતરા હોય. માણસો ત્યાં જઈને ચણ નાખે અને એ જ પુણ્ય ગણાય. હું બેકારીના દુઃખ સામે કાચો પડ્યો, સડેલી સિસ્ટમ સામે ચાણક્યની જેમ લડી ન શક્યો અને એનો ગુસ્સો ઉતાર્યો પંખી પર, માળા બાળ્યા. સરુબહેન, હું માત્ર તમારો કે ઈન્ડિયા લૉજનો જ નહીં, પણ આ સંસ્કૃતિનોય અપરાધી છું.

જૉય : પ્લીઝ, સરુબહેન, હું કન્ફેસ કરું છું કે મેં તમને ક્યારેય સીરિયસલી લીધાં જ નથી. હું મૉડર્ન છું એવું માનતો હતો, મારે મન તમારા આચાર-વિચાર હસવાની બાબત હતા અને હું બહુ ફ્રૅન્કલી કહું ને તો મને એમ હતું કે હું બધાંથી કાંઈક અલગ છું. હું માનતો હતો કે આઈ એમ સમથિંગ, પણ જાણ્યે-અજાણ્યે મેં પણ એ જ કર્યું જે આ બધાંએ કર્યું. ચકલાં માટે છૂપી રીતે હસવામાં પણ મેં માળા બાળવાના ઈમોશનને ક્રિએટ તો કર્યું જ છે.

ચેતના : મને ખબર છે સરુબહેન, તમને સહુથી વધારે ગુસ્સો તો મારા પર જ આવ્યો હશે. અને ચોક્કસ આવવો જ જોઈએ. કારણ કે તમે મને આર્ય, સાહિલ અને જૉય કરતાં જુદી ગણી છે. સદાય મને મહત્ત્વ આપ્યું છે, પંચમહાલના જંગલમાંથી આવી છું ને એટલે. મને યાદ છે સરુબહેન, તમે મારાં રહેવા-જમવાની અને સગવડની એટલી બધી ચિંતા કરી છે કે આ ત્રણેયને ઈર્ષા થાય, અને આર્ય તો એ બાબતથી ખૂબ ચિડાતો. ક્યારેક વ્યંગ પણ કરતો કે આ ઈન્ડિયા લૉજમાં સરુબહેન સહુથી વધુ મહત્ત્વ ચેતના વસાવાને જ આપે છે. મારી અનેક પેઢીઓની પીડાને તમે જાણે વગર કહ્યે જાણતાં હતાં. પણ હું તમારી ભાવના ન પામી શકી. તમારે મન જે સર્વસ્વ હતું તે બાળવામાં હું પણ ભાગીદાર બની, મને માફ કરો સરુબહેન, કશુંક તો બોલો, બોલો સરુબહેન.

(એ ખુરશીમાં સરુને ઢંઢોળે છે અને સરુનું માથું બાજુ પર ઢળી પડે છે. કરુણ સંગીત. હાથમાં કાગળો સાથે ભીખુકાકા પ્રવેશે છે)

ચેતના : જુઓને ભીખુકાકા, સરુબહેન બોલતાં જ નથી.

આર્ય : તમે બોલાવોને, કદાચ બોલશે.

જૉય : એ તમારી વાત નહીં ટાળે.

સાહિલ : તમે તો એમને બચપણથી જાણો છો.

ભીખુ : હવે એ તમામ ઓળખાણ-પિછાણ છોડીને ચાલ્યાં ગયાં છે. છોકરાવ! અને રહી પણ કેવી રીતે શકતે, જેમ પેલાં પંખી ગયાં એમ સરુબહેન પણ ગયાં. મને તો કોર્ટમાં વકીલે આ કાગળ આપ્યા ત્યારે જ આશંકા થયેલી. ધ્રાસકો પડેલો.

આર્ય : શેના છે આ કાગળ?

ભીખુ : વિલ છે સરુબહેનનું. પંખીના માળા બળ્યા એના બીજા દિવસે જ એમણે આ વિલ કરાવડાવ્યું હતું અને વકીલને કહ્યું હતું કે આ વિલ ભીખુકાકાને આપજો. એમણે આ ઈન્ડિયા લૉજ તમારા ચારેયના નામે કરી છે.

સાહિલ : અમારા નામે?

ચેતના : શું અમે એ માટે લાયક છીએ?

આર્ય : શું એમને અમારા પર ભરોસો હતો?

જૉય : એમણે અમને રિસ્પોન્સિબલ માન્યાં?

ભીખુ : હા, અને અંતિમ પૅરૅગ્રાફમાં લખ્યું છે, જે આ પ્રમાણે છે : (વિલ વાંચે છે) મને ખબર છે કે ઈન્ડિયા લૉજના ઢાંચામાં અને એનાં નીતિ-નિયમોમાં અનેક પ્રકારનાં પરિવર્તનની જરૂર છે. પરિવર્તન એ પ્રકૃતિ અને માનવસમાજનો પ્રાણ છે, જે બદલાતું નથી તે જડ છે. આ ઈન્ડિયા લૉજના વારસદારો, આર્ય જોશી, સાહિલ પઠાણ, જૉય ડિકોસ્ટા, ચેતના વસાવા આ લૉજના માળખામાં આમૂલ પરિવર્તન કરવા-કરાવવા માટે મુક્ત છે. પણ બે કલમો બદલતાં પહેલાં એમણે આત્મમંથન કરવું, કલમ નંબર એક, લૉજના મુખ્ય ખંડમાં રહેલું પાટિયું જૂનું થાય તો બદલવું પણ એમાંનું લખાણ શબ્દસહ યથાવત્ રાખવું જે આ પ્રમાણે છે : મનોરંજન સ્થળમાં ધર્મ કે જાતિના કોઈ પણ પ્રકારના ભેદભાવ રાખવામાં આવતા નથી. કલમ નંબર બે, કોઈ પણ સ્થળેથી પંખીના માળા હટાવવા કે તોડવા કે બાળવા નહીં. આજથી આ બે કલમનો જે ભંગ કરશે તે ઈન્ડિયા લૉજનો રહીશ કે વાલી-વારસ ગણાશે નહીં. (વાચન પૂર્ણ કરી ચારેય તરફ કાગળો લંબાવી.) લ્યો, સંભાળો વારસો.

સાહિલ : અને નાનાકાકા સાથેના કોર્ટના કેસનું શું?

આર્ય : હવે એ આપણે લડવાનો છે.

સાહિલ : સરુબહેન હંમેશાં કહેતાં, સત્યની પીછેહઠ થઈ શકે છે, પરાજય નહીં.

ચેતના : માળા બળાયા તે પીછેહઠ છે, પરાજય નહીં.

(ચારે તરફથી પંખીનો કલરવ થાય છે. બધાં સરુબહેનની આરામ ખુરશી પાસે ઊભાં છે, પડદો પડે છે.) ❐

કથાકુંજ

ચાર દરવાજા

અમૃતલાલ વેગડ

એક વિદ્વાન પણ ગરીબ બ્રાહ્મણ હતો. ભિક્ષાટન કરતાં એક રાજાના મહેલે જઈ પહોંચ્યો. મહેલને ફરતો ગઢ હતો ને ચાર દિશામાં ચાર દરવાજા હતા. બ્રાહ્મણ પહેલે દરવાજે પહોંચ્યો. ત્યાં દરવાનોની ચોકી હતી. બ્રાહ્મણે અંદર જવાની રજા માગી. દરવાનોએ કહ્યું કે અંદર જઈ શકો છો, પણ એક શરતે. અહીં અમારી જોડે એક વારાંગના છે. તમે જો એની સાથે એક રાત રહો તો અંદર જવા મળે. બ્રાહ્મણે કહ્યું, 'હું બ્રાહ્મણ. મારાથી એ ન બની શકે. અંદર જવા ન મળે તો કંઈ નહીં.'

એમ કહીને ત્યાંથી બીજે દરવાજે પહોંચ્યો. ત્યાં પણ એણે અંદર જવા દેવા માટે કહ્યું. દરવાનોએ કહ્યું, 'અમારી એક શરત છે. અમારી જોડે શરાબ ગટગટાવો ને પછી સુખેથી અંદર જાઓ.'

બ્રાહ્મણે કહ્યું, 'મારાથી શરાબ ન પીવાય. અંદર ન જઈ શકું તો કાંઈ નહીં.'

ત્યાંથી એ ત્રીજે દરવાજે ગયો. ત્યાંના દરવાનોએ કહ્યું, 'મહારાજ, પહેલાં અમારી જોડે માંસ ભક્ષણ કરો, પછી અંદર જાઓ.'

બ્રાહ્મણે કહ્યું, 'હું માંસ ખાઉં? આવું અધરમ મારાથી ન થાય.'

ત્યાંથી એ ચોથે દરવાજે પહોંચ્યો. ત્યાંના દરવાનોએ કહ્યું, 'અમારી શરત સાવ નજીવી છે. અમારી જોડે જુગાર રમો ને પછી અંદર જાઓ.'

બ્રાહ્મણે વિચાર્યું કે આ છેલ્લો દરવાજો છે. જો અહીં પ્રવેશ નહીં મળે તો ખાલી હાથે પાછું ફરવું પડશે અને જુગાર રમવામાં ખાસ કાંઈ ખોટુંયે નથી. બે'ક બાજી રમીને ચાલતો થઈશ. અહીં કોણ જોવાનું હતું?

બ્રાહ્મણ જુગાર રમવા તૈયાર થયો. પહેલા દાવથી જ એના પાસા સવળા પડવા લાગ્યા. એ જીતતો જ ગયો. રમતમાં એની પાસે એટલું બધું ધન આવી ગયું કે હવે રાજા પાસે જવાની જરૂર જ ન રહી.

પરંતુ એને કકડીને ભૂખ લાગી હતી. એને બાજુનો દરવાજો યાદ આવ્યો જ્યાં માંસ મળતું હતું. એવી તો વિકરાળ ભૂખ લાગી હતી કે એનાથી થોભાય એમ નહોતું. એ ત્યાં ગયો ને પેટ ભરીને મસાલેદાર માંસ જમ્યો. માંસને હજમ કરવા શરાબની જરૂર જણાઈ. એને શરાબવાળો દરવાજો યાદ આવ્યો. ત્યાં જઈને એણે શરાબના જામ ચડાવ્યા.

હવે એને પહેલા દરવાજાની વારાંગના યાદ આવી. ત્યાં જવાની ઇચ્છાને એ કેમે કરીને રોકી શક્યો નહીં. એ અડધો હોંશમાં ને અડધો બેહોશીની હાલતમાં ત્યાં જઈ ચડ્યો. વારાંગનાએ મીઠું હસીને એનું સ્વાગત કર્યું ને પોતાને હાથે વધુ શરાબ પીવડાવ્યો. બ્રાહ્મણ જ્યારે પૂરેપૂરો હોશ ગુમાવી બેઠો ત્યારે વારાંગનાએ એનું ખૂન કરીને એનું બધું ધન લઈ લીધું.

લ ફોન્તેનની બોધકથા

અનુ. સાંકળચંદ પટેલ

શિયાળ અને હંસનાં બચ્ચાં

એક વૃક્ષ પર હંસનાં બચ્ચાં રહેતાં હતાં. વૃક્ષ કિલ્લાની જેમ એમનું રક્ષણ કરતું હતું.



દગાબાજ શિયાળે વૃક્ષની ચારે બાજુ ચક્કર મારીને જોઈ લીધું. વૃક્ષની ઉપર હંસનાં બચ્ચાં જાગતાં હતાં અને ચોકી-પહેરો ભરી રહ્યાં હતાં.

આથી ચિડાઈને શિયાળે કહ્યું, 'શું આ તુચ્છ બચ્ચાં મારી હાંસી ઉડાવશે! મારો જે કાનૂન બધાંને માટે છે, એમાંથી કેવળ આ પામરો જ બચી જશે? ના! ઈશ્વરના સોગંદ, એ નહિ બચે!'

શિયાળે જેવું કહ્યું હતું તેવું જ કરી બતાવ્યું.

ચાંદની રાત હતી. ચંદ્રનો પ્રકાશ શિયાળને માટે હાનિકારક સિદ્ધ થયો અને હંસનાં બચ્ચાંને માટે લાભકારક રહ્યો. હુમલો કરીને પોતાનું કામ કરી લેવું એ શિયાળને માટે મુશ્કેલ કામ નહોતું, પરંતુ તેણે ચાલાકીથી કામ લેવાનું વિચાર્યું.

શિયાળે પહેલાં તો જાણે તે હમણાં જ વૃક્ષ ઉપર ચડી જશે એવો દેખાવ કર્યો. પછી જાણે તે મરી ગઈ છે એ રીતે પગ લાંબા કરીને સૂઈ ગઈ. વળી પાછી થોડીક વારે ઊભી થઈને ટહેલવા લાગી.

ઈટાલી દેશના પ્રસિદ્ધ હાસ્ય-કલાકાર આર્લેકેંએ પણ આટલા વેશ તો બદલ્યા નહિ હોય.

વળી, તે પોતાની પૂંછડી ઊંચી કરીને ચંદ્રના પ્રકાશમાં આલોકિત કરવા લાગી. આ રીતે તેણે એકલાખ ઢોંગ કર્યા.

એ દરમિયાન હંસનું એક પણ બચ્ચું ઊંઘ્યું નહોતું. દુશ્મન શિયાળ હજુ સુધી તેમને જરા પણ હાનિ પહોંચાડી શક્યું ન હતું. પરંતુ તે સતત લાગ શોધી રહ્યું હતું. તેની નજર તો બચ્ચાં પર જ ચોંટેલી રહેતી હતી.

હંસનાં બચ્ચાં પણ પલકારો ય માર્યા વગર શિયાળ તરફ જ જોઈ રહ્યાં હતાં.

આમ લાગલગાટ તાકી રહેવાથી બિચારાં હંસનાં બચ્ચાંની આંખો થાકી ગઈ અને અંતે તે મીંચાવા લાગી. તેઓ વારાફરતી નીચે પડવા લાગ્યાં. શિયાળ બધાંને ઉપાડીને લઈ ગયું.

આપણે જે ખતરાથી ખૂબ જ સાવધ રહીએ છીએ, મોટે ભાગે તો એ જ ખતરો આપણો શિકાર કરી જતો હોય છે.

દેવદૂતિકા

ડૉ. કેશુભાઈ દેસાઈ

શિયાળાની એક સવારે ઘરબહાર એક બાળક ઊભો હતો. 'કંઈક ખાવાનું, પહેરવા-ઓઢવાનું આપો. બહુ ભૂખ લાગી છે. ટાઢમાં ઠરું છું.' એના ડાબા પગના અંગૂઠેથી લોહી વહેતું હતું. જૂનો ઘા, સોજો, પરુ... મેલું-ઘેલું શરીર, ગૂંચાયેલા વાળ, કપડાં ફાટેલાં અને એવી જ ફાટેલી ત્વચા...

એણે ગરમ ચા પીધી. ભૂખ સંતોષી. ઊભા પગે બેઠેલો એ એવી તો ઉતાવળથી કોળિયા ભરતો હતો કે...

— ક્યાં રહે છે?

— પેલી બાજુ, રોડ બાજુના છાપરામાં. બાપા નથી. મા મજૂરી કરે છે દૂર ગામડે...

મારાથી પૂછી શકાયું નહીં કે, તું ભણવા જાય છે?

એક સાંજે 'ચ-૩'થી સેક્ટર-૨ તરફના રસ્તે ચાલતાં ચાલતાં—

'તે તું ભૂલી કેમ ગયેલો?'

'દોસ્તારો લખોટી રમતા'તા તે હું ય...'

પ્રજ્ઞા પટેલ હોય તો... તો એ જરૂર પૂછે અને એક પ્રેમાળ નજરથી એને ભરી દે. એની પાસે છે એવી કરુણાર્દ્ર નજર આપણી પાસે ન ય હોય. એથી સંવેદન ઝીલવાની તીવ્રતામાં એ આગળ નીકળી જાય. એણે લખેલા પ્રસંગો પરથી હૃદયદ્રાવક વાર્તા લખવી હોય તો લખી કાઢીએ. વાંચનાર ઘડી-બે-ઘડી હચમચી ઊઠે. કદાચ વાર્તાસ્પર્ધામાં મોકલાવી હોય તો પહેલું-બીજું ઇનામ પણ લઈ આવે. પણ એથી પેલા ઓશિયાળા, અનાથ બાળકને શો ફાયદો?

પ્રજ્ઞાએ આવો સવાલ ક્યારેય કર્યો નથી. એમ તો એ પોતે પણ વાર્તાકાર જ છે ને! એને ગુજરાત સરકારના માહિતી ખાતામાં સેવાઓ આપતી સર્જનાત્મક સંપાદિકા તરીકે બહોળી ઓળખ સાંપડેલી છે. ખાતામાં પણ એ માનભર્યું સ્થાન ધરાવે છે. પણ એની બહુમુખી પ્રતિભા છતાં એક જ શબ્દમાં એનું ચિત્ર ઉપસાવવું હોય તો અંગ્રેજીમાં જેને 'અનઍસ્સ્યુમિંગ પર્સનાલિટી' કહે છે - અદ્દલ એ પ્રકારનું કાઠું એ ધરાવે છે.

પ્રજ્ઞા આ. પટેલ ઉત્તર ગુજરાતની ખેતરાઉ ધરતીનું સંતાન. વર્ષો પૂર્વે સિદ્ધપુરમાં પહેલવહેલી જોયેલી ત્યારે એ હજી એસ. એસ.સી.ની વિદ્યાર્થિની હતી. આત્મારામભાઈ રેલવેની નોકરી કરતા કરતા સાહિત્યના વગડામાં ભૂલા પડી ગયા હતા. રામપ્રસાદ જાની ત્યારે સિદ્ધપુરની અભિનવ હાઈ સ્કૂલના આચાર્ય. બેઉ સાહિત્યરસિકોએ સિદ્ધપુર માથે કરેલું. એમણે શરૂ કરેલું સાહિત્યવર્તુળ હજી લગી જીવે છે. 'આત્મારામભાઈ, અત્યારથી બિચારી છોકરીને 'લખ-વા'ના રવાડે ના ચડાવી દેતા! કૅરિયર બગાડી બેસશો!'

—મન તો થઈ ગયેલું વણમાગી સલાહ આપી દેવાનું. પણ પછી એની પ્રવૃત્તિઓ વિશે હુંશીલા પિતાએ જે ઉમળકો દાખવ્યો, એ જોઈ કશું કહ્યું નહીં. છોકરી એ ઉંમરે 'સૂરજ પકડવા'નું નાટક લખી બેઠેલી. આત્મારામ સાહિત્યના જીવ. વતનના ગામ લાટપલ્લી (લાડોલ)ની નવમાતૃકાઓની મૂર્તિઓ બતાવતાં ભાવવિભોર થઈ જતા હોય ત્યાં પંડની જણીની પાંખો કાતરવાનું પાપ વહોરે ખરા?

અને પ્રજ્ઞા ખરેખર સાહિત્યકાર પિતાની અધૂરી કલ્પનાઓ સાકાર કરવા કુંવારી રહી! પરણી હોત તો આટલી બધી પ્રવૃત્તિઓ થોડી કરી શકત? એણે એનું આખેઆખું અસ્તિત્વ પિતૃમય બનાવી દીધું. મધ્ય વયે વિદાય થઈ ગયેલા શબ્દસાધક પિતાને એણે પંડમાં સ્થાપી દીધા. કોઈ પણ દીકરી ભાગ્યે જ કરી શકે એવું ભવ્ય પિતૃતર્પણ આ છોકરીએ એકલે હાથે કરી બતાવ્યું. દિવંગત પિતાના સ્નેહી-શુભેચ્છકોની પાસેથી લેખો મંગાવીને એક બેનમૂન શ્રદ્ધાંજલી-સંકલન રજૂ કર્યું : 'સ્મૃતિબંધ'.

પણ એકલી અક્ષરાંજલિથી એનું મન ન વળ્યું. પિતાને એ હજી વધુ અર્થપૂર્ણ શ્રદ્ધાંજલિ આપવા માગતી હતી. એણે હરતાં-ફરતાં જે વેદના-સંવેદના અનુભવી, એની ફળશ્રુતિ તે 'આત્મન ફાઉન્ડેશન'. પ્રજ્ઞાનું એકમેવ જીવનસ્વપ્ન. જેમને રૂંવે રૂંવે ધારણ કરીને શ્વાસે શ્વાસે સંભારતી રહી છે એવા પ્રેરણાપુરુષનું જીવંત સ્મારક. એની પોતીકી સરજત. જાણે પિતૃતર્પણની વારતાનું જ મૂર્ત રૂપ.

પાટીદાર મહિલાઓ, એમાંય ખાસ ઉત્તર ગુજરાતની હજી એટલી બધી 'આગળ' નથી આવી ગઈ. છેક ગઈ કાલ લગી પાટીદાર શાહુકારોનો મલાજો પાળીને પ્રાકૃત શૈલીની સીધી-સાદી જિંદગી વીતાવનાર 'લોક'ની ઓળખ ધરાવતી પ્રજા હતી. એકાએક એનું છાનું કૌવત જાગ્યું અને એ છવાઈ ગઈ. છતાં એમાં પ્રજ્ઞાઓ તો આંગળીના વેઢે ય ન પહોંચે એટલી જ હશે. જે હશે એય કોઈના પડછાયામાં પાંગરી હશે.

આ પ્રજ્ઞા, અલબત્ત, દિવંગત પિતાના નામનો શ્રદ્ધાદીપ લઈને ચાલી રહી છે; પણ એ માત્ર શ્રદ્ધા અને સંસ્કારના જ બળે છે. આમ જુઓ તો સાવ એકલી. અને છતાં એની દુનિયા કેવડી મોટી!

છોકરાં એને જોઈને ગાંડાં થઈ જાય છે. રવીન્દ્રનાથ ટાગોરની વ્યાખ્યા એણે ગાંઠે બાંધી છે : 'પ્રત્યેક બાળક એવો સંદેશો લઈને આવે છે કે ભગવાને હજી માણસને વિશે આશા ગુમાવી નથી...' પરણવાની વય એ વટાવી ચૂકી છે. એ કવયિત્રી છે, વાર્તાકાર છે. પરંતુ કોરી કલમવટ કરતાં ભીનું ભીનું જીવન એને વધારે અર્થપૂર્ણ લાગે છે. એટલેસ્તો એ દર રવિવારે સેક્ટર-

૧૩નાં એ અભાવગ્રસ્ત ભૂલકાં વચ્ચે પહોંચી જાય છે. એના જ શબ્દોમાં : 'આખા અઠવાડિયાનો થાક ઊતરતો લાગે. આવનારા સપ્તાહ માટેનું ભાથું બંધાય. ગરીબ, નિર્દોષ, ભોળાભોળા માસૂમ ચહેરા રાહ જોતા હોય, (જોતાં વેંત) ઘેરી વળે. એમની સાથે ગોઠડી માંડીએ. થોડી ભણવાની વાતો, સ્વચ્છતાની, સંસ્કારની, શિસ્તની, થોડી આનંદની... ઘર-પરિવારની.

એક આત્મીયતા બંધાઈ છે દોઢ વર્ષે. એક સંબંધ - નામ વિનાનો, નિઃસ્વાર્થ અને તદ્દન નર્યોનીતર્યો. દિન-પ્રતિદિન પ્રગતિનાં શિખરો સર કરતા આધુનિક દુનિયાથી સાવ અજાણ એવાં એ અભાવગ્રસ્ત બાળકો. આંખોમાં નર્યું ભોળપણ અને વિસ્મય. હવે તો કહે છે : અમારે કાંકરિયું જોવું છે. અમદાવાદ લઈ જાઓને... અમારે આ જોવું છે... તે જોવું છે... એમને ફૂટતી નવી પાંખો જોવી ગમે.'

પ્રજ્ઞાને જોઈ એ બધાં હડી કાઢીને વીંટળાઈ વળે છે. પેલા સાન્તાક્લૉઝને વીંટળાઈ વળતાં બાળુડાંની જેમ સ્તો. એનું નામ પણ કેવું સરસ પાડ્યું છે : 'ટીચર!' એમને ભણાવે તો છે જ ને? ને ક્યારેક ફરવા પણ લઈ જાય છે. દિવાળીટાણે નવાંનકોર કપડાં લઈ આપે છે. સ્વેટર લાવી દે છે. મોજાં પહેરાવે છે. ટૂથપેસ્ટ, બ્રશ અને કાંસકી આપે છે. ઇન્દ્રોડા પાર્ક જોવા લઈ જાય છે. જાદુ બતાવે છે. નોટબુક-પેન્સિલ અને પાઠ્યપુસ્તકો વહેંચે છે.

પછી એ વસુંધરાનાં વહાલાંદવલાં રવિવારની રાહ જુએ એમાં શી નવાઈ? કારણ કે દરેક રવિવાર એમના માટે તો કોઈ નવો જ અસબાબ લઈને ઊગે છે. 'ટીચર' એ બધાંને જીવથીય વહાલી છે.

—મમ્મી નથી લેતી એટલી કાળજી એ અજાણી મૅડમ લે છે. બધાંની સાથે હળી-ભળી જાય છે. બધાંની વચમાં બેસી પડે છે. હસે છે, રમે છે. તેર સેક્ટરની ઝૂંપડપટ્ટીનાં બાળકો માટે તો એમની 'ટીચર' આકાશપરી છે - દેવદૂતિકા છે. પછી એને ભાનુભાઈ, સુધાબહેન કે કનુભાઈ જેવા મદદગારો મળી રહે એમાં શું આશ્ચર્ય?

પ્રજ્ઞાની પ્રવૃત્તિ એકલાં બાળકો પૂરતી સીમિત નથી. એમ તો દુષ્કાળગ્રસ્ત સાબરકાંઠા અને બનાસકાંઠામાં જઈને એ પંદરસો જોડ સ્લીપર, ગૉળચણાનાં પૅકેટ અને અનાજ-કપડાં-સુખડી પણ ક્યાં નહોતી વહેંચી આવી! એ તો કરુણાની દેવી છે. પણ એનામાં છુપાયેલી પ્રચ્છન્ન મા પેલાં મેલાંઘેલાં, અધભૂખ્યાં શિશુઓને જોઈને દ્રવી ઊઠે છે. એટલે જાણ્યે-અજાણ્યે એનું જીવનકાર્ય તો એ દીનહીન, લાચાર ફૂલ-છોડ ઉછેરવાનું જ બની રહેશે. જરા એની મંશા તો જુઓ : 'થઈ શકે તો આટલું કરવું, - સંકલ્પપૂર્વક : ગરીબ બાળકો માટેનું તેમનું પોતાનું એક ઘર બનાવવું જ્યાં રહી તેઓ સારી રીતે ભણી શકે, સારા સંસ્કાર મેળવી શકે. યુવક-યુવતીઓ માટે વૈચારિક જાગૃતિ, સાંસ્કૃતિક, સાહિત્યિક સેવા લક્ષી શિબિરોનું આયોજન કરવું. યુવાનોને સેવા પ્રવૃત્તિમાં પ્રેરવા. વડીલો-વૃદ્ધજનો માટે કંઈક કરવું, જમીન-જગ્યા મળે તો, અભાવગ્રસ્ત જનોને ભાવ-પ્રેમ મળે, જીવનની ચેતનવંતી દિશાઓ પ્રકટે એવા એક ઘરનું નિર્માણ કરવું.'

—પ્રજ્ઞા આત્મારામ પટેલના આ સંકલ્પને પડછે મને અઢી દાયકા અગાઉની એની સૂરજ પકડવાની ઘેલછા દષ્ટિગોચર થાય છે. ❐

બોધકથા

એક ટંકશાળના સિક્કા

મૂ.લે. સંત અમિતાભ, અનુ. રમેશ શાહ

એક અલ્લડ યુવક હતો. એક વાર તે બોધિસત્ત્વની કુટિરમાં જઈ ચડ્યો. પહેલાં તો એ ખડખડાટ ખૂબ હસ્યો, પછી પગ પર પગ ચડાવી બેસી ગયો. એણે વિચાર્યું, મારો આ અભદ્ર વ્યવહાર સંતને ખૂંચશે અને મને ઠપકો આપશે.

સંતની ભાવ-ભંગિમા પર કાંઈ જ અસર ન થઈ! સંત તો શાંત હતા. આખરે યુવકથી ન રહેવાયું. એ બોલી ઊઠ્યો : મહાત્માજી હું આપને કેવો લાગું છું?

બોધિસત્ત્વ : આપણે સૌ એક ટંકશાળના સિક્કા છીએ - એક સરખા! તારામાં અને મારામાં કાંઈ જ ફરક નથી. પછી કેવો લાગું છું - એ વિચાર જ કેમ આવે?

યુવક : મેં આપને પ્રણામ કર્યા નહીં, હું ઉદ્ધત ન લાગ્યો?

બોધિસત્ત્વ : પ્રણામ કરવા કે ન કરવા એ તો વ્યક્તિની સ્વતંત્રતા છે. મને પ્રણામ ન કર્યા એટલે તું ઉદ્ધત કહેવાય તો પછી મેં પણ તને પ્રણામ નથી કર્યાં, હું પણ ઉદ્ધત ઠર્યો! ના, મને એવું કાંઈ લાગતું નથી.

યુવક : પગ પર પગ ચડાવી હું બેસી ગયો. આપને એમાં અશિષ્ટતા ન દેખાઈ?

બોધિસત્ત્વ : વ્યક્તિ પોતાની સુવિધા મુજબ ચાહે તેમ બેસી શકે, એમાં અશિષ્ટતા ક્યાં? આવા પ્રશ્નોની ઉલઝનમાં હું ક્યારેય અટવાતો નથી.

આવા સમાધાનથી યુવકની કાયા-પલટ થઈ. એને થયું : મને તો બધા ઉદ્ધત કહે છે. આ સંત તો મને એના જેવો જ માને છે. આ જ ખરા સંત. એના જીવનમાં અને એની વાણીમાં જાદુ છે.

યુવક સંતનાં ચરણે પડ્યો અને એમના સાન્નિધ્યમાં રહીને એ પણ સંત બન્યો.

પર્યાવરણ-૨

(સ્વૈચ્છિક સંસ્થાઓ - ગ્રીનક્રૉસ સોસાયટી)

પ્રો. આર.વાય.ગુપ્તે

પર્યાવરણ અને તેને લગતી સમસ્યાઓનું નિરાકરણ કરવા અનેક સંસ્થાઓ સ્થપાઈ છે. યુનાઈટેડ નૅશન્સના આશ્રયે, 'યુનાઈટેડ નૅશન્સ કૉન્ફરન્સ ઑન ધી હ્યુમન એન્વાયરનમેન્ટ' (સ્ટોકહોમ પરિષદ), 'યુનાઈટેડ નૅશન્સ ડેવલપમેન્ટ ફંડ ફૉર વિમેન', 'યુનાઈટેડ નૅશન્સ એન્વાયરનમેન્ટ પ્રોગ્રામ', 'યુનેસ્કો', 'યુનાઈટેડ નૅશન્સ રિવોલ્વિંગ ફંડ ફૉર નૅચરલ રીસોર્સિસ એક્સ્પ્લોરેશન', 'ઈકોનોમિક ઍન્ડ સોશ્યલ કાઉન્સિલ ઑફ યુનાઈટેડ નૅશન્સ' વગેરે અનેક સંસ્થાકીય પ્રવૃત્તિઓ હાથ ધરાય છે. મોટા ડેમ કે અન્ય વિકાસનાં કાર્યો હાથમાં લેતાં પહેલાં પ્રકલ્પને કારણે પર્યાવરણને બાધ આવે તેમ નથી એવું સર્ટિફિકેટ યુનોને સંબંધિત સંસ્થાને રજૂ કરવું પડે છે. આને 'પર્યાવરણીય અસરોનો ક્યાસ' કહે છે. આવા રિપોર્ટ પર્યાવરણની જાળવણી માટે જરૂરી છે, પરંતુ કમભાગ્યે આવી સંસ્થાઓએ વિકાસશીલ રાષ્ટ્રોના વિકાસને રૂંધવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. ઉદાહરણ તરીકે વર્લ્ડ બૅન્ક અને નર્મદાયોજના.

આપણે ત્યાં પર્યાવરણ બચાવવા નોંધપાત્ર અહિંસક ચળવળ ચલાવવામાં આવી હોય તો તે 'ચિપકો ચળવળ' ૧૯૭૦માં સુંદરલાલ બહુગુણા દ્વારા સંચાલિત આ ચળવળનું પરિણામ એ આવ્યું કે જંગલનાં લીલાં વૃક્ષો કાપવા ઉપર મનાઈ ફરમાવવામાં આવી. વનસંપત્તિ માનવી સમાજે અને વન્ય-પ્રાણીઓની જીવાદોરી સમ મૂળભૂત સંપત્તિ છે તેવું આ ચળવળને કારણે માન્ય રખાયું. પર્યાવરણની સુધારણા માટે 'ચિપકો' જેવી ચળવળોને દેશમાં માન્યતા મળવા માંડી છે. ડુંગરો અને વનવગડા જે વૃક્ષહીન થઈ રહ્યાં છે તેના બચાવ માટે તેમજ તેના પુનર્ઘટન માટે ઘણી બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ મોખરે આવી રહી છે. માનનીય મોહન ધારિયા (પ્લાનિંગ કમિશનના માજી ઉપાધ્યક્ષ - ભારત સરકાર)ની નિશ્રામાં ચાલતી 'વનરાઈ' સંસ્થા ડુંગરોને પુનઃ હરિત કરવાની કામગીરીમાં સેવા આપે છે. સ્વ. ડૉ. મણિભાઈ દેસાઈ સ્થાપિત 'બાઈફ' સંસ્થા પર્યાવરણને પુનઃસ્થાપિત કરવાની કામગીરી કરે છે. આ બન્ને સંસ્થાઓનું સંચાલન પૂનાથી થાય છે. આ ઉપરાંત પર્યાવરણમાં વિવિધ પાસાંઓને વિકસાવવા માટે બિનસરકારી સંગઠનો કાર્યરત છે. આમાંની મોટા ભાગની સંસ્થાઓ વ્યાપારી ધોરણે કામ કરે છે. વિવિધ સ્થળે પ્રવાસી કેન્દ્રો કે વૉટર પાર્ક જેવાં મનોરંજન-સ્થળો ગુજરાત અને અન્ય સ્થળોએ ઊભાં થયાં છે. આવાં સ્થળોમાં બાગ-બગીચા અને વનરાજી જે રીતે તૈયાર કરવામાં આવે છે તે પર્યાવરણના વિકાસની દિશામાં સકારાત્મક પગલું ગણી શકાય. ટૂરિસ્ટ - આવકમાંથી આવાં કેન્દ્રો નભે છે. પડતર કે કોતરોની જગ્યા નવસાધ્ય કરી સુંદર ઉપવનમાં પરિણમે એ આવકારદાયક છે. આવા પ્રયોગો ઠેરઠેર થાય તે ઈચ્છનીય છે, પરંતુ તેવા સંજોગોમાં ધંધાકીય હરીફાઈને કારણે આર્થિક રીતે કેટલું પોષક બને તે વિચારવા જેવું છે. વળી, આવાં ધંધાદારી કેન્દ્રો નૈસર્ગિક પર્યાવરણની પુનર્ઘટના માટે કેટલે અંશે મદદરૂપ છે તે પણ સમજવું જરૂરી છે.

નૈસર્ગિક પર્યાવરણની પુનર્ઘટના માટે પરિસ્થિતિકીય નિવસન તંત્રની પુનઃસ્થાપના મુખ્ય મુદ્દો છે. પર્વતીય પ્રદેશો, ખીણો, વગેરેને પુનઃ હરિત કરવાનું પ્રયોજન માત્ર ઝાડ-પાન ઉગાડવાં જેટલું સાદું નથી. ડુંગરાળ પ્રદેશમાં વિશિષ્ટ પ્રકારે વ્યાપક અને ઘનિષ્ઠ કૃષિવનીકરણ કાર્યક્રમ પાર પાડવામાં આવે તો જ હવામાન, ભૂગર્ભીય જળસંચય, જમીન-ધોવાણનું નિયંત્રણ, ગ્રામ માનવ-સમાજો અને વન્યપ્રાણી-પંખીનું સંરક્ષણ વગેરે લક્ષ્યાંકો હાંસલ કરી શકાય.

ગ્રીનક્રૉસ સોસાયટીએ ગુજરાતમાં જે શિબિરોનું આયોજન કરી જનજાગૃતિનું કાર્ય કરે છે તે (આ સોસાયટી કે નૅચર-ક્લબ) ગુજરાતને પુનઃ હરિયાળું બનાવવા વિવિધ સ્તરે સેવા આપી રહી છે. કૃષિ વન, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, કીટકશાસ્ત્ર, મેડિકલ-સાયન્સીસ, વિહગશાસ્ત્ર વગેરેના તજ્જ્ઞો આ બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાનું સંચાલન કરે છે. ગુજરાતમાં તારંગા હિલ્સ અગર જેસોરના ડુંગરોમાં મોટા પાયે કામગીરી હાથ ધરવાની યોજના ઘડી રહ્યું છે. અરવલ્લી અને તારંગાની ડુંગરમાળા જેટલી વહેલી હરિયાળી બને તેટલું વહેલું ગુજરાતનું 'પર્યાવરણને પુનઃ સમૃદ્ધ કરવાનું' સ્વપ્ન સાકાર બનશે. શિક્ષણ-ક્ષેત્રમાં તજ્જ્ઞો આ સ્વપ્ન સાકાર કરવા આવશ્યક તરીકે નવો ૩-ડી શિક્ષણ અભ્યાસક્રમ પણ ઘડી રહ્યા છે. પર્યાવરણ માટેનો મૅનેજમેન્ટ પ્રોગ્રામ પણ ઘડાઈ રહ્યો છે. (ક્રમશઃ)

ગ્રાહકોને સૂચના

મનિઑર્ડરથી લવાજમ મોકલનાર ગ્રાહકોએ મનિઑર્ડર ફૉર્મની નીચેની સ્લિપમાં પોતાના ગ્રાહક અંગેની પૂરી વિગત, નામ, પૂરું સરનામું, રકમ વગેરે અચૂક લખવી.

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

મેથ્યૂ આર્નલ્ડ (ચાલુ)

આર્નલ્ડ એના સાંસ્કૃતિક વિષયક લેખોમાં કે સાહિત્ય વિવેચનના લેખોમાં કે કવિતામાં પણ હંમેશાં જીવન વિવેચક રહ્યો છે. એનાં સાહિત્યિક વિવેચનોમાં 'ઑન ટ્રાન્સલેટિંગ હોમર' (૧૮૬૧), 'એસેઝ ઈન ક્રિટિસિઝમ' (પ્રથમ શ્રેણી ૧૮૩૫, બીજી ૧૮૮૮, ત્રીજી ૧૯૧૦) વગેરે પુસ્તકોમાં એના સાહિત્ય વિષેના અભિપ્રાયો સહજ રીતે સંસ્કૃતિ અને ધર્મવિષયક મંતવ્યો સાથે સંકળાયેલા છે. એ પોતાનું મંતવ્ય રજૂ કરતાં કહે છે કે જો કવિતા ધર્મનો મહત્ત્વનો અંશ હોય અને જો કવિતા વિના આપણું વિજ્ઞાન પણ અપૂર્ણ લાગવાનું હોય અને આપણે જેને ધર્મ, તત્ત્વજ્ઞાન તરીકે સમજી લઈએ છીએ તે બધાંને સ્થાને કવિતાનું મહત્ત્વ સ્થપાવું જોઈએ. અને જો આપણે કવિતાનો આટલો બધો મહિમા કરીએ તો આપણે ઉચ્ચ કવિતા માટેનાં ધોરણ પર ભાર મૂકવી જોઈએ.



'If poetry is the central part of religion and if without poetry our science will appear incomplete and most of what now passes with us for religion and philosophy will be replaced by poetry.' 'If we conceive thus highly of destinies of poetry, we must also set our standard for poetry high, since poetry, to be capable of fulfilling such high destinies, must he poetry of a high order of excellence.'

આર્નલ્ડે વોર્ડ્ઝના 'ઈંગ્લિશ પોએટ્સ'ની પ્રસ્તાવનામાં ઉત્તમ કવિતાનાં ધોરણી સ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો છે. એણે તેમાં નોંધ્યું છે કે કવિતામાં આપણા વ્યક્તિત્વને ઘડવામાં, તેને ટકાવવા અને આપણને આનંદમય કરવાની શક્તિ હશે. કવિતાની એ શક્તિ અનન્ય છે.

'The best poetry will be found to have a power of forming, sustaining and delighting us as nothing else can.' એ નોંધે છે કે કોઈ પણ કવિતાને માત્ર તેના ઐતિહાસિક સંદર્ભમાં મૂલવવી જોઈએ નહિ. તદુપરાંત તેમાંનાં સુંદર ચિત્રો કે એવી આકર્ષકતાથી કે વ્યક્તિ પ્રત્યેની અંગત લાગણીથી દોરવાઈ જવું જોઈએ નહિ. કારણ સાચી કવિતાને મૂલવવામાં એ બધાંની કશી કિંમત નથી. આપણે કવિતાને, માત્ર કવિતાને જ લક્ષમાં રાખવી જોઈએ. અને એ રીતે જ અન્ય કવિતાથી પ્રશિષ્ટ કવિતા કઈ રીતે જુદી તરી આવે છે તેનું આપણે માપ કાઢી શકીશું.

આર્નલ્ડને 'પ્રશિષ્ટ' શબ્દ બહુ પ્રિય છે. એ પ્રશિષ્ટ કવિતા દ્વારા મહાન કવિતામાં એકત્વ અને ઠરેલતા - પરિપક્વતા સૂચવે છે. પણ એની એ સંદર્ભમાં 'ટચસ્ટોન થીઅરી' અસ્પષ્ટ અને વિચિત્ર લાગે છે. કોઈ પણ કાવ્યકૃતિની ગુણવત્તા નક્કી કરવા એ પ્રશિષ્ટ કૃતિના નિકષ પર એને ચકાસી જોવાની હિમાયત કરે છે : **'Indeed there can be no more useful help for discovering what poetry belongs to the class of the truly excellent can therefore do us most good, than to have always in one's mind lines and expressions of the great masters and to apply them as a touch-stone to other poetry.'** એટલે કે જગતના મહાન સર્જકોની કાવ્યકૃતિઓની પંક્તિઓ આપણા ચિત્તમાં રમતી હોવી જોઈએ. એની તુલનાએ જ અન્ય કવિતાનું માપ કાઢી શકાય અને આર્નલ્ડ હોમર, દાન્તે, શેક્સ્પીઅર, મિલ્ટન આદિ સર્જકોમાંથી સમર્થ પંક્તિઓનાં અવતરણો ય આપે છે જેને વાચક નિકષ તરીકે ગણી શકે છે.

આર્નલ્ડને જે સાહિત્યવિવેચકો કોઈ કાવ્યકૃતિની માત્ર થોડીક પંક્તિઓ પર વારી જતા હોય, થોડાક જ પરિચ્છેદથી પ્રભાવિત થઈ તેને ઉત્તમ કક્ષાની કવિતા માની લેતા હોય તેની સામે સખત વાંધો છે. આર્નલ્ડને મન કાવ્યની સમગ્ર અસરનો મહિમા છે.

'We have poems which seem to exist merely for the sake of single lines and passages, not for the sake of producing any total impression. We have critics who seem to direct their attention merely to detached expressions, to the language about the action, not to the action itself. I verily think that the majority of them do not in their hearts believe that there is such a thing as a total impression to be derived from a poem at all.

આર્નલ્ડના આ અભિપ્રાયમાં વિરોધાભાસ સ્પષ્ટ છે. તેણે પ્રશિષ્ટ કવિતાની પંક્તિઓ સાથે કોઈ પણ કવિની કવિતાની તુલના કરવાની વાત કરી છે, પણ કોઈક કૃતિની એકલદોકલ પંક્તિ સંભવ છે કે અત્યંત રમણીય-સ્મરણીય હોય, પણ કાવ્યના સમગ્ર સંવિધાનમાં તે ઉચિત ન પણ હોય. ત્યારે આવી પંક્તિઓ સાથે સાંપ્રત કવિતાની તુલના કરવી યોગ્ય ગણાય ખરી? કૃતિમાંથી પંક્તિઓ છૂટી પાડીને તેને નિકષ તરીકે યોજવાની વાત યોગ્ય નથી. કાવ્યના નિકષ માટે તો સમગ્ર કૃતિ

જ લક્ષમાં લેવી ઘટે.

સ્કૉટ જેમ્સે વાજબી રીતે જ પ્રશ્ન કર્યો છે કે બધી જ ટેકરીઓ આલ્પ્સ પર્વત જ બની રહે એવી યોગ્ય ગણાય ખરી?

પણ આર્નલ્ડને મન કવિતા ઉચ્ચતમ કલા છે. એટલે એ અનુરોધ કરે છે કે ભૌતિકવાદ અને યંત્રવિજ્ઞાનના યુગમાં કાવ્યસર્જન માટે નવા વિષયો ભલે ના મળે - તેની ચિંતા નહિ, પણ પ્રશિષ્ટ સાહિત્ય કૃતિઓમાંથી પ્રાચીન ઘટનાઓને કવિ નવેસરથી નવા સંદર્ભમાં પ્રયોજી શકે તેમાં તેની કલા છે.

આર્નલ્ડ પર ઍરિસ્ટોટલ તથા લૉન્જાઈનસના વિચારનો ઠીક ઠીક પ્રભાવ છે. એ પણ કાવ્યમાં કાર્યનું મહત્ત્વ દર્શાવે છે. કવિએ કાવ્યમાં excellent action પ્રયોજવું જોઈએ અને એવું ઉમદા કાર્ય કોને કહેવાય? તો આર્નલ્ડ સમજાવે છે કે જે મનુષ્યના હૃદયમાં ઊંડે રોપાયેલી ઉત્તમ આદિમ લાગણીઓને જે અપીલ કરે, જે કાલાતીત હોય એવી ઊર્મિઓને સ્પર્શે, જાગ્રત કરે તે ઘટના ઉત્તમ ગણાય.

'...those which must powerfully appeal to the great primary human affections, to those elementary feelings which subsist permanentally in the race and which are independent of time.'

કવિતામાં આર્નલ્ડ લૉન્જાઈનસની શૈલીની ઉદાત્તતાનો પણ હિમાયતી છે. એ ઉદાત્તશૈલી વિશે કહે છે - **'It arises in poetry when a noble nature, poetically gifted treats with simplicity or with serenity a serious subject.**

કોઈ પ્રતિભાસંપન્ન ઉમદા પ્રકૃતિશીલ કવિ જ્યારે કોઈ વિષયને સરળતાથી છતાં એકાગ્રતાથી ગંભીર વિષયનું નિરૂપણ કરે તે શૈલી ઉદાત્ત.

આર્નલ્ડ કવિતામાં ઉચ્ચ પ્રકારનાં ગાંભીર્ય પર ભાર મૂકે છે. કવિતામાં ભલે વસ્તુ આકર્ષક હોય, જીવનદૃષ્ટિ પણ હોય છતાં જો તેમાં ગાંભીર્યની ઊણપ હોય તો તે ઉત્તમ કવિતા નથી. કવિતા જીવનની માત્ર રજૂઆત જ કરતી નથી, તે જીવનનું વિવેચન પણ કરે છે. **'Poetry is the criticism of life.'** આર્નલ્ડે એવો મત પ્રદર્શિત કર્યો છે કે યંત્રવિજ્ઞાનયુગમાં ઉત્તમ કવિતા સર્જાતી નથી. પણ એનો એ અભિપ્રાય વિવાદાસ્પદ ગણાય. વીસમી સદીમાં માનવી ચંદ્રલોક સુધી પહોંચી ગયો છે. વિજ્ઞાને ભારે સિદ્ધિઓ હાંસલ કરી છે અને તે સાથે જ કેટલા બધા ઉત્તમ સર્જકોની કાલાતીત કૃતિઓ આપણને મળતી રહી છે.

કવિ વર્ડ્ઝવર્થે કાવ્ય માટે **'the impassioned expression which is in the countenance of all science.'** એવું વિધાન કર્યું હતું અને નોંધેલું કે **'Poetry is the breath and finer spirit of all knowledge.'** કવિતા સમગ્ર જ્ઞાનનો શ્વાસોચ્છ્વાસ છે. આર્નલ્ડ પણ વર્ડ્ઝવર્થના આ મંતવ્યનું સમર્થન કરે છે.

આર્નલ્ડે કવિતાના વિવેચન માટે ત્રણ પદ્ધતિઓની ચર્ચા કરી છે : (૧) યથાર્થ અથવા વાસ્તવિક, (૨) ઈતિહાસલક્ષી અને (૩) વૈયક્તિક. આર્નલ્ડ આ ત્રણ પદ્ધતિમાંથી જે વાસ્તવિક પદ્ધતિ છે તેને જ કાવ્ય વિવેચન માટે વાજબી ગણે છે. તેણે 'પર્સનલ' પદ્ધતિને ખોટી રીતે ઉલ્લેખી છે. કોઈ પણ કાવ્યકૃતિના વિવેચનમાં વિવેચકની અંગત રુચિ-અરુચિ ભલે અલ્પાંશે પણ પ્રવેશ્યા વિના રહે નહિ. એના વિના યથાર્થ મૂલ્યાંકન અસંભવ. આર્નલ્ડે કવિતામાં સત્ય, સૌંદર્ય, ગાંભીર્ય જેવાં કાવ્યને ઉત્તમ ઠરાવતાં તત્ત્વોની વિચારણા કરી છે પણ કવિતા એ પોતે શો પદાર્થ છે, કવિકર્મ શી ચીજ છે. કાવ્યસર્જનની પ્રક્રિયા એટલે શું તેની ચર્ચા-વિચારણામાં તે ઊતર્યો નથી. એણે કવિતાની વિચારણા કરતાં વિવેચકને તો લગભગ સમાજસુધારકની જવાબદારી સોંપી દીધી છે. એણે એક સરસ મુદ્દો રજૂ કર્યો છે કે વિવેચક કવિના આગમન પૂર્વે સમાજમાં સુવિચારોનાં બીજ વાવે છે, કવિતાના અવતરણ માટે ઉચિત વાતાવરણ સર્જે છે. સમાજમાં, કાવ્યમાંથી ઉત્તમ વિચારો પ્રકટે એવું લક્ષ વિવેચકે રાખવાનું છે.

આર્નલ્ડના વિવેચનને ભલે વિવેચક લેવિસે ઉચ્ચ કક્ષાના ચોપાનિયા તરીકે ઓળખાવ્યું હોય છતાં એની કાવ્યવિવેચનાની ઉપેક્ષા કરી શકાય તેમ નથી. પલટાતી જતી કાવ્યવિભાવનાના વિકાસમાં આર્નલ્ડના વિવેચનનું ઐતિહાસિક મૂલ્ય છે. તેણે સમાજ અને જીવનના સંદર્ભમાં કાવ્યની વિચારણા કરી છે. આર્નલ્ડ ગમે તેમ પણ એક સમર્થ વિવેચક તરીકે આધુનિક વિવેચન પર પોતાની અસર પાડી શક્યો છે. અલબત્ત, એના વિવેચનમાં કેટલીક વાર ચોકસાઈની ઊણપ વરતાય, કેટલીક વાર એની નીતિવાદ અંગેની ઘેલછા પણ દેખાય - ઉચ્ચ ગાંભીર્યને ઉત્તમ કવિતા માટે તેણે આ આવશ્યક ભલે ગણ્યું પણ તેમાં ય એના અભિપ્રાયની ધૂંધળાશ જોવા મળે. આ બધું છતાં મૅથ્યૂ આર્નલ્ડ અંગ્રેજી સાહિત્યના ઈતિહાસમાં વિવેચક તરીકે સુપ્રસિદ્ધ બની રહ્યો છે. (ક્રમશઃ)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ક્રાન્તિકારી જનવાદી સાહિત્ય

તા. ૨૧-૬-૯૮ : આજે શિષ્ટ સાહિત્યની 'સામે' એક ક્રાન્તિકારી જનવાદી સાહિત્યની પ્રવૃત્તિ વિષે જાણવા મળ્યું. આ પ્રવૃત્તિના સંચાલન પાછળ એક સ્ત્રી કવિ ડૉ. સ્વરૂપ ધ્રુવ અને એક યુવાન હિરેન ગાંધી મુખ્ય વ્યક્તિ છે. ૧૯૯૭ના ડિસેમ્બરમાં વડોદરા મુકામે ભરાયેલી સાહિત્ય પરિષદમાં તેણે એક 'તીખું તમતમતું' ભાષણ કર્યું. તેનું સમાપન તેણે આ રીતે કર્યું : 'નગર કંકર, નગર પથ્થર, નગર ખંજર, નગર નશ્તર, નગર ખંડર, નગર તણખો, નગર ભડકો, નગર ભડથું, નગર...

આમ નગર નગર કરતી'તી... ત્યાં તો કોશ, કોદાળી, પાવડા, હથોડા, હાથબૉમ્બ, કલમ, કમ્પ્યૂટર અને ડીશ એન્ટેના વીંઝતાં ફંગોળતાં ટોળેટોળાં તૂટી પડે છે... મારી ચોપાસ ચારેકોર... અને જોતજોતામાં ઊગી જાય છે ન્હૉર અને થૉર માણસજાતને. આ દુર્ઘટનાના સાક્ષી બનીને જ રહી જવાનું છે મારે?

હું કવિ, મારાથી ખબરપત્રી થઈને રહેવાતું નથી અને ભાટ-ચારણ બનીને મારે જીવવું નથી. કચકચાવીને કંઈક કહેવું છે મારે.

આ કાવતરાં વિષે. હું કવિ... છું તૈયાર?'

આવી કવિતાના બીજા નમૂના માટે હિરેન ગાંધીની એક કવિતા જોઈએ :

નફાતોટાના આ નગરમાં દોસ્ત કલાકાર! પેલો શ્રમજીવી તો
પોતાના તનતોડ શ્રમના વળતર રૂપે મેળવે છે
અડધી પડધી રોજી.... અડધી પડધી રોટી...
કાચી પાકી છાપરી... ને ફાટી-તૂટી ધોતી-સાડી...
જ્યારે તું તારી આગવી ટેલન્ટના બદલામાં મેળવે છે
વાટકી ભર બૅન્ક બેલેન્સ... લોટાભર પબ્લિસિટી...
અને પીપ ભરીને પ્રશંસા...!
અને કદાચ એથી જ - તું તને પેલા કરતાં
જુદો ઊંચો... અનન્ય માને છે નહિ?
પણ એક સવાલ પૂછું? માઠું તો નહિ લાગે ને?
'મુક્ત' ખરીદ-વેચાણના આ બજારમાં,
શ્રમ કે ટેલન્ટ ઉપર પેલાની કે તારી
આગવી માલિકી છે ખરી?'

છે ને ક્રાન્તિકારી જનવાદી સાહિત્યનો આગવો નમૂનો!

સંશોધન એ નવસર્જનની પ્રક્રિયા

તા. ૨૪-૮-૯૮ : આ પત્રમાળાનો છેલ્લો પત્ર, રીતસર પત્રના રૂપમાં લખીએ.

ચિ. ડૉલી,

ઍડ્વાઈઝર સાથેની ગડમથલ અને એનાલિસીસ (ગાણિતિક વિશ્લેષણ)ના દાખલાની તમારી 'બાથંબાથી' વિષે વાંચ્યું. તમને એક વાત કાનમાં કહું? તમે બધાં બી.એસસી. થઈને ઘરથી દૂર જવાનું નક્કી કરો છો અને હું હોંશે હોંશે હા પાડું છું તેનું મૂળ કારણ આ છે કે વીસ એકવીસ વર્ષ સુધી માતા-પિતાનાં સુરક્ષિત વાતાવરણમાં રહ્યા પછી જેમ બને તેમ જલદી સ્વૈરવિહારનાં વાતાવરણમાં મૂકવાં જોઈએ જેથી આપમેળે માર્ગ કાઢવાની શક્તિ ઊગે અને પાંગરે. તમારા પત્રો વાંચી, મને થયું કે સંયોગો પ્રમાણે જીવન ગોઠવી સ્વસૂઝથી યોગ્ય નિર્ણય કરવાની તાલીમ શરૂ થઈ ચૂકી છે. અમને સંતોષ છે કે ઘરના વાતાવરણમાંથી તમો બહેનોએ એટલું સરસ સદાચારનું ભાથું બાંધી લીધું છે કે સ્વૈર-વિહારમાં સુયોગ્ય માર્ગ તમને આપોઆપ સૂઝી આવે. આટલી તો 'કાનમાં કહું'વાળી વાત—

બાકી જ્યારે આપણે જાતે માર્ગ શોધવાનો હોય ત્યારે ઘણી વાર કશું સૂઝે નહિ અને મનમાં નિરાશા ઘેરી વળે. (તમને પણ ઝળઝળિયાં આવી ગયાં હતાં.) પણ તે તો ક્ષણિક જ. પુરુષાર્થની ભાવનામાંથી ઉત્પન્ન થતો નક્કર આશાવાદ તરત જ નિરાશાવાદ ઉપર વિજયી થાય છે અને રસ્તો નીકળી આવે છે. રિસર્ચ એ નવસર્જનની પ્રક્રિયા છે અને તે માટે આ ડૉલી હવે યોગ્ય માર્ગ પર ચાલવા લાગી છે. લિ. કાકાના આશિષ.

કેરળનું કોટ્ટાયમ્

તા. ૧૩-૧૧-૯૮ : ઇન્ડિયન એકેડેમી ઑફ સાયન્સની વાર્ષિક સભામાં અમે કોટ્ટાયમ ગયાં હતાં. આપણા જૂના વડોદરા રાજ્યમાં વડોદરા, નવસારી, પાટણ, અમરેલી એવા જિલ્લાઓ હતા. એવું જ દક્ષિણનું રજવાડું ત્રાવણકોર. તે રાજ્યના ચાર મોટા જિલ્લાઓમાંનો એક જિલ્લો કોટ્ટાયમ. આ કોટ્ટાયમ જિલ્લાના મુખ્ય શહેર કોટ્ટાયમમાં અમે ગયાં હતાં. અને જેમ જૂના વખતમાં બ્રિટિશ તાબાનાં પ્રાન્ત કરતાં વડોદરા રાજ્ય ઘણું આગળ પડતું હતું તેવું જ આ ત્રાવણકોર રાજ્યનું હતું. તેમાં કોટ્ટાયમ્ જુદું પડી આવે.

૧૯૨૦-૨૫ના ગાળામાં દેશમાં અસ્પૃશ્યતા ખૂબ વિકૃત રૂપે ફેલાયેલી હતી. ત્રાવણકોર રાજ્યમાં હરિજનોને મંદિરમાં જવાની તો મનાઈ હતી જ ઉપરાંત મંદિર તરફ જતા રસ્તા ઉપર ચાલવાની પણ મના હતી. આ પ્રથા સામે ૧૯૨૪-૨૫માં ગાંધી રસ્તે પહેલો સત્યાગ્રહ કોટ્ટાયમમાં થયો હતો - જે વાયકોમાં સત્યાગ્રહ નામે પ્રખ્યાત છે.

ભારતનો ૧૦૦ ટકા સાક્ષરતા પ્રાપ્ત કરવામાં કોટ્ટાયમ પહેલું શહેર છે. આનું ખાસ કારણ છે હૉલેન્ડથી આવેલા ડચ લોકોએ ૧૭મી સદીમાં કોટ્ટાયમમાં પહેલી શાળા સ્થાપેલી. પણ વ્યાપક શાળાશિક્ષણ તો ખ્રિસ્તી મિશનરીઓએ ૧૮૧૦ આસપાસ શરૂ કર્યું અને આ ખ્રિસ્તી મિશનરીઓના પ્રયત્નને લીધે જ આજે સમગ્ર કેરળમાં સાક્ષરતા ૯૦ ટકા ઉપરાંત છે અને આ આખી પ્રવૃત્તિની શરૂઆત કોટ્ટાયમથી થઈ!

આજે પણ ક્રિશ્ચિયન ધર્મની અને ધર્મગુરુઓની સમાજ-જીવન પર અહીં ઘણી અસર છે. પણ આપણે ત્યાં ખ્રિસ્તી જુદા પડી આવે એવું અહીં નથી. અહીંના ભારતીય સંસ્કાર અને સંસ્કૃતમય ભાષા ખ્રિસ્તી મિશનરીઓએ પણ અપનાવી લીધી છે. અમને ઉતારો કોઈ હોટેલમાં ન હતો પણ ચૈતન્ય મૅરીસ્ટોરલ સેન્ટરમાં હતો. આમ જુઓ તો ખ્રિસ્તીઓની 'ધર્મશાળા' પણ તેનું નામ ચૈતન્ય સેન્ટર! આટલી બધી સંસ્કૃતની અસર!

કેરળનું મલયાળમ ભાષાનું પહેલું વર્તમાનપત્ર લગભગ ૧૮૪૦માં કોટ્ટાયમથી શરૂ થયું હતું. ભારતનું સૌથી વધુ ફેલાવો ધરાવતું 'મલયાળમ મનોરમા' ઈ.સ. ૧૮૯૦માં કોટ્ટાયમમાં બહાર પડ્યું હતું. ગુજરાતના મુખ્ય શહેર અમદાવાદથી મોટાં ત્રણ ગુજરાતી છાપાં બહાર પડે છે. પણ આપણે તો ખાંડ ખાઈએ છીએ. કેરળના એક જિલ્લાના શહેર કોટ્ટાયમમાંથી રોજનાં પાંચ દૈનિક છાપાં બહાર પડે છે. ઉપરાંત ૩૦ જેટલાં સામયિકો પણ પ્રગટ થાય છે. સાક્ષરતાના ઉચ્ચ સ્તરની કેવી સીધી અસર!

૧૮૯૦માં કોટ્ટાયમમાં 'મલયાળમ્ મનોરમા' છાપાની શરૂઆત કરનાર કે.સી.મમ્મેન મપ્પીલાના નામ પરથી કોટ્ટાયમના ટાઉનહૉલનું નામ પડ્યું છે અને અમારી સાયન્સ એકેડેમીની સભા એ હૉલમાં હતી. કેટલું સુયોગ્ય સંધાન!

શિક્ષક - વૈજ્ઞાનિક રામન્

તા. ૧૦-૧૨-૯૮ : ૭ નવેમ્બરને રોજ નોબેલ પારિતોષિક વિજેતા રામનની ૧૧૦મી જયન્તી હતી. ૬૦ વર્ષની ઉંમરે ૧૯૪૮માં બૅંગ્લોરની ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાંથી રિટાયર થયા અને તે જ દિવસે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટની સામેની ખાલી જમીનમાં પોતાનું જુદું રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ સ્થાપ્યું જે



રામન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ તરીકે ઓળખાય છે. ૧૯૯૮માં તેની સ્થાપનાને ૫૦ વર્ષ થયાં તેની ઉજવણીમાં રામન વિશે એક જાણવા જેવી વાત બહાર આવી.

૧૯૫૪ની વાત છે. તે વર્ષે ૧૫મી ઑગસ્ટે થતી માન-અકરામની ઘોષણામાં સી.વી.રામનને 'ભારત રત્ન' ઇલ્કાબ આપવાની જાહેરાત થઈ. જાહેરાત પછી સૌથી પહેલાં અભિનંદન ઇન્દિરા ગાંધીએ આપ્યાં. ઇન્દિરા ત્યારે રાજકારણમાં પડ્યાં નહોતાં પણ પોતાના પિતા સાથે રહેતાં. ૧૫ ઑગસ્ટે ઇન્દિરાએ હાથે લખેલા પત્રમાં લખ્યું : 'આપણે ૧૯૩૭માં ઈંગ્લન્ડ જતાં સ્ટીમરમાં સાથે મુસાફરી કરી હતી ત્યારની હું તમારી પ્રશંસક રહી છું. ત્યારથી જ હું તમને દેશનું રત્ન ગણતી આવી છું એટલે આ 'ભારત-રત્ન'નું માન તો તમને યોગ્ય જ મળ્યું છે.'

તરત જ રામને ઇન્દિરા ગાંધીને આભાર માનતો પત્ર લખી નાખ્યો. પછી તો દિવસો વીત્યા. ૧૯૫૫ની ૧૯મી જાન્યુઆરીને રોજ રામનને ભારતના રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ તરફથી તાર મળ્યો, 'તમે જ્યારે ભારત-રત્ન સ્વીકારવા આવો ત્યારે મારા મહેમાન તરીકે રાષ્ટ્રપતિભવનમાં ઊતરવાનું આમંત્રણ આપું છું. તમે કયે દિવસે કયે સમયે દિલ્હી આવો છો તે જણાવશો જેથી અમે સ્વાગતની વ્યવસ્થા ગોઠવી શકીએ.'

૨૦ જાન્યુઆરીએ રામને રાષ્ટ્રપતિને નીચે મુજબ જવાબ આપ્યો, 'સ્નેહી ડૉ. રાજેન્દ્રપ્રસાદ, ગઈ કાલે સાંજે તમારો તાર મળ્યો અને તમારી મારા પ્રત્યેની સદ્ભાવનાથી હું દ્રવિત થયો છું.'

'૨૭મી જાન્યુઆરીએ યોજાનારા પ્રદાન સમારંભની જાણ કરતો સરકારી પત્ર મને મળ્યો કે તરત જ મેં તેમને જવાબ લખી નાખ્યો છે કે સમારંભ માટે દિલ્હી આવવાનું મારાથી બને તેમ નથી. અમસ્તું પણ મારું અહીંનું કામ મારું સંપૂર્ણ ધ્યાન માગી લે છે અને તેથી સામાન્ય રીતે હું બૅંગ્લોરથી બહાર કાર્યક્રમો સ્વીકારતો નથી. પણ અત્યારે તો હું ખાસ રોકાયેલો છું, મારા એક પીએચ.ડી. કરતા વિદ્યાર્થીને તેની થીસીસ પૂરી કરવાની છે અને યુનિવર્સિટીના નિયમ મુજબ ૩૧ જાન્યુઆરી પહેલાં થીસીસ સોંપવી જોઈએ. વળી શિક્ષક તરીકેની મારી ફરજને મારે, મારા વ્યક્તિગત લાભ કરતાં વધુ અગત્યની ગણવી જોઈએ. મને શ્રદ્ધા છે કે જે પરિસ્થિતિએ મને, દિલ્હી આવવાનું આપનું ભાવભર્યું નિમંત્રણ ન સ્વીકારવા મજબૂર કર્યો છે તે સમજી મને દરગુજર કરશો.

લિ. સી.વી.રામનના જય જય

જોયો આ 'શિક્ષક રામન્'! રાષ્ટ્રપતિભવનમાં ઉતારો, પ્રદાન-સમારંભનો દબદબો, કૅમેરા, ફોટા, ટી.વી. એ બધું તો રામનનું વ્યક્તિ તરીકેનું, વૈજ્ઞાનિક તરીકેનું બહુમાન હતું પણ પોતાના વિદ્યાર્થી પ્રત્યેની શિક્ષકની ફરજ એ શિક્ષક માટે વધુ ઉપયોગી છે! (ક્રમશઃ)

કલાવાર્તા

વિશ્વના મહાન ચિત્રકારો-૧૯
જૉન કોન્સ્ટેબલ



કયા પિતાને પોતાના પુત્રને પોતાના વ્યવસાયમાં જોતરવાની મનીષા નથી હોતી? જૉન કોન્સ્ટેબલના પિતા ગોલ્ડિંગ પણ આ બાબતે અપવાદરૂપ નહોતા. ગોલ્ડિંગ ઈંગ્લન્ડના પૂર્વ બર્ઘોલ્ટ વિસ્તારમાં વસેલ સફોક ગામના સમૃદ્ધ વેપારી હતા. તેઓ સારી એવી ખેતીલાયક જમીન ઉપરાંત એક વૉટર મિલ અને એક વિંડ મિલની માલિકી પણ ધરાવતા. આવા ધનિક પરિવારમાં જૉન કોન્સ્ટેબલનો જન્મ ૧૭૭૬ના જૂનની ૧૧મી તારીખે થયો.

એના ગામ સફોકને ઘસાઈને વહી જતી સ્ટોર નદીની ખીણમાં રઝળપાટ કરતાં જૉનનું બાળપણ વીત્યું. પ્રાથમિક શિક્ષણ મેળવવા પિતાએ જૉનને લેવનહેમની નિવાસી શાળામાં મૂક્યો, પણ ભણવામાં એનું ચિત્ત ચોટ્યું નહીં. એ પછી જૉન લહેમની સ્કૂલમાં જોડાયો. આ સ્કૂલમાંય એણે ખાસ કશું ધોળ્યું નહીં. અહીંના આચાર્યે જૉનમાં ચિત્રકલા માટે સ્નેહ જગાડ્યો.

જૉનના પિતાને જો કે ચિત્રકલા તરફ જરાય લગાવ નહોતો. એટલે એમણે તો દીકરાને મિલના કામમાં વળગાડી દીધો. પિતાની ઈચ્છાને વશ થઈને જૉને એકાદ વર્ષ મિલની કામગીરી સંભાળીય ખરી.

સદ્નસીબે જૉન, સર જ્યૉર્જ બ્યુમોના સંપર્કમાં આવ્યો. સર બ્યુમોને ચિત્રકલાનું ઘેલું લાગેલું. એ ચીતરતો ય ખરો. આ બ્યુમોને ત્યાં જૉને ચિત્રકાર ક્લૉદ લોરેનની ઉત્કૃષ્ટ કૃતિ જોઈ. આ ચિત્ર જોઈને એ ચિત્રકાર બનવાનો સંકલ્પ કરી બેઠો.



કોન્સ્ટેબલનો ફૂલનો બગીચો (૧૮૧૫)

પિતાએ જોયું કે જૉનનું મન ભણવામાં કે ધંધામાં લાગતું નથી. એટલે એમણે સામે ચાલીને એને ચિત્રકલાનું શિક્ષણ મેળવવા લંડન વિદાય કર્યો. લંડનમાં એનો ગુરુ એન્ટિક્વીટી સ્મિથ હતો. અહીં જૉન ચિત્રકલાના શિક્ષણમાં પૂરી નિષ્ઠા અને સમર્પણની ભાવનાથી લાગી ગયો. એ વખતે વ્યક્તિચિત્રો તથા ઐતિહાસિક વિષયો પર સર્જાતાં ચિત્રોની બોલબાલા હતી. જૉનનું વલણ ભૂમિચિત્રો દોરવા તરફ વિશેષ હતું.

જૉનને એનું વતન પ્યારું હતું. એટલે એણે પિતાના નિવાસની પાસે જ પોતાની નાનકડી મઢૂલી ઊભી કરી. આ મઢૂલીમાં બેસીને તે ચીતરતો. નવરાશની પળોમાં એ આસપાસના પ્રદેશમાં ભટકવા નીકળી પડતો. આ રઝડપાટ દરમિયાન એણે લેક ડિસ્ટ્રિકટની મુલાકાત પણ લીધેલી.

એની તેત્રીસ વર્ષની વયે એનો હાથ ચિત્રકલા પર બરોબર બેઠો. જો કે ત્યારેય એ આર્થિક રીતે આત્મનિર્ભર નહોતો થઈ શક્યો. એ વ્યક્તિચિત્રો તથા દેવળની વેદી માટે ધાર્મિક ચિત્રો દોરી થોડુંઘણું રળી લેતો.

આ જ અરસામાં જૉન એક સીનિઅર સિવિલ સર્વન્ટની પુત્રી - મેરિયા - ને પ્રેમ કરી બેઠો. મેરિયાના પરિવારને આ સંબંધ મંજૂર નહોતો. એ કારણે લગ્ન માટે બંનેને સાત વર્ષ સુધી રાહ જોવી પડી. લગ્ન પછી જૉને બ્લુમ્સબરીમાં મજાનું મકાન ખરીદ્યું. આ મકાનની આજુબાજુનો વિસ્તાર પ્રાકૃતિક સૌંદર્યથી છલકતો હતો. લગ્નના એક વર્ષ પછી ૧૮૧૭માં એને ત્યાં પુત્રનો જન્મ થયો. પુત્રના જન્મ પછી જૉનની સર્જનશક્તિ ઑર ખીલી ઊઠી ને સ્ટોર નદીનાં વિશાળ કદનાં ભૂચિત્રોના નિર્માણનો પ્રારંભ થયો.



સફોકમાં કોન્સ્ટેબલનું રહેઠાણ

મેરિયાની તબિયત લથડતાં જૉન એને હવાફેર માટે હૅમ્પસ્ટેડ લઈ આવે છે ને મકાન ખરીદી બેય ત્યાં નિવાસ કરે છે. અહીંના મકાનની આસપાસ વિસ્તરેલાં મોલથી લહેરાતાં ખેતરોને એ એના કૅનવાસ પર ઝડપતો રહે છે. એ પછી એ બ્રિગ્ટન ગયેલો. ત્યાં એણે દરિયાનાં ચિત્રો સર્જેલાં.

હવાફેર માટે અહીં-તહીં ભટકવા છતાં મેરિયાનું સ્વાસ્થ્ય સુધર્યું નહીં ને એક દિવસ જૉનને શોકગ્રસ્ત દશામાં છોડીને ટી.બી.ને કારણે એ કાયમને માટે ચાલી ગઈ.

ઈંગ્લન્ડના ભૂચિત્રકારોમાં જૉન કૉન્સ્ટેબલ કદાચ સર્વશ્રેષ્ઠ છે. ભૂચિત્રોમાં એની કલા નવી ઊંચાઈઓ સિદ્ધ કરે છે. શૈશવકાળમાં જોયેલ દશ્યોની સ્મૃતિને જૉને કૅનવાસ પર કલાત્મક રીતે નિરૂપી છે. તેના વતનની આસપાસનો મલક તેણે બડી ઊલટથી ચીતર્યો છે.

જોસફ ટર્નર અને કૉન્સ્ટેબલ રૉયલ



ધી હાયમેકર્સ

ઍકેડેમીમાં સાથે ભણતા પણ ક્યારેય નજીકના મિત્ર ન બન્યા. બન્ને એકબીજાના હરીફ હતા. ટર્નર ૨૬ વર્ષની વયે રૉયલ ઍકેડેમીના સભ્યપદે મુકાયો જ્યારે કૉન્સ્ટેબલ બાવન વર્ષે એ સ્થાન પામ્યો. તેનાં નાટ્યાત્મક દરિયાઈ ચિત્રો ખૂબ ચાહના પામી વેચાતાં. કૉન્સ્ટેબલે ૭૯ વર્ષની ઉંમરે એક ચિત્ર વેચેલું અને જીવન દરમિયાન ૨૦ ચિત્રો. છેલ્લે આનંદની ઘટના એ બને છે કે કૉન્સ્ટેબલ જ્યારે રૉયલ ઍકેડેમીનું સભ્યપદ પામે છે ત્યારે એ સમાચાર કહેવા ટર્નર રૂબરૂ જાય છે.

જૉન કૉન્સ્ટેબલ જે સ્થળો સાથે લાગણીના તંતુથી બંધાયેલો હતો એ સ્થળનાં ચિત્રો ઉત્કૃષ્ટ કોટિનાં થયાં છે. આ જ કારણે એનાં સફોક, હૅમ્પસ્ટેડ અને સેલિસબરીનાં ચિત્રો વિશેષ પ્રભાવક બન્યાં છે.

પૂર્ણ કદનાં ચિત્રો જૉને લંડનમાં ચીતર્યાં છે. **Boatbuilding** ચિત્ર એણે નિર્બંધ આકાશ નીચે બેસીને ચીતરેલું.

એનાં તૈલરેખાંકનો પણ તજ્જ્ઞોમાં સારાં પ્રસંશાયાં છે. એ ચીતરતી વેળા પીંછીને બદલે છરીનો ઉપયોગ કરતો. એના વતનની આસપાસ પથરાયેલી પ્રકૃતિનાં ભિન્ન ભિન્ન સ્વરૂપોને એણે પૂરી લગન અને વફાદારીથી કૅન્વાસ પર ઉતાર્યાં છે. સમયની ક્ષણને ઝડપવા એ ખૂબ જ ત્વરાથી બ્રશ ચલાવતો.

The Missing Rider જૉનનું વિશાળ કદનું તૈલચિત્ર છે. મૂળ ચિત્રમાં એણે ઘોડેસવાર તરીકે એના પિતાને દર્શાવેલા. પણ પછી એ જગા એણે વૃક્ષના છાંયડા દ્વારા ભરી દીધેલી.

Luminous Green ચિત્રમાં જૉને વૃક્ષની ઘટામાંથી ચળાઈને નીચે વેરાતાં રવિરશ્મિઓને કલાત્મક રીતે કૅનવાસ પર ઝીલ્યાં છે. ચિત્રમાં લીલો અને પીળો રંગ પ્રયોજી ચિત્રકારે સૂર્યના પ્રકાશની ઉષ્માની પ્રવાહિતાને સફળતાથી નિરૂપી છે.



સેલિસબરી કથિડ્રલ (૧૮૨૩)

Flatford Mill ચિત્રમાં ગ્રીષ્મના તડકામાં એક છોકરો ઘોડાને નાવથી છોડતો દર્શાવ્યો છે. એક ઘાસ વાઢતા ખેત-મજૂરના લંબાતા પડછાયાથી કલાકાર દિવસના કામની પૂર્ણાહુતિ સૂચવે છે.

The Hay Wain કૉન્સ્ટેબલનું જગવિખ્યાત ચિત્ર છે. ૧૮૨૧માં સર્જાયેલા ચિત્રમાં શાંત રસ વિલસે છે. ચિત્રનો સમય ગ્રીષ્મના પ્રારંભનો છે. ઝૂંપડી પાસેથી પસાર થતાં ખાલી વૅગનોને એક શ્વાન નિહાળી રહ્યો છે. આ ચિત્રનું સર્જન કરતા કલાકારને પાંચ મહિના લાગેલા. સૂર્ય ચિત્રની બહાર હોવા છતાં એની ઉપસ્થિતિ આપણને વરતાય છે. ખેતરો પર વાદળો છાયાની જાજમો બિછાવી રહ્યાં છે. આ ચિત્ર માટે ફ્રાન્સના રાજવીએ જૉનને સુવર્ણચંદ્રક અર્પણ કરેલો. તેના ચિત્રની ખાસિયત આકારની. ખાસ કરીને પાણીની સપાટી પર તેજ બિંદુઓ અને લીલા રંગ સામે લાલ રંગના નાના જથ્થા.

Salisbury Cathedral આ ચિત્ર દેવળના બિશપના આગ્રહને વશ થઈને સર્જેલું. ચિત્રમાં બિશપ તથા એમનાં પત્ની, દેવળના દરવાજા પાસે ઊભાં રહીને, દેવળના સ્પાયરની આસપાસ ઘૂમરાતાં વાદળોને જોઈ રહ્યાં છે. આ ચિત્ર દોરતાં કલાકારને નવ નેજાં પાણી ઊતરેલાં. **Chain Pier Brighton** દરિયાનું ચિત્રણ છે. જૉને દરિયાનાં ચિત્રો જૂજ કર્યાં છે. એની પત્ની મેરિયાને હવાફેર માટે એ આ સ્થળે લઈ આવેલો. ચિત્રનો મૂડ ઉદાસીનતાનો લાગે.

૧૮૨૯માં કૉન્સ્ટેબલ રૉયલ



ખેતરમાં હળથી ખેતી કરતો ખેડૂત


એકેડેમીમાં પૂર્ણ સમયના એકેડેમિશિયન તરીકે નિમાયેલો. એને ચિત્રકલાનું શિક્ષણ આપવાનું ગમતું. એની માતૃભૂમિ - ઈંગ્લન્ડ કરતાં ખાડી પારના દેશ, ફ્રાન્સમાં એ વિશેષ સરાહાયો છે. પોતાનાં અણમોલ ભૂચિત્રો દ્વારા વતન સફોક તથા એની આસપાસના મુલકને જગ-મશહૂર કરી દેનાર આ કલાકારે તા. ૩૧-૩-૧૮૩૭ના રોજ આંખ સદાને માટે મીંચી દીધી. - *નટુ પરીખ : હરિત પંડ્યા*

કલાવૃત્ત

ગજેન્દ્ર શાહનાં અશ્વચિત્રો

શ્રી ગજેન્દ્ર શાહ એ એક સુજ્ઞ કલા-સર્જક અને કલાવિવેચક તથા કલામર્મજ્ઞ તરીકે 'કુમાર'ના વાચકોને હવે અજાણ્યા નથી. તેમની 'કલાસ્મૃતિ' લેખમાળાએ પણ સારું આકર્ષણ જમાવ્યું છે. સમયે સમયે તેઓ ચિત્રશૈલી અને ચિત્ર-વિષયોમાં બદલાવ આણતા હોય છે. એ એમની કલાકાર તરીકેની સજગતા સૂચવે છે. તાજેતરમાં જ અમદાવાદની કન્ટેમ્પરરિ આર્ટ ગૅલરિમાં એમણે તૈયાર કરેલાં પૂર્ણરંગી અને શ્વેતશ્યામ ૨૮ અશ્વચિત્રોનું નોંધપાત્ર પ્રદર્શન યોજાઈ ગયું.

અશ્વોનાં ચિત્રો કરતાં પૂર્વે એમણે વિદેશી ચિત્રકારોનાં અશ્વચિત્રો, એમ.એફ. હુસેનનાં અને અન્ય ભારતીય કલાકારોનાં અશ્વચિત્રોનો અભ્યાસ કર્યો અને અનુકૃતિઓ દ્વારા પરિપક્વતા ખીલવી. વળી, શાહીબાગના કૅન્ટોન્મેન્ટમાં જીવંત અશ્વોની ગતિ-વિધિનો પણ એમણે ઝીણવટથી અભ્યાસ કર્યો. એ દ્વારા અશ્વોની શરીરરચના, અંગોપાંગો, તેના શરીરની વિવિધ મિજાજ પ્રમાણેની ઊછળકૂદ ગતિ તેમણે ધ્યાનથી નીરખ્યાં પછી અશ્વચિત્રો માટે પોતાની પીંછી ઉપાડી!



આ અશ્વચિત્રોમાં એક અશ્વથી માંડી બે-ત્રણ અશ્વોની સંરરચનાઓ એમણે કરી છે. વળી, અશ્વોચિત બદામી, કાળો અને શ્વેતરંગ અરસપરસના સાન્નિધ્યમાં ઉઠાવ આપે એ રીતે અશ્વાકૃતિઓને ગોઠવી છે. એમાં સમરેખ અને લંબરેખ ઉભય પ્રકારનાં ચિત્રો છે. અશ્વરૂઢ નિર્વસ્ત્ર સ્ત્રીનાં ચિત્રો દ્વારા જાણે પ્રતીકાત્મક રીતે અશ્વથી ઊછળતી કામેચ્છા અને તે પરના નિયંત્રણનું આલેખન થયેલું જોઈ શકાશે.

અહીં રજૂ થયેલાં ચિત્રોમાં અશ્વોની વિવિધ વળાંકોવાળી અંગભંગિ, ઊડતી કેશવાળી, પૃચ્છાકૃતિ, આંખોની તીવ્રતા : આ બધું અશ્વરૂપે અમાપ શક્તિનું ઊછળતું પૂર આંખો સામે તરવરી રહે છે. પ્રાણીપશુઓનાં ચિત્રોમાં જે તે પ્રાણીપશુની વિશેષતાઓ ઊતરી ન આવે તો તે માત્ર સ્ટીલ લાઈફ કે વાસ્તવ-ચિત્રણ જેવાં બની રહે છે. શ્રી ગજેન્દ્ર શાહનાં આ અશ્વચિત્રો એમનામાંના સતત જાગ્રત અને નવું નવું કરવાની ખેવનાવાળા કલાકારની પ્રતીતિ કરાવે છે.

આ અંકના પૂંઠા પરનું એમનું ચિત્ર બે સામસામી દિશામાં ગતિ કરતા અશ્વનાં અંગાંગોના લયલાંકો દ્વારા અશ્વશક્તિનો જીવંત પરિચય પણ કરાવે છે. - *ધીરુ પરીખ*





ચિત્રકાર ગજેન્દ્ર શાહની કેટલીક અશ્વ-કલાકૃતિઓ

કલાકાર બિરેન ભાવસારની સ્ટિલલાઈફ સૃષ્ટિ

કન્ટેમ્પરરી આર્ટ ગૅલરીમાં યોજાયેલા જાણીતા કલાકાર શ્રી રમણીક ભાવસારના પુત્ર બિરેન ભાવસારના વૈયક્તિક પ્રદર્શનમાં સર્જનાત્મક સ્ટિલ-લાઈફમાં ચિત્રો જોવા મળ્યાં. તેઓ એમ.કૉમ.ની ઉપાધિ ધરાવતા હોવા ઉપરાંત સી.એન.કૉલેજ ઑફ ફાઈન આર્ટ્સ, અમદાવાદમાંથી એ.ટી.ડી.ની ડિગ્રી પણ ધરાવે છે. અત્યારે તેઓ આ જ સંસ્થામાં ચિત્રકલા વિષય શીખવે છે. તેમણે તેમનાં



બિરેન ભાવસારની ઈન્ક અને એક્રેલિક રંગોમાં એક સર્જનાત્મક સ્ટિલલાઈફ કૃતિ

બાળકલાકારોનાં ચિત્રોનું પ્રદર્શન પણ યોજ્યું હતું. કેટલાંક બાળકલાકારોએ રાષ્ટ્રિય કક્ષાનાં ઈનામો પ્રાપ્ત કર્યાં છે. તેમનાં ચિત્રો રાષ્ટ્રિય કક્ષાનાં તેમજ રાજ્યકક્ષાનાં વાર્ષિક પ્રદર્શનોમાં પ્રદર્શિત થયાં છે. છેલ્લાં વૈયક્તિક પ્રદર્શનોનાં ચિત્રોમાં તેમના પિતાશ્રી રમણીકભાઈના પેસ્ટલ રંગોમાં કરેલાં ચિત્રોની અસર જણાઈ આવે છે.

બિરેન ભાવસારે તેમની સંરચનાઓમાં ઈન્ક તેમજ ઍક્રિલિક રંગોનો કલાત્મક અને આવશ્યક ઉપયોગ કર્યો છે. કપ-રકાબીઓ, ચમચીઓ, બૉટલ્સ, ફ્લાવર પૉટ્સ, બાઉલ્સ તથા માછલી, પક્ષીઓ, પુષ્પો, પર્ણો અને પ્રસંગોપાત્ત માનવીય અંગ-ઉપાંગને ચિત્રસંરચનાઓમાં કલાત્મક રીતે, વ્યવસ્થિતપણે રૂપાયિત કર્યાં છે. તથા તે બધાને કાળી રેખાઓ દ્વારા વ્યાખ્યાયિત કર્યાં છે. પારદર્શી રંગરૂપોનો સંયમિત ઉપયોગ તથા ખાસ તો ભૂખરા રંગોની કક્ષાઓની પ્રધાનપણે ચિત્રોમાં હાજરી, પદાર્થોની ગોળાઈ, વળાંક, તેમના આકારોમાં ખાસ ધ્યાન ખેંચે છે. - *બંસીલાલ દલાલ*

કલાકાર રણજિત શીની ચિત્રસૃષ્ટિ

૧૯૭૨માં હાવરામાં જન્મેલા રણજિત શીએ ૧૯૯૬માં લલિતકલામાં ગવર્નમેન્ટ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ, કલકત્તામાંથી પ્રથમ વર્ગમાં ઉપાધિ મેળવી. ૧૯૯૨થી ૧૯૯૬ સુધીમાં કૉલેજનાં વાર્ષિક પ્રદર્શનોમાં ભાગ લીધો. ૧૯૯૬, ૧૯૯૮, ૧૯૯૯, ૨૦૦૨માં બિરલા અકાદમી ઑવ્ આર્ટ્સ ઍન્ડ કલ્ચરના વાર્ષિક પ્રદર્શનમાં તેમની કૃતિઓ પ્રદર્શિત થઈ. ૨૦૦૧માં રાજ્ય લલિતકલા અકાદમી દહેરાદુન તથા લખનઊના પ્રદર્શનમાં તેમની કૃતિઓ પસંદગી પામી. આઈફૅક્સ ન્યૂ દિલ્હીના સહકારથી દહેરાદૂન ખાતે યોજાયેલા પ્રથમ ઉત્તરાંચલ રાજ્ય કલા પ્રદર્શનમાં તેમની કૃતિઓ પ્રદર્શિત થઈ. તદુપરાંત જૂથ પ્રદર્શનમાં ભાગ લીધો છે અને દિલ્હી ખાતે અને અમદાવાદની કન્ટેમ્પરરી આર્ટ ગૅલરીમાં તેનું વૈયક્તિક પ્રદર્શન યોજાઈ ગયું છે. તેમને ૧૯૯૪માં પ્રો. મૃણાલ કાંતિદાસ ઍવૉર્ડ, ૧૯૯૫માં સત્યેન બૅનરજી ઍવૉર્ડ તથા ૧૯૯૪-૯૫માં સ્કોલરશિપ પ્રાપ્ત થયાં છે. વર્તમાનમાં તેઓ રમ્ય ગિરિમથક મસૂરી, દહેરાદૂન ખાતે ઝારીપાનીમાં ઑક ગ્રોવ સ્કૂલમાં ડ્રૉઈંગ અને ચિત્રકલાના શિક્ષક તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેમણે અંગ્રેજીમાં કાવ્યો લખ્યાં છે અને તેમાં તેમનાં અંગત સંવેદનો તથા પ્રકૃતિપ્રેમ વ્યક્ત થયાં છે.



રણજિત શીની હસ્તાલેખન અને તરંગિત રેખાઓયુક્ત કલાકૃતિ

રણજિત શીનાં ચિત્રોમાં પ્રકૃતિના પદાર્થો તથા માનવાકૃતિઓનું કલાત્મક સાયુજ્ય સધાયું છે. પિકાસોની વિરૂપિત આકૃતિઓની યાદ આપતી તેમની આકૃતિઓ નગ્ન છતાં ભાવદર્શક છે. પાણીનાં મોજાંઓ જેવી તરંગિત રેખાઓનું પ્રવાહી આલેખન તથા તેમાં કમળોની ઉપસ્થિતિ તેમનાં ચિત્રોને ગતિશીલતા ઉપરાંત આધ્યાત્મિક અભિગમ બક્ષે છે. મસ્તક પર તથા હાથમાં કમળની ડાળખી પ્રતીકાત્મક છે, કારણ કે તેમને મતે કમળ પવિત્રતા તથા સૌંદર્યનાં પ્રતીક છે. તેમણે તેમનાં ચિત્રોમાં જળરંગોની પારદર્શિતા બતાવી છે. - *બંસીલાલ દલાલ*



રણજિત શીની આધ્યાત્મિક અનુભૂતિ કરાવતી માનવાકૃતિ

કલાકાર ઋષિલનું સર્જનાત્મક વિશ્વ


કન્ટેમ્પરરી આર્ટ ગૅલરિમાં યુવા સર્જક કલાકાર ઋષિલનાં ચિત્રો ત્વરા-લેખનો, શિલ્પો તથા સ્ક્રિબલ્સના એક નોંધપાત્ર પ્રદર્શનનું ઉદ્ઘાટન જાણીતા વિદ્વાન કલાકાર શ્રી હકુભાઈ શાહે કર્યું. ઋષિલનાં માતાપિતા પી. રુચિરા તથા પી.વી.કે. રામેશ્વરે તેને તેની ત્રણ વર્ષની ઉંમરથી વર્તમાન સુધી ચિત્રસર્જન માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. સર્જકપ્રતિભા ધરાવતા ઋષિલે કાવ્યસર્જન પણ કર્યું છે. તેના પોતાના શબ્દોમાં તેણે માટી, પેપર, પેન્સિલ, રંગો, ઈંટો, લાદીઓ સાથે રમત કરી છે. તેણે હોડીઓ, ટાવર્સ, રૉકેટ્સ પેપર, વિમાનોને ઉડાડવા તથા બનાવવા માટેના સતત પ્રયોગો કર્યા છે. બરફ આચ્છાદિત કાંચનજંઘાનાં શિખરો, રાજસ્થાનના વીર પુરુષો તથા તેણે વાંચેલી વાર્તાઓએ તેને હંમેશાં પ્રભાવિત કર્યો છે. એટલે તેના મન પર પડેલા આ સંસ્કારોમાંથી તે પ્રદર્શનમાં રજૂ થયેલાં દશ્યકલ્પનોને સર્જનાત્મક કૃતિઓમાં



સફળપણે રૂપાંતરિત કરી શક્યો છે. તેનાં રેખા દ્વારા તૈયાર થયેલાં ત્વરાલેખનો તથા ડ્રૉઈંગ્સ પર તેની મનની છાપ છે અને તેમાં રૈખિક સૌંદર્ય તથા માધ્યમ પરત્વેની તેની સૂઝ-સમજનાં દર્શન થાય છે. ત્રણ વર્ષની ઉંમરે કોઈ નાનું બાળક આકાર સર્જન કરે છે કે કરી શકે છે તે ઋષિલનું તે સમયનું સર્જન સાક્ષીરૂપ છે. રેખાઓ તથા એચિંગ, ક્રૉસ એચિંગની મદદ વડે અહીં પ્રકટ કરેલા ચિત્રમાં ટેબલ પર દર્શાવેલું માનવરૂપ ખરેખર નોંધપાત્ર કૃતિ છે.

- બંસીલાલ દલાલ

અતીતમાં અવગાહન



શ્રી રણછોડરાય મંદિર : ડાકોર (ફોટો : બાબુરાવ ઠાકોર)

હીંદુસ્તાનના પુરાતન તીર્થોનાં મહાત્મ્યને ભુલાવી ગુજરાત અને હીંદના હીંદુઓનું કલિયુગમાં પણ પરમતીર્થ બની રહેલું આ મંદિર ભક્તરાજ બોડાણાના જીવનચરિત્રનું અદ્‌ભુત સ્મારક છે.

પુરાણપ્રસિદ્ધ દ્વારિકાના અધિદેવ શ્રી કૃષ્ણ આ ભક્તની અડગ ભક્તિને વશ થઈ, પોતાની સ્થાપેલી મૂળ નગરીનું મહાત્મ્ય તરછોડી, દુનીઆએ રંક ભીખારી ગણેલા બોડાણાની વે'લમાં બેસી ડાકોરમાં આવી મૂર્તિમંત થયા ત્યારથી પ્રેમના ધ્વજ આગળ વૈભવ અને સત્તાનો ધ્વજ નમન કરી રહ્યા. દ્વારિકાના ગુગળીઓએ માનેલું કે પ્રભુ તો તેમના મહાન મંદિરમાં જ પુરાએલા છે. એની કુંચીઓ પોતાની પાસે રાખી તેઓ દુનીઆ પાસેથી પ્રભુના દર્શન માટે કર ઉઘરાવતા. પણ બાર બાર વર્ષ સુધી હાથમાં ને હાથમાં તુલસી ઉગાડી ચડાવી જતા પોતાના પ્રિય ભક્ત બોડાણાની ભુખડી વે'લમાં પ્રભુ રાતોરાત એ મંદિરમાંથી ઉડી ચાલ્યા અને ભક્તના ગામ ડાકોરમાં આવી વસ્યા. તે દિવસથી દુનીઆએ જાણ્યું કે પ્રભુ પથ્થરના મંદિરનાં સુવર્ણદ્વારોમાં પુરાએલા નથી પણ ભક્તિથી તરબોળ હૃદયમાં જ તેમનો પરમ નિવાસ છે. ('કુમાર' અંક ૧૮, જેઠ ૧૯૮૧ માંથી)

—કલાસ્મૃતિ—

ગઝલગાયિકા-મલિકા પુખરાજ



પૂર્ણ ચંદ્રની રાત્રી છે, રંગબેરંગી આરસપહાણથી સુશોભિત મોટો રાજમહેલ છે. ચારે બાજુએ બાગ-બગીચા ને ફૂલોની વચ્ચે એક મોટો દીવાનખંડ પણ આવેલો છે. દીવાલો અને છત ઉપર પાસાદાર કાચનાં નાનાં-મોટાં ઝુમ્મરો પ્રકાશમાન છે. સાથે સુંદર ચિત્રો અને ફૂલદાનીઓ નજરે પડે છે. ફરસ ઉપર કાશ્મીરી કારીગરીથી ભરપૂર પશ્મીના ગાલીચાઓ બિછાવેલા છે. શ્રોતાઓ માટે દીવાન, બેઠકો, પાનદાન, સોફા ગોઠવેલા છે. ખસ, હિનાનાં અત્તર અને ગુલાબજળથી વાતાવરણ મહેંકી ઊઠેલ છે. દીવાનખાનાના મધ્ય ભાગમાં બેઠક ઉપર, તબલાવાદક, સારંગીનવાઝ અને લગભગ ૨૦ થી ૨૫ વર્ષની ખૂબ જ નાજૂક અને સુંદર ગાયિકા, જેણે ભરત-કામવાળાં રેશમી વસ્ત્ર પરિધાન કર્યાં છે, વિવિધ ઘરેણાંથી સજ્જ છે તે પોતાનો અવાજ લહેરાવવા માટે તૈયાર બેઠી છે. 'અભિ તો મૈં જવાન હું...'

આ દીવાનખાનામાં દરેક વય-જૂથના શ્રોતાઓ બેઠેલાં છે. રાજા અને રાજકુમાર, જમીનદાર અને ધનિક શેઠ, ઑફિસર અને રાજકારણી, બધા પોતાના આગવા પોશાક કાળી શેરવાની, ચૂડીદાર પાયજામો, ભરતકામવાળું કુરતું સાથે હાથમાં અને ગળામાં મોગરાનાં ફૂલોની માળા-હાર સજાવેલાં છે. આંખમાં સૂરમો આંજેલો છે. આમ, મહેફિલ જામી છે. ચારે તરફ વાહ! વાહ! અને સુભાન અલ્લાહની દાદ સંભળાય છે. દરેક શ્રોતાઓને લાગે છે કે પોતે હજી પણ જુવાન છે અને સંભળાય છે 'અભી તો મૈં જુવાન હું... અભી તો મૈં જુવાન હું...' સન ૧૯૩૫-૪૦ના જમાનાની મશહૂર ગાયિકા મલિકા પુખ-રાજનો આ અવાજ છે, જેમણે નાની-મોટી મહેફિલો દ્વારા સમગ્ર ઉત્તર ભારતમાં પોતાની ગઝલો અને નજમો દ્વારા ડંકો વગાડ્યો હતો. લાહોર, જમ્મુ, શ્રીનગર, લખનઊ, કાનપુર અને કલકત્તાના રેડીઓ ઉપર સાંભળવા મળતી તેમની ગઝલો અને નજમો 'વોહ કહતે હૈં કી રંજીશકી બાતેં ભૂલા દેં, ઝાહીદ ન કહ બુરી કે દીવાને આદમી હૈં, હાલે દિલ વોહ પુછને આને લગે.' સાંભળવા માટે કતારો લાગતી. 'હિઝ માસ્ટર્સ વૉઈસ'ની રેકર્ડ્ઝ ફટાફટ વેચાઈ જતી. આજે તો તેમની ઑડિઓ કસેટ ઉપલબ્ધ છે. મલિકા પુખરાજના અવાજનો જાદુ તે જમાનાના ઉર્દુ ગઝલપ્રેમી લોકોમાં પ્રિય હતો. આજે પણ તેમની ગઝલ સાંભળનારો એક ખાસ વર્ગ, જૈફ ઉંમરે પહોંચેલા રસિકોનો છે. ક્યાંક મલિકાની ગાયેલી ગઝલ કે દાદરાનો એક મક્તો કે શેરનો પ્રથમ ટુકડો સાંભળતાં જ આખી ગઝલ ગાવા લાગી જાય એટલી હદે તેમના દીવાના છે.

મલિકા પુખરાજનો જન્મ સન ૧૯૨૨, જમ્મુ શહેરના સાધારણ પરિવારમાં થયો હતો. શાળાકીય જીવન દરમિયાન નાના-મોટા પ્રસંગોમાં તેમની પાસે ગીત-ગઝલ ગવડાવવામાં આવતાં. નવ વર્ષની ઉંમરે કોઈ એક જલસામાં તે વખતના જમ્મુના મહારાજ હરિસિંહે આ બાળાના અવાજનો જાદુ પારખ્યો અને રાજ્યમાં આશ્રય આપ્યો. સાથે સંગીતની વિશેષ તાલીમની વ્યવસ્થા પણ ગોઠવી. આ સમયગાળામાં નાની ઉંમરમાં મલિકાનાં લગ્ન થયાં. લગ્ન અને સંસાર-જીવન દુઃખ-મય રહ્યું. રાજા હરિસિંહના નાના-મોટા પ્રવાસોમાં, રાત્રી મહેફિલો માટે અન્ય કલાકારો સાથે મલિકા પુખરાજને પણ જવાનું થતું. આમ ઘણાં વર્ષો ચાલ્યું અને મલિકા એક જાજરમાન, સુંદર ગાયિકાની કક્ષાએ સ્થાન પામ્યાં. જેમ સર્વત્ર બને છે તેમ મલિકાનું નામ રાજા હરિસિંહ સાથે પ્રેમિકાના રૂપમાં લોકોએ જોડ્યું, તે એટલે સુધી કે જમ્મુ-કાશ્મીરની મહારાણીની છાપ ઉપસાવવામાં આવી. હવે! તેમને સળંગ કાર્યક્રમો આપવાના અવસર પ્રાપ્ત થયા. તેમની હિઝ માસ્ટર્સ વૉઈસ ગ્રામોફોન રેકર્ડ્ઝ ઊતરવા માંડી. પ્રસંશાની ભરમાર સાથે ખ્યાતનામ ગાયિકાનું બિરુદ પ્રાપ્ત કર્યું. સમય જતાં પ્રથમ લગ્નમાં ભંગાણ પડ્યું. થોડાક સમય બાદ અંગ્રેજ કંપની સરકારના એક અફસર શબ્બીર શાહ સાથે લગ્ન કર્યાં. ૯ વર્ષ માટે પાકિસ્તાનમાં રહ્યાં. ત્યાં તેમને પતિ, બાળકો અને સગાં-વહાલાંઓનો ત્રાસ સહન કરવો પડ્યો. દેશના ભાગલા બાદ પૈસે ટકે ઘણું નુકસાન થયું. આવક ઓછી થવા લાગી. ઉડાઉ દીકરાની દગલબાજીએ મલિકા સાવ ભાંગી પડ્યાં. જીવનના પાછલા સમયમાં બાગાયત અને ભરતગૂંથણમાં શાંતિ શોધવાનો પ્રયત્ન કરવા લાગ્યાં.

મલિકા પુખરાજ પહાડી ગીત, ગઝલ, નજમ, દાદરા માટે ખૂબ જ જાણીતાં છે. થોડાંક વર્ષો પૂર્વે પુખરાજ પોતાનાં યુવાન ગાયિકા પુત્રી તાહિરા સૈયદને લઈને ભારતમાં કાર્યક્રમો આપવા આવેલાં. દિલ્હી, લખનઊ, કાનપુર, કલકત્તા વગેરે સ્થળોએ મહેફિલો થયેલી, પણ શ્રોતાઓની દાદ મેળવી શક્યાં નહીં. પુખરાજ જેવા કલા-કારની જુવાનીનો જાદુ કંઈક ઑર જ હોય છે. મલિકાએ પોતાની ગાયકીના સમય દરમિયાન, મોટા ગજાના શાયરો-કવિ-ઓની રચનાઓને અવાજ આપ્યો. તેમાં હફીઝ જલંધરી, અખ્તર શિરાની, અબ્દુલ હમીદ આદમ, દાગ, અઝીઝ ગણાય છે. તેમાં ફૈજ અહમદ ફૈજ, મીરઝા ગાલીબ અને ફૈયાઝ હાશમીની રચનાઓ ખૂબ જ લોકપ્રિય થયેલી છે. મલિકાની ૧૧ ગઝલ અને નજમવાળી હિઝ માસ્ટર્સ વૉઈસની લૉંગ પ્લે ગ્રામોફોન રેકર્ડ ખૂબ જ મશહૂર છે. તાજેતરમાં ઉર્દુના જાણીતા લેખક, સલીમ કિડવાઈ દ્વારા, પુખરાજની ડાયરીઓ-નોંધપોથીઓના આધારે અંગ્રેજીમાં એક પુસ્તક પ્રકટ થયેલ છે : 'પુરાણી યાદોનાં સાચાં ગીત'. આ પુસ્તકમાં મલિકા પુખરાજના

અડકો દડકો

હાથની બંગડી અને કાનની વાળી

રાધા દર્પણની સામે બેસી માથું હોળતી હતી.

માથું હોળતાં હોળતાં તેનો હાથ કાનને અડી ગયો.

કાનમાં નાનકડી વાળી હતી.

હાથમાં મોટી બંગડી હતી.

હાથમાંની બંગડી કાનની વાળીને અડકી ગઈ.

વાળીએ ચીસ પાડી, 'ઓ મા! મને વાગ્યું.'

બંગડીએ સામેથી ગુસ્સે થઈ કહ્યું : 'અલી એ, તું મને કેમ અડકી? હવે મારે નાહવું પડશે.'

વાળીએ કહ્યું : 'હું તમને નથી અડકી, તમે મને અડક્યાં છો. તમે મને ધોલ મારી છે.'

બંગડીએ કહ્યું : 'ધોલ શું, તને તો લાત મારવા જેવી છે! મોટા માણસોની સભામાં તું બેસવા લાયક નથી. ભાગ અહીંથી.'

વાળીએ નમનતાઈથી કહ્યું : 'કેમ બા, મેં તમારું શું બગાડ્યું છે?'

બંગડીએ કહ્યું : 'તું નાપાક છે, તું કચરો છે, તારી કશી કિંમત નથી. તારે શરમાવું જોઈએ, તારે ડૂબી મરવું જોઈએ.'

વાળીએ કહ્યું : 'હું શા માટે ડૂબી મરું? મને અહીં ગમે છે. હું હીંચકા ખાઉં છું ને મજા કરું છું.'

બંગડીએ તિરસ્કારથી કહ્યું : 'છટ્, તું ફોગટિયું અહીં ભરાઈ બેઠી છે. તારી કંઈ કિંમત જ નથી.'

વાળીએ કહ્યું : 'કિંમત તો બહેન, હું શું જાણું?'

બંગડીએ કહ્યું : 'તું ન જાણે પણ હું જાણું છું. તારી કિંમત ચાર પૈસા જેટલીય નથી અને મારી હજાર રૂપિયા છે. બોલ શું કહેવું છે હવે?'

વાળીએ કહ્યું : 'આપણી કિંમત આપણે કરીએ એ શા કામનું? બીજા આપણી કિંમત કરે તે ખરી.'

બંગડીએ કહ્યું : 'તો ચાલ બીજા પાસે કિંમત કરાવીએ! પણ એક શરત, આપણા બેમાંથી જેની કિંમત ઓછી કરે તેણે આ મૂલક છોડી ચાલી જવાનું!'

'ભલે એમ.' વાળીએ કહ્યું.

રાધા આ વાત સાંભળતી હતી. તેને ગમ્મત થઈ. તરત જ તેણે સોની-કાકાને બોલાવ્યા ને કહ્યું : 'કાકા, આ બંગડી અને વાળીની કિંમત કરો અને કોને રાખવી ને કોને છોડવી તે કહો.'

સોનીકાકાએ બંગડી અને વાળીની પરખ કરી કહ્યું : 'બંને ચીજ સોનાની છે એટલે બંનેનું કૂળ તો એક જ છે, કોઈ ઊંચ નથી, કોઈ નીચ નથી. ઊંચ કહીએ તો બેઉ ઊંચ છે ને નીચ કહીએ તો બેઉ નીચ છે. હવે રહી એની કિંમત કરવાની. બંગડી મોટી છે ને તગડી છે તેથી એમાં સોનું વધારે છે અને એના સોનાની કિંમત વધારે છે. વાળીમાં સોનું ઓછું છે એટલે એના સોનાની કિંમત ઓછી છે, ખૂબ જ ઓછી.'

સોનીકાકાએ આટલું કહ્યું ત્યાં બંગડી તાલી પાડી બોલી ઊઠી : 'એ...ઈ, વાળી, કાન ખોલી આ સાંભળ! કાકા કહે છે કે તારી કિંમત ખૂબ જ ઓછી છે, હું એમાં સુધારો કરીને કહું છું કે તારી કિંમત કશી જ નથી.'

પણ આ શબ્દો પર કોઈએ ધ્યાન આપ્યું નહિ.

સોનીકાકાએ આગળ બોલવા માંડ્યું : 'પણ વાળીમાં જે મોતી છે તે એકદમ સાચું છે, તેથી કરીને વાળીની કિંમત બંગડી કરતાં ઘણી વધી જાય છે. વળી, એક બીજી વાત છે. વાળી નવી છે અને નવી કલાકારીગરી વાળી છે, એટલે એ રાજદરબારમાં શોભે એવી છે, પણ બંગડી જૂના જમાનાની છે. ઘસાઈ ગયેલી છે અને એના ઘાટઘૂટનું કંઈ ઠેકાણું નથી, એટલે હવે એને દેશ-નિકાલ કરવાનો વખત થઈ ગયો છે.'

આ સાંભળી બંગડીને ધ્રાસકો પડ્યો. તે બોલી ઊઠી : 'હેં, હેં, દેશનિકાલ?'

સોનીકાકાએ કહ્યું : 'આ સિવાય બંગડીનો બીજો કંઈ જ ખપ નથી!'

રાધાએ તે જ ઘડીએ બંગડી હાથમાંથી ઉતારી નાખી.

બંગડીએ શરમથી મોં છુપાવી દીધું!

- રમણલાલ સોની

અનુસંધાન] કલાસ્મૃતિ [પૃ. ૩૫૩ થી

જીવનની અંતરંગ વાતો જાણવા મળે છે.

ગઝલ સાંભળીને શ્રોતા લાગણી-સભર થાય છે. તેનામાં દેવદાસ કે ચંડીદાસ, મજનુ કે ફરહાદ જેવાં પાત્રોની યાદ તાજી થાય છે. તેથી જ કવિહૃદયી લોકો ગંભીર વાચનના શૉખીન, થોડાક ઉર્દુ સમજ-વાળા, ગીત-ગઝલને વધારે માણી શકે છે. એટલે જ કુન્દનલાલ સાયગલ, પંકજ મલ્લિક, કૃષ્ણચંદ્ર ડે, યૂથિકા રાય, શમીમ-બાનો, ગુલામઅલી મહેંદી હસન અને બેગમ અખ્તર જેવાંઓને આજે પણ ભૂલી શકાતાં નથી.

આજના ભાગદોડના જમાનામાં, શાંત કે મૌન થવા માટે, પૂર્ણ આનંદ માટે, ફુરસદ કાઢીને આવાં ગીત-ગઝલ એકાદ વાર સાંભળી તો જુઓ. લાગશે કે, 'ગુજર ગયા વો જમાના કૈસા... કૈસા...', 'હાલે દિલ વહ પૂછને આને લગે', 'વહ કહતેં હૈં કી રંજીશ કી બાતેં ભૂલા દે, ઝાહીદ ના કહ બૂરી કે દીવાને આદમી હૈ', અને સદાબહર, 'અભી તો મૈં જવાન હું... અભી તો મૈં જવાન હું...' - *ગજેન્દ્ર શાહ*

કંકાવટી

પ્રજ્ઞાચક્ષુ મહિલા મુક્તા ડગલી

સુરેન્દ્રનગરના પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજની એક પ્રજ્ઞાચક્ષુ મહિલા શ્રીમતી મુક્તા ડગલીએ રાષ્ટ્રિય સ્ત્રીશક્તિ પુરસ્કાર મેળવી એ સાબિત કરી દીધું છે કે પુરુષાર્થથી કોઈ પણ મંઝીલ પાર કરી શકાય છે. માનવીય અને કુદરતી અડચણોને તેમણે હડસેલીને આ ઍવૉર્ડ જીતી સુરેન્દ્રનગર જ નહિ, પરંતુ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. તેમને આ પુરસ્કાર ભારતના ઉપરાષ્ટ્રપતિ ભૈરોસિંહ શેખાવતને હસ્તે આપવામાં આવ્યો હતો.



મુક્તા ડગલીનો જન્મ તા. ૨-૭-૧૯૬૨માં અમરેલી જિલ્લાના આંકડિયા ગામના પટેલ પરિવારમાં થયો હતો. માત્ર સાત વર્ષની ઉંમરે મૅનેન્જાઈટીસ થવાને કારણે બંને આંખોની રોશની ગુમાવી દીધી. પ્રાથમિક શિક્ષણની શરૂઆત અંધ ઉદ્યોગશાળા, ભાવનગરમાં કરી. ત્યાર બાદ અમદાવાદની અંધ કન્યા પ્રકાશ ગૃહ સંસ્થામાં રહી ૧૯૮૨માં એસ.એસ.સી. તેમજ ટીચર ટ્રેનિંગ ડિપ્લોમા પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ મેળવ્યો. અભ્યાસકાળ દરમિયાન ગુજરાત કક્ષાની વિવિધ હરીફાઈઓ જેવી કે 'બ્રેઈલ વાચન', 'બ્રેઈલ લેખન', વક્તૃત્વ સ્પર્ધા, જુદી જુદી રમત-ગમત સ્પર્ધા તથા સ્વરચિત કાવ્યો અને ટૂંકી વાર્તાઓની લેખન હરીફાઈઓમાં અવારનવાર તેમણે પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો.

આ ઉપરાંત શિક્ષણ લેતાં લેતાં વૅકેશનના સમયમાં તેમણે ટેલિફોન ઑપરેટર, પર્સનાલિટી ડેવલપમેન્ટ, સ્પીકિંગ કોર્સ, લીડરશિપ તથા હૅન્ડિક્રાફ્ટ જેવા વિવિધ કોર્સ કરીને સમયનો સદુપયોગ કર્યો. સેવાકીય પ્રવૃત્તિઓ વિદ્યાર્થીકાળથી જ આરંભી દીધી હતી. જેમ કે, હૉસ્ટેલમાં રહેતી અંધ બહેનોને આર્થિક સહાય કરવી, માંદગીના સમયે તેમની સેવા-શુશ્રૂષા કરવી, અભ્યાસમાં નબળી હોય એવી અંધ બહેનોને શિક્ષણ આપવું, બહેનોના પ્રશ્નોને વાચા આપવી તેમજ દરેક અંધ બહેનને સહાયભૂત થવાનો તેમનો અભિગમ છે.

મુક્તા ડગલીએ અત્યાર સુધીમાં દસથી બાર વખત રક્તદાન પણ કરેલ છે. વિદ્યાર્થી જીવનનાં ઉપરોક્ત વિશિષ્ટ પાસાંઓને ધ્યાનમાં લઈ 'અંધ કલ્યાણ કેન્દ્ર' અને 'લાયન્સ ક્લબ' અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આદર્શ વિદ્યાર્થિનીનો ઍવૉર્ડ સને ૧૯૮૦માં આપવામાં આવ્યો. હતો.

મુક્તા ડગલીએ ૧૯૮૪ની સાલમાં સમાન વિચાર ધરાવનાર અંધ યુવક શ્રી પંકજકુમાર કે. ડગલી સાથે લગ્ન કર્યાં અને બંને પતિ-પત્નીએ નિઃસંતાન રહી સમાજની સેવા કરવાનું નક્કી કર્યું. મુક્તા ડગલી આટલેથી જ અટક્યાં નહીં, પરંતુ 'પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ' નામની સંસ્થાની સ્થાપના કરી, જેમાં હાલ સુરેન્દ્રનગર શહેરમાં ૭૦ અંધ બહેનોને ગૃહવિજ્ઞાન અને વિશિષ્ટ રોજગારલક્ષી તાલીમ આપવાના પ્રયાસ તેઓ કરી રહ્યાં છે. મુક્તા ડગલીની સેવાકીય પ્રવૃત્તિની કદર કરી ગુજરાતની ઘણી સંસ્થાઓએ તેમને સન્માનિત કર્યાં છે.

- નિલેશ શુક્લ ('ગુજરાત'માંથી)

ઘરમાં સાવચેતી કેમ રાખશો?

- ઘરના દરવાજાની બહાર જાળીવાળો વધારાનો દરવાજો બેસાડવો.
- બધી બારીઓની બહાર લોખંડની ગ્રીલ અચૂક બેસાડવી.
- ઘરની વસ્તુઓનો વીમો ઉતરાવી લેવો.
- નજીકનું પોલીસ મથક, હૉસ્પિટલ અને ઍમ્બ્યુલન્સ સેવાના ટેલિફોન નંબર હાથવગા રાખો.
- ઘરનાં બધાં સભ્યો બહાર જવાનાં છે એવી વાત નોકરો કે ધોબી પાસે ન કરવી.
- બહારગામ જતા સમયે છાપાવાળા ફેરિયાને છાપાં નાખવાનું બંધ કરવાનું કહેવું નહીં.
- દૂધવાળા પાસે બહારગામ જતાં સમયે એવું બહાનુ કાઢવું કે ડૉક્ટરે તેમને થોડા દિવસ દૂધ કે ચા પીવાની ના પાડી હોવાથી હમણાં દૂધ ખરીદવું બંધ કર્યું છે.
- વાસણવાળાને ઘરમાં આવવા દેવા નહીં, અને તેમની સાથે ખોટી લપ કરવી નહીં.
- મકાનના ગુરખાને તમારા માટે કશું લેવા સારુ દોડાડવા નહીં.
- પડોશીઓ સાથે એવી ગોઠવણ કરી લેવી કે રાત્રિના સમયે બંનેમાંથી એકના ઘરમાં કોઈ સભ્ય એકલું હોય અને રાત્રે કોઈ દરવાજો ખખડાવે તો ફોનથી એકબીજાંનો સંપર્ક કરીને એકીસાથે દરવાજો ખોલવો.
- નોકર-ચાકરની અવરજવર સમયે પૈસા ગણવા બેસવું નહીં.
- કેબલ ઑપરેટર કે અન્ય ઉપકરણો દુરસ્ત કરવા આવનારા કારીગરોને ઘરમાં પ્રવેશ આપતાં પહેલાં ઓળખપત્ર જોવા અચૂક માગવું
- દરવાજા કે બારીના બધા જ નટબોલ્ટ યોગ્ય સ્થિતિમાં છે કે નહીં એની નિયમિત તપાસ રાખવી.
- બાથરૂમની બારીની બહાર લોખંડની ગ્રીલ બેસાડવાનું ભૂલવું નહીં.

સાહિત્યસંપર્ક

જૉઝફ કૉનરેડ

સાહિત્યના અભ્યાસીને કેટલીક વાર અસામાન્ય લેખકોનો ભેટો થાય છે, અને આમ હોવાથી તેના સર્જનમાં વિશેષ રસ લેવાય છે. આર્થર કોનન ડૉઈલ વ્યવસાયે ડૉક્ટર પણ થોડાં વર્ષોની પ્રૅક્ટિસ પછી તેમાં રસ ક્ષીણ થતાં, સાહિત્યસર્જન તરફ મન દોરાયું અને થોડા સમયમાં જ શેરલોક હોમ્સની વાર્તાઓ શરૂ થઈ. આજે આ વ્યક્તિને નામે ક્લબો છે, મ્યૂઝીઅમ છે, પ્રતિમા છે અને તેનાં પ્રશંસકો દુનિયાભરમાં છવાઈ ગયાં છે. સ્ટીવનસન જીવનભર પથારીવશ રહ્યા. નબળી તબિયતથી કાંઈ ધંધો સ્વીકારી શકવા અસમર્થ હતા. તેમણે નાનાં બાળકો માટે પરાક્રમોભરી વાર્તાઓ શરૂ કરી. તેમાં દરિયાઈ ચાંચિયા આવ્યા, સંતાડેલ ઝવેરાત માટે શોધ આવી, અપહરણોનો સમાવેશ થયો અને સાહિત્ય બાળકો પૂરતું સીમિત ન રહેતાં પ્રૌઢોને પણ સ્પર્શી ગયું. ૧૮મી સદીમાં સ્ત્રીઓ માટે ઘરબહાર જીવન ન હતું. દીકરી, પત્ની, માતા આ એના મુખ્ય જીવનવિભાગો હતા. આટલા સંકુચિત વાતાવરણમાં આ સ્ત્રીએ કૌટુંબિક નવલકથાઓ સર્જી અને તે એટલી સુંદર બની કે તેને 'છ ઈંચના હાથીદાંતમાં અત્યંત નાજુક કોતરણી તરીકે વર્ણવામાં આવી. આ લેખિકા તે જેન ઑસ્ટીન. પોતાની ધાર્મિક વિચારસરણી રાજ્યને સ્વીકાર્ય ન હોવાથી તેમને જેલભેગા કરવામાં આવ્યાં. ત્યાં રહીને શોક, ગ્લાનિ અનુભવીને બેસી રહેવા કરતાં, તેમણે સર્જન શરૂ કર્યું અને 'પિલગ્રીમ્સ પ્રોગ્રેસ' લખ્યું. આ વ્યક્તિ તે જ્હૉન બન્યન. આવું જ અસામાન્ય વ્યક્તિત્વ આપણને જૉઝફ કૉનરેડમાં ભાસે છે. જન્મે પોલીશ, દુનિયા જોવાનો અદ્‌ભુત રસ, માતા-પિતાનાં રાજકીય કારણોસર મરણ થયેલાં હોવાથી, અનાથ અને આર્થિક મુશ્કેલીમાં નાની ઉંમરે તેણે વહાણ પર ખલાસીની નોકરી સ્વીકારી (૧૮૭૮). વર્ષો પછી બ્રિટિશ નૅવિમાં જોડાયા. દુનિયાભરમાં અને મુખ્યત્વે પૂર્વમાં, વહાણોમાં યાત્રા થઈ. તોફાની ઊછળતા સમુદ્રમાં, ઊંડા અંધારામાં, ભીષણ ગર્જના અને વરસાદ વચ્ચે, ગમે તે ઘડીએ વહાણ તળીએ બેસી જશે, તેના ટુકડા થશે, ભરદરિયે ડૂબી જવાનો વારો આવશે, એવા કેટલાય સ્વાનુભવ પછી તેમણે અંગ્રેજી ભાષાનો અભ્યાસ શરૂ કર્યો. જન્મે પોલીશ, પૂર્વ વ્યવસાયે ફ્રેંચ ભાષા જ્ઞાની, આ ખલાસી (જે હવે ઊંચી પદવી પર હતો) તેણે સ્વેચ્છા અને સ્વબળે અંગ્રેજી પર એટલું પ્રભુત્વ મેળવ્યું કે તેની શૈલીની પ્રશંસા થતી ગઈ. તેનું સર્જન એટલું યશસ્વી નીવડ્યું કે તેણે સમુદ્ર ત્યાગી લેખનકાર્યમાં શેષ જીવન ગાળ્યું. તે એક નામાંકિત લેખક બન્યો. ઘણી નવલકથાઓ લખી ('લૉર્ડ જીમ', 'હાર્ટ ઑફ ડાર્કનેસ', 'ટાયફૂન', 'નોસ્નોમો વિક્ટરી' વ.) અને તેમાં દરિયાના જુદા જુદા સ્વઆંખે નિહાળેલા, અનુભવેલા, મૂડ્સ વર્ણવ્યા. પણ તદુપરાંત તે સમયે આફ્રિકાની પછાત, અભણ, અજ્ઞાની પ્રજાનું યુરોપિયનો કેવું શોષણ કરતા હતા, તેમને લૂંટી ગજબ નફો કરતા હતા, તેઓ પર સીતમ ગુજારી કેવું સુખ ભોગવતા હતા - આ સર્વ પણ તેમણે બહાર આણ્યું ને 'મિશન'ના નામથી જે દુર્વ્યવહાર ચાલતો હતો તે પર વેધક, પ્રકાશ ફેંક્યો. સાથેસાથે, સ્વભાવે, ઘડતરે સંસ્કારી પણ સંજોગોવશાત્ કેવું અનીતિમય કાર્ય વ્યક્તિ કરી બેસે છે અને પછી તેને ઢાંકવા કેટલા પ્રયાસો કરે છે, પશ્ચાત્તાપ ભોગવી, ઊર્ધ્વમાર્ગી થવા પ્રયત્નો કરે છે અને અંતે જીવનો ભોગ પણ આપે છે. એ પણ લૉર્ડ જીમ દ્વારા દર્શાવ્યું છે. તેઓ લખતા હતા તે સમયમાં, ૨૦મી સદીનાં આરંભનાં વર્ષોમાં પશ્ચિમને દૂર પૂર્વનો પરિચય સપાટી પરનો જ હતો એટલે એમનાં ત્યાંનાં જીવન, પ્રદેશ, રહેણીકરણી, યુરોપિયનોના અનુભવ, સાહેબી-જોહુકમીનાં વર્ણન ત્યાંના વાચકને રસિક લાગ્યાં. નૌકામાં કાર્યકરોનો એકમેકમાં પૂરો વિશ્વાસ હોય, સાથે મળી કાર્ય કરવા તત્પર હોય, આદેશો પાળતા હોય, કરુણ સ્થિતિમાં હિમ્મત ન હારતાં ધીરજથી સામનો કરતાં હોય તો જ નૌકા સારાનરસા સમયમાં પણ સલામત રહી શકે - આ પાઠ તેઓ નૌકાજીવનના દિવસોમાં શીખ્યા અને પછી તે જ પાઠ બીજે પણ પ્રસરાવતા ગયા જ્યાં આ ગુણો પ્રવર્તે ત્યાં જ જીવન સુખી હોય છે એમ એમની માન્યતા છે.

'ટાયફૂન'માં ઉત્તર-ચીનથી ૮૦૦ ચીની યાત્રીઓ સાથે આવતી સ્ટીમર ભીષણ તોફાનમાં ઝડપાઈ જાય છે. બીકથી રાતના અંધારામાં તેઓ એક બીજાની સાથે લઢી, નૌકાનો ભય વધારે છે. આકાશમાં ગર્જના અને આંખને અંધ બનાવી દે એવી વીજળીના ચમકારા વચ્ચે નૌકા ઊછળે છે. મૃત્યુ આસપાસ તાંડવ ખેલી રહ્યું છે તે સમયે આ સ્ટીમર - નાનરોમ- નો કપ્તાન મેકવર અખૂટ ધીરજ અને હિંમતથી તેને સંભાળે છે. જ્યારે તોફાન શાંત પડે છે ત્યારે તેને કિનારા પર લાવે છે. 'લૉર્ડ જીમ'માં 'પટ્‌ના' નામની સ્ટીમર જ્યારે ડૂબી જશે એમ લાગે છે ત્યારે તેના ચાલકો થોડી હોડીઓ ઉતારી તેમાં કિનારા પર જવા નીકળે છે. સ્ટીમરના યાત્રીઓની સંખ્યા, અને રાત્રે તેઓને ઉઠાડી, બચાવી લેવાનું અશક્ય લાગતાં, ખલાસીઓ પોતે જ આમ ઊતરી પડે છે. જીમ એક ઑફિસર છે અને એને પણ કૂદી પડવા તેઓ આમંત્રે છે. જીમને પણ લાગે છે કે આ યાત્રીઓ ઊંઘમાંથી ઊઠે અને વખતસર ઊતરવા માંડે (જ્યારે હોડીઓની સંખ્યા અપૂરતી છે) તે શક્ય નથી, માટે તે જીવ બચાવવા, અફસર હોવા છતાં કર્તવ્યને બાજુ પર મૂકી, જીવ બચાવવા કૂદી પડે

છે. સવારે ખબર પડે છે કે આ યાત્રીઓને અને વહાણ(પટ્‌ના)ને બીજી કોઈ એ માર્ગે જતી સ્ટીમરે ઉગારી લીધા. પછી, આ અફસરો પર કેસ ચાલે છે ને જીમનું સર્ટિફિકેટ છીનવી લેવામાં આવે છે. પોતાની કાયરતા પર તેને શરમ આવે છે ને ત્યારથી તે અજાણે સ્થળે (જ્યાં એનું આ રહસ્ય કોઈ જાણતું ન હોય) રઝળે છે. મનમાં આ કાયરતા માટે પશ્ચાત્તાપ થયા કરે છે. પછી એમાં એક મિત્ર તેને પટુસાન મોકલે છે, જ્યાં એ ધીમેધીમે સન્માનિત થતો જાય છે, કારણ કે આ સ્થળની અંધાધૂંધીમાં તે સ્થિરતા, શાંતિ પ્રવર્તતી કરે છે. તેને ત્યાંની પ્રજા 'ટુઆન જીમ' (લૉર્ડ જીમ) કહે છે. પછી એક સમય એક બહારવટીઓ (જેન્ટલમન બ્રાઉન- જેને જીમનો પૂર્વ ઈતિહાસ ખબર છે) તેના સાથીઓ સાથે આવી ચઢે છે. એ યુદ્ધમાં તે પકડાય છે. ત્યારે તે જીમને વિનતિ કરે છે કે જેમ તેણે પૂર્વજીવનમાં એક ખોટું કામ કર્યું, પણ હવે તે સુધરી ગયો છે, તેમ તે એને આ કેદમાંથી છોડાવી સુધરવાની એક તક આપે. જીમ તેના શબ્દોમાં વિશ્વાસ રાખી (કારણ મૂળ આ પાદરીનો દીકરો મનમાં શુદ્ધ છે) ત્યાંના રાજા દોરામીનને પ્રાર્થે છે અને એના શબ્દમાં વિશ્વાસ રાખી તે બ્રાઉન અને તેના સાથીઓને છૂટા કરે છે. પણ પછી બ્રાઉન ફરી જાય છે તે દોરામીનના પુત્રને મારી નાખી નાસી જાય છે. જીમને મનમાં લાગે છે કે આ હત્યા એને પોતાને લીધે થઈ. માટે તે દોરામીનને સજા કરવા જણાવે છે ને તે રાજા તેને બંદૂકથી મારી નાખે છે. આમ, આત્મબલિદાનથી જીમ પોતાનું ચારિત્ર્ય અંતે 'શુદ્ધ' કરે છે. આ જીમનું પાત્ર કેટલાકે હૅમ્લેટ સાથે સરખાવ્યું છે. જેમ હૅમ્લેટ પોતાના ખૂની કાકા પર વેર લેવું કે નહિ, તેની વિમાસણમાં પડે છે, તેમ જીમ પણ 'પટ્‌ના'ને છોડી, પોતાનું કર્તવ્ય ભૂલી, સ્વાર્થ માટે સ્વરક્ષણ કાજે, શું કરવું તેની મથામણમાં પડે છે. તે અંતે કૂદી પડે છે. જેમ હૅમ્લેટ કાકાને (પ્રાર્થના કરતા હોવાથી) જવા દે છે. બન્નેમાં ઉદાત્ત ભાવો છે, બન્ને કર્તવ્યનિષ્ઠા ધરાવે છે, પણ કટોકટીને સમયે નિશ્ચય કરી શકતા નથી. ઢીલ કરે છે. આખરે બન્ને પોતાનું જીવન ધ્યેયને માટે સમર્પિત કરે છે.

'નોસ્ટ્રોમા' પણ આ માનવીય ક્ષતિને પ્રકાશમાં લાવે છે. તે એક ઈટાલીઅન ખલાસી છે અને જ્યારે સુલાકોમાં બળવો થાય છે ને ત્યાંની ચાંદીની ખાણ લૂંટાઈ જવાના ભયમાં છે ત્યારે તેનો માલિક આ નોસ્ટ્રોમોને વિનવી, તેની સાથે બધી ચાંદી એક બાજુના ટાપુમાં સંતાડવા માટે જણાવે છે અને તદનુસાર એક રાત્રે નોસ્ટ્રોમો આ ચાંદી લઈ દાટી આવે છે. એના રક્ષણ માટે ડીકુડ નામના મિત્રને ત્યાં રહેવા જણાવી તે પાછો ફરે છે. લોકવાયકા એમ છે કે તે ચાંદી લઈ જતાં તોફાન થયું અને ડીકુડ અને ચાંદી દરિયામાં ડૂબી ગયાં. પણ હકીકતમાં ડીકુડ ત્યાં એકલો રહેતાં મનની સ્થિરતા ગુમાવી આત્મહત્યા કરે છે. હવે નોસ્ટ્રોમોનું મન લલચાય છે ને તે ચાંદી પોતાને માટે વાપરવા ત્યાં જાય છે. ત્યાં દીવાદાંડીના અફસર વાયોલાની પુત્રીઓ સાથે અસભ્ય રીતે વર્તે છે. અને એને ગોળી મારવામાં આવે છે. મરતાં મરતાં આ ખાણના માલિકની પત્ની એમીલીઆને બોલાવે છે ને પોતાનું કૃત્ય કબૂલ કરે છે, પણ ચાંદી ક્યાં છે તે બતાવતો નથી. એમીલીઆ આનું અન્તકાળે પણ આકર્ષણ જોઈ, ચાંદીને લીધે થયેલાં અપકૃત્યો સંભારી એટલું જ બોલે છે 'હશે, એ ચાંદી કોઈને જોઈતી નથી. જ્યાં હોય ત્યાં હવે સદાકાળ માટે ભલે પડી રહે.' આમ, જીમ અને નોસ્ટ્રોમો બન્ને પ્રલોભન-સમયે, આદર્શ જીવનમાંથી સ્ખલિત થતા દેખાડ્યા છે. બન્ને પશ્ચાત્તાપ કરે છે, બન્નેને મારવામાં આવે છે, બન્ને અપકૃત્ય કબૂલે છે ને 'મુક્તિ' મેળવે છે.

આમ, કૉનરેડની લેખિની ઘણાં ક્ષેત્રોને આવરી લે છે. વર્ણન, રોમાંચક પરાક્રમ, માનવ સ્વભાવ-ક્ષતિ અને ઉન્નતિ- યુરોપિયન શોષણ, દૂર પૂર્વના દેશોનો પરિચય, સમુદ્રનો બદલાતો સ્વભાવ. અંગ્રેજી ભાષામાં બિનઅંગ્રેજી લેખક, તે વર્ષોમાં આટલું પ્રભુત્વ ખલાસી જીવન ગાળતાં પ્રાપ્ત કરે, તે એક અસામાન્ય ઘટના હતી.

૩-૧૨-૧૮૫૭ને દિવસે તેનો જન્મ. ગૅલ્સવર્ધીના પ્રોત્સાહનથી તેણે લેખન- કાર્ય આરંભ્યું ને ચાલુ રાખ્યું. એક પ્રકારની નવી 'પ્રાદેશિક' નવલકથાઓ સર્જી. આ પ્રદેશને સમુદ્રસૃષ્ટિના સાત સમુદ્ર પર ફરેલા આ ખલાસીએ સ્વદૃષ્ટિથી જોયેલાં દશ્યોને ઘણાં સત્યથી આલેખ્યાં છે. ૯ ઑગસ્ટ, ૧૯૨૪માં તેમનું અવસાન થયું. ત્યારે આ પોલીશ અંગ્રેજી સાહિત્યમાં એક આગવું સ્થાન મેળવી ગયો.

- ડૉ. મહેન્દ્ર ન. પંડ્યા

———અવલોકન———

સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીતકવિતા

સરદાર પટેલ યુનિવર્સિટી - વલ્લભવિદ્યાનગર દ્વારા પ્રકાશિત 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીતકવિતા : મહત્ત્વનાં સ્થિત્યંતરો' એ વિષય પરનો સંશોધન નિબંધ તૈયાર કરનાર ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ અનુભવી, સન્નિષ્ઠ, વિદ્વાન અધ્યાપક હોવા ઉપરાંત આશાસ્પદ કવિ, લેખક, ચરિત્રલેખોના સુલેખ આલેખક પણ છે. ગીતનું સ્વરૂપ, તેનો લોકગીતો સાથેનો સંબંધ, આધુનિકતાનો સંસ્પર્શ, આધુનિકતા સાથે લોકજીવનનો વિનિયોગ જેવા ગુજરાતી ગીતના ત્રણ તબક્કા તેમણે યોજ્યા છે. લેખકની સાહિત્યિક સૂઝ-સમજ, રસજ્ઞતા, વિદ્વત્તા, બહુશ્રુતતા, પરિશ્રમપ્રીતિ વગેરે આ અભ્યાસ-સંશોધન ગ્રંથમાં આપણને જોવા મળે છે. ગુજરાતી ગીતની આ સમગ્રદર્શી, સવિસ્તર, તલસ્પર્શી વિવેચના ભાવવાહી તેમજ

વિચારપ્રેરક બની છે. ગુજરાતી ગીત વિશે જાણવા- સમજવા જેવું બધું જ આપણને આ પુસ્તકમાંથી મળી રહે છે અને તેથી ગુજરાતી ગીતોનો અવબોધ અને તેનાં પરિવર્તનોનો પરિચય પણ આ પુસ્તક-માંથી આપણને પ્રાપ્ત થાય છે. આ પુસ્તકમાં કુલ ૧૧ પ્રકરણો સમાવાયાં છે. દરેક પ્રકરણ ગુજરાતી ગીતકવિતાની આગવી અને તલસ્પર્શી ચર્ચાવિચારણાથી સભર છે. આવું પ્રચુર માહિતીસભર પુસ્તક આપણને આપવા માટે લેખક ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ અભિનંદનના અધિકારી છે. 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગીતકવિતા : મહત્ત્વનાં સ્થિત્યંતરો' લે. ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટ, પ્રકાશક : સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર - ૩૮૮ ૧૨૭, પાકું પૂઠું, પૃ. ૧૧૨, કિં. રૂા. ૭૫.

- કા.વ.રામી

વસંત પાછી મ્હોરી

બન્ને કાવ્યસર્જક કવિમિત્રો શ્રી રમણલાલ વ્યાસ અને લાભશંકર રાવળ 'શાયર'નો જોડિયો કાવ્યસંગ્રહ 'વસંત પાછી મ્હોરી'નાં કાવ્યો વાંચીને ઘણો આનંદ થયો. આ કાવ્યસંગ્રહમાં કવિ શ્રી રમણલાલ વ્યાસનાં લગભગ ૫૦ કાવ્યો સમાવાયાં છે. શિખરિણી છંદમાં રચાયેલી પ્રથમ છંદોબદ્ધ રચના 'કાવ્યઝરણ'ને વાંચતાં અને ત્યાર પછીની રચનાઓ વાંચતાં વાચકનું - આપણું મન પ્રફુલ્લિત થઈ જાય છે. કેટલીક રચનાઓ : 'બંસી બજાવે હો કાલિંદી-કાંઠડે કાનુડો બંસી બજાવે/સુણીને સાદ ત્યાં ગોપિકા દોડતી, ખીલે બાંધેલ ગાય તોડી વછોડતી;/ ગુણિયલ મારો ગુર્જર દેશ, ભવ્ય અનુપમ રમ્ય પ્રદેશ./રેવાનું નીર નિર્મળ વહેતાં, મહીસાગરનાં ગાંડાં પૂર;/વિશાળ આ સાબરનો પટ ને છલકંતું તાપીનું ઉર.

બીજા કવિમિત્ર શ્રી લાભશંકર રાવળ 'શાયર'નાં ૪૭ કાવ્યો આ કાવ્ય-સંગ્રહમાં છે. પ્રથમ રચના 'હવે' : 'તમે કંઈ વરસ્યા વારંવાર, ધૂળધફોઈ ધરા ધમારી હેતે ધારેધાર.' વાંચતાં જ આપણે ભાવવિભોર થઈ જઈએ છીએ. સંગ્રહમાંની કવિની ભજન-ભક્તિની રચનાઓ પણ ધ્યાનાકર્ષક છે. તેમાંની કેટલીક રચનાઓ વાંચતાં વાંચતાં આપણે ભક્તિરસમાં તરબોળ થઈ જઈએ છીએ. જોડિયા કવિ-મિત્રોનો આ એક વિશિષ્ટ કાવ્યસંગ્રહ છે. 'વસંત પાછી મહોરી' : લેખકો : રમણ-લાલ વ્યાસ અને લાભશંકર રાવળ 'શાયર', પ્રકાશક : સરસ્વતી વ્યાસ, ૩૧૫, સેક્ટર ૨૨, ગાંધીનગર અને જયશ્રીબેન રાવળ, 'શિવાલય', ૮, પટેલ કોલોની, જામનગર - ૩૬૧ ૦૦૮ ડિમાઈ સાઈઝ, કાચુ પૂઠું, પૃ. ૧૧૬, રૂ. ૬૦. *- કા.વ.રામી*

પ્રાપ્ત પ્રકાશનો

રન્નાદે પ્રકાશન (૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧)નાં ૨૦૦૧-૨૦૦૨નાં નવાં પ્રકાશનો : *લીલાસાગર-૧* (નવલકથા) લે. લાભશંકર ઠાકર, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૮૮, રૂ. ૧૪૫. *લીલાસાગર-૨* (નવલકથા) લે. લાભશંકર ઠાકર, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૭૨, રૂ. ૧૩૫. *એક ચપટી ગુલાલ* (નવલકથા) લે. ગિરીશ ભટ્ટ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૭૨, રૂ. ૧૩૫. *બંધ આંખોમાં આંસુ* (નવલકથા) લે. સુમંત રાવલ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૪૯૬, રૂ. ૨૫૦. *શૂન્યના સરવાળા* (નવલકથા) લે. રશ્મિ શાહ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૯૫. *કાહે કો! મનવા* (નવલકથા) લે. ભગવત સુથાર, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૧૧૫. *ઝાકળ માગે સૂરજ* (નવલકથા) લે. રશ્મિ શાહ ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૮૪, રૂ. ૯૫. *વીણેલાં* (આરોગ્ય) લે. જાદવજી નરભેરામ શાસ્ત્રી, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૩૨૦, રૂ. ૧૬૦. *આચાર્ય દૃઢબલનો ઉપચારબોધ* (આરોગ્ય) લે. લાભશંકર ઠાકર, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૧૦૫. *સ્વયં મનોપચાર* (આરોગ્ય) લે. ડૉ. મોહનભાઈ પંચાલ ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૦૦, રૂ. ૧૨૫. *ટેવ* (કાવ્યસંગ્રહ) લે. લાભશંકર ઠાકર, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૫૫. *નકશાનાં નગર* (ગઝલસંગ્રહ) લે. ચિનુ મોદી 'ઈર્શાદ', ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૯૬, કિંમત રૂ. ૬૦. *શ્વેત સમુદ્રો* (કાવ્યસંગ્રહ) લે. ચીનુ મોદી, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૬૦. *વિનિમયવૃક્ષ* (નિબંધ) લે. લાભશંકર ઠાકર, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૧૦૦. *ચાલો, પ્રવાસે* (નિબંધ) લે. નરોત્તમ પલાણ, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૬૦. *અમેરિકામાં હોવું એટલે...* (નિબંધ) લે. અદમ ટંકારવી, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૬૦. *રીઝો રે દરિયાદેવ* (નિબંધ) લે. પ્રીતિ સેનગુપ્તા, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૭૫. *જે ગમે અવળ ગુરુદેવ નિર્મિશને* (અવળ આસ્વાદ) લે. નિર્મિશ ઠાકર, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૭૫. *શબ્દની જાત્રા સત્ય સુધી* (નિબંધ) લે. રમેશ પારેખ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૯૬, રૂ. ૧૫૦. *નાદબ્રહ્મની સમીપ* (સંગીત) લે. હૃષીકેશ પાઠક, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૯૬, રૂ. ૧૫૦. *ઉજાસનાં એંધાણ* (નિબંધ) લે. રમણ પાઠક 'વાચસ્પતિ', ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૫૬, રૂ. ૯૫. *અંધશ્રદ્ધાનો એક્સ-રે* (નિબંધ) લે. જમનાદાસ કોટેચા, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૬૪, રૂ. ૧૩૫. *પ્રેમનું ઓજસ* (પ્રેરક નિબંધો) લે. ફાધર વર્ગીસ પૉલ, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૯૦. *ગુર્જર ગરિમા* (વ્યક્તિચિત્રો) લે. ટીના દોશી, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૮૦, રૂ. ૧૪૦. *પોઠ* (ટૂંકીવાર્તા) લે. મોહન પરમાર, ક્રાઉન સાઈઝ, પાકું પૂંઠું, પૃ. ૧૯૨, રૂ. ૧૦૦. *કાન હોય તે સાંભળે* (ટૂંકીવાર્તા) લે. યોસેફ મૅકવાન, ક્રાઉન સાઈઝ, પાકું પૂંઠું, પૃ. ૧૯૦, રૂ. ૧૦૦. *તુલસીનો છોડ* (ટૂંકીવાર્તા) લે. જય ગજ્જર, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૩૨, રૂ. ૧૧૫. *કથા નગરી* (ટૂંકીવાર્તા) મૂ.લે. ફૂલચંદ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



એવા વળાંક પર હવે ઊભો છે કાફલો
અહીંથી જવાય રણ તરફ, અહીંથી નદી તરફ.
- કિસન સોસા



હું તણખલો સાત સાગર પાર કરવાની ધગશ
તું તો પથ્થર છે અને પથ્થર કદી તરતા નથી.
- અઝીઝ કાદરી

માનવ, અનુ. આકાશ પટેલ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૭૨, રૂ. ૮૦. *શબ્દગોષ્ઠિ* (ટૂંકીવાર્તા) લે. યોસેફ મૅકવાન, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૮૦. *એક પળ* (લઘુવાર્તા) લે. તરુલતા દવે, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૪૦. *પીળું ગુલાબ અને હું* (નાટક) લે. લાભશંકર ઠાકર, ક્રાઉન સાઈઝ, કાચું પૂંઠું, પૃ. ૧૫૨, રૂ. ૭૫. *સત્યજિતરાય - જીવન અને કલા* (અવલોકન) લે. અભિજિત વ્યાસ, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ. ૯૬, રૂ. ૬૦. *બુદ્ધિ કોના બાપની?* (બાળસાહિત્ય) લે. ભગવત સુથાર, ડબલ ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૪, રૂ. ૩૦. *હાંસ : મહાન ઘડિયાળી* (બાળસાહિત્ય), લે. ભગવત સુથાર, ડબલ ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૪૪ રૂ. ૫૦. *દેખ્યું... દેખ્યું...* (બાળસાહિત્ય) લે. ભગવત સુથાર, ડબલ ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૪, રૂ. ૩૦. *દાનનું પુણ્ય* (બાળસાહિત્ય), લે. ભગવત સુથાર, ડબલ ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૪ રૂ. ૩૦. *વીર બાળક* (બાળસાહિત્ય) લે. ભગવત સુથાર, ડબલ ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૦, રૂ. ૨૫. *આનું નામ તે ભેજું* (બાળસાહિત્ય), લે. ભગવત સુથાર, ડબલ ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૦, રૂ. ૨૫. *બિલાડીનો ઘંટ* (બાળ-સાહિત્ય) લે. ભગવત સુથાર, ડબલ ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૦, રૂ. ૨૦. *વિશ્વની મહાન માતાઓ* (બાળ-સાહિત્ય), લે. સાંકળચંદ પટેલ, ડબલ ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૬, રૂ. ૨૦. *વીજળીનાં રમકડાં* (બાળસાહિત્ય), લે. સાંકળચંદ પટેલ, ડબલ ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૬, રૂ. ૨૦. *ચતુર ત્રિપુટીની વાર્તાઓ* (બાળસાહિત્ય), લે. સાંકળચંદ પટેલ, ડબલ ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૪૦. *જોડણીનો જાદુ* (બાળ-સાહિત્ય), લે. સાંકળચંદ પટેલ, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૬, રૂ. ૨૦. *તરતા સ્વર્ગની તબાહી* (બાળસાહિત્ય), લે. લાભશંકર ત્રિવેદી, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૫૬, રૂ. ૩૦. *ઢાઈ અક્ષર* (ગઝલ-સંગ્રહ), લે. મુસાફિર પાલનપુરી, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૬૦. *યુગપુરુષ પંડિત દિનદયાલ ઉપાધ્યાય* (જીવનચરિત્ર), લે. ડૉ. મફતલાલ પટેલ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૭૬, રૂ. ૧૫૦. *મહિલા અને માનવઅધિકારો* (મહિલા અધિકારો), લે. ડૉ. મફતલાલ પટેલ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૮૪, રૂ. ૧૫૦.

અભેદ્ય જંજીરા કિલ્લો
(દેશાટન-૫૧)



જંજીરા કિલ્લાની ભવ્યતા ફક્ત એક જ શબ્દમાં વર્ણવી શકાય - અભેદ્ય. અહમદનગરના નિઝામશાહી શાસકોમાં મલિક અંબર દ્વારા નિર્મિત આ કિલ્લાને જીતવાનો પ્રયાસ ૩૦૦થી વધુ વર્ષો સુધી વિફલ રહેલો. કિલ્લાના નિર્માણકાળથી છેક ૧૯૪૭માં ભારત દેશ સ્વતંત્ર થયો ત્યાં સુધી બળપ્રયોગથી કે છલ-ચાતુર્યથી આ કિલ્લો કોઈ શત્રુ દ્વારા જિતાએલો નહિ.

મુરુડ-જંજીરા નામના બંદરની દક્ષિણે એક ખડક પર આવેલા આ કિલ્લા સુધી પહોંચવાનો માર્ગ રાજાપુર જેટી થઈને જાય છે. વીસેક મિનિટનો નૌકાવિહાર કર્યા પછી કિલ્લાની નજીક પહોંચાય છે. કિલ્લાની પથ્થરની દીવાલો પાણીની સપાટીથી લગભગ ચાલીસ ફૂટની ઊંચાઈ પર છે, અને પુરાણા સમય જેટલી જ પ્રભાવશાળી તથા અભેદ્ય દેખાય છે.

કાળનો પ્રભાવ કિલ્લા પર સ્પષ્ટપણે દેખાઈ આવે છે. કિલ્લાની અંદરનાં ભવનો, અન્તઃપુરના સ્નાનાગારો વગેરે બધાં જ જિર્ણાવસ્થામાં આવી ગયાં છે અને બધે જ લીલ છવાઈ ગઈ છે. દીવાલો પરની તોપો આટલો સમય વિત્યો હોવા છતાં તેના પર બિલકુલ કાટ લાગ્યો નથી.

મુરુડ-જંજીરા મુંબઈથી ૧૬૫ કિ.મી. દૂર છે અને સડકમાર્ગે ત્યાં જઈ શકાય છે. મુંબઈથી સ્ટીમ-લૉન્ચ કે સ્ટીમર દ્વારા પણ જઈ શકાય છે. એ ઉપરાંત અલીબાગ થઈને બસમાર્ગે જઈ શકાય છે. ત્યાં પર્યટન વિભાગનું આરામપ્રદ વિશ્રામસ્થાન પણ ઉપલબ્ધ છે. *('યોગક્ષેમ'ને આધારે)*



અમર ઢૂંકડી

ઘણના તો ઘા કૈંક જીરવ્યા જીવને,
ઘડપણના ઘા કેમ ઝીલવા?
વર્ષો વસંતના ઢોળાયા કુંભ, શું
પાનખરે ખિલખિલાટ ખીલવા! - ઘણના તો ઘા.
('વસંત પાછી મહોરી'માંથી)

-રમણલાલ વ્યાસ/લાભશંકર રાવલ 'શાયર'


૯૪ વર્ષના યુવાન દાદુ કાંતે છે

નામ તો એમનું દલપતભાઈ પણ બધા એમને 'દાદુ'ના નામે જ ઓળખે. ૨૧-૩-૧૯૦૯ એમનો જન્મદિવસ એટલે આજે તેમનું ૯૪મું વર્ષ ચાલે.

પાંચ ભાઈઓ અને બે બહેનોમાં એમનો ક્રમ ચોથો. બાળપણમાં જ માતા-પિતા ગુમાવ્યાં. મોટાં ભાઈઓએ સંભાળ રાખી, ભણાવ્યા, મૅટ્રિકમાં નાપાસ થતાં અભ્યાસ છોડ્યો.

મોટાભાઈ રેલવેમાં નોકરી કરે એટલે એમને પણ ૨૦ વર્ષની ઉંમરે ૮-૮-'૨૯ના રોજ 'એપ્રેન્ટિસ ફીટર' તરીકે રોજના એક રૂપિયા બાર આના (પોણા બે રૂપિયા)ના પગારે રેલવેમાં નોકરી મળી. વર્ષો સુધી એન્જિનમાં આગ સળગતી રાખવા કોલસા નાખનાર 'આગવાળા' તરીકે કામ કર્યું. પછી સન્ટિંગ ડ્રાઈવર તરીકે, બાદ ટાપ્ટી રેલવે (સુરતથી ભૂસાવળ) પેસેન્જર ટ્રેનના ડ્રાઈવર તરીકે અને છેવટે વલસાડ-અમદાવાદ અને વલસાડ-મુંબઈ એક્ષપ્રેસ ટ્રેનના ડ્રાઈવર તરીકે કામ કર્યું. આ નોકરી એવી કે ખાવા-પીવાનો, ઊંઘવાનો કે આરામ કરવાનો કોઈ નિશ્ચિત સમય જ નહીં. જ્યારે 'વર્દી' આવે ત્યારે નોકરી પર જવાનું, રાત્રે કે દિવસે, ઠંડીમાં કે ગરમીમાં, વરસતા વરસાદમાં ગાડી ચલાવવાની. જ્યાં ગાડી છૂટે ત્યાં કારખાનામાં એન્જિન મૂકી દઈ રેલવે તરફથી બનાવેલા મકાનમાં 'રનિંગ રૂમ'માં ગમે ત્યારે આરામ કરવાનું, સતત ઘોંઘાટ વચ્ચે કામ કરવાનું રહેતું તે કારણે જ કદાચ કાનની બહેરાશ આવી ગઈ. સૂવાનું પણ અનિયમિત એટલે ઊંઘની તકલીફ કાયમ રહી ગઈ. રાત્રે સૂવા માટે ઊંઘની ગોળી લેવી જ પડે.

પત્નીનું નામ કીકીબહેન. તબિયત તો ઘણી સારી હતી પણ ટી.બી.ની માંદગીમાં યુવાન વયે જ અવસાન થયું. પત્નીની માંદગી હોવા છતાં નોકરી પર નક્કી કરેલા સમય કરતાં થોડા વહેલા હાજર થવાની ટેવ. તેમના અંગત કારણે ગાડી મોડી ન પડે તેની ખૂબ ચીવટ રાખતા. રજા પણ ભાગ્યે જ લેતા. અત્યંત કઠિન શ્રમવાળું [illegible] વર્ષો સુધી કર્યું એટલે શરીર ખડતલ તો થયું જ.



સ્વભાવ પણ કરકસરિયો. ખોટી રીતે એક પૈસો પણ ન ખર્ચવો એ એમનો સિદ્ધાંત. નોકરી કરતા ત્યારે ચા પીતા પણ નિવૃત્ત થયા પછી ચા છોડી દીધી. પેટની તકલીફને કારણે કોઈકની સલાહથી ચૂનો-તમાકુ ખાવાનું શરૂ કરેલું તે પણ થોડાં વર્ષ પર છોડી દીધેલું. રેલવેમાં કામ કરતાં જમશેદજી, અહેમદ હરિલાલ જેવા ડ્રાઈવરો, બીડી, સિગારેટ, દારૂ વગેરે વ્યસનમાં ફસાયેલા

હોય જ; પણ તેમણે પોતાની જાતને આ બધાં વ્યસનોથી દૂર રાખી. ખાવામાં બજારુ વસ્તુઓ ખાવાનો બિલકુલ શોખ નહીં: પ્રવાસનો પણ શૉખ નહીં.

મુંબઈમાં માટુંગાના રેલવેના મકાનમાં રહેતા ત્યારે રસ્તા પર અકસ્માત થતાં પગ ગયા અને પગનું ફ્રૅક્ચર થયું પણ સદ્-ભાગ્યે ફરી સારી રીતે ચાલતા થયા અને ફરી નોકરી કરી શક્યા.

પંચાવન વર્ષની ઉંમરે નિવૃત્ત થઈ શકાય એમ હતું પણ રેલવે તરફથી મંજૂરી મળતાં નોકરી ચાલુ રાખી. પરંતુ એક દિવસ રેલવેના નિમયનો ભંગ થઈ ગયો અને કોઈ પણ જાતનાં પગલાં લેવાયાં નહીં. એટલે તા. ૩૧-૫-૬૭ના રોજ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી.

મોટો દીકરો મુંબઈમાં રહે પણ શહેરી ઘોંઘાટિયું જીવન પસંદ ન હોવાથી નાના દીકરાને ત્યાં વેડછી આશ્રમમાં રહેવાનુ પસંદ કર્યું. નિવૃત્ત થયા પછી પણ ફરવાનું, બાગમાં ખેતીકામ કરવાનું, વાડામાં શાકભાજી ઉછેરવાનું, પેટી-રેંટિયા પર કાંતવાનું, આશ્રમની પ્રાર્થનામાં જવાનું વગેરે પ્રવૃત્તિઓમાં સ્વેચ્છાએ ભળતા અને આખો દિવસ પ્રવૃત્તિમાં જ ગાળતા. શ્રી જુગતરામભાઈ તથા શ્રી ચિમનભાઈ સાથે તથા આશ્રમના અન્ય કાર્યકર્તાઓ સાથે અનુભવો અને સંસ્મરણોની આપ-લે કરતા.

દીકરાની નિવૃત્તિ પછી શાંતિનિકેતન સોસાયટી, વાલોડમાં રહેવાનું રાખ્યું. અહીં પણ ફરવા જવાનું, બાગકામ કરવાનું તો ચાલુ જ રાખ્યું. નેવું વર્ષની ઉંમરે પણ ૩-૪ માઈલ રોજ ચાલવાનું રાખતા. દિવસમાં બે વાર ભોજન અને રાત્રે એક વાટકો દૂધ પીવું તે સિવાય બીજું કંઈ ખાવું-પીવું નહીં એવો આગ્રહ. દીકરાની દીકરીઓ કંઈક નાસ્તો બનાવે ને આગ્રહ કરીને આપે તો તે ખાઈ પણ લે.

૧૯૯૮માં અચાનક લકવાનો હુમલો થતાં તાત્કાલિક હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું. સમયસરની સારવારથી બચી ગયા. લકવાના હુમલા પછી ચાલવાની ગતિ ધીમી થઈ ગઈ પણ હાથ સલામત હોવાથી ઍમ્બર રેંટિયા પર કાંતવાનું ચાલુ રાખ્યું. થોડો સમય લકવાનો હુમલો ફરી ન થાય તે માટેની દવા લીધી, પણ પછી છોડી દીધી. તેઓ માને છે કે ઍમ્બર પર કાંતવાથી પૂરતી કસરત મળી રહે છે તે ઉપરાંત મનને શાંતિ પણ મળે છે. પૂણી પૂરી થવા આવે એટલે કહે કે, 'ભાઈ, મારી દવા પૂરી થવા આવી છે.'

છેલ્લાં બે વર્ષમાં લગભગ ૧૪૦ મીટર ખાદી વણાઈ છે. આ વર્ષની લગભગ ૩૦૦ આંટી તો કંતાઈ પણ ગઈ. રોજની ત્રણ-ચાર આંટી તો કાંતવી જ એવો સંકલ્પ કર્યો હોય તેમ કાંતવામાં મોટા ભાગનો સમય વીતી જાય છે.

ખાદીનાં કપડાં ફાટે તો સાંધીને થીંગડાં મારીને બને તેટલો લાંબો સમય ચલાવવાનું તેમને ગમે છે. દાઢી તો જાતે જ કરે છે પણ માથાના વાળ પણ જાતે કાપી લે છે. વીજળી-પાણીનો બગાડ પણ તેમનાથી સહન ન થાય.

નિવૃત્ત થયા ત્યારે પ્રોવિડન્ટ ફંડ સ્વીકારવું કે પેન્શન સ્વીકારવું એમ બે વિકલ્પ હતા. ઘણા ડ્રાઈવરોએ પેન્શન સ્વીકાર્યું તેમાંના લગભગ બધા જ ગુજરી ગયા જ્યારે એમણે પ્રોવિડન્ટ ફંડ સ્વીકાર્યું અને તેઓ હજી જીવે છે. ઘણી વાર ગમ્મતમાં કહે છે, 'કોને ખબર આટલું લાંબું જીવાશે, લાંબું જીવાશે એવી ખબર હોત તો પેન્શન જ લેવાનું રાખત!'


- બાબુભાઈ દેસાઈ (વાલોડ) તથા રાજુભાઈ જંત્રાણિયા (વ્યારા)

ગાંધીયુગનું આરંભબિંદુ

સદીઓ વીતે પછી પણ દુનિયા મારિત્સબર્ગ રેલવે સ્ટેશનના એ પ્લૅટફૉર્મને તીર્થભાવે યાદ કરતી રહેશે. દક્ષિણ આફ્રિકાના એ રેલવે સ્ટેશને ફર્સ્ટ ક્લાસની ટિકિટ હોવા છતાંય બૅરિસ્ટર એમ. કે.ગાંધીને ધક્કો મારીને પ્લૅટફૉર્મ પર ફંગોળી દેવામાં આવેલા. પોરબંદરના પોચટ વાણિયાને વાગેલો એ ધક્કો શકવર્તી સાબિત થયો. કારણ કે તે દિવસે મોઢ વણિકમાંથી એક નિર્ભય વૈષ્ણવ-જન પેદા થયો. એ યાદગાર ધક્કો ગાંધીયુગનો પ્રારંભ બનીને સાર્થક થયો. એ ઘટના ઈ.સ. *૧૮૯૩ના મે માસની ૩૧મી તારીખે*બની. દુનિયા આખી ધક્કો મારનાર એ રેલવે કર્મચારીની ઋણી ગણાય.

ગાંધીજીની ઉંમર ત્યારે ૨૩ વર્ષની હતી. એ દિવસોમાં ગોરા લોકો કાળા કે બ્રાઉન લોકોને 'પેલ્યુટન્ટ' કહેતા. બરાબર એ જ તારીખે શિકાગોમાં મળનારા પાર્લમેન્ટ ઑવ્ રિલિજન્સમાં જવા માટે સ્વામી વિવેકાનંદે 'પોનિન્સ્યુલર' નામની સ્ટીમરમાં બેસીને ભારતનો કિનારો છોડેલો. દુનિયા આજે દર વર્ષે ૩૧ મેને 'તમાકુ વિરોધ દિન' તરીકે મનાવે છે. ગાંધીજીએ પાછળથી પોતાને ફંગોળી દેવામાં આવ્યા તે ઘટના અંગે લખેલું : 'મારી સક્રિય અહિંસાનો આરંભ તે તારીખે થયેલો.' ધક્કો મારનાર તો ભુલાઈ ગયો પણ ધક્કો ખાનાર અમર બની ગયો!

તા. ૧૪મી ડિસે. (૨૦૦૨)ને દિવસે જોહાનિસબર્ગથી ડરબન જવા માટે નીકળ્યા ત્યારે જ હૃદયમાં હવે પીટર મારિત્સબર્ગ તરીકે ઓળખાતા એ રેલવે સ્ટેશન જઈને પ્લૅટફૉર્મ પર બેસીને 'વૈષ્ણવજન' ભજન ગાઈને પ્રાર્થના કરવાની ઇચ્છા હતી. જોહાનિસબર્ગથી ડરબન જતા હાઈવે પર જ મારિત્સબર્ગ આવે છે. આ પ્રસંગ કઈ તારીખે બન્યો



ગાંધીયુગના આરંભબિંદુ જેવો પીટર મારિત્સબર્ગનો ઐતિહાસિક સ્ટેશન - પ્લૅટફૉર્મ અને આશરે તે કાળની ગાંધીજીની છબી

તેમાં થોડી અનિશ્ચિતતા છે. સદ્ગત ચંદુલાલ દલાલ ૩૧ મે જણાવે છે. ફાતિમા મીર એમના ગ્રંથ 'ધ સાઉથ આફ્રિકન ગાંધી'માં આ બનાવ ૩જી જૂનની આસપાસ બનેલો એવું નોંધે છે. મારિત્સબર્ગમાં જાહેર માર્ગ પર મૂકેલી ગાંધીજીની પ્રતિમા નીચે તકતી પર ૭મી જૂનની રાતે એ પ્રસંગ બનેલો એવી નોંધ છે. ગાંધીજીએ 'આત્મકથા'માં અને 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ'માં બનાવની તારીખ આપી નથી. નારાયણ દેસાઈને ફોન કરીને આ ગૂંચ અંગે પૂછ્યું. તેમને આ અનિશ્ચયની ખબર હતી. પરંતુ ચંદુલાલ દલાલની તારીખ વધારે વિશ્વસનીય ગણી શકાય તેમ જણાવ્યું. ગાંધીજીની પ્રતિમા જોયા પછી અમે મારિત્સબર્ગ રેલવે સ્ટેશન પહોંચ્યા.

આમ તો બીજા કોઈ પણ રેલવે સ્ટેશન જેવું જ એ સ્ટેશન હતું. પરંતુ અમારો તીર્થભાવ એ જગ્યાને પવિત્ર સ્થાનક ગણનારો હતો. પ્રતિક્ષાલયમાં એક તકતી જોવા મળી. એ તકતી મૂકવાની વિધિ તા. ૧૮-૨-૧૯૯૮ના દિવસે મોરિશ્યસના રાષ્ટ્રપ્રમુખ રામગુલામની ઉપસ્થિતિમાં સંપન્ન થયેલી. 'આત્મકથા'માં ગાંધીજી લખે છે તે સંવાદ વાંચીએ :

મેં કહ્યું : 'મારી પાસે પહેલા વર્ગની ટિકિટ છે.'

પેલે જવાબ આપ્યો : 'તેની ફિકર નહીં. હું તમને કહું છું કે તમારે છેલ્લા ડબામાં જવાનું છે.'

'હું કહું છું કે, મને આ ડબ્બામાં ડરબનથી બેસાડવામાં આવ્યો છે અને હું તેમાં જ જવા ધારું છું.'

અમલદાર બોલ્યો : 'એમ નહીં બને. તમારે ઊતરવું જ પડશે ને નહીં ઊતરો તો સિપાઈ ઉતારશે.'


મેં કહ્યું : 'ત્યારે ભલે સિપાઈ ઉતારે. હું મારી મેળે નહીં ઊતરું.' સિપાઈ આવ્યો. તેણે હાથ પકડ્યો અને મને ધક્કો મારી નીચે ઉતાર્યો. મારો સામાન ઉતારી લીધો. મેં બીજા ડબ્બામાં જવાની ના પાડી. ટ્રેન રવાના થઈ. હું વેઈટિંગ રૂમમાં બેઠો. મારું હાથપાકીટ સાથે રાખ્યું... આ મોસમ શિયાળાની હતી... મારિત્સબર્ગ ઊંચા પ્રદેશમાં હતું તેથી ટાઢ ખૂબ લાગી. મારો ઓવરકોટ મારા સામાનમાં હતો. સામાન માગવાની હિંમત ન ચાલી. ફરી અપમાન થાય તો? ટાઢે થથર્યો' (આત્મકથા પાન ૧૦૪) અમે થોડાક જણાએ ઐતિહાસિક પ્લૅટફૉર્મ પર મધ્યભાગે ભોંય પર બેસી ગયા. પ્રાર્થનાની શરૂઆત વેદમંત્રોથી થઈ. પછી 'વૈષ્ણવજન' ભજન ગાયું. સૌ એમાં જોડાયા. ભજનની છેવટની પંક્તિ આવી ત્યાં તો સૌની આંખો છલકાઈ ઊઠી. શબ્દોનો બધો જ ભાર આંસુઓએ ઉપાડી લીધો. ગાંધીયુગનું આરંભબિંદુ આ પ્લૅટફૉર્મ પર જ ક્યાંક આવેલું હતું. ક્યાં પોરબંદર અને ક્યાં મારિત્સબર્ગ? ક્યાં ગુજરાતનો પોચટ વાણિયો અને ક્યાં સત્યાગ્રહી? ક્યાં અંધારામાં જતાં ડરનારો બાળક મોહન ને ક્યાં અભયની સાધના કરનાર મહાત્મા? ક્યાં મારિત્સબર્ગની ટાઢમાં થથરતો યુવાન બૅરિસ્ટર એમ.કે.ગાંધી અને ક્યાં દિલ્હીમાં યમુનાકિનારે રાજઘાટ પર પોઢેલો મહાત્મા? આપણા જ હૃદય પર કાબૂ ન હોય ત્યારે આંખને રડી પડવાનો અધિકાર હોય છે. જે સ્થળે કોઈ પણ અંગત દુઃખ વિના આંખમાં આંસુ ઉભરાય, તે સ્થળ જરૂર તીર્થસ્થાન હોવાનું! પ્રાર્થના પછી કશું બોલવાનું શક્ય ન હતું. ગાંધીજીના શબ્દોમાં મારિત્સબર્ગ સ્ટેશને બનેલી ઘટના એમણે લખેલા બીજા પુસ્તકમાંથી સાંભળીએ. એ પુસ્તકના લહિયા સદ્ગત ઇન્દુલાલ હતા. ગાંધીજી બોલતા ગયા અને ઇન્દુલાલ લખતા ગયા. શબ્દો સાંભળો : 'કડકડતી ટાઢમાં મારિત્સબર્ગ સ્ટેશન પર રેલવે પોલીસના ધક્કા ખાઈ મુસાફરી અટકાવી રેલવેમાંથી ઊતરી વેઈટિંગ રૂમમાં બેઠો હતો. મારો સામાન ક્યાં છે એની મને ખબર નહોતી. કોઈને પૂછવાની હિંમત ન હતી. રખેને વળી અપમાન થશે તો? માર ખાવો પડશે તો? આવી સ્થિતિમાં ટાઢથી ધ્રૂજતા, ઊંઘ તો શાની જ આવે! મન ચગડોળે ચડ્યું. મોડી રાતે નિશ્ચય કર્યો કે નાસી છૂટવું એ નામર્દાઈ છે, લીધેલું કામ પાર પાડવું જોઈએ. જાતીય અપમાન સહન કરી, માર ખાવો પડે તો ખાઈને પ્રિટોરિયા પહોંચવું જ... આ નિશ્ચય કર્યા પછી કંઈક શાંતિ થઈ, કંઈક જોર આવ્યું પણ સૂઈ તો ન શક્યો.' ('દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ', પાન-૩૯)

ગાંધીજી પોરબંદર છોડીને દક્ષિણ આફ્રિકા જવા કેમ તૈયાર થયા? ગાંધીજીના જ શબ્દો પ્રસ્તુત છે : 'મને નવા અનુભવનો શૉખ હતો. મુસાફરી ગમતી હતી... કાઠિયાવાડની ખટપટ મને અકળાવનારી વસ્તુ હતી... મેં વિચાર્યું કે આ સાટામાં મને કંઈ પણ અડચણ જેવું નથી. ખાવાનું તો છે જ નહીં.' (પાન-૩૮). આ શબ્દોમાંથી એક વાત જડે છે. ગાંધીજીના ખુલ્લી કિતાબ જેવા જીવનમાં ખટપટને કોઈ જ સ્થાન ન હતું. તેઓએ અંગ્રેજો સાથે પત્ર-વ્યવહાર કર્યો તે તપાસીએ તો તેમાં ક્યાંય કપટનો અંશ જડતો નથી. નરસિંહ મહેતાની કલ્પનાનો વૈષ્ણવજન માત્ર 'વણ-લોભી' હોય તે ન ચાલે. તે 'કપટરહિત' પણ હોવો જોઈએ. ગાંધીજીની સત્યની ઉપાસનાની એક ખૂબી હતી અને તે 'કપટમુક્તિ'. આજકાલ સેવા સાથે પણ કપટ જોડાઈ જતું જોવા મળે છે.

- ગુણવંત શાહ ('સંદેશ'માંથી ટૂંકાવીને)

૫ એપ્રિલ : રાષ્ટ્રિય વહાણવટા દિવસ

ગુજરાતમાં ૧,૬૦૦ કિ.મી લાંબો સાગરકિનારો છે, તેમ



સાગરનો ઇતિહાસ પણ લાંબો છે. ૫મી એપ્રિલના દિવસને રાષ્ટ્રિય વહાણવટા દિવસ તરીકે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

વહાણવટાનો ઇતિહાસ : ગુજરાતના વહાણટાનો ઇતિહાસ આલેખવો હોય તો છેક

ઈ.સ.પૂર્વે ૩૦૦૦ અને એથી પણ પ્રાચીન કાળમાં જવું પડે. પથ્થરયુગમાં માનવી લાકડાના તરાપા બનાવી સાગરમાં ઊછળતો હતો. આ ઉપરાંત મૌર્ય, ગ્રીક, ક્ષત્રિય, ગુપ્ત અને મૈત્રકકાલીન યુગ સુધીની વહાણવટાની વિકાસગાથા છે. આ ઉપરાંત મુસ્લિમ, મોગલ અને અંગ્રેજો પણ સાગર પર સવાર થઈ દેશાટન કરતા હતા.

પ્રાચીન જાતકકથાઓમાં અને ઈતર બૌદ્ધસાહિત્ય, રત્નાવલી, કથાસરિતસાગર અને 'શિશુપાલવધ' કાવ્યમાં અને 'શંખપરાજય'માં ગુજરાતના દરિયા અને તેના વ્યાપરોનો ઉલ્લેખ છે. જૈન-સાહિત્યમાં વહાણવટાને લગતી ઘણી વાતો આલેખાયેલી છે. 'વસુદેવહિંડી', 'નાભિનંદનો દ્વારપ્રબંધ', 'પ્રબંધકોષ', 'પ્રબંધચિંતામણી', 'શ્રીપાલચરિત', 'જગડૂચરિત', 'શત્રુંજય માહાત્મ્ય' વગેરે ગ્રંથોમાં સાગરનો ઉલ્લેખ છે.

લોથલમાંથી મળી આવેલી મુદ્રાઓ ઉપર પાંચ હોડીનાં રેખાંકનો સૌથી જૂના અવશેષો છે. જાવાના બોરોબુદુરના મંદિરની દીવાલ ઉપર ગુજરાતમાંથી વહાણવટામાં ગયેલ સંસ્થાનવાસી સહિતનું વહાણનું શિલ્પ છે. આબુ પર્વત ઉપર વસ્તુપાળ-તેજપાળે બંધાવેલ દેરીમાં દીવાલ ઉપર વિવિધ તીર્થકલ્પમાં વર્ણવેલી શકુનિકાવિહારની આખ્યાયિકા કંડારાયેલી છે.

ગુજરાતમાં સમુદ્રનાં દેવી-દેવતાઓ તરીકે વહાણવટી માતા, વહૂચી માતા, શિકોતર માતા, હિંગળાજ માતા, સિંધવી માતા, મેમાઈ માતા તથા દરિયાપીર વગેરે છે. શિકોતર અને વહાણવટી એક જ માતા છે. પ્રાચીનકાળમાં પ્લાની, પૅરિપ્લસ અને સ્ટ્રેબોના લેખકોએ તેમના પુસ્તકમાં બંદરો અને વેપાર-વાણિજ્યનો ઉલ્લેખ કર્યો છે. ફાહ્યાન, હ્યુએનસંગ અને ઇત્સિંગે ભારતીય વહાણવટા અને વસાહતીઓની વાતો તેમની પ્રવાસકથામાં વર્ણવેલી છે.

ઈ.સ. ૧૯૪૮માં વાસ્કો-ડી-ગામાએ પૂર્વ આફ્રિકાનાં બંદરોમાં ખંભાત અને હિંદના ખલાસીઓને જોયા હતા, જેઓ તારાના આધારે દિશા નક્કી કરતા હતા. એક લોકવાયકા પ્રમાણે કાનજી માલમ નામના ખારવાએ વાસ્કો-ડી-ગામાને કાલિકટનો માર્ગ બતાવ્યો હતો. પૉર્ટુગીઝોએ ભારત આવવાનો સીધો દરિયાઈ માર્ગ શોધી કાઢ્યા પછી ભારતીય બંદરો ઉપર અન્ય દેશોનાં વહાણ લાંગરવા લાગ્યાં હતાં.

અકબરના સમયના અબુ ફઝલેના 'આઈને અકબરી'માં વહાણ ઉપર કામ કરનારાનાં જુદાં જુદાં નામ આપ્યાં હતાં. જેમાં નાખુદા, માલમ, ટંડેલ, સારંગ, ભંડારી, કરાણી, સુકાની, પીંજરિયો, ગુજમતી, ગોલંદાજ અને ખારવાનો સમાવેશ થાય છે. વિશ્વ-પ્રસિદ્ધ કુખ્યાત સેલ્યુલર જેલ પણ દરિયાની વચ્ચે આંદામાનમાં આવેલી છે. વર્તમાન સમયનો અભ્યાસ કરતાં જણાશે કે અફઘાનિસ્તાન દેશ પાસે કોઈ પણ જાતની દરિયાઈ સીમા નથી. આમ છતાં અમરિકાએ તેની સામે યુદ્ધ લડવા માટે નૌકા-કાફલાને દરિયાના માર્ગે રવાના કર્યો હતો. આમ, યુદ્ધમાં આજે પણ હવાઈ માર્ગ કરતાં દરિયાઈ માર્ગ વધુ અનુકૂળ રહે છે જે દરિયાનું મહત્ત્વ દર્શાવે છે.

ગુજરાતી વેપારી : ગુજરાતના વેપારીઓનો ઈરાન સાથેનો તજ, લવિંગ, રૂ, રેશમનો વેપાર જગમશહૂર હતો. ગુજરાતના વેપારીઓ દરિયાઈ માર્ગે જ વિદેશપ્રવાસે નીકળ્યા હતા.

વર્તમાન : છેલ્લા એક દાયકામાં વિશ્વના મોટા ભાગના દેશોએ સમુદ્ર-વ્યવહારનું મહત્ત્વ સ્વીકાર્યું છે. વિશ્વવ્યાપારના ૯૦ ટકા કરતાં વધુ હિસ્સાનું પરિવહન આજે જળમાર્ગે થાય છે. ભારત પાસે આજે ૧૧ મુખ્ય બંદરો, ૧૩૯ મધ્યસ્થ અને નાનાં બંદરો ધરાવતો ૫,૫૬૦ કિ.મી. લાંબો દરિયાકિનારો છે. સિંગાપુર, દુબઈ અને કોલંબો જેવા પડોશી દેશોનો બંદરીય વિકાસ આપણી સામે એક પડકાર સમાન છે. દેશનાં મુખ્ય બંદરોનું સંચાલન મજૂર પોર્ટ ટ્રસ્ટ ઍક્ટ ૧૯૬૩ અને ઇન્ડિયન પોર્ટ ઍક્ટ ૧૯૦૮ મુજબ થાય છે. નાનાં બંદરોનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક હોય છે. ગુજરાત પ્રથમ એવું રાજ્ય છે જ્યાં નાનાં બંદરોનું સંચાલન સ્વાયત્ત મૅરિટાઈમ બોર્ડ દ્વારા કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. મૅરિટાઈમ બોર્ડ દ્વારા ગુજરાતમાં આવેલાં ૪૦ બંદરોનો વિકાસ, નિયમન તથા જાળવણીની કામગીરી કરવામાં આવે છે.

ગુજરાતમાં પીપાવાવ, મુંદ્રા, દહેજ, મરોલી, ઉમરગામ, ધોલેરા, પોશિત્રા, સીમર અને મીઠી વીરડીને આધુનિક બંદરો તરીકે વિકસાવવામાં આવી રહ્યાં છે. જામનગર જિલ્લો પણ વહાણવટાના ઇતિહાસમાં સોનેરી પૃષ્ઠો ધરાવે છે. જામનગરનું જોડિયા બંદર એક સમયનું મોખરાનું અને ધમધમતું બંદર હતું. આજે પોશિત્રા બંદર આંતરરાષ્ટ્રિય સ્તરે વિકસે તેવું આયોજન થઈ રહ્યું છે અને ત્યાં સ્પેશ્યલ ઈકૉનોમિક ઝોનની સ્થાપના કરવામાં આવી છે. પોશિત્રા બંદરે ગુજરાતના વિકાસમાં નવાં સીમાચિહ્ન અને ગુણવત્તાનાં ધોરણો હાંસલ કરશે તે નિશ્ચિત છે.

જામનગરનું બેડીબંદર પણ એક સમયનું મોખરાનું બંદર હતું. આજે પણ ભૌગોલિક રીતે આગળ પડતું છે. ૨૦૦૦-૦૧ના વર્ષમાં કુલ ૩૨ લાખ ૬૮ હજાર મૅટ્રિક ટન ટ્રાફિક હૅંડલ થાય છે, જે સીમાચિહ્નરૂપ છે. જામનગર ખાતે મૅરિટાઈમ બોર્ડના વહીવટી સંકુલનું બાંધકામ પણ ગતિમાં છે. રાષ્ટ્રિય વહાણવટા દિવસ એ માનવજાતના ઇતિહાસનો દિવસ છે.

- ('ગુજરાત'માંથી ટૂંકાવીને) પરેશ છાયા

લાભદાયી કૉફીની આડ અસરો

કૉફીમાં ઔષધીય ગુણો જોવા મળે છે. તે લોહીનું દબાણ અને પાચનતંત્રમાં થયેલ ગરબડને દુરસ્ત કરે છે. રક્તદાન કર્યા પછી રક્તદાતાને કૉફી પિવડાવતાં બ્લડ સર્ક્યુલેશન વધતાં જ મગજને વધુ ઑક્સિજન મળે છે અને રક્તદાતાને ચક્કર આવતાં નથી.

- સુમાત્રામાં કૉફીનાં પર્ણોને ચાનાં પર્ણોની માફક જ પીણું બનાવવા ઉપયોગમાં લેવાય છે. તૂર્કીમાં કૉફીને દળી, શર્કરા સાથે ભેળવીને ખાવામાં આવે છે. તુર્કીસ કૉફી જાડી અને સીરપ જેવી હોય છે.

વ્યાપારિક કૉફી ૦.૮ થી ૧.૮ ટકા કૅફીન ધરાવે છે. ઈન્સ્ટન્ટ કૉફી ૪.૪ ટકા કૅફીન ધરાવે છે. એક કપ કૉફી લગભગ ૧૦૦ મિલિગ્રામ કૅફીન ધરાવે છે. કૅફીન સ્વાંગીકરણ બાદ રુધિરના પ્રવાહમાં દાખલ થાય છે અને ૫ મિનિટમાં શરીરના બધા ભાગોમાં પહોંચે છે તેથી તે શક્તિશાળી ઔષધ છે. લેવામાં આવેલ માત્રાના આધારે તે ઉપયોગી અને નુકસાનકારક બને છે. કૅફીનને મૂત્ર મારફતે શરીરમાંથી દૂર થતાં લગભગ એક અઠવાડિયાનો સમય લાગે છે. કૅફીન મધ્યસ્થ ચેતાતંત્ર પર અસર કરે છે. તે સુસ્તી અને થાક અટકાવે છે. શ્વસનમાર્ગના સ્નાયુઓને શિથિલ કરે છે. તે પ્રતિવર્તી ક્રિયા અને ચેતાતંતુઓના કાર્યને પ્રેરિત કરે છે. તેની કાર્ડિયો વાસ્ક્યુલર તંત્ર પર અસર થાય છે. તે હૃદયના સ્નાયુઓનું સંકોચન કરે છે અને શરીરના જુદા જુદા ભાગો અને મગજ તરફ વહેતા રુધિરના પ્રવાહનો દર વધારે છે.

આરોગ્ય પર થતી માઠી અસરો માટે આલ્કેલાઈડ જવાબદાર છે. કૉફીની આદત હોય તેવી વ્યક્તિ કૉફી ન મળે તો માથાનો દુઃખાવો, બેચેની અને વ્યગ્રતામાં પરિણમે છે. કૅફીનની વધુ માત્રા વ્યક્તિમાં 'રેસ્ટલેસનેસ સિન્ડ્રોમ' ઉત્પન્ન કરે છે. ઉત્તેજના, સંવેદનશીલતામાં ગરબડ, હૃદયના ધબકારામાં વધારો, હૃદય-રોગ, પેપ્ટિક અલ્સર અને ગાંઠ તેમજ જન્મજાત ખામીઓ પેદા કરે છે. કૅફીનની પુખ્ત માણસ કરતાં બાળકો પર વધુ નુકસાન-કારક અસરો થાય છે.

વહેલી સવારે લીધેલી એક કપ કૉફી અથવા ચા એકાગ્રતા અને બુદ્ધિશક્તિ વધારે છે અને બાદમાં કાર્યક્ષમતામાં ઘટાડો અને ઉદાસીનતા વધારે છે.

રોજ ૧૦થી વધુ પ્યાલા કડક કૉફી પીએ અને સાથે લગાતાર ધૂમ્રપાન કરતી રહે તેવી વ્યક્તિની મગજની નસો તણાય છે અને જ્ઞાનતંતુ સંકોચાવા માંડે છે. આવાં લોકોને હૃદયરોગનો હુમલો થવાની શક્યતા છે. એક મોટો કપ કૉફી પીઓ તેની સાથે ૧૦૦ થી ૧૫૦ મિલિગ્રામ કૅફીન પેટમાં જાય છે. કડક કૉફીનો એક કપ પી જતાં આપણાં ફેફસાંનાં કાર્યમાં ૧૫ ટકા વધારો થાય છે અને લોહીનું પમ્પિંગ કરવાનું કાર્ય ૮ ટકા તેજ બને છે. સાથે કિડનીનું લોહીશુદ્ધિનું કામ બમણું થઈ જાય છે.

- 'વિજ્ઞાનદર્શન'માંથી ટૂંકાવીને

સુમિરન એસા કીજિયે, ખરે નિશાને ચોટ;
મન ઈશ્વરમેં લીન હો, હલે ન જિહ્વા હોઠ.

—તુલસીદાસ

૧૯૪૬માં શાસ્ત્રીજી ઉત્તર પ્રદેશના મંત્રી બન્યા, એ પછી તેઓ ગઢવાલના પ્રવાસે ગયા. એ પ્રદેશમાં પહેલી જ વાર કોઈ મંત્રી આવતો હતો. બધા એમને સત્કારવા થનગની રહ્યા. ઘણે સ્થળે જનતાએ એમને માટે ભરચક કાર્યક્રમો ગોઠવ્યા. ઘણી જગાએ બેકાબૂ ભીડને લીધે કાર્યક્રમો સમયસર શરૂ ન થઈ શક્યા, એ સમયે ઘણા મહેનતુ અને ગુસ્સો કરાવે તેવા પ્રસંગો ઉપસ્થિત થયા. પણ શાસ્ત્રીજીના ચહેરા પર સહેજે અણગમાની કે રોષની અસર નહિ. એ તો હસતા હસતા ભીડમાં લોકોને મળતા હતા અને મુશ્કેલીમાં આગળ વધે જતા હતા. તેમને કોઈ મુશ્કેલી રોકી શકી નહીં.


*

ઑસ્ટ્રેલીઆ અને મધ્ય અમેરિકામાં પિચર નામનો એક છોડ (વૃક્ષ) થાય છે. તેનાં ઘડા આકારનાં મોટાં પાન થાય છે. તેના પર મધ જેવું ઘટ્ટ પ્રવાહી હોય છે. તેના પર કીટકો અને મોટા મોટા ઉંદરો તેમાં ખેંચાઈને ડૂબી જાય છે.

*

બ્રિટિશ મ્યૂઝીઅમ અને ઇન્ડિયા ઑફિસ લાઈબ્રેરીમાં સને ૧૯૦૦ પહેલાં છપાએલાં ગુજરાતી ભાષાનાં પુસ્તકોનો મોટો સંગ્રહ છે.

*



કૂકર આકારમાં 'કૂકર' શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

धैर्यं यस्य पिता क्षमा च जननी शान्तिश्चिरं गेहिनी
सत्यं सूनुरयं दया च भगिनी भ्राता मन:संयम: ।
शय्या भुमितलं दिशोऽपि वसनं ज्ञानामृतं भोजनम्
एते यस्य कुटुम्बिनो वद सखे कस्माद् भयं योगिन: ॥

ધૈર્ય પિતા, ક્ષમા માતા, શાન્તિ પત્ની, સત્ય પુત્ર, દયા ભગિની, મનનો સંયમ ભાઈ, ભૂમિતલ પર પથારી, , દિશાઓ વસ્ત્ર અને જ્ઞાનનું અમૃત ભોજન : આ (બધાં) જેનાં કુટુમ્બીઓ હોય, એવા યોગીને, કહે, મિત્ર, કોનો ભય હોય?

પર્યાવરણવાદીઓ અને પક્ષી-વિશેષજ્ઞોનું માનવું છે કે ઈરાક પરના અમેરિકાના હુમલાથી લાખો પ્રવાસી પક્ષીઓનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે. માર્ચ-એપ્રિલ મહિના દરમિયાન ઈરાકમાં પ્રવાસી પક્ષીઓની સંખ્યા સૌથી વધુ હોય છે. આ સમયે આ પક્ષીઓ આફ્રિકાની ઠંડી ઋતુ સમાપ્ત થયા બાદ યુરોપ અને પશ્ચિમ રશિયામાં ઈંડાં મૂકવા માટે જાય છે. ઈરાકની બે મુખ્ય નદીઓ ટાઈગ્રીસ અને યુફ્રેટીસ આ પક્ષીઓને માટે પ્રવાસનો રસ્તો બતાવવાનું મહત્ત્વનું કામ કરે છે.

*

ભારતમાં ૫૭૧ બંધો ૫૦ વર્ષોથી પણ વધુ જૂના છે. જળસંચય ખાતાના જણાવ્યા પ્રમાણે આવા અર્ધશતાબ્દી વટાવી ચૂકેલા સૌથી વધુ બંધો મધ્યપ્રદેશમાં (૧૧૯) અને એ પછી ગુજરાતમાં (૧૧૨) છે.

*

ગણિતગમ્મત

૧૨+૯=૨૧	૨૩+૯=૩૨
૩૪+૯=૪૩	૪૫+૯=૫૪
૫૬+૯=૬૫	૬૭+૯=૭૬
૭૮+૯=૮૭	૮૯+૯=૯૮

આ મૂળ સંખ્યાના બંને આંકડા સંખ્યામાં ૯ ઉમેર્યા બાદ ઊલટા-સૂલટી થઈ જાય છે. એકમનો અંક વધે છે તેટલો દશકનો અંક ઘટે છે. ૧૨ના ૨૧... ૮૯ના ૯૮. વળી, વચ્ચે ૧૧નો તફાવત રહે છે. ૧૨+૧૧=૨૪, ૨૧+૧૧=૩૨. *-લલિત શાહ*

*



બાપ રે!... (રેખાંકન : ઇન્દ્રદેવ આચાર્ય)

વકીલ : 'તારે કેમ જેલમાં જવું પડ્યું?'
ચોર : 'મેં મોટર ચોરી હતી.'
વકીલ : 'ચોરી કરી શું કામ? મારી જેમ ઉધાર લેવી હતી ને પૈસા આપવાના વાયદા કર્યા કરવા હતા.'

*

હથેળીના આકારથી માંડીને ૧૨૦ વર્ગફૂટ જેટલા વિશાળ પતંગોનું પ્રદર્શન મુંબઈમાં યોજવામાં આવ્યું. જપાન દ્વારા આયોજિત આ પતંગ-પ્રદર્શનને જોઈને અને તેમાં પણ પતંગો બનાવવાની જપાનની બારીકી અને કુશળતા જોઈને દર્શકો આશ્ચર્યમુગ્ધ બન્યા.


*

કેસર ઘીમાં વાટીને નાકમાં નાખવાથી આધાશીશી મટે છે.

*

ભારતમાં ૨૦૦૦-૦૧ દરમિયાન ૧,૦૨,૩૭,૦૦૦ ટન કેરીનું ઉત્પાદન થયું હતું. આમાંની ૭૫ ટકા કેરીનું ઉત્પાદન તો આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, બિહાર અને તામિલનાડુમાં થાય છે.

*



કલાકણિકા : શંખજીરુંના પથ્થરમાંથી બનાવેલ પ્રાચીન ભારતીય વાડકો અને ચુંગી.